ચાલો,

# વિવાહલો

## કાવ્યોને જાણીએ...

: સંપાદક-સમીક્ષક :

**ડૉ. કવિન શાહ - બિલીમોરા**



# ચાલો,
# વિવાહલો કાવ્યોને જાણીએ...

: પ્રેરણાદાતા :

૩૭૮ દીક્ષાદાનેશ્વરી, તપાગચ્છાધિપતિ, પૂ.આ.દેવશ્રી
વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
પૂ.આ.દેવશ્રી વિ. **નયવર્ધનસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
પૂ.ગુરુદેવશ્રી **ભવ્યવર્ધનવિ.** મ.સા.ના શિષ્ય
પૂ.ગુરુદેવશ્રી **મંગલવર્ધનવિ.** મ.સા.ના શિષ્ય
પૂ. ગણિવર્યશ્રી **હિતવર્ધનવિજયજી** મ.સા.

: **સંશોધક - સમીક્ષક** :

**પ.પૂ.સા. વિરાગરસાશ્રીજી**
**પ.પૂ.સા. શાશ્વતયશાશ્રીજી**

**ડૉ. કવિન શાહ**
બીલીમોરા

: **પ્રકાશક** :

**ડો. કવિન શાહ**
૧૦૩-સી, જીવનજ્યોત એપાર્ટ., વખારીયા બંદર રોડ,
પો. બીલીમોરા-૩૯૬૩૨૧

Chalo Vivahlo Kavyo Ne Janiya

ચાલો વિવાહલો કાવ્યને જાણીએ


સંપાદક- : ડૉ. કવિન શાહ
સમીક્ષક બિલીમોરા

પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૭૦

પ્રકાશન દિન : વિ.સં. ૨૦૭૦, અષાઢ સુદ-૧૨
૯ જુલાઈ, ૨૦૧૪

નકલ : ૫૦૦

મૂલ્ય : ૨૦૦/-
(જ્ઞાનભંડારો તથા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને આ ગ્રંથ સાદર ભેટ મળશે.)

પ્રાપ્તિસ્થાન :

**રીટાબેન કે. શાહ**
૧૦૩-સી, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ,
પો. બીલીમોરા-૩૯૬૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

# સંપૂર્ણ આર્થિક સહયોગી

'સૂરિરામચન્દ્ર'ના પ્રશિષ્યરત્નો

પૂ.ગુરુદેવશ્રી **મંગલવર્ધન** વિ.મ.સા.

પૂ. ગણિવર્યશ્રી **હિતવર્ધન** વિ.મ.સા.ની

પુન્યનિશ્રામાં વિ.સં. ૨૦૬૯માં

શ્રી શત્રુંજય તીર્થાધિરાજની તારક છત્રછાયામાં

**ખીમઈબાઈ ધર્મશાળા** મધ્યે

૪૦૦ આરાધકોના થયેલાં ભવ્ય ચાતુર્માસ દરમ્યાન

જ્ઞાનદ્રવ્યની થયેલી વિશાળ ઉપજમાંથી

**શાંતિનગર જૈન સંઘ - વાપી**

# ગુરૂકૃપા અને
# આશીર્વાદદાતા મહાત્માઓ

પ.પૂ.આ.શ્રી **પ્રદ્યુમ્નસૂરિજી** મ.સા.

પ.પૂ.આ.શ્રી **મુનિચન્દ્રસૂરિજી** મ.સા.

પ.પૂ.આ.શ્રી **જગતચન્દ્રસૂરિજી** મ.સા.

પ.પૂ.આ.શ્રી **પદ્મયશસૂરિજી** મ.સા.

પ.પૂ.આ.શ્રી **રત્નભૂષણસૂરિજી** મ.સા.

પ.પૂ.આ.શ્રી **સોમચંદ્રસૂરિજી** મ.સા.

પ.પૂ.ગણિવર્યશ્રી **તીર્થભદ્રવિજયજી** મ.સા.

પ.પૂ.ગણિવર્યશ્રી **હિતવર્ધનવિજયજી** મ.સા.

પ.પૂ.મુનિશ્રી **સુયશચંદ્રવિજયજી** મ.સા.



૩૭૮ દીક્ષાદાનેશ્વરી, તપાગચ્છાધિપતિ,

વ્યાખ્યાનવાચસ્પતિ...

પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



પ્રવચનપ્રભાવક, શાસનપ્રભાવક,

**પૂ. ગણિવર્યશ્રી હિતવર્ધનવિજયજી મહારાજ**

## પ્રસ્તુત ગ્રંથના પ્રેરણાદાતા
## પૂ. ગણિવર્ય શ્રી હિતવર્ધનવિજયજી મહારાજ
# પ્રેરક પરિચય

ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મેલાં પૂજ્યશ્રીએ માત્ર આઠ વર્ષની ઉંમરે દીક્ષા સ્વીકારી છે. માતા-પિતા અને મોટાભાઈ સાથે સંયમ પામનારા પૂજ્યશ્રીનું સંસારી વતન વાપી છે.

પિતાશ્રીએ સમગ્ર પરિવાર સાથે સંયમ લઈને પોતાના સંસારને તાળું માર્યું હતું. જાણે શાસ્ત્રોની વાણીનું અદ્‌ભુત અમલીકરણ કર્યું. ‘સૂરિરામચન્દ્ર’ના શ્રીમુખે વિ.સં. ૨૦૪૫માં વડીદીક્ષા પામનારા પૂજ્યશ્રી ૨૪ વર્ષના દીક્ષા પર્યાયમાં અને ૩૩ વર્ષની લઘુવયે ગણિપદ પર આરૂઢ બન્યાં છે.

પૂજ્યશ્રીનો ગણિપદવીનો મહોત્સવ જવલ્લે જ જોવા મળે તેવી ભવ્યતાપૂર્વક વાપી નગરમાં ઉજવાયો હતો. પદપ્રદાનની મંગલ વિધિમાં દશ હજાર જેટલાં સંઘજનોની વિશાળ ઉપસ્થિતિ હતી. જે દૃશ્ય જોનારને અહોભાવ ઉત્પન્ન કરાવે તેવું અપૂર્વ હતું...

પૂર્વકૃત જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ પામ્યાં છે તેથી લઘુવયે આગમ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી શક્યાં છે. વ્યાકરણ-કાવ્ય-ન્યાય-જ્યોતિષ વિગેરેનો પણ પુષ્ટ અભ્યાસ ધરાવે છે...

ભાગ્યે જ જોવા મળે તેવી પ્રાચીન શાસ્ત્રો પર સંસ્કૃત ટીકા ગ્રંથો રચવાની અને નૂતન સંસ્કૃત ગ્રંથો-કાવ્યો રચવાની અપૂર્વ શક્તિ પૂજ્યશ્રીને વરેલી છે... 'સમ્યક્ત્વ રહસ્યપ્રકરણ' ઉપર પૂજ્યશ્રીએ લખેલી 'બોધિપતાકા' નામની સંસ્કૃત ટીકા સ્વ-પર ગચ્છ અને સંપ્રદાયમાં, દેશ અને વિદેશમાં પ્રશંસા પામી છે. આ ગ્રંથને વિદેશની અને વિમાનની મુસાફરી દરમ્યાન સાથે જ રાખનારા તત્ત્વપિપાસુઓ પણ છે. આ ગ્રંથને દશ-દશવાર વાંચી જનારા પુન્યવાનો પણ છે અને આ ગ્રંથને કાયમ સાથે રાખનારાં તથા વારંવાર વાંચનારા શ્રદ્ધાળુઓ પણ છે... કઈ કેટલાંયના અંતરમાં સમ્યક્ત્વનું બીજ રોપવાનું કાર્ય પૂજ્યશ્રીના આ ગ્રંથે કર્યું છે. ભાવિકાળની પ્રજા માટે પ્રભુશાસનના સારરૂપ સમ્યક્ત્વને સાંગોપાંગ રીતે સમજવાનું સાધન કદાચ આ ગ્રંથ બની રહેશે.

આવા અનેક ગ્રંથ-પુસ્તકોની ભેટ પૂજ્યશ્રીએ સંઘને ધરી છે. પૂજ્યશ્રીની પ્રવચન પ્રભાવકતા સુવિદિત છે... એકવાર પણ પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળનારો આત્મા તેને કદી ભૂલી શકે નહિ એવી પ્રભાવકતા પૂજ્યશ્રીના પ્રવચનોને વરેલી છે. આવી પ્રવચનપ્રતિભાના કારણે પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાતાં છ'રીપાલક સંઘ, ચાતુર્માસ વિગેરે અનુષ્ઠાનોમાં આરાધકોનો વિશાળ વૃંદ ઉમટી આવે છે. નાની ઉંમરે શાસન પ્રભાવકતાને પણ ધરી રહ્યાં છે... સોનાના આવા પાત્રમાં શાસ્ત્રોની નિષ્ઠા અને સંયમની વફાદારીએ સુગંધ રેડી છે.

જ્ઞાનપ્રભાવક આત્મા પ્રવચનપ્રભાવક અને શાસનપ્રભાવક પણ બને તેવું જવલ્લે જ દષ્ટિગોચર બને છે, જે અહીં બની રહ્યું છે...

● ● ●

# પ્રસ્તાવના

## વિવાહલો સ્વરૂપ

વિવાહલો-વેલિ એ લગ્ન વિષયક કાવ્ય સાહિત્ય છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન સામાજિક વ્યવસ્થાનું મહત્ત્વનું અંગ છે.

બ્રહ્મચર્યના વહનનું કૌવત નથી તેમના માટે વ્યભિચાર અને અનાચારના માર્ગથી બચાવી લેનારું સક્ષમ બંધન લગ્નસંસ્થા છે. લગ્નવ્યવસ્થાનું સામાજીક તેમજ ધાર્મિક જે કાંઈ મહત્ત્વ છે તે આ જ છે.

લગ્ન સાથે સંબંધ ધરાવતા પર્યાયવાચી શબ્દો વિવાહ, ધવલ, સ્વયંવર છે. મધ્યકાલીન સમયમાં આ પ્રકારની રચનાઓ પ્રાપ્ત થાય છે. સાહિત્યમાં વિષય વૈવિધ્યની દૃષ્ટિએ વિચારીએ તો વિવાહ વિષયક કૃતિઓ આસ્વાદ્ય બની છે.

વિવાહ વિષયક કાવ્ય પ્રકારનો આરંભ જૈન સાહિત્યથી થયો છે. પણ આ કાવ્ય પ્રકાર વિવાહ-લગ્નથી આગળ વધીને દીક્ષા પ્રસંગના વર્ણનને કેન્દ્રમાં રાખીને વિકાસ પામ્યો છે. ટૂંકમાં એમ કહી શકાય કે વિવાહલો લગ્ન અને દીક્ષા પ્રસંગના વર્ણન અંગેની કાવ્યરચના છે. જૈન સાહિત્યમાં વિવાહ અંગેની વિવિધ કૃતિઓ પ્રાપ્ત થાય છે.

'વિવાહ' સાંસારિક દૃષ્ટિથી શુભ અવસર કહેવાય છે. વિવાહના પર્યાયવાચી શબ્દ તરીકે 'મંગલ' શબ્દ પ્રયોગ થાય છે.

'મંગલ' કાવ્યની રચના પણ આધ્યાત્મિક વિવાહના સંદર્ભમાં પ્રાપ્ત થાય છે.

જૂની ગુજરાતી ભાષામાં 'વિવાહલો' શબ્દ વિવાહ-લગ્નની પર્યાયવાચી તરીકે પ્રયોજાયો હતો.

અર્થવિસ્તારની દૃષ્ટિએ વિચારીએ તો આ શબ્દ લગ્ન પૂરતો મર્યાદિત ન રહેવાથી સંયમસુંદરીને પરણાવવાના અર્થમાં વપરાયો છે.

સામાન્ય રીતે 'વિવાહ' શબ્દથી યુવક-યુવતિનાં લગ્ન. સંસારી જીવનમાં વિવાહનો પ્રસંગ મહોત્સવ સમાન આનંદ-ઉલ્લાસથી ઉજવાય છે.

જ્યારે આધ્યાત્મિક રીતે વિવાહનો અર્થ શીવનારી-શીવવધૂને વરવાનો અવર્ણનીય શાશ્વત આનંદનો મહોત્સવ છે કે જેમાં આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે. ધાર્મિક સાહિત્યમાં વિવાહ એટલે કે વિવાહલો. સંજ્ઞાથી કાવ્યો રચાયાં છે. તેમાં ભૌતિક વિવાહ ઉપરાંત સંયમ સ્વીકારવાના પ્રસંગને પણ આધ્યાત્મિક વિવાહ સ્વરૂપે સ્થાન આપવામાં આવ્યું છે.

**વિવાહ અંગે આગમ ગ્રંથોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે.**

ભગવતીસૂત્રને વિવાહ વન્નતિ નામથી ઓળખવામાં આવે છે. અહીં વિવાહનો અર્થ વ્યાખ્યા છે. વિવિધ વિષયોનું વર્ણન કરવું ધર્મના વિષયો અંગેની માહિતી આપવી. ધર્મના વિવિધ વિષયોનું જ્ઞાન આપવું.

મૂળ સંસ્કૃત ભાષામાં વહ્ ધાતુ છે તેને 'વિ' ઉપસર્ગ જોડવાથી વિવાહ શબ્દ રચાયો છે.

ભગવતીસૂત્રનું' મૂળનામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ હતું.

ઉપરોક્ત માહિતી વિવાહલો કાવ્ય સંદર્ભની સંજ્ઞા સમજવા માટે પ્રગટ કરવામાં આવી છે.

વિવાહ શબ્દ પરથી વિવાહલોની દેશીની રચના થઈ હોય એમ સંભવ છે. વિવાહ-મંગલવાચક-શુભકાર્ય સૂચક શબ્દ છે એટલે આ દેશીનો પ્રયોગ પણ કેટલીક કૃતિઓમાં થયો છે. દા.ત. કવિ પંડીત વીરવિજયજી કૃત સ્નાત્રપૂજામાં સુરસાંભળીને સંચરિયાની ઢાળમાં વિવાહલોની દેશીનો પ્રયોગ થયો છે. સ્નાત્રપૂજાએ દેવાધિદેવ તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણીનો મંગલ મહોત્સવ છે.

રૂઢિગત શબદોની વ્યુત્પત્તિ થાય નહિ. રૂઢિગત શબ્દોના નિર્યુક્તિથી અર્થઘટન થઈ શકે.

વ્યુત્પત્તિ એટલે શબ્દ કઈ રીતે ઉત્પન્ન થયો તેની માહિતી.

નિર્યુક્તિ એટલે શબ્દના અક્ષરો વડે ઊંડાણમાં વિચારણા કરવી.

વિવાહનો રૂઢિગત અર્થ લગ્ન છે. નિર્યુક્તિથી તેનો અર્થ વિરતિથી વિરૂદ્ધ આચરણમાં આત્માને જોડવાની રીત તેવો થઈ શકે.

ભૌતિક વિવાહ એટલે અનાચારથી બચવા માટે એક વિજાતીય પાત્રના બંધનનો સ્વીકાર કરવાની પ્રવૃત્તિ.

આધ્યાત્મિક વિવાહ એટલે શીવનારી, મુક્તિવધૂ, શીવવહુ શબ્દપ્રયોગ થયા છે એટલે કે સંયમજીવનમાં રત્નત્રયીની આરાધના દ્વારા મોક્ષ પુરૂષાર્થની સાધના કરવાની. સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિ પામવાની. જન્મ-જરા અને મરણના ૮૪ના ચક્રમાંથી સર્વથા આત્મા મુક્ત થઈને સ્વ સ્વરૂપમાં નિજાનંદે (સિદ્ધસ્વરૂપ) નિમગ્ન રહે છે અન્ય શબ્દોમાં કહીએ તો સિદ્ધિ પદની પ્રાપ્તિ કરે છે. એટલે વિવાહને માત્ર વંશવૃદ્ધિના સંદર્ભમાં ન સમજતાં આધ્યાત્મિક રીતે સમજવો જોઈએ. ભૌતિક વિવાહ વિષયલાલસા વૃદ્ધિ દ્વારા જન્મ-મરણની પરંપરા સર્જીને ભવભ્રમણ વધારે છે તેમાંથી મુક્ત થવા માટે આધ્યાત્મિક વિવાહ છે. જૈન દર્શનના સાહિત્યમાં આ

પ્રકારની કૃતિઓમાં 'વિવાહલો' કાવ્યોની માહિતી વાચક વર્ગને જ્ઞાન અને ભક્તિમાર્ગની યશસ્વી યાત્રા કરાવવા સમર્થ છે.

વિવાહનો પ્રસંગ જીવનમાં આનંદ-મંગલનો છે. યુવાન નર-નારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે તે દૃષ્ટિએ આ પ્રસંગ માનવસમાજમાં આનંદદાયક ગણાય છે. જન્મ-અભ્યાસ અને યૌવન વયમાં લગ્નનો ક્રમ સમાજ જીવનનું એક અંગ છે.

પ્રાચિનકાળથી વિવાહની પરંપરાનું અનુસંધાન થયું છે. આખ્યાન કાવ્યોમાં વિવાહના પ્રસંગની માહિતી મળે છે. આનાથી સમાજના વ્યવહારની સાથે પ્રચલિત પ્રણાલિકા-રિવાજની પણ વિગતો પ્રાપ્ત થાય છે.

લોકસાહિત્ય અને અન્ય પ્રાંતિય ભાષાઓમાં પણ વિવાહ કાવ્યોની રચના થઈ છે.

વિવાહના પ્રકારનો વિચાર કરીએ તો દ્રવ્યવિવાહ અને ભાવ વિવાહ, ભૌતિક વિવાહ-ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનો દ્રવ્ય વિવાહ છે. જ્યારે સંયમસુંદરીને વરવામાં ઉત્સવ એ ભાવવિવાહ છે. અન્ય શબ્દોમાં આધ્યાત્મિક વિવાહ કહેવાય છે.

વિવાહના પર્યાયવાચી શબ્દ તરીકે 'મંગલ' શબ્દ પ્રયોગ પણ થાય છે. બંગાળી ભાષામાં મંગલ સંજ્ઞાવાળા કાવ્યોની પરંપરા પ્રાપ્ત થાય છે. સં. ૧૪૯૧માં કૃષ્ણવિજયકૃત 'કૃષ્ણમંગલ' ગોવિંદ મંગલ ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. વ્રતકથાઓ પણ મંગલ સંજ્ઞાના સંદર્ભમાં રચાઈ છે.

'મંગલ' વિવાહ કાવ્ય ઉપરાંત ધાર્મિક અને સામાજિક પ્રસંગે ગવાતા ગીતો માટે પણ પ્રયોજાય છે. આ રીતે વિવાહ કાવ્યોમાં મંગલની વિગતો પણ નોંધપાત્ર છે. કાવ્યોની પંક્તિમાં આનંદ અને ઉલ્લાસનો સંદર્ભ રહેલો છે. તે જનસમૂહના હર્ષમાં વૃદ્ધિકારક છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની કૃતિઓ વિશેષ પ્રસિદ્ધ હતી. આ સમયમાં ગુજરાતી ભાષાની કૃતિઓ રાસ-ફાગુ-પ્રબંધ વિવાહલો પણ સાહિત્યની દૃષ્ટિએ નોંધપાત્ર હતી.

પ્રો. હીરાલાલ કાપડિયા વિવાહલઉ શબ્દ વિશે જણાવે છે કે 'વિવાહ' શબ્દ સુરત અને આજુબાજુના વિસ્તારમાં 'સગાઈ' નર-નારીનો વિવાહ સંબંધ એ અર્થમાં પ્રયોજાતો હતો.

એટલે વિવાહ શબ્દનો અન્ય અર્થ 'લગ્ન' થાય છે.

જૈન સાહિત્યકાર અને સંશોધક અગરચંદજી નાહટા વિવાહલઉના પર્યાયવાચી શબ્દ તરીકે 'સંબંધ' શબ્દ દર્શાવે છે. આ સંજ્ઞાવાપી એક કૃતિ અઢાર નાતા (સંબંધ) વિવાહલો હીરાણંદસૂરિની છે. અઢાર નાતરાની સજ્ઝાય પણ રચાઈ છે તેમાં સંબંધનો જ અર્થ સમજવાનો છે.

**વિવાહના પ્રકાર :**

ચાર પાપ વિવાહ કહ્યા છે.
(૧) ગાંધર્વ (૨) અસુર (૩) રાક્ષસ (૪) પૈશાચ.

ચાર ધર્મ વિવાહ છે.
(૧) બ્રાહ્મ (૨) પ્રાજાપત્ય (૩) આર્ષ (૪) દૈવત.

લગ્નનું મુહૂર્ત જોવા માટે ભદ્રબાહુસ્વામી, વરાહમિહિર, ગર્ગ, પૃથુયશ રચિત જ્યોતિષશાસ્ત્રને આધારે જોવું જોઈએ.

લગ્ન મંગલ સૂચક શબ્દ છે. તેનો અર્થ વિવાહ-લગ્ન સાથે સંબંધ ધરાવે છે. ચાર વર્ણમાં (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર) આ પ્રસંગ ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

ચાર આશ્રમની વાત હિન્દુઓને માન્ય છે, જૈનોને નહિ.

વિમલપ્રબંધ સં. ૧૫૬૦ અને શ્રીપાળરાજાનો રાસ સં. ૧૫૩૮માં રચાયો છે તેમાં વિવાહ વિધિનો ઉલ્લેખ થાય છે.

પ્રાચીનકાળમાં સ્વયંવરની યોજનાથી (પ્રથા) વિવાહ કરવામાં (સગાઈ) ચાલતો આવતો હતો. ચારે વર્ણમાં વિવાહ વીધિપૂર્વક કરવાની પ્રણાલિકા હતી.

જૈન સાહિત્યમાં વિવાહલોની રચના થઈ છે. મુનિ કવિઓએ મુખ્યત્વે દીક્ષા-સંયમ જીવન સ્વીકારવાના પ્રસંગે અનેરો મહોત્સવ ગણીને ઉજવણી કરવામાં આવતી હતી. શિવનારીને વરવા-મોક્ષ પુરૂષાર્થની સાધના માટે સંયમજીવન રાજમાર્ગ ગણીને એનું મૂલ્ય ઉચ્ચ કક્ષાનું ગણ્યું છે. વિવાહલોની રચના દ્વારા સંસારી જીવોને મોક્ષ પુરૂષાર્થની સાધનાની સાચી સમજ-પ્રેરણા મળે અને મનુષ્ય જન્મ સફળ કરે તેવા હેતુથી વિવિધ પ્રકારના વિવાહલોની રચના થઈ છે.

મંગલ - એટલે સર્વપ્રાણીઓનું હિત, કલ્યાણ. જેનાથી અનિષ્ટ - દુઃખ દુર થાય તે પણ મંગલ છે.

વિશેષાવશ્યકભાષ્યને આધારે મંગલનો અર્થ નીચે પ્રમાણે છે.

જેનાથી હિત સધાય તે મંગલ છે. જે ધર્મને લાવે-પ્રાપ્ત કરાવે તે પણ મંગલ છે.

ભૌતિકજીવનમાં 'મંગલ' શબ્દ શુભ પ્રસંગ-અવસર માટે પ્રયોજાય છે. લગ્નનો પ્રસંગ મંગલવાચક છે.

ભૌતિકજીવનમાં કલ્યાણના અર્થમાં મંગલનો સંદર્ભ સમજવાનો છે. અંતે ભૌતિક કરતા આધ્યાત્મિક કલ્યાણ થાય તેવો આચાર એ મંગલની ઉદાર ભાવના વ્યક્ત કરે છે.

**વિવાહનો પ્રાચીન સંદર્ભ :**

જૈન ઐતિહાસીક ગૂર્જર કાવ્ય સંચય પા. ૨૨૬ અને આપણા કવિઓ ભાગ-૧, પા. ૧૯૦ માં વિવાહલોનો શબ્દપ્રયોગ થયો છે તે પંક્તિઓ નીચે પ્રમાણે છે.

**ઈણિ પરિ અંબકુ વરકુમારો પરિણઈ સંજમનારિ**
**પરિણવા દિક્ખસિરી ષેડ નયરિ ષેમેણ પતઉ**
**પરિણઈ સંજમગિરિ કુમર વજ્જહિ નંદિપ ભૂરા**

અહીં પરિણાઈ-પરણી-વિવાહનો અર્થ છે. સંયમસુંદરી સાથે લગ્ન-દીક્ષા.

સં. ૧૩૩૧ પછી પૂ. સોમમુનિએ રચેલો જિનેશ્વરસૂરિ વિવાહલો પ્રાચીન કૃતિ છે. વેણીવચ્છરાજ વિવાહલુ જૈનેતર કૃતિ સં. ૧૧૭૨ ની છે. તેના કર્તા કવિ ડામર હતા. આ સમય પછી અન્ય વિવાહલોની રચના થઈ છે.

કીર્તિરામસૂરિ, ગુણરત્નસૂરિ વિવાહલઉ એ પ્રાચીન છે. તેના કર્તા દેવચન્દના શિષ્ય કલ્યાણચન્દ છે.

ગુણરત્નસૂરિ વિવાહલઉ, ૪૯ ગાથા, કર્તા-પદ્મમંદિર

જંબુ અંતરંગ વિવાહલઉ સં. ૧૫૭૨ની રચના કવિ સહજસુંદરની છે. તેનો પરિચય પ્રથમ વિભાગમાં આપવામાં આવ્યો છે. જંબુસ્વામી વિવાહલઉના કર્તાએ સં. ૧૪૯૫માં રચના કરી છે.

'જિનચન્દ્રસૂરિ વિવાહ'ના કર્તા સહજજ્ઞાની છે.

જિનેશ્વરસૂરિ વિવાહલો કવિ સોમમુનિની કૃતિ છે. રચનાકાળ સં. ૧૩૩૧ની આસપાસનો છે. તેનો પરિચય વિભાગ-૧માં આપ્યો છે.

વિવાહલો કાવ્યોની પ્રાચીન માહિતી આ કાવ્ય પ્રકારની ભૂમિકારૂપે છે. સાધુ કવિઓએ વિવાહલોની રચના કરીને ચરિત્રાત્મક સાહિત્યની સાથે સાહિત્ય અને પ્રભુભક્તિનો સુભગ સમન્વય સાધ્યો છે. સાહિત્ય શબ્દોની કળા છે. તેમાં સર્જકની અભિવ્યક્તિ એની પ્રતિભાનું દર્શન કરાવે છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં કાવ્ય સંજ્ઞાઓ અંગે એક કરતાં વધુનો પ્રયોગ થયો છે. વિવાહલો કાવ્યપ્રકાર માટે કેટલાક પર્યાયવાચી શબ્દોનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે વિવાહ એટલે લગ્ન. નર-નારીનું સંસારી ગૃહસ્થજીવનની એક બંધનપૂર્વકની શરૂઆત.

આ પ્રસંગ માટે સ્વયંવર પ્રથા (રાજવી પરિવાર માટે) વેલિ, વેલ, વિવાહલઉ, વિંવાહલો વગેરે સંજ્ઞાઓ પ્રચલિત હતી. તેનો અર્થ ભૌતિક જીવનમાં વિવાહ અને આધ્યાત્મિક વિવાહ સમજવાનો છે. 'મંગલ' સંજ્ઞા શુભ પ્રસંગનો અર્થ વ્યક્ત કરે છે. આનંદ-ઉત્સાહનો પ્રસંગ. સંબંધમાં એક પાત્રનો બીજા પાત્ર સાથે સંબંધ-સંયોગ-જોડાણ કરવાનો પ્રસંગ એટલે લગ્નના અર્થમાં છે. શબ્દો જુદા છે પણ તાત્ત્વિક અર્થ એક જ છે. 'વેલિ' અને 'વેલ' સંસારી જીવનમાં વેશવિસ્તાર વૃદ્ધિના અર્થમાં પ્રયોજાય છે તેમાં લગ્ન એ બીજસ્વરૂપ છે.

**શીર્ષક :**

વિવાહલો સ્વરૂપની મોટાભાગની કૃતિઓ અપ્રગટ છે. હસ્તપ્રતોનું સંશોધન કરીને પ્રગટ થાય તો આ કાવ્ય પ્રકારની સમૃદ્ધિનો ખ્યાલ આવે તેમ છે. જૈન સાહિત્યના સંશોધક અને સંપાદક પ્રો. હીરાલાલ ર. કાપડિયાએ આ સ્વરૂપનો પરિચય કરાવતી સૂચિ તૈયાર કરી હતી. આ સૂચિ જૈન સત્યપ્રકાશ વર્ષ-૧૧, અંક-૬માં લેખરૂપે પ્રકાશિત થઈ છે. વર્તમાનમાં હિરેન દોશીએ શ્રુતસાગર માસિકના સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં લેખનું પ્રકાશન કર્યું છે. 'વિવાહલઉ સાહિત્યનું રેખાદર્શન' લેખમાં કૃતિઓની સૂચિ છે.

અગરચન્દજી નાહટાએ 'જૈન કાવ્યોકી રૂપ પરમ્પરા'માં વિવાહલો લેખ છે તેને અંતે આ સ્વરૂપની સૂચિ આપી છે.

જૈન સાહિત્યના સંશોધક અને ઈતિહાસકાર મોહનલાલ દ. દેસાઈએ જૈન ગૂર્જર કવિઓ ગ્રંથમાં પણ વિવાહલોની માહિતી આપી છે.

આ સૂચિને આધારે હસ્તપ્રતો મેળવીને વિવાહલો સ્વરૂપની માહિતી અને ચાર પ્રકારના વિવાહલો પ્રગટ કરવામાં આવ્યા છે. હસ્તપ્રતનું લિપિકરણ કરાવીને તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે અને હસ્તપ્રતના વિષયની ......... નોંધ આપી છે. એટલે વિવાહલો સ્વરૂપનો અભ્યાસ કરવામાં ઉપયોગી નીવડે તેમ છે.

હસ્તપ્રતો ઉપરાંત કેટલાક વિવાહલો પ્રગટ થયા છે તેનો પરિચય આપવામાં આવ્યો છે. એટલે આ પુસ્તકમાં વિવાહલો સ્વરૂપ અને પ્રગટ-અપ્રગટ કૃતિઓનો સંચય થયો છે.

આદિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ ભગવાન વિવાહલોની સંખ્યા વિશેષ છે. અત્રે નમૂનારૂપે આ કૃતિઓ પ્રગટ કરવામાં આવી છે.

'વિવાહલો' કાવ્યો ૧૪મી સદીના પ્રથમ તબક્કામાં થયો છે એમ ઉપલબ્ધ કૃતિઓને આધારે અનુમાન કરવામાં આવે છે. ત્યાર પછી આ સ્વરૂપની તીર્થંકર વિષય, સાધુચરિત અને ઐતિહાસિક મહાપુરૂષો વિશેની વિવિધ કૃતિઓ રચાઈ છે.

ગૂર્જર ભાષાના વિકાસ માટે પણ આ કૃતિઓ ઐતિહાસીક મૂલ્ય ધરાવે છે. સાહિત્ય, ધર્મ અને ઈતિહાસ એમ ત્રિવિધ રીતે 'વિવાહલો' કાવ્યોની સૃષ્ટિ જ્ઞાનાનંદ અને આત્મની શુદ્ધિ માટે શુભ નિમિત્ત બને છે.

**વિવાહલોના પ્રકાર :**

વિવાહલો સ્વરૂપની ઉપલબ્ધ કૃતિઓને આધારે ચાર પ્રકાર છે.

**(૧) તીર્થંકર વિશેના વિવાહલો.**

મુખ્યત્વે લગ્ન અને દીક્ષાના પ્રસંગનું વર્ણન હોય છે. અન્ય માહિતી ગૌણ છે.

આદિનાથ, વાસુપૂજ્યસ્વામી, શાંતિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીના વિવાહલોનો પરિચય આપવામાં આવ્યો છે.

**(૨) સાધુચરિત વિવાહલો.**

સાધુભગવંતોના દીક્ષા મહોત્સવનું વર્ણન કરતી કૃતિઓ કે જે વિવાહલો અથવા ધવલ નામથી રચાઈ છે તેનો પરિચય આપવામાં આવ્યો છે.

જિનેશ્વરસૂરિ વિવાહલો, જિનોદયસૂરિ વિવાહલો, સુમતિસાધુસુરિ વિવાહલો, આચાર્ય જસવંત વિવાહલો, ઈન્દ્રનન્દિસુરિ વિવાહલો, હસ્તપ્રતને આધારે આ વિવાહલોની માહિતી પ્રગટ કરવામાં આવી છે.

**(૩) ઐતિહાસિક મહાપુરૂષોના વિવાહલો.**

કયવન્ના શેઠ, આર્દ્રકુમાર, દશાર્ણભદ્ર, જંબુસ્વામી, ગજસુકુમાર વગેરેનો સમાવેશ થયો છે.

**(૪) પ્રકીર્ણકમ્ વિવાહલો.**

આ પ્રકારના વિવાહલોની સંજ્ઞા જુદી છે પણ વિષયવસ્તુ લગ્ન અને દીક્ષાનું હોવાથી વિવાહલો સમાન ગણીને સંક્ષિપ્ત નોંધ પ્રગટ કરવામાં આવી છે. શ્રી નેમનાથજીના શલોકા, શ્રી નેમનાથ ભગવાનના ચોવીશ ચોક, નેમનાથજીનો નવરસો, પૂજા સાહિત્ય.

આ સંજ્ઞાવાળી કૃતિઓની માહિતીમાં લગ્ન અને દીક્ષા મહોત્સવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોંખણાની વિધિ, હેતુ અને અર્થ અંગે વિચારો પ્રગટ થયા છે. તદુપરાંત બોધદાયક

વિચારવાળો 'પંખીનો વિવાહલો' પ્રાપ્ત થયો છે. જેનો મૂળ સંબંધ આધાર જ્ઞાતાધર્મકથા આગળ સાથે છે. હસ્તપ્રતને આધારે કૃતિની સમીક્ષા અને મૂળ લખાણ પ્રગટ કરવામાં આવ્યું છે.

રૂક્મણી વિવાહલોની માહિતી હસ્તપ્રતને આધારે તૈયાર કરીને પ્રગટ કરવામાં આવી છે. અઢાર નાતાં (સંબંધ) વિવાહલો વિશે પૂ. હીરાણંદસૂરિની હસ્તપ્રતને આધારે નોંધ કરવામાં આવી છે. જૈન લગ્નવિધિ અંગે ઉપલબ્ધ ચાર પુસ્તિકાઓની વિગત આપવામાં આવી છે. સામાન્ય રીતે હિન્દુ વિધિ પ્રમાણે લગન થાય છે પણ આચારદિનમ્ ગ્રંથને આધારે પ્રગટ વિધિની પુસ્તિકાની માહિતી આપવામાં આવી છે. ગુજરાતી ભાષામાં વિવાહ નામોની સંક્ષિપ્ત નોંધ પ્રગટ કરવામાં આવી છે.

ચાર પ્રકારના વિવાહલોનો કેન્દ્રવામાં વિચાર-સાર એ જ છે કે દુર્લભ મનુષ્ય ભવ સાર્થક કરવા માટે સંયમજીવન (દીક્ષા)નો સ્વીકાર કરવો જોઈએ અને આત્મા જન્મ, જરા અને મૃત્યુના ચક્રમાંથી સર્વથા મુક્ત થઈને આત્મા પોતાના શાશ્વત સુખને પામે.

ભગવાનના વિવાહના સંદર્ભમાં ઈન્દ્રનો આચાર છે અને વિવાહ અંગે તૈયારી વ્યવસ્થા કરે છે. તદુપરાંત લગ્નવિધિથી વિદાય સુધીની વિગતો પ્રાપ્ત થાય છે. ઈન્દ્રના આચારમાં જન્મકલ્યાણક, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકની પણ ઉજવણી કરે છે. વિવાહ વર્ણનમાં મંત્રોચ્ચારનો કોઈ ઉલ્લેખ થયો નથી પણ જાન આગમન, સ્વાગત, વરને પોંખવાનો, અગ્નિ સાક્ષી એ વર-કન્યાનું મિલન ચાર મંગલ પહેરામણી, ભોજન, યાચકોને દાન, વિદાય, લગ્ન પછી માતા-પિતા એ નવદંપતિનું સ્વાગત કરે છે વગેરે માહિતી મળે છે. વિવાહ મહોત્સવ ભૌતિક અને આધિભૌતિક (દૈવી તત્ત્વો)ના મિશ્રણવાળો છે. ગ્રીક અને અંગ્રેજી

સાહિત્યમાં પણ આ પ્રકારનાં દૈવી તત્ત્વો (Divine Element) પ્રયોગ થતો હતો. એટલે ભગવાનના વિવાહમાં આવી સ્થિતિ સ્વાભાવીક ગણાય છે.

તીર્થંકર વિષયક વિવાહલોમાં 'નેમનાથ' ભગવાન સિવાયના આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી વગેરે વિવાહલોમાં 'વિવાહ' ઉત્સવનું વર્ણન છે. મુખ્યત્વે તો આ ઉત્સવની ઉજવણીમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી અને અને દેવો સમૂહ ઉપસ્થિત રહે છે. ઈન્દ્ર મહારાજા ભગવાનના લગ્ન અંગે મંડપની રચના, જાનપ્રસ્થાન કથાના માંડવે પધારવું, વરને પોંખવાની વિધિ, મંગલ ગીતો ગાવા, ચાર મંગળ, કન્યાદાન, કંસાર ખાવાની વિધિ, પહેરામણી આપવી, સ્નેહીઓને ભોજન કરાવવું, વર-કન્યાનું ભોજન અને વિદાય, યાચકોને દાન આપવું વગેરેની વિગતો પ્રાપ્ત થાય છે. કવિઓએ પોતાની રીતે આ પ્રસંગનું વર્ણન કર્યું છે. મુનિ રંગવિજયના પાર્શ્વનાથ વિવાહલોમાં સમકાલીન સમાજ જીવનનો પ્રભાવ નિહાળી શકાય છે. અન્ય વિવાહલોમાં ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્રનો પ્રભાવ જોવા મળે છે.

સાહિત્યની દષ્ટિએ વિચારીએ તો વિવાહ ઉત્સવનું વર્ણન એક ચમત્કાર સ્વરૂપ ગણાય છે. દૈવીતત્ત્વો દ્વારા પ્રસંગની ઉજવણી થાય છે તેમાં સામાજિક સંબંધોનો પણ સુયોગ થયો છે. દૈવી તત્ત્વોનું નિરૂપણ ચમત્કાર સ્વરૂપનું છે. પ્રસંગ વર્ણનની વિગતો આકર્ષક છે; ચિત્રાત્મક શૈલીનો પ્રયોગ થયો છે. એટલે વિવાહ પ્રસંગનું વર્ણન સૌ કોઈને વાચવાથી અનેરી અનુભૂતિ થાય છે.

ચમત્કાર એ કોઈ કવિકલ્પના નથી પણ દેવાધિદેવનો અચિંત્ય પ્રભાવ અને પુણ્યને કારણે એમના લગ્ન અને દીક્ષાના ઉત્સવમાં આવીને ભક્તિ-સેવા કરે છે. એવી ધાર્મિક માન્યતા છે.

લગ્ન એ વંશવૃદ્ધિનું કારણ છે. સમાજજીવનમાં લગ્નનું મહત્ત્વ વિશેષ છે. જૈન સમાજમાં લગ્ન થાય છે તેમાં પરંપરાગત રીતે બ્રાહ્મણ-જોષી દ્વારા હીન્દુ વીધિનો આધાર લેવાય છે. પૂ. વર્ધમાનસુરિએ આચાર દિનકર ગ્રંથમાં જૈન લગ્નવિધિનો ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી જૈન વિવાહ વિધિ પુસ્તક પ્રગટ થયેલ છે. કોઈ કોઈ પરિવારમાં આ વિધિ પ્રમાણે લગ્ન થયાં હશે. આ વિધિનો વિશેષ પ્રચાર કે પ્રયોગ થયો નથી.

પ્રો. હીરાલાલ કાપડિયાએ લગ્નવિધિ અંગે ફાર્બસ ત્રૈમાસિક વાર્ષિક અંક ઈ.સ. ૧૯૪૭માં લેખ પ્રકાશિત કર્યો હતો. તેમાં વિધિ સંબંધી વિચારો પ્રગટ થયા છે.

**વિવાહલોની ભાષા :**

પ્રાચીન ગુજરાતી ભાષાનો સમય ઈ.સ.ની ૧૨મી સદીથી ૧૪મી સદીના અંતકાળ સુધીનો છે. ગુજરાતમાં બોલાતી-લખાતી ગુજરાતી ભાષાને પ્રાચીન ગુજરાતી નામ આપવામાં આવ્યું છે. શ્રી હેમચન્દ્રાચાર્યના "સિદ્ધહેમ"ના દુહા અપભ્રંશમાં પ્રાપ્ત થાય છે. આ દુહા ગુજરાતી ભાષાના ઉધ્યનું સૂચન કરે છે. ડૉ. ભોગીલાલ પાંડેસરા જૂની પશ્ચિમી રાજસ્થાની અને કવિ વિવેચકશ્રી ઉમાશંકર જોષીના ભાષા માટે મારું ગુર્જર શબ્દપ્રયોગ કરે છે. જૂની ગુજરાતીમાં રચાયેલી કૃતિઓમાં 'સંદેશ રાસક' ભરતેશ્વર બાહુબલી રાસ છે. જૈન સાહિત્યના 'વેલિ' કાવ્યમાં મારું ગુર્જર ભાષાનો પ્રયોગ થયો છે.

મારુ ગુર્જર ભાષામાં અપભ્રંશનો પ્રભાવ જોવા મળે છે. મહાવીરસ્વામી ભગવાનનો ઉપદેશ લોકભાષામાં હતો. એમની ભાષા અર્ધમાગધી હતી. પ્રાકૃત ભાષાનો પ્રભાવ પણ ગુજરાતી ભાષામાં નિહાળી શકાય છે. પ્રાદેશિક બોલીઓના શબ્દો જે તે

સમયે ભાષામાં પ્રયોજાયા છે. આ માહિતી ગુજરાતી ભાષાના વિકાસની છે.

વિવાહલોની ઉપલબ્ધ કૃતિઓની મોટા ભાગતી મારુ ગુર્જર ભાષાની છે અન્ય કૃતિઓ ગુજરાતી ભાષામાં છે. મારુ ગુર્જર ભાષામાં પ્રાકૃત-અપભ્રંશ શબ્દોનો પ્રયોગ થયો છે. હસ્તપ્રતમાં પ્રયોજાયેલા આવા શબ્દોના અર્થ જે તે હસ્તપ્રતને અંતે પ્રગટ કરવામાં આવ્યા છે એટલે હસ્તપ્રતના વિચારો ગ્રહણ કરવામાં (સમજવામાં) સરળતા થાય. આ સંક્ષિપ્ત માહિતી ધ્યાનમાં રાખીને વિવાહલોનો અભ્યાસ કરવામાં આવે તો વિવાહનો સાચો આનંદ માણી શકાશે.

પ્રત્યેક ભાષાના સાહિત્યમાં સંસ્કૃત-પ્રાકૃત અને પ્રાદેશિક બોલીનો પ્રભાવ અવશ્ય નોંધપાત્ર રહ્યો છે. ભાષા વિકાસની ઐતિહાસિક માહિતી ગણાય છે.

વિવાહલો પુસ્તક તૈયાર કરવા માટે અપ્રગટ હસ્તપ્રતો મેળવવામાં આવી હતી. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર કોબાથી મોટા ભાગની હસ્તપ્રતો પ્રાપ્ત થઈ હતી. સંશોધન માહિતી એકત્ર કરવા માટે આ જ્ઞાનમંદિરનો સહયોગ અનુમોદનીય છે. શ્રી પંડિત નવીનભાઈ શાહ અને દિલાવરભાઈની સેવાની અનુમોદના.

ગીતાર્થગંગા-અમદાવાદવાળા ચંદ્રેશભાઈ શાહ, શ્રી આશાપૂરણ પાર્શ્વજ્ઞાન ભંડાર સાબરમતી - અમદાવાદમાંથી હસ્તપ્રતો મળી હતી. તેના સંચાલક શ્રી બાબુભાઈ સરેમલજીની શ્રુતભક્તિ અને સેવાની અનુમોદના.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ - મુંબઈ પ.પૂ.આ. હેમચન્દ્રસૂરિજીની પ્રેરણાથી હસ્તપ્રતો મળી હતી. એમની શ્રુતભક્તિની અનુમોદના.

તદુપરાંત પ્રગટ વિવાહલો અને સામાયિકો જૈન સત્યપ્રકાશ, સ્વાધ્યાય અને અન્ય પુસ્તકોમાંથી વિવાહલો સ્વરૂપની કૃતિઓ પ્રાપ્ત થઈ હતી.

હસ્તપ્રતોનું લિપિકરણ કરાવીને તેની સમીક્ષક નોંધ મૂળ પ્રતને આધારે પ્રગટ-પ્રકાશિત કરવામાં આવી છે. ૧૯ વિવાહલોની સમીક્ષા ભાગ-૧ રૂપે આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે.

હસ્તપ્રતોના લિપિકરણ કાર્યમાં સહયોગ આપનારા પ.પૂ.આ. જગતચંદ્રસૂરિજી (ડહેલાવાળા), પ.પૂ.ગણીવર્ય તીર્થભદ્રવિ.જી., પ.પૂ.ગણિવર્ય હિતવર્ધનવિજયજી, પ.પૂ.સાધ્વીજી વીરાગરસાશ્રીજી (કલિકુંડ), પ.પૂ.સાધ્વીજી શાશ્વતયશાશ્રીજી (નેમિસૂરિ), ડૉ. ભાનુબહેન શાહ-મુંબઈ.

**સંદર્ભ પુસ્તક સૂચિ :**

- અપ્રગટ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંચય - સંપા. ડૉ. કવિન શાહ
- આચાર દિનકર (સંસ્કૃત) - પૂ. વર્ધમાનસૂરિ
- અંજનશલાકા પ્રતિષ્ઠાવિધિ ગ્રંથ
- જ્ઞાનતીર્થની યાત્રા (પા. ૯૮) - ડૉ. કવિન શાહ
- ગુજરાતી સાહીત્યના સ્વરૂપો - પ્રો. મંજુલાલ મજમુદાર
- જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો - ડૉ. કવિન શાહ
- શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ-૧ થી ૭ - મો.દ.દેશાઈ
- શ્રી જૈન વિવાહવિધિ - પ્રકા. જૈન ધર્મપ્રસારક સભા-ભાવનગર
- જૈન લગ્નની વિધિની' જૈન શાસનની નિરપેક્ષિતા.

- મુનિ હિતવર્ધનવિજય

- જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય ભાગ-૧
- જૈન ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૧ (પા. ૨૨/૪૧)
- સરળ જૈન લગ્નવિધિ
- જૈન લગ્નવિધિ તથા વિવાહના ગીતો
- જૈન વિવાહવિધિ - અનુવાદ - રમેશ જોષી
  પૂ. સૌભાગ્યવિજયજી
- શ્રી જૈનવિવાહ વિધિ અને શારદાપૂજન વિધિ
- પ્રાચીન કાવ્યો કી રૂપ પરંપરા (પા. ૪૩) અગરચંદ નાહટા
- નેમી વિવાહલો કવિ પંડિત વીરવિજયજી કૃત
- નેમ વિવાહ કવિ કેવળદાસ
- ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત (પર્વ-૧/સર્ગ-૨/પા. ૪૨/૪૫)
  - વિવેચન : કુંવરજી આણંદજી
- બૃહદ્ગચ્છ કા સંક્ષિપ્ત ઈતિહાસ "પીપલગચ્છ" (પા. ૧૪૧)
  - ડૉ. શિવપ્રસાદ
- પ્રાચીન ગૂર્જર કાવ્ય સંચય- હરિવલ્લભ ભાયાણી / અગરચંદજી નાહટા (અંક સપ્ટેમ્બર-૨૦૧૩)
- શ્રી જૈન સત્ય પ્રકાશ (વર્ષ-૧૧, અંક-૧૦/૧૧)
- વિવિધ પૂજા સંગ્રહ - જૈન પ્રકાશન મંદિર-અમદાવાદ


• • •





# સૂચિ

| ક્રમ | નામ | કર્તા | પ્રગટ/અપ્રગટ | સમય |
|---|---|---|---|---|
| | **તીર્થંકર વિશેના વિવાહલો** | | | |
| ૧. | રિખવદેવ વિવાહલુ | સેવક | હસ્તપ્રત | ૧૬૩૩ |
| ૨. | આદિજિન વિવાહલો | સેવક | હસ્તપ્રત | ૧૬૧૨ |
| ૩. | આદિ જિણેસર વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |
| ૪. | આદિ જિન વિવાહલો | કવિ રૂષભદાસ | હસ્તપ્રત | ૧૭૩૧ |
| ૫. | આદિનાથ વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |
| ૬. | શ્રી વાસુપૂજ્યસ્વામી વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |
| ૭. | શાંતિનાથ ધવલ (વિવાહલો) | બ્રહ્મમુનિ | હસ્તપ્રત | ૧૭મી સદી |
| ૮. | નેમી વિવાહલો | વીરવિજયજી | પ્રગટ | ૧૦૬૭ |
| ૯. | નેમ રાજીમતી વિવાહલો | કવિ જિનદાસ | હસ્તપ્રત | ૧૮૬૨ |
| ૧૦. | શ્રી નેમિ વિવાહલઉ | જયસાગરસૂરિજી | હસ્તપ્રત | – |
| ૧૧. | શ્રી નમિજિન વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |
| ૧૨. | નેમવિવાહ | કવિ કેવળદાસ | પ્રગટ | ૧૯૨૯ |
| ૧૩. | નેમિ રાજુલરો વિવાહલો | સ્વરૂપચંદ | હસ્તપ્રત | – |
| ૧૪. | શ્રી પાર્શ્વનાથ વિવાહલો | દેવકુશળ | હસ્તપ્રત | ૧૦મી સદી |
| ૧૫. | થંભણય પાસ વિવાહલઉ | ......મંદિર | હસ્તપ્રત | – |
| ૧૬. | પાર્શ્વનાથ વિવાહલુ | પેથો | હસ્તપ્રત | ૧૪૯૪ પછી |
| ૧૭. | શ્રી મહાવીર વિવાહલઉ | હર્ષવર્ધનસૂરિ | હસ્તપ્રત | ૧૬૧૮ |
| ૧૮. | વીરચરિત વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | ૧૯૫૫ |
| | **સાધુ ચરિત વિવાહલો** | | | |
| ૧૯. | શ્રી જિનેશ્વરસૂરિ વિવાહલો | સોમમૂર્તિ | પ્રગટ | ૧૩૩૧ |
| ૨૦. | શ્રી જિનોદયસૂરિ વિવાહલો | મેરૂનંદન | પ્રગટ | ૧૪૩૨ |
| ૨૧. | સુમતિસાધુસૂરિ વિવાહલો | કવિ લાવણ્ય | પ્રગટ | ૧૫૭૫ |
| ૨૨. | પીપલ ગચ્છિય ગુરુ વિવાહલઉ | અજ્ઞાત | પ્રગટ | – |
| ૨૩. | આચાર્ય જશવંત વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | ૧૭મી સદી |

| ક્રમ | નામ | કર્તા | પ્રગટ/અપ્રગટ | સમય |
|---|---|---|---|---|
| ૨૪. | શ્રી ઈન્દ્રનન્દિ વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |

## ઐતિહાસિક મહાપુરૂષોના વિવાહલો

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | દશાર્ણભદ્ર રાસ-વિવાહલો | હીરાણંદસૂરિ | હસ્તપ્રત | ૧૫મી સદી |
| ૨૬. | આર્દ્રકુમાર વિવાહલો | દેપાલ | પ્રગટ | ૧૫મી સદી |
| ૨૭. | કયવન્ના વિવાહલો | દેપાલ | પ્રગટ | ૧૫મી સદી |
| ૨૮. | જંબુસ્વામી વિવાહલો | સહજસુંદર | હસ્તપ્રત | ૧૫૭૨ |
| ૨૯. | ગજસુકુમાર વિવાહલો | શુભવર્ધન ગણિ હિરણ્ય | હસ્તપ્રત | ૧૭૮૭ |

## પ્રકીર્ણકમ્

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦. | પોંખણાં<br>૧. પોંખણાં, ૨. પોખણાં અર્થ,<br>૩. પોંખણાં ગીતો | સંકલન | – | – |
| ૩૧. | પોંખણાં-પાર્શ્વનાથ વિવાહલો | રંગવિજય | – | – |
| ૩૨. | વિવાહલો અન્ય સંદર્ભ | – | – | – |
| ૩૩. | નેમનાથ રાજિમતીના ચોવીશ ચોક | અમૃતવિજય | – | ૧૮૬૯ |
| ૩૪. | નેમનાથના શલોકો | કવિ દેવચંદ | – | ૧૭મી સદી |
| ૩૫. | શ્રી નેમનાથજીનો નવરસો | મુનિ રૂપચંદજી | – | – |
| ૩૬. | પંખીનો વિવાહલો | મુનિ રવજી | હસ્તપ્રત | ૧૮૫૬ |
| ૩૭. | રૂક્મણી વિવાહલો | અજ્ઞાત | હસ્તપ્રત | – |
| ૩૮. | પૂજા સાહિત્ય | સંકલન | – | – |
| ૩૯. | અઢાર નાતાં-વિવાહલો | હીરાણંદસૂરિ | – | ૧૫મી સદી |
| ૪૦. | જૈન વિવાહ વિધિ | સંકલન | – | – |
| ૪૧. | ગુજરાતી ભાષામાં વિવાહ કાવ્યો | સંકલન | – | – |

●●●

# વિષયાનુક્રમ

પૃષ્ઠ નં.

**વિભાગ-૧ : તીર્થંકર વિષયક વિવાહલો :**


૧. રિખવદેવ વિવાહલુ ........ ૭

૨. આદિ જિન વિવાહલો ........ ૧૯

૩. આદિ જિણેસર વિવાહલો ........ ૨૪

૪. આદિ જિન વિવાહલો ........ ૨૯

૫. આદિ જિન વિવાહલો ........ ૪૦

૬. આદીનાથ વિવાહલો ........ ૪૪

૭. વાસુપૂજ્યસ્વામિ વિવાહલાનો પરિચય ........ ૫૩

૮. શાંતિનાથ ધવલ (વિવાહલો) ........ ૬૧

૯. શ્રી નેમનાથ વિવાહલો ........ ૬૬

૧૦. નેમ-રાજીમતી વિવાહલો ........ ૮૨

૧૧. નેમિ વિવાહલઉ ........ ૯૩

૧૨. શ્રી નેમી જિન વિવાહલો ........ ૯૭

૧૩. નેમ વિવાહ ........ ૧૦૦

૧૪. નેમી રાજૂલ રો વીવાહલો ........ ૧૧૨

૧૫. શ્રી પાર્શ્વનાથ વિવાહલો ........ ૧૧૪

૧૬. થંભણયપાસ વિવાહલુ ........ ૧૧૫

૧૭. પાર્શ્વનાથ વિવાહલુ (દશભવ) ........ ૧૨૦

૧૮. શ્રી મહાવીર વીવાહલઉ ........ ૧૪૫

૧૯. વીરચરિત વિવાહલો ........ ૧૪૭

**વિભાગ-૨ : સાધુચરિત્ર વિવાહલો :**

૨૦. શ્રી જિનેશ્વરસૂરિ વીવાહલઉ ........ ૧૮૬
૨૧. શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ ........ ૧૮૮
૨૨. સુમતિસાધુસૂરિ વીવાહલો ........ ૧૯૦
૨૩. પીપલ ગચ્છિ ગુરુ વિવાહલુ ........ ૧૯૧
૨૪. આચાર્ય જસવંત વિવાહલો ........ ૧૯૩
૨૫. શ્રી ઈન્દ્રનંદિસૂરિ વિવાહલુ ........ ૧૯૬

**વિભાગ-૩ : ઐતિહાસિક મહાપુરૂષોના વિવાહલા :**

૨૬. દશાર્ણભદ્ર રાસ અથવા વિવાહલો ........ ૨૦૨
૨૭. આર્દ્રકુમાર વિવાહલો ........ ૨૦૯
૨૮. કયવન્ના વિવાહલઉ ........ ૨૧૪
૨૯. જંબુસ્વામી વિવાહલો ........ ૨૨૧
૩૦. ગજસુકુમાર વિવાહલઉ ........ ૨૩૧

**વિભાગ-૪ : પ્રકીર્ણ વિવાહલો :**

૩૧. પોંખણાં ........ ૨૪૬
૩૨. પોંખણા ........ ૨૫૪
૩૩. નેમનાથના શલોકો ........ ૨૬૨
૩૪. શ્રી નેમિનાથજીનો નવરસો ........ ૨૬૬
૩૫. "પંખીનો વિવાહલો" સમીક્ષા ........ ૨૬૯
૩૬. રૂકમણી વિવાહલો ........ ૨૭૪
૩૭. પૂજા સાહિત્ય ........ ૨૭૯
૩૮. અઢાર નાતાં (નાતરાં) સજ્ઝાય (વિવાહલો) ........ ૨૮૨
૩૯. જૈન વિવાહ વિધિ ........ ૨૮૯
૪૦. ગુજરાતી ભાષામાં વિવાહ કાવ્યો ........ ૩૦૭
૪૧. જૈન વિવાહ સંસ્કાર વિધિ ........ ૩૧૩
૪૨. મહાવીર વિવાહલુ ........ ૩૧૪
૪૩. મુનિસુવ્રતસ્વામી વિવાહલો ........ ૩૨૯
૪૪. આદિનાથ વિવાહલો ........ ૩૩૨

●●●

# આદિનાથ ભગવાનના વિવાહ અને દીક્ષા

મહોત્સવનું વર્ણન ચિત્રાત્મક શૈલીમાં આલેખવામાં આવ્યું છે. તેમાં કવિ પ્રતિભા નોંધપાત્ર છે. આ વર્ણનને આધારે અન્ય સાધુ કવિઓએ ઋષભદેવ (આદિનાથ), શાંતિનાથ, પાર્શ્વનાથ, નેમનાથ, મહાવીરસ્વામી આદિ વિવાહલોની રચના કરી છે. કાવ્ય સ્વરૂપને અનુલક્ષીને આ મહોત્સવની માહિતી આપવામાં આવી છે.

**સંદર્ભ :** ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ-૧, સર્ગ-૨

**વિવેચક :** કુંવરજી આણંદજી

(જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર)

## વિવાહલો પ્રાચીન સંદર્ભ

ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાં રૂષભદેવ ભગવાનના વિવાહ અને દીક્ષા મહોત્સવનું વર્ણન છે. તેનો સાર પ્રગટ કરવામાં આવ્યો છે. આ માહિતી આદિનાથ વિવાહલો, રિખવદેવ વિવાહલુ, વાસુપૂજ્યસ્વામી વિવાહલો, શાંતિનાથ વિવાહલો (ધવલ) આદિ જિણેસર વિવાહલો વગેરે કૃતિઓના સંદર્ભમાં પૂર્વભૂમિકારૂપે હોવાથી નોંધ કરવામાં આવી છે.

આ માહિતીને આધારે વિવાહલો માહિતી સમજવામાં સરળતા થશે.

## આદિનાથ ભગવાનનો વિવાહ મહોત્સવ

રૂષભદેવ પરમાત્માનો કાળ યુગલિક હતો, તે યુગલ મોટું થાય ત્યારે પતિ-પત્ની સમાન વ્યવહાર કરે. એક યુગલ બાળપણામાં તાડવૃક્ષ નજીક ક્રીડા કરતું હતું. ત્યારે પુરૂષ પર તાડવૃક્ષનું ફળ પડ્યું અને તે મરણ પામ્યો. હવે બાળા આમતેમ રખડતી હતી ત્યારે કેટલાક યુગલિયાઓએ તે બાળાને નાભિ રાજાની પાસે લઈ ગયા. નાભિ રાજાએ કહ્યું કે આ બાળા રૂષભની ધર્મપત્ની થાઓ.

સૌધર્મ ઇન્દ્રએ અવધિજ્ઞાનથી પ્રભુના વિવાહનો સમય જાણીને પ્રભુ પાસે આવી ચરણોમાં પ્રણામ કરીને કહ્યું કે, 'હે પ્રભુ ! આપ વીતરાગ છો, મોક્ષમાર્ગ પ્રવર્તક છો તથાપિ વ્યવહાર જીવન પ્રવર્તાવો. હું આપશ્રીને પાણિગ્રહણ કરવા માટે વિનંતી કરું છું. આપ પ્રસન્ન થાઓ. હે સ્વામી ! આપના માટે બે કન્યા સુનંદા અને સુમંગલા પરણવા માટે યોગ્ય છે.

આ પ્રમાણે સાંભળીને સ્વામીએ અવધિજ્ઞાનથી જોયું કે ૮૩ લાખપૂર્વ સંસાર ભોગવવાનું કર્મ છે. તે અવશ્ય ભોગવવાનું છે. એમ જાણીને સ્વામી મસ્તક નમાવી અધોમુખ થયા.

એટલે પ્રભુ વિવાહ માટે સંમત થયા જાણીને પ્રભુના વિવાહ પ્રસંગની ઉજવણી માટે બીજા ઇન્દ્રો અને દેવોને બોલાવ્યા. ઇન્દ્રના હુકમથી આભિયોગીક દેવતાઓએ મંડપની રચના કરી. મંડપમાં સુવર્ણ, માણેક અને રૂપાના સ્તંભો શોભતા હતા. આ સ્તંભ ઉપર સૌન્દર્યવાન પૂતળીઓ નૃત્ય કરતી હતી. દશે-દિશામાં કલ્પવૃક્ષ પાનનાં તોરણો કર્યા હતા. ભૂમિ સ્ફટિક રત્નથી અલંકૃત કરી હતી. મંડપ ઉપર શ્વેત દિવ્ય વસ્ત્રનો ચંદરવો શોભતો હતો. ચંદરવાની ચારે બાજુ મોતીની માળાઓ લટકતી હતી. મંડપના મધ્ય ભાગમાં રત્નકંબળની ચાર શ્રેણીઓ આકાશ સુધી ઊંચી સ્થાપવામાં આવી હતી. તેના ઉપર કુંભ મૂકવામાં આવ્યા હતા. પ્રભુના લગ્ન માટે આવા મંડપની રચના કરી હતી.

ઇન્દ્ર મહારાજાએ પ્રભુના વિવાહનો સમય જાણીને દેવાંગનાઓ અને અપ્સરાઓનાં નામ બોલીને રૂષભ પ્રભુના વિવાહની ઉદ્‌ઘોષણા કરવામાં આવી. આનંદ-મંગલનો કોલાહલ થયો. પ્રભુને સ્નાન કરાવવા માટે આસન ઉપર બિરાજમાન કરવામાં આવ્યા. મધુર ધવલ-મંગલ ગીતોના સુભગ સમન્વય સાથે પીઠી ચોળવામાં આવી. સ્નાન કર્યા પછી કિંમતી વસ્ત્રો અને અલંકારોથી શણગારીને માતૃભુવનની અંદરના ભાગમાં બેસાડ્યા. સુનંદા અને સુમંગલાને પણ વિવાહને અનુરૂપ વસ્ત્રાભૂષણથી શણગારવામાં આવી હતી. આ પ્રસંગે પ્રભુએ લોકોને વ્યવહાર જીવનમાં વિવાહની પ્રરૂપણા કરી.

વિવાહ માટે તૈયાર થયેલા શણગારેલા એવા પ્રભુને દિવ્ય વાહનમાં બેસાડીને વિવાહ મંડપમાં પ્રવેશ કરાવ્યો. ઇન્દ્ર છડીદાર થઈને આગળ ચાલતા હતા. પ્રભુ સમુદ્ર સમાન પોતાની મર્યાદા સમજીને મંડપ પાસે આવ્યા અને વિવાહ માટે મંડપમાં પ્રવેશ કર્યો.

આ સમયે મંડપની સ્ત્રીઓમાંથી કોઈ એક સ્ત્રીએ શરાવસંપુટ તૈયાર કર્યું તેમાં અગ્નિ અને લવણ હોવાથી તડતડાટ શબ્દ થયો. આ શરાવસંપુટને મધ્યભાગમાં મૂકવામાં આવ્યું. કોઈ સ્ત્રીએ મંગલ પદાર્થોથી સૂચિત થયેલો રૂપાનો થાળ પ્રભુ પાસે ધર્યો, કોઈ સ્ત્રીએ પંચ શબ્દ યુક્ત રવૈયો ઊંચો કરીને પ્રભુને અર્ધ્ય આપવા ઊભી રહી. આ સમયે ઇન્દ્ર-ઇન્દ્રાણીએ સ્ત્રીઓને કહ્યું કે, પ્રભુને વધુ સમય અહીં રોકશો નહીં, પ્રભુએ પોતાની વામપાદુકા વડે હોમકપૂરની લીલાથી શરાવસંપુટને ચૂર્ણ કરી નાખ્યું. પછી પ્રભુ માતૃભુવનમાં ગયા. સુવર્ણની શીલા ઉપર બેસાડ્યા. સુંદરીઓએ બંને કન્યાના હાથમાં શમીવૃક્ષ અને પીપળાના ત્વચા (છાલ)નું ચૂર્ણ કરી લેપ કર્યો.

જ્યારે શુભ લગ્નનો ઉદય થયો ત્યારે સાવધાન થયેલા પ્રભુના હસ્તને બન્ને બાળાઓના હસ્તસંપુટ સાથે ગ્રહણ કરાવામાં આવ્યા. એટલે કે હસ્તમેળાપ કરવામાં આવ્યો. પાણિગ્રહણ સમયે ઇન્દ્રએ હસ્ત માટે મુદ્રિકા આપી... મન-વચન અને કાયાથી પરસ્પર આ વરવધૂ જોડાયા. સામાનિક દેવો પ્રભુ પાસે અણવર તરીકે રહ્યા.

કન્યા પક્ષની સ્ત્રીઓ મશ્કરીમાં અણવર વિશે કૌતુક-ધવલ ગાવા લાગી. વર-કન્યાના વસ્ત્રના છેડા બાંધવામાં આવ્યા. ઇન્દ્રે આ કાર્ય કરી હસ્તમેળાપની વિધિ કરાવી. ઇન્દ્ર પ્રભુને વેદીગૃહમાં લઈ ગયા. ઇન્દ્રાણી બન્ને કન્યાઓ સાથે ચાલી. વેદીગૃહની પૂર્વ દિશાના મધ્યભાગમાં પ્રવેશ કરાવ્યો.

સ્ત્રીઓ ધવલ-મંગલ ગીત ગાતી હતી ત્યારે સુનંદા અને સુમંગલાની સાથે ચાર મંગલ પૂર્ણ થતાં સુધી અગ્નિની પ્રદક્ષિણા કરી. પછી પાણીની સાક્ષીએ છેડા-છોડવામાં આવ્યા. પછી દેવ-દેવીઓ પ્રભુની સમક્ષ નૃત્ય કરીને હર્ષ વ્યક્ત કરતા હતા. જય-જય એવા મંગલ શબ્દોથી પ્રભુને આવકારતા હતા. પ્રભુ દિવ્ય વાહનમાં આરૂઢ થયેલા એમની બે બાજુ સુનંદા અને સુમંગલાથી શોભતા સ્વસ્થાને આવી ગયા.

પ્રભુનો વિવાહ મહોત્સવ પૂર્ણ થયા પછી ઇન્દ્ર-ઇન્દ્રાણી અને દેવ-દેવીઓ સ્વસ્થાને ગયા. પ્રભુએ વિવાહની રીત બતાવી તે લોક વ્યવહારમાં પ્રચલિત થઈ.

## આદિનાથ દીક્ષા મહોત્સવ

એક વખત વસંત ઋતુના સમયમાં નગરના સ્ત્રી-પુરુષો ઉદ્યાનમાં ક્રીડા કરીને આનંદ કરતાં હતા, પ્રભુએ આ દૃશ્ય જોયું અને અવધિજ્ઞાનથી પૂર્વભવમાં આવી

ક્રીડા કરી હતી તેનું સ્મરણ થયું. તદુપરાંત અનુત્તર વિમાનના અપૂર્વ લોકોત્તર સુખની પણ સ્મૃતિ તાજી થઈ અને મોહબંધન તૂટી ગયું. લોકાંતિક દેવોએ પ્રભુને ચરણે નમસ્કાર કરીને કહ્યું કે, 'હે ભગવંત ! ભરતક્ષેત્રમાં આપશ્રી ધર્મતીર્થની સ્થાપના કરો. અને લોકોને મોક્ષમાર્ગ બતાવો. આ લોકમાં જીવોને માટે સર્વ વ્યવસ્થા બતાવી તેમ મોક્ષ માટેનો માર્ગ પ્રવર્તાવો.'

ત્યાર પછી પ્રભુએ ભરત-બાહુબલીને બોલાવ્યા અને કહ્યું કે 'હે ભરત ! તું આ સંસારરૂપી સામ્રાજ્યને ગ્રહણ કર.' ભરતે પિતાને નમસ્કાર કરીને કહ્યું કે, 'હે પિતાશ્રી ! આપના ચરણકમળની સેવા કરવા સિવાય અન્ય કોઈ સુખની ઇચ્છા નથી. રત્નસિંહાસન ઉપર બિરાજમાન થવાના સુખ કરતાં પણ અધિક સુખ આપના ચરણોની સેવામાં છે.' પ્રભુએ કહ્યું કે, 'પૃથ્વી પર રાજા ન હોય તો ન્યાય કેવી રીતે પ્રવર્તે ? માટે હે ભરત ! તું આ રાજ્ય ગ્રહણ કર.'

ભરતનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને સિંહાસન ઉપર રાજા તરીકે બિરાજમાન કર્યા. પ્રભુ બાહુબલી અને અન્ય પુત્રોને બોલાવીને દેશ-વિદેશનું રાજ્ય સોંપીને સંસારી જીવનથી મુક્ત થયા. પ્રભુ સંવત્સરી દાન આપીને દીક્ષા લેવા માટે તૈયાર થયા.

પ્રભુએ સૂર્યોદયથી ભોજનના સમય સુધી પ્રતિદિન ૧ કરોડ ૮ લાખ સોનૈયાનું દાન આપ્યું હતું.

ઇન્દ્રનું આસન કંપિત થયું એટલે ઇન્દ્રએ અવધિજ્ઞાનથી જાણીને પ્રભુજીનો દીક્ષામહોત્સવ છે એમ જાણીને ઉદ્‌ઘોષણા કરી અન્ય દેવો સાથે મળીને શિબિકા બનાવી.

દેવો માટે અનુત્તર વિમાન હોય તેવી સુદર્શના નામની શિબિકા તૈયાર કરી. પ્રભુ શિબિકામાં આરૂઢ થયા. આ પ્રસંગે ઉપસ્થિત નર-નારીઓ હર્ષોલ્લાસથી રોમાંચિત થયાં અને પ્રભુની શિબિકા ઉપાડી. શિબિકામાં આરૂઢ થયેલા પ્રભુ શાશ્વત પ્રતિમા સમાન શોભતા હતા.

દીક્ષાનો વરઘોડો અલૌકીક હતો. નગરમાં શિબિકા ફરતી જોઈને લોકો હર્ષથી ઘેલા હતા. બાળક જેમ પિતાની પાછળ દોડે તેમ લોકો શિબિકા પાછળ દોડતા હતા. કેટલીક સ્ત્રીઓ મંદગતિ અને શીઘ્રગતિથી શિબિકામાં બિરાજમાન પ્રભુને નિહાળતી હતી. કેટલીક સ્ત્રીઓ 'ચિરંજીવ, ચિરનંદ' જેવા વાત્સલ્યસભર શબ્દોથી હર્ષ વ્યક્ત કરતી હતી. પ્રભુના દીક્ષા મહોત્સવમાં આવવા માટે ચાર પ્રકારના દેવો

વિમાન લઈને આવતા હતા. આકાશમાં વિમાનને કારણે ગીર્દી લાગતી હતી. તેઓ એકબીજાથી આગળ જવા તત્પર હતા. શિબિકાની બે બાજુ ભરત અને બાહુબલી સેવા કરતા હતા. પ્રભુના ૯૯ પુત્રો શિબિકાની પાછળ ચાલતા હતા.

વરઘોડો પૂર્ણ થયા પછી પ્રભુ નગર બહારના સિદ્ધાર્થ ઉદ્યાનમાં અશોક વૃક્ષ નીચે શિબિકામાંથી નીચે ઊતર્યા. પ્રભુએ કમળ સમાન કોમળતાથી વસ્ત્રો અને આભુષણો ઉતાર્યા. ઇન્દ્રએ પ્રભુના સ્કંધે દેવદુષ્ય મુક્યું અને દીક્ષા ગ્રહણ કરવા પ્રભુ તત્પર થયા. અસંખ્ય દેવો અને મુમુક્ષોની ઉપસ્થિતિમાં પ્રભુ ચારે દિશાઓને પ્રસાદ આપતા હોય તેમ ચાર મુષ્ઠિ લોચ કર્યો. ત્યારપછી પાંચમી મુષ્ઠિથી બાકીના કેશ ઇન્દ્રની વિનંતીથી લુંચિત કર્યા નહીં ઇન્દ્રએ પછી સર્વ કેશ ભેગા કર્યા. આ રીતે પ્રભુએ ચારિત્ર ગ્રહણ કર્યું.

સૌધર્મપતિએ પ્રભુના કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યા. પ્રભુએ ચૈત્ર માસની કૃષ્ણપક્ષની અષ્ટમી તિથિએ ચંદ્ર નક્ષત્રમાં દીક્ષા લીધી પૂર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા. પ્રભુએ છઠ્ઠ તપ કરીને દીક્ષા અંગીકાર કરી. સર્વ અસુરો, દેવો, મનુષ્યો સમક્ષ સર્વસાવદ્ય યોગનો ત્યાગ કરી પ્રત્યાખ્યાન કર્યું. પછી મોક્ષમાર્ગની સાધના નિમિત્તે ચારિત્ર ગ્રહણ કર્યું. ક્ષણ માત્ર માટે નારકીના જીવો સુખની અનુભૂતિ કરવા લાગ્યા. ચારિત્ર ગ્રહણ કર્યા પછી પ્રભુને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. મિત્રોએ વાર્યા છતાં, બંધુઓએ રોક્યા છતાં ભરતેશ્વરે વારંવાર નિષેધ કર્યા છતાં સર્વને પરાજિત કરી પ્રભુએ કચ્છ અને મહાકચ્છ વગેરે ૪૦૦૦ રાજાઓ સાથે ચારિત્ર ગ્રહણ કર્યું.

ત્યારપછી ઇન્દ્રએ પ્રભુની ભાવપૂર્વક વારંવાર સ્તુતિ કરી. ગુણકીર્તન કર્યું. પછી દેવો અને ઇન્દ્ર વગેરે નંદીશ્વર દ્વીપમાં જઈને ભક્તિથી અઠ્ઠાઈ મહોત્સવ કરી સ્વસ્થાને પહોંચ્યા. પ્રભુના દીક્ષા મહોત્સવની માહિતી સ્વરૂપે પ્રગટ કરવામાં આવી છે.

• • •

## વિભાગ-૧

# તીર્થંકર વિષયક વિવાહલો

૧. રિખવદેવ વિવાહલુ
૨. આદિ જિન વિવાહલો
૩. આદિ જિણેસર વિવાહલો
૪. આદિ જિન વિવાહલો
૫. આદિ જિન વિવાહલો
૬. આદીનાથ વિવાહલો
૭. વાસુપૂજ્યસ્વામિ વિવાહલાનો પરિચય
૮. શાંતિનાથ ધવલ (વિવાહલો)
૯. શ્રી નેમનાથ વિવાહલો
૧૦. નેમ-રાજીમતી વિવાહલો
૧૧. નેમિ વિવાહલઉ
૧૨. શ્રી નેમી જિન વિવાહલો
૧૩. નેમ વિવાહ
૧૪. નેમી રાજૂલ રો વીવાહલો
૧૫. શ્રી પાર્શ્વનાથ વિવાહલો
૧૬. થંભણયપાસ વિવાહલુ
૧૭. પાર્શ્વનાથ વિવાહલુ (દશભવ)
૧૮. શ્રી મહાવીર વીવાહલઉ
૧૯. વીરચરિત વિવાહલો

# ૧. રિખવદેવ વિવાહલુ

રિખવદેવ વિવાહલુની રચના અંચલગચ્છના ગુણનિધાનસૂરિના શિષ્ય સેવકે સં. ૧૬૩૩માં કરી હતી. તેનું લિપિકરણ ભાદરવા માસમાં ખીમરાજે કર્યું હતું. બીજી હસ્તપ્રતનું લિપિકરણ સં. ૧૬૫૬ ભાદરવા માસમાં થયું હતું. તેમાં ઋષભદેવ વિવાહલુ નામ આપવામાં આવ્યું છે.

આ વિવાહલોની ૪૫ ઢાળમાં પ્રથમ તીર્થંકર અદિનાથના જીવનનો વિસ્તૃત પરિચય પ્રાપ્ત થાય છે. 'વિવાહલો' સ્વરૂપને અનુરૂપ થઈને આદિનાથ ભગવાનના પૂર્વભવોની માહિતી આપીને એમના જીવનના પ્રસંગોનું ઢાળબદ્ધ નિરૂપણ કર્યું છે.

કવિ વિનયદેવસૂરિએ ૧૬મી સદીમાં શાંતિનાથધવલ વિવાહલોની રચના કરી છે. તેમાં શાંતિનાથ ભગવાનના પૂર્વભવોના નિરૂપણ પછી એમના જીવનના અન્ય પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે રચના-સાલની દૃષ્ટિએ સામ્ય ધરાવે છે.

રિખવદેવ વિવાહલુ ચરિત્રાત્મક કૃતિ છે, પણ પ્રભુના વિવાહ અને દીક્ષાના પ્રસંગને કેન્દ્રમાં રાખીને રચના કરી છે એટલે વિવાહલુ નામ સાર્થક છે.

વિવાહલોનો પરિચય નીચે પ્રમાણે છે. કવિએ શાસનદેવીને પ્રણામ કરીને વિવાહલો રચના કરવાનો ઉલ્લેખ કર્યો છે.

નવ ઢાળ સુધી પ્રભુના ભવોની માહિતી આપવામાં આવી છે ત્યારપછી નવમી ઢાળમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાના પ્રસંગોનું વર્ણન કર્યું છે. આદિનાથ ભગવાનના ૧૩ ભવ છે તેમાં વજ્રનાભ

રાજાના ૧૦માં ભવમાં વીશ સ્થાનક તપની આરાધના કરીને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું.

વિવાહલો કાળને અનુરૂપ રૂષભદેવ ભગવાનના વિવાહનો મહોત્સવ અને દીક્ષાના મહા મહોત્સવનું વર્ણન કરતી પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે. તેમજ આ વિવાહલોની અન્ય વિગતો નીચે પ્રમાણે છે :

વિવાહલોમાં રૂષભદેવ ભગવાનના ૧૩ ભવની માહિતી છે.

વજ્રનાભ રાજાના ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાનો પ્રસંગ મહત્વનો છે. ભગવાનના જન્માભિષેકનું વર્ણન ભોજનની વાનગીઓનો ઢાળ-૨૮માં ઉલ્લેખ થયો છે. ઢાળ-૪૨માં બાહુબલીનું અભિમાન દૂર કરવાનો પ્રસંગ છે.

ઢાળ-૪૩માં ભગવાનના નિર્વાણનો ઉલ્લેખ થયો છે.

ઢાળ-૪૪માં રૂષભદેવ ભગવાનનું ચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે અને ભાવપૂર્વક રચના કરી છે એમ જણાવ્યું છે.

ઢાળ-૪૫માં ફળશ્રુતિની માહિતી આપી છે. આ ધવલ જે નરનારી ગાશે તે મુક્તિ પામશે અને સદા સુખી રહેશે.

સંદર્ભ : રિખવદેવ વિવાહલુ પા.૨૦૨ સંચય પુ. અપ્રગટ પ્રાચીન ગુર્જર સાહિત્ય

**રૂષભદેવ ભગવાનના ૧૩ ભવ :**

૧. ધન સાર્થવાહ. ૨. ઉત્તરકુરુમાં યુગલિયા. ૩. સૌધર્મ દેવ લોકમાં દેવ. ૪. મહાવિદેહમાં મહાબલરામ. ૫. ઈશાન દેવલોકમાં દેવ. ૬. લલિતાંગ કુમાર. ૭. વ્રજધન રાજા. ૮. યુગલિયા. ૯. સૌધર્મ દેવલોકમાં દેવ. ૧૦. જીવાનંદ વૈદ્ય. ૧૧. અચ્યુત દેવલોકમાં દેવ. ૧૨. સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ. ૧૩. રૂષભદેવ.

## તીર્થંકર નામ કર્મ

ગાથા : ૪૧ ઢાલ ૯ - આદનઈ રાય પુહતલી જામ

ઈગ્યારમઈ ભવિ મહાવિદેહમાંહિ પુંડરીકિણી નગરી
તેહાઈ થાહઈ વઈરસેન નરવર રાજ કરંતિ
જીન જીવ વજનાભ કુમરહ વર્તિ ॥૧॥

બાહુ સુબાહુ પીઠ મહાપીઠ ચ્યારિ પૂરવમિત્ર તસબાંધવ
ચ્યારિ, વઈરસેન રાય તે, અછઈ જિણંદ,
ચારિત્ર લીઈ કરિ કુમરિ નરિંદ ॥૨॥

વજનાભ રાજા રાજ્ય કરંતા ચક્ર ઉપનૂઅ ષટ્ ખંડ લેતા
સાધૂ વૈયાવચ્ચ તણું એહ પુન્ય પાંચ બાંધવ તે વિલસઈએ ધન્યા ॥૩॥

સિતિરિ લાખ પૂરવઘરવાસિ પચ્છએ પિતા તીર્થંકર વાસી
પાંચઈ બાંધવા લીધીએ ચારિત્ર દ્વાદશાંગી ભણઈપહિલઉ પુત્ર ॥૪॥

ગાથા-૪૩ : ઢાલ - ૧૦ ઉલાલો

વીસસ્થાનક વર સેવી તપ જપ બહુત કરેવી
તીર્થંકર પદ બાંધઈ ઈમ તે આતમ સાધઈ ॥૧॥

બહુ વૈયાવચ્ચ નિત કરઈ ચક્રવર્તિ પદવીઅ તે ધરઈ
[1]કીતિકર્મ કરઈ એ સુબાહુ બાહુબલ બાંધઈ સો સાહુ ॥૨॥

પીઠ મહાપીઠ દોઈ કરઈ અદેખાઈ સોઈ
સ્રીકર્મ તણઈએ વાધિઉ કરિઉ આપણું અ લાધુ

છટ્ઠો શ્રેયાંસનો જીવ અણસણ કરીઅ અતીવ
હઉઆ અનુત્તરિ સુરવર તિંહા આયુ તેત્રીસ સાગર ॥૪॥

ગાથા-૪૭ : ઢાલ-૧૧

જંબુઅ દીવહ ભરહ ખંડિ પર્વત વૈતાઢિ છઈનામએ
તેહથી દક્ષણ દસિ ભણી સાત કુલગર કેરા ઠામએ ॥૧॥

---

૧. સાધુભગંવતોને વંદન વૈયાવચ્ચ.

## વિવાહ મહોત્સવ

ગાથા-૮૯ : જાનઉ દિવસ ઢાલ-૧૮

વીવહા અવસર જાણિઉ સોહમઈ ઈંદ્ર જામ
દેવી સવિ મિલ્યા રે કઈ કર વિવાહનું કાજ ॥૧॥

સુરાસુર આવે સર્વ મીલેઈ જિંહા, છે રિખભ જિન સ્વામી
રૂડી નયરી અયોધ્યા ઠામિ રે ॥ સરાસર ॥૨॥

ભુવન વંતર જોતિષી રે વિમાનીકની કોડિ
સાંમાનિક અંગરક્ષક મિલ્યા કાંઈ આવઉ નિજરથ જોડી ॥૩॥

ઈંદ્ર બોલઈ અમ્હે કરિસિઉ વિવાહ જિનનું આજ
ઈંદ્રાણી કહિઈ અમ્હે કરિસિઉ, કાંઈ કન્યાનું વિવાહ કાજ ॥૪॥

રયણ સોવન જડિત મંડપ ચડિયા ચઉસાલ
ઠામિ ઠામિ પૂતલી જિણો મયણ તણીહઈ [1]આલિ ॥૫॥

ઈસ્યા મંડપિ તિંહા રચ્યો રે માંડીઉ વિવાહ
જોઉ સમકિત કરઈ નિરમલા કાજ ઈંદ્રાણી નઉતોહ ॥૬॥

ઢાલ-મમાણાનિઉ ॥૮૫॥ ॥૧૯॥

સિંધાસણ થાપેવિ મણિ માણેક જડિએ
રિખભ નઈ નમણ કરાવઉ
[2]સરપિતિ હરખસિઉ મર્દનદેઈ અંગિ સગંધેતેલસિઉ
તેલી આણી લક્ષપાક ચંદન અગરનુંએ જિનનું ઉપરિ
ધરિ રાગ ॥૯૭॥ સરા. (ગાથા-૯૭)

ક્ષીરસમુદ્રનાં રે કલશે નહિવરાવઈ લૂહઈ જિનનું અંગ. ॥૯૮॥
રતનની રાશી રૂઅડી સિરિપૂપભરાવઈ કાને કુંડલ પહિરાવયૂ ॥૯૯॥
ઉરિ એકાવલીએ બાંહિ અંગદ મુહડી હાથિ
પહિરાવઈ સુરપતિ હરખસિઉ ॥૧૦૦॥

---

૧. શ્રેણી, ૨. સુરપતિ

ઈમિ આભરણસારે સવિ અંગિયં સોહાવઈ સેવઈ
મન આનંદિ - સુરપતિ હરખિઉ સિઉએ ॥૧૦૧॥

ઢાલ - ઉલાલનઉ ॥૨૦॥

કુંકુમ તિલક સિરિ કરીયા નયણે કાજલ ભરીયા
ચૂઆ ચંદન અંગિલાયા અંગિઉગટણ કરાયા ॥૨॥
ચંપક જાઈ નઈ જૂઈ લાલ ગુલાલ મેલાઈ
કીધો નવરંગ ટોડરકહિ કંદલ ઠવઈસરવર ॥૩॥
મરૂદેવી હરખને ભાવિ ઉચ્છવ પૂરિ પ્રવાહી મલીયા
ગયણંગિણિદેવ વાલઈ રિખભ પરણેવા ॥૪॥

ઢાલ - વરચાઘો વાનઉ ઢાલ-૨૧

હાથ જોડીયા પાએ લાગીયા સુરપતિ કીધઉ ગજરાઉ
ખંધિ ચડીય તસવાલીયા સરનર રસિઉ જિનરાઉ ॥૫॥
મેઘાડંબર સિરિવરિ ધરીયલુ છત્ર વિસાલો
બિહપલિર વચ મરઢલ પૂએ ગાઈ ગીત રસાલો ॥૬॥
લૂણઉતારિઈ વ્યંતિરિ જોતિષી કેરી નારિઉ
હયદલ સવિ મિલી આવ્યા ઈંદ્રાણીય બારિઉ ॥૭॥

ઢાલ-જલહીતુઉ ॥૨૨॥

ઈંદ્ર કહઈ ઈંદ્રાણીય વેગલિ બાહરિ આવઉ
અમ્હ ઉભા ઘણી વાર થઈ કાંઈ તુમ્હે વિલંબ કરાવઉ ॥૮॥
તોરણિ આવિઉ વરરાઉ મોતીય થાલ વધાવઉ
આધઉ દિન અરિહંત નઈ આરણકાણ કરાવો ॥૯॥
તો ઈંદ્રાણીય ધસમસી વેગીલઈ બાહિરિ પુહતી
સોવિન કરવી નીરિ ભરિ લેઈ આવીઈ ગહ ગહતી ॥૧૦॥

ઢાલ-અઘોટિ ॥૨૩॥

આધોદિ રાણીઅ ઇંદ્રની જિનવર કેરઈ હાથિ
ઉલટિ સવિ મિલી દેવીય કોડાકોડી ॥૧॥

આઘોદિઈ બાંહ લોડાવતી કરવીઅ લેઈઅ સારો
આઘોદિ વરઈનઈ દક્ષણકરિ લૂણ ઉતારઈ તિવારો ॥૨॥

ઢાલ-વડોનેસાલીઉએ ॥૨૪॥

તોરણ જિનવર પુખીયા એ ઘટિજૂહલઈ કરી સારહિ
ઈંદ્રાણી જિન તાણીયાએ ॥૧॥

આણીયા માહિરા માંહિ, ત્રિભુવન સહુ હરખીઉએ ॥૨॥
પાયે સરાવ ભંજાવીઉએ ઠાવીઉ મંડપ હેટ્ઠિ ઈંદ્રા ॥૩॥
ઈંદ્ર બ્રાહમણ સવિ થયા એ સાંધીય લગન તીવાર ॥૪॥
હાથ મેલાવડઉ તિહા હઉઉએ મરૂદેવી હરખ અપાર ॥૫॥
ધવલ મંગલ ગાઈ અપછરાએ સાંભલઈ દેવ અસંખ ॥૬॥

ઢાલ-ઘોડિની એકદિન (૨) રે ઘોડીનુએ (ઢાલ ૨૫ પૂર્ણ)

એક દિન રે માંડીની કુખ જેણઈ એહ વર જોયો
જિણિ જિણ તલઈ રે । સુણુ સહીયર બિહિન તો ત્રિજગ ઉઠાહિઉ ॥૧॥

એક દિન રે શ્રીનાભિનરિંદ જસધરિ એહ આયો
જેણઈ આવિઈ રે ધન કણકહ કોડિઉ મંદિર ભરાયો ॥૨॥

એક દિન રે સુમંગલા સુનંદા જિણઈ એહ વર વરીઉ
જેણઈ પરણતઈ રે અમ મન મનોરથ સવિકૂલાએ ફૂલીઉ ॥૩॥

એક દિન રે અયોધ્યા ઠામ જિંહા એક ઉછરાણ
જિણઈ ઉછવિ અમ્હ સરીઆ કાજ અનિઉ જનમ પ્રમાણ ॥૪॥

ઢાલ-નીમાલઈનો ॥૨૬॥

દેવનીર્મિત વાસે કરીએ નીમાલઈએ બાંધિઅ ચોરી અસાર બિફૂલ ॥૧॥
જિનવર તિહા બઈસારીઆએ નીમા, દક્ષિણ પાસિએ નારિ ॥૨॥

પહિલૂઅ મંગલ વરતીઈએ નીમાલીએ વરવહુ ચોરીઅ માંહિ ॥૩॥
સોવનિકાંતિ સોહામણીએ નીમા. ધનુષસઈ પાંચ શરીર ॥૪॥
......... બીજુઅ મંગલ વરતાઈએ ॥૫॥
પરણિ રિખભ જિનરાઉ દાંત જિસ્યા દાડિમ કલીએ નીમા... ॥૬॥
ગજગતિ રૂપ ઉદાર એ રતી નીમ. પાસઈ સુમંગલા નારી ॥૭॥
રૂપી જિસી સુરસુંદરીએ નીમ ! ॥૮॥
શીલ સોભાગિણી સાર ॥૯॥
વુર્ત્ત . નીમા . પરિણઈ સુનંદા રંગિ ॥૧૦॥
હંસ હરાવઈએ હીડંતીએ નીમા. જાણે અપછરાએ અંગિ ॥૧૧॥
ચ્યારઈ એ મંગલ વરતીયા એ નીમા. ઈંદ્ર તે પુરોહિત વેસિ ॥૧૨॥
સુનંદા સુમંગલા થાપીઆ એ નીમા. જિણતણઈ [1]ડાવપાસિ ॥૧૩॥

ઢાલ - વઈરસેનરાઈ વ્રત લીઉએ ॥૨૭॥

તિંહા અગનિઈ દીઈ પ્રદક્ષણાએ ઈંદ્ર માગઈ જિનકન્હઈ દક્ષણાએ ॥૧॥
તિંહા સ્વામીઈ અવહડ ધન દીઉએ શ્રી સમકિત્વ નિર્મલ સુરીકીઉએ ॥૨॥
સુરવર સહુ થયા સાખીયાએ વરવહુઅ સહિતજન નિરખીયાએ ॥૩॥
ઈંદ્રિ કંસાર મંગાવીઉએ ઈંદ્રાણીઈ વેગિલિ અણીઉએ ॥૪॥

(ગાથા-૧૩૨) ઢાલ-કંસારનું ॥૨૮॥

જિન આગલિ થાલ અણાવિઉં તે સોવિન રતન જડાવીયું ॥૧॥
સાકર ઘી મોદક મેલીઈ માહિ અતિ ઘણું અમૃત ભેલીઈ ॥૨॥
કંસાર કપૂરિ વાસીઈ વર આગલિ થાલ તે મેલીઈ ॥૩॥
ઈંદ્રાણી બોલઈ હરખસિઉં જિમો સુનંદા સુમંગલા યુગાદિસિઉ ॥૪॥
ઈંદ્રિ કંસાર અભિમંત્રીઉ શ્રી રિખભ જિણંદ પવિત્રીઉ ॥૫॥
તિંહા ઈંદ્રની ડાઢડી આંગલઈ સુરકિન્નર સહુ જોવા મિલઈ ॥૬॥
ઈમ ઈંદ્રિ જિન પરિણાવીયા દોઈ કન્યા લેઈ ઘરિ ચાલીયા ॥૭॥

---

૧. ડાબા પડખે

(ગાથા-૧૩૪) ઢાલ-ચાંદિ લાનુ ॥૨૯॥

ચાંદિલોઉ સોભિઈએ પૂનિમિ જેહવો આસો માસિ
તિમ જિનવર દોઈ નારિસિઉ આવઈ નિજ આવાસિ ॥૧॥

સુર નર કિન્નર ઈમ ભણઈ ધિનએ નારી રતન
જેણઈએ એહવર પામીઉં ત્રિભુવન નાયક જિન ॥૨॥

મરૂદેવી હરખીઉએ ગહવરી આવી આંગણ બારિ
[1]આછણ પાણિ છંડાવતી. લૂણ ઉતારઈએ સાર ॥૩॥

ધન(૨) વ્રજજંઘ ધન(૨)વરુ ધન(૨)વરુ ધન તે શ્રીમતી નારિ
રિખભ-તણઈ ઘરિ જે હુસિઈ તે શ્રેયાંસકુમાર (આંચલી)

નાભિ કુલ-કર ગિઅટ્ઠીઆ દિઈ આલિંગણ પૂત્ર
હરખિઉ ઉત્સંગિ છઈ સારીઆ શ્રી જિન રિખભપવિત્ર ॥૪॥ ધન.

પંચ વિષય સુખ ભોગવઈ પૂરઈ સજની આશ
સકલ લોક ઉલગ કરઈ સામી લીલ વિલાસ ॥૫॥ ધન.

ઢાલ-ઘોડીનો ॥૩૦॥ પૂર્ણ

એક દિન યુગલીયા બોલઈ રે પ્રભુ કોઈ નહિ તુમ તોલઈ રે ॥૧॥
તમ્હ લિઉ રાજિનઉ ભાર રે જિમ અમ્હેટલુ નઈરાધાર રે ॥૨॥
તો કહઈ સ્વામી વિનતિ રે રાજી ઠવો નાભિના વાત રે ॥૩॥
તો તે નાભિ નઈ યાચઈ એ નાભિ કહઈ નિજ વાચ રે ॥૪॥
હું થિઉ વૃદ્ધ અપાર રે રિંખભ યોવનિ કુમાર રે ॥૫॥
સરાઢ્ઢિ જિટ્ઠવો તમ્હો જાઈ રે આવ્યા તે રાજા થાઈ રે ॥૬॥
ઉદકઈ કારણિ પુહતા રે કમલ દલે સંજુત્તા રે ॥૭॥
અવસરિ ઈંદ્ર તિંહા આવઈ રે જિનનઈ રાજિદરબાર ઈ. ॥૮॥
મસ્તકિ મુગટ પહિરાવઈ રે આભરણે અંગ ભરાઈવ રે ॥૯॥
મસ્તકિ ધરીય ભાલઉ રે બિહું પરિઉ ચંમર પવિત્ર. ॥૧૦॥

---

૧. સુંદર

યુગલીયા ઉદક લે આવઈ રે પ્રભુનઈ અંગુઠઈ [1]નહવઈરાઈ રે ॥૧૧॥
દેખી અતિહિ વિનતી રે હરખીઉ ઇંદ્રનું ચિત્ત રે ॥૧૨॥
વિનીતા નયરીઅ થાપી રે ચતુરંગીણી સેના આપી રે ॥૧૩॥
સુરપતિ કીધું કાજ રે જિનરાય ભોગવઈ રાજ રે ॥૧૪॥

ઢાલ ધ્રુસ્વ ૩૧ પૂર્ણ

લાખ પૂરવ સાર ભોગ ભોગવઈ ગુણભંડાર
તવ બાહુ પીઠ તણ જંતુ સર્વાર્થ વિમાન હુંત ॥૧॥
સુમંગલા કુખિ અવતાર હઉઆ બ્રાહમીઅ ભરત કુમાર
મહાપીઠ સુબાહુ દોઈ સુંદરી બાહુબલિ હોઈ ॥૨॥
અટ્ઠાણુ પુત્ર અનેરા વલી માત સુમંગલા કેરા
સત શાખા ઈમ પરિવાર પસરિઉ શ્રી નાભિ મલ્હાર રે ॥૩॥
હવઈ પાલઉ નીતરા ટાલઈ યુગલ ધર્મના સાજ
ઉપાયા શિલ્પ તે સોઈ વડા પાંચ તે માહિજાઈ ॥૪॥
ઈમ પૂરવ ત્રિયાસી લાખ ઘરવાસિ રહઉ શાત શાખજ
હિવ ચારિત્ર અવસર જાણઈ મનિ સંયમ ભાવતો આણઈ ॥૫॥

## દીક્ષા મહોત્સવ

ઢાલ-૩૨/૩૩ પૂર્ણ

અવસર જાણિ ઇંદિ જિનદિક્ષા તણઉ ભંડારી બોલાવીઉએ
સાંભલી તુમહ ભાગ દાન સંવચ્છરી દેવા અવસર આવીયઉએ ॥૧॥
લેઈ સોવિન કોડિ શ્રી જિનમંદિર મૂકો વેગિ ઉતાવલીએ
તેહ સુણી આનંદ રોમાંચઈ ઘણુંભંડારી વાધઈ કલાએ ॥૨॥
ત્રિણિસઈ સુવર્ણકોડિ કોડિઅઠ્યાસીઈ લાખ અસી સંખ્યા સુણીય
જિનવર મૂકઈ તેહ પાએ લાગી અ જાઈ દેવલોક ભણીય ॥૩॥

---

૧. નવરાવવું

ઈય દોઈ શીખ તે સાર તુ જગહિત કારણીએ
દિક્ષ મનિ આણેઈ તુ ભવજલ તારણીએ ॥૪॥
સુરવર કિંનર કોડિ તો તતક્ષણિ તિંહા મિલીએ
કરઈ ચારિત્ર ઉત્છવ તો પૂરઈ મનરલીએ ॥૫॥
શિબિકા ઉપાડઈ ઇંદ્ર તુ ભગતિ ઉલસીએ
સિદ્ધારથ વનમાંહિ તુ આવઈ અતિહસીએ ॥૬॥
દોય કરી ઉપવાસ તુ ચારિત્ર ઉચરઈએ
ચ્યારિ સહસ મુની સાથિ તુ સંયમ સિરીવરઈએ ॥૭॥
વિહરઈધર પુરિગામી તુ વાલતો સુરતરુએ
જેણઈ દીઠાનાહ તુ ધિન તેના[1]નીનરુએ ॥૮॥

ઢાલ-ઘોડિની ॥૩૪॥

જસ ધરિ જાઈ વિહરતા સોઈ આણઈ હરખ અપાર ॥૧॥
રિખભધરિ આવઈ છઈ એ તો નાભિ નરિદ કુલમંડણા ॥૨॥
માતામરૂદેવી ઉરિ ધરી આઈ રિખભ.
કોઈ ઘોડા કોઈ પાલખી ભેટિકરઈ આનંદિ ॥૩॥
મણિ માણિક મોતીતણા કોઈ રતને ભરીયા થાલ ॥૪॥
ભદ્ર જાતિક હાથી લેધ(ઈ) કોઈ રાજા ઢોઈરંગિ ॥૫॥
કોઈ નિજ પુત્રી ભદ્દાદિ કન્યાનું દાન રિખભ ॥૬॥
પુણ નવિ કોઈ દિઈ સુઝત ફાશૂ અન્નનઈ પાન રિખભ ॥૭॥
પુહતા ગજપુરી વિહરતા દેખઈ શ્રેયાંસ કુમાર ॥૮॥
ત્રિહુ જણે સુપના દેખીયા તેણઈ કીધા સુપન વિચાર ॥૯॥
જાતિ સ્મરણિ સાંભરિ તિંહા દસ ભવ તણો સ્નેહ ॥૧૦॥
પાસૂઅ રસ વિહરાવીયા ઈમ વરસિ પામ્યો આહાર ॥૧૧॥
પાંચ દિવ્ય તિંહા કનિ હુઆ સુર જય સબદ જયંતી ॥૧૨॥
જિંહા ઉભા કરીઉ પારણું તિંહા કુમરનઈ ઉપની ભગતિ ॥૧૩॥

---

૧. નયન

(ગાથા-૧૯૦) ઢાલ - કંકુ છડાનો ॥૩૫॥

ચંદનિ છડો દિવરાવઈએ ભુંઈ સુધી કરઈ
એ રતન મઈ પીઠ બંધાવઈ તુ સોવિન મનિ ધરીએ ॥૧॥

દિન પ્રતિ પૂજઈએ પીઠતો ભોજન તો કરઈએ
મોતિચોક પૂરાવઈએ ઉગરિ છાંટણાએ ॥૨॥

જાઈ જૂઈ ચંપક તણી સારમાલા રચીએ
પૂજઈએ પરમ આનંદિ તુ મન વચનિસુએ ॥૩॥

જિનવર [1]વહરતા જાઈ તુ તક્ષશલા પૂરીએ
સાંજ સમય વનપાલિ તું દીધી વધામણીએ ॥૪॥

બલવંત બાહુબલી રાય નઈ જઈય વધાવીયાએ
સ્વામી રિખભ જિનેસરો વનમાંહે આવીયાએ ॥૫॥

(ગાથા-૧૯૫) ઢાલ-સાંઝી તું ॥૩૬॥

માહરોઉ તાત પુન્યતોઉ પૂણિ આગલિએ
છાંડીય ઘરની લક્ષમી તું સંયમ સિરીવરોએ ॥૧॥

લેઈ સઘલી રિદ્ધિ પ્રભાતિ વાંદવાએ
વાલીઉગતઈ સૂરિએ મોરઈ મંડાણસૂએ ॥૨॥

પ્રભતિપ્રભગિયાઅનેથીતુપુણ્યવિનકિંહામિલઈએ
રાય ન દેખઈ તાતા વિયોગિએ દુઃખ ધરએ ॥૩॥

પૂછઈએ પંથીય વાતતો તાત દીઠા કીંહાએ
રાંક તણઈ [2]કરી રતનકો હો કિંહાથી રહઈએ ॥૪॥

તાતિ દુહવણ [3]સુણીવી [4]આલિન વાંદીઆએ
ઈમ વિલવંતાએ અતિ ઘણું પ્રધાન નિવારીયાએ ॥૫॥

---

૧. વિચરતા, ૨. હાથ, ૩. સાંભળીને, ૪. પગલાં = ચરણની શ્રેણી

ધર્મવર ચક્ર કરું તામ તુ તાતની ભગતિસુએ
ધરિ ગયો ભોગવઈ રાજ તુ બહુલી આદતૂંએ ॥૬॥

(ગાથા-૨૦૧) ઢાલ-કલી ॥૩૭॥

વરસસહસ ઈમ વિહરીઆએ સ્વામી દેસિ વિદેસિ
નયરી પુરી રૂઅડઈએ જંગમ તીરથ સારતુ જગત્રનઈ વાલહોએ

ધન્ય તે નરનારી વિહરતો જેણઈ દેખીઉએ
ભૂમિકા તેહ ધન્ય ધન્ય તિંહા પગ તણી રજ પડીએ ॥૧॥

પડીય પાએ જેણઈ વાંદી તેહ સુરવર [1]ધાનુએ
શ્રી નાભિનંદન દુરિત ખંડણ, જગત્ર મંડણ જિનુએ ॥૨॥

જગત્રમંડણ જિન વિહરતાએ, આવ્યા પુરમતાલી નયરી
અયોધ્યા પાસઈ જિહાંએ શકટયુખઈ ઉદ્યાનિ
[2]નિયોધનઈ વૃષ તલઈએ
ઝગતઈ સૂરિ નિરમલુ કેવલ પામીયાએ
આવી સુરકોડિ તિંહા કરઈ મહોત્સવ એ ॥૩॥

મહોત્સવની કોડિ કરતાં સમોસરણ રચાવઈ
એહવઈ સાંભલો મરૂદેવીમાતા વાંદિવા જિમ આવઈએ ॥૪॥

'રિખવદેવ વિવાહલુ'ની રચના કવિ સેવકે કરી છે. એક હસ્તપ્રત ઉપરથી તેની નકલ કરવામાં આવી છે પણ વિષયવસ્તુમાં પાઠાંતરનો સંભવ છે. આ હસ્તપ્રતની એક નકલ આદિ જિન વિવાહલો નામથી પ્રાપ્ત થઈ છે તેમાં મૂળ શીર્ષકને બદલે આદિ જિન વિવાહલો નામ આપવામાં આવ્યું છે. લેખન કાળ પણ જુદો છે. અત્રે નં.-૧-૨-ની કૃતિઓ સમાન છે પણ હસ્તપ્રતને આધારે શીર્ષક લેખનકાળથી તદ્દન અલગ છે. બંનેનો પરિચય આપવામાં આવ્યો છે.

---

૧. ધન્ય, ૨. ન્યગ્રોધવૃક્ષ

# ૨. આદિ જિન વિવાહલો

આદિ જિન વિવાહલોની હસ્તપ્રત કવિ સેવકની કૃતિ છે, જેનું સંશોધન કરીને શ્રી હિરેન દોશીએ સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં પ્રકાશન કર્યું છે.

વિવાહલો માટેના અનુસંધાન નામના માસિકમાં સપ્ટેમ્બર-૨૦૧૩ના અંગમાં આ વિવાહલોના સંક્ષિપ્ત માહિતી પ્રગટ કરવામાં આવી છે. કૃતિ પ્રકાશિત થઈ હોવાથી વિસ્તાર કર્યો નથી.

કૃતિના મૂળ હસ્તપ્રતમાં ૧૫ પાત્રો છે. કવિ સેવક દ્વારા તેનું લેખન સં. ૧૬૧૨ના પોષ સુદ-૧ને ગુરૂવારે થયું છે.

કૃતિનો આરંભ સરસ્વતી દેવી અને શાસનદેવીના સ્તુતિ-નમસ્કારથી થયો છે.

**વિષયવસ્તુ :** આદિશ્વર ભગવાનના જન્મ-વિવાહ-લગ્ન-દીક્ષા નિર્વાણ આદિનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે.

૧૦ ઢાળમાં આદિનાથ ભગવાનના પૂર્વભવોનું વર્ણન છે.

૧૧મી ઢાળમાં ભગવાનના જીવનના વિવિધ પ્રસંગોનું વર્ણન છે.

કાવ્યની અંતિમ પંક્તિઓમાં કર્તા વિશે ઉલ્લેખ થયો છે. તે ઉપરથી તેના કર્તા 'સેવક' છે એમ જાણવા મળે છે. ૧૭મી ઢાળમાં લક્ષ્મીસાગરસૂરિનો નામોલ્લેખથી થયો છે. એટલે આ ગુરુભગવંતની કૃપાથી રચના થઈ છે. એમ અનુમાન કરવામાં આવે છે.

અન્ય હસ્તપ્રતોમાં 'સેવક'ના નામનો ઉલ્લેખ છે. એટલે કર્તા સેવક વિશે શંકા કરવા જેવી નથી. હસ્તપ્રતોમાં પાઠાંતર હોય છે. તે દૃષ્ટિએ વિચારતાં 'શ્રીવંત' નામનો પણ સંદર્ભ મળે છે. પણ 'સેવક' નામ વધુ યોગ્ય લાગે છે. નમૂનારૂપે પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે તે ઉપરથી કવિત્વ શક્તિની સાથે વિવાહલોનો મિતાક્ષરી પરિચય પ્રાપ્ત થાય છે.

## આદિજિન વિવાહલો

(નમૂનારૂપે નીચેની પંક્તિઓ નોંધવામાં આવી છે.)

શાસનદેવીઅ પાય પણમેવીય મુજ મનિ એહ ઉમાહલોએ
માંત સરસતિ તણઇ સહીય સુપસાઉલઈ ગાઈસિઉ
રિષભ વિવાહલુએ ॥૧॥

## પૂર્વભવની માહિતી

તેર ભવંતર મૂલ ચરિત્રવર ભાવિઈ ભવિયણ સાંભલુએ
ધણ કણ કંચન રમણિ રાજસિ પરભવિ ઈહ ભવિ જિમ મિલુએ
મેલીઉ સારથ સકલ લેઈ જામ વાટિઈ ચાલીઓ ॥૧॥

ધનસાર સારથપતિ સુગુરુ સિઉ, તામ વરિષા આવીઉ
ચુમાસિ લાગી હરિય જાગી, ચાલવા કોઈ નવિ લહઈ
કંદમૂલ આહાર કરતાં લોક સહુ તિંહા કણિ રહઈ ॥૨॥

શ્રીધર્મઘોષ મુની બહુ પરિવારસિઉ તપ ઉપવાસ ઘણાં કરઈ એ
માસ ચિહું તણઈ અતિ ધન મનમાંહિ સાધુ નિર્ગ્રંથ ચિંતન ધરઈએ
પૂજ્ય અણગાર એ ન લિઈ અસૂઝતુ મઈ પુણ ન કરીઅ કિંપિસાર
હિવઈ પ્રભાતિઈ જઈ દાન ફાસુઅ દેઈ ખામસિઉ અપરાધ વારવાર

તુ રાય મનિહિ વિમાસઈ કિસિઉ કરિસિ એકઈ માસઈ
હઈ હઈ ગિઉ ભવ આલિસા જઈ ન બાંધીય પાલી ॥૧॥

હું વિષયારસિ રાતુ જનમ ન જાણિઉ એ જાતુ
ઈમ ઝુરંતા એ દુઃખભરિ કહઈ તુજ સરણિ મંત્રીસર ॥૨॥

મંત્રી ભણઈ મમ દુઃખ કરઉ હિવ તુમ્હે આતમહિત કરું
એક દિન ચારિત્રયોગી, પામઈ વૈમાનિક ભોગ ॥૩॥

કરી અટ્ઠાઈ મહોત્સવ, શ્રી જિન મંદિરી ઉચ્છવ
લિઈ સંથારાએ દીક્ષા કરઈ મંત્રીસર સિખ્યા ॥૪॥

અણસર પાલીઅ સાર, સુર ઈશાન મઝારિ
તિંહા લલિતાંગ થયા સુરવર સ્વયંપ્રભા તસુ ઘરિ અપછર ॥૫॥
તે નિર્નામિકા જીવ, તેહસિઉ પ્રેમ અતીવ
તે શ્રેયાંસકુમાર જે હુસ્યઈ પ્રથમ દાતાર ॥૬॥
ઋષભ સુને દેઉલે સમશાનિ સૂઈ સંથરી તું દેવ નેમિ આહારલીઈ સાર
નિતુ પુત્ર ભિક્ષા હીંડએ હિવઈ દીજીયે કેહનઈ, દૂષણ કર્મ જિંહા જિંહાઈ
ભરત ભણઈ સુણિ માતએ કરજોડી જેહ કહું વાત એ પડિહિડઈ
તાત અમારું ત્રિભુવનિ જાણીઈએ સુરનર સેવક તસ સહુ
તેહની લીલા છઈ અતિબહુ લહુઅડઉ ત્રિભવન માંહિ વખાણીઈએ ॥૭॥

ત્રૂટક

વિષધૂમઉ થિઉ વ્યાપ રાયઈ તે છાંડિઉ આપ
દોઈ જણા કાલ કરંતિ યુગલીયા તિંહાથી હુંતિ
યુગલીયાથી કાલ કરિનઈ હઉઆ સોહમ સુરવરા
આઠમઈ ભવ શ્રીરિષભ જિનવર થયા ભોગ ભોગીસૂરા.

ઢાલ - ચંદનબાલાનું

મહાવિદેહ એ સખી ક્ષેત્ર મઝારિ વચ્છ વિજય ધન કનકિ ભરીએ
પ્રભંકરાએ પુરી અચ્છઈ વિશાલ કેશવ વૈદ્ય તિંહા કનિ હઉઆ એ
મિલિઆ એ તસુ ચ્યારઈ મિત્ર રાયસુત મંત્રીસુત શ્રેષ્ઠીપુત્ર
ચઉથુએ સારથપતિ પુત્ર, એકઠા મિલઈ તે વૈદ ઘરે. ॥૧॥

તીર્થંકર નામકર્મ ઢાલ - ઉલાલુ

વીશસ્થાનક વર સેવી તપ જપ બહુત કરેવી
તીર્થંકર પદ બાંધઈ ઈમ તે આતમ સાધઈ ॥૧॥
માજિમ રયણીની નિદ્રભરિ દેખઈ સુપના દસ ચ્યારુએ
પ્રભાતિ ઉઠીઅ પ્રિય કન્હઈ, પૂછઈ વર સપન વિચારુએ ॥૨॥

સહસ કિરણ અતિ દીપતુ સાતમઉ તેજિતુકમાલ
પ્રાસાદ ઉપરિ ધજા લટકઈ ઉંચીય અતિહિ વિશાલ તું ॥૩॥

દીઠા સ્વામી

પુણ્યના ભંડાર સરિખુ, દીઠઉ પૂરણકુંભ તુ
પદ્મસરોવર ઉદકિ ભરિઉ કમલિઈ કમલીઈ કરીઅ સશોભતુ ॥૪॥
અતિઅ માનઈ ઉદક ભરિઉ દીઠઉ સાગરખીર તુ
સુરવિમાનઈ તિંહા પધારિઉ છાંડિય છાંડિય તે નિજ થાહાર તું ॥૫॥
શુભ દિવસઈ સુત જનમીઉ, માંડીઈ ચઈત્ર અંધારા એ પક્ષમાંહિ
આઠમિ દિવસિ ધનરાશી (શી)શશી આવીઉ સીત સમીરણ વાઉઈઉએ ॥૬॥

### પ્રભુનો લગ્ન મહોત્સવ

તોરણિ આવ્યા વરરાય મોતીયા થાલ વધાવુ
આધઉ દિઉ અરહંતનઈ આરણ કરણ કરાવું ॥૧॥

### ઢાલ નીમાલઈ

પહિલું અ મંગલો વરતીઈ એ નીમાલઈએ વર-વહૂ ચઉરી અમાહિ
સોવનકાંતિ સોહામણું એ નીમાલઈ, ધનુષસઈ પાંચ સરીર ॥૨॥
બીજઉ મંગલ વરતીઈએ નીમાલઈ, પરણઈ રિષભ જિનરાજ ॥૩॥
દાંત જિસા દાડિમકુલી એ નીમાલઈ, ગજગતિ રૂપ ઉદાર ॥૪॥
ત્રીજઉ મંગલ વરતીઈ એ નીમાલઈ પરણી સુમંગલા નારિ ॥૫॥
રૂપિ જિસી સુરસુંદરી એ નીમાલઈ સીલ સોભાગિણી સાર ॥૬॥
ચઉથઉ મંગલ વરતીઈ એ નીમાલઈ પરણિ સુનંદા રંગિ ॥૭॥
હંસ હરાવઈ હીડંતી એ નીમાલઈ જાણઈ અપચ્છરા રંગિ ॥૮॥
ચ્યારઈ મંગલ વરતીયા એ નીમાલઈ ઇંદ્ર તે પુરોહિત વેસિ ॥૯॥
સુનંદા સુમંગલા થાપીયાએ, નીમાલઈ જિન તણઈ ડાવઈ પાસિ ॥૧૦॥

ઢાલ - ઘોડીઉ

તું કહઈ સ્વામી વિનીત રે રાજિ ઠાવું નાભિતાત રે ॥૩॥
તું તે નાભિનઈ યાચઈ રે, નાભિ કહઈ નિજ વચ્છરે ॥૪॥
હું થિઉં વૃદ્ધ અપાર રે રિષભ યૌવનકુમાર ॥૫॥
દેખી અતિહિ વિનીત રે હરખિઉ ઈંદ્રનું ચિત્તરે ॥૧૨॥
વિનીતા નયરીય થાપીય રે, ચતુરંગિણી સેના આપી રે ॥૧૩॥

**પ્રભુની દીક્ષા**

ઢાલ-સાંજીનું

માહરું તાત પનોતુંએ પુણ્યઈ આગલુએ
છાંડીય ઘરની રે લક્ષ્મી સંજમ સિરીવરિઉ એ ॥૧॥

ઢાલ-૪૦

અમ્હે-તમ્હે એક જ તાતના પુત્ર અમ્હ તમ્હ સરિખુ અછઈ ઘર સૂત્ર ॥૬॥

ઢાલ-૪૧

એક દિની બાહૂબલી રાયનઈ મનાવઈ તુ
આણ વલતુ કહાવઈ સપરાણો, અમ્હે સુત રિષભના એ
આગઈ તુમ્હે બાંધવરાજ છંડાવ્યા પછઈ નિજ કાજ
તેહ દુઃખ મુજનઈ અછઈ, આજ મનમાંહિ અતિઘણું

ફળશ્રુતિ

ઈમશ્રી રિસહેસર ગાયુ પુણ્યપવિત્ત
એહ તેર ભવ ભવંતર કેરુ મૂલ ચરિત્ત
હિવ દેઈ કરજોડી કરું વિનંતી આજ
તૂ નિસુણી કૃપાપર, સ્વામી શ્રીજિનરાજ
તુજ સ્તવન કરીનઈ નવિ માંગુ રાજ સિદ્ધ
નવિ માંગુ સુરસુખ વલી ન માંગુ સિદ્ધિ
હું એતલું માંગુ કૃપા કરી દિઉ મજ્ઝ
ભવી ભવિ વલી ગાઉ ગુણી ગુરુઆ હું તુજ્ઝ ॥૧॥

કવિની નમ્રતા :

એહ ધવલ કરતા, આણ વિરાધી જેહ
મઝ મિચ્છાદુક્કડ તિંહા કણિ નહિ સંદેહ
ભલઈ નરભવ લાધુ ભલઈ લાધુ જિનધર્મ
તુજ પાઈ સેવતા, ત્રૂટઈ સઘલા કર્મ ॥૨॥

કાવ્ય

કવિ નામ :

ઈમ નાભિનંદન દુરિત ખંડણ જગત મંડણ જિનવરો
મઈ ગુરુતણઉ સુપસાઉ પામી ગાઈઆ જગહિત કરો
એહ ધવલ ગાઈ જિન આરાહઈ જેહ નર-નારી સદા
તે મુગતિ જાઈ સુખી થાઈ બોલઈ ઈમ સેવક મુદા

## ૩. આદિ જિણેસર વિવાહલો

*શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન ભંડારમાંથી આદિ જિણેસર વિવાહલોની હસ્તપ્રતની ઝેરોક્ષ પ્રાપ્ત થઈ છે અને તે ઉપરથી વિવાહલો કાવ્યનો પરિચય આપવામાં આવ્યો છે.*

*આ હસ્તપ્રતમાં કવિના નામનો કોઈ ઉલ્લેખ નથી. માત્ર આદિનાથ ભગવાનના વિવાહ-લગ્ન પ્રસંગનું વર્ણન છે. મારૂ ગુર્જર ભાષાની આ કૃતિ શ્રૃંગાર રસની અનુભૂતિ કરાવે છે.*

*હસ્તપ્રતને આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે હસ્તપ્રતના પેજ અસ્તવ્યસ્ત સ્થિતિમાં હોય અને મૂળ હસ્તપ્રતમાંથી આદિ જિણેસર વિવાહલોના અલગ થઈ ગયેલ પેજમાંથી માત્ર વિવાહ વિષયક વર્ણનના બે પેજને આદિ જિણેસર વિવાહલો માત્ર આપવામાં આવ્યું હોય તેવો સંભવ છે.*

*હસ્તપ્રત ઉપરથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.*

આરંભમાં આદિ જિનેશ્વરના વિવાહનો પ્રસંગ નાભિ રાજાના દરબારમાં યોજાય છે અને તેની તૈયારી થઈ રહી છે તેનો ઉલ્લેખ છે.

ભગવાનના લગ્ન પ્રસંગે દેવ-દેવીઓ ઈન્દ્ર-ઈન્દ્રાણી આવીને પ્રસંગની ભવ્યાતિભવ્ય શાહી ઠાઠથી ઉજવણી કરે છે. બારણે તોરણ બંધાય છે. સુવર્ણના સ્તંભનો મંડપ રચાય છે. ઈંદ્ર મહારાજા પ્રભુની સેવામાં ઉપસ્થિત રહ્યા છે. ભગવાનને છત્ર ધરવામાં આવે છે. માતા હર્ષપર્વક પ્રભુને પોંખે છે. (પોંખણાં કરવા) ઈન્દ્ર મહારાજા પ્રભુને મોતીથી વધાવે છે. પ્રભુને લગ્ન મંડપના સ્થળે પધરાવવામાં આવે છે. અંતરપટ કર્યા પછી ગુરુને બોલાવવામાં આવે છે.

લગ્ન વિધિ શુભ મુહૂર્ત કરવામાં આવે છે. કવિએ હસ્તમેળાપનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે,

"સુતી મૂરતિ મિલ્યા હાથ"

લાડી(કન્યા)નું પુણ્ય છે કે આવા ત્રિભુવનપતિ આદિનાથ જેવા સ્વામી મળ્યા છે. કવિના શબ્દો છે - પુણ્યઈ એહવરો પ્રામિઉ. ત્રિહું ભુવનઉ સ્વામિ કાને ઝૂમણું સુનંદા-સુમંગલા રૂપે અતિ રળિયામણી હાથે કંકણ ધારણ અને બાજુબંધ ધારણ કર્યા છે, કંઠે મોતીનો હાર, આંખમાં કાજલ આંજ્યું છે. હાથે રાખડી, દંડ (હાથના માપ પ્રમાણે) વેણી છે. નાકે ચૂની છે, સખીઓ સુનંદા સુમંગલાને આ રીતે શણગારીને લગ્નમંડપમાં પ્રવેશ કરાવે છે. કવિના શબ્દો છે "ચઉરિમ હીબઉ સારી".

અગ્નિ પ્રગટાવ્યા પછી ઘીનો હોમ કરવામાં આવે છે. ધૂપ દ્વારા સુગંધ પ્રસરે છે અને આ મંગલ-વિવાહ પ્રસંગે દેવો જય જયકાર કરે છે. ભગવાનના લગ્નનો પ્રસંગ મન મોહક છે તે જોવા માટે ત્રણે લોકમાંથી બધા પધારે છે.

સુરનર કિનર તિણિ ભુવન<br>
જોવા હૂં તિહા આવીયાં.<br>
વરતીસિઈ મંગલ ચારિ

*લગ્નવિધિમાં એક પ્રસંગ ચોરીમાં કંસાર ખાવાનો છે. સાસુ આ વિધિ કરે છે. કંસારમાં ઘી અને સાકર (ખાંડ) મિશ્રણ કરીને ખવડાવે છે. આ રીતે આદિ જિનેશ્વરના લગ્ન થાય છે.*

*કવિએ લગ્નની તૈયારીનો ઉલ્લેખ કર્યા પછી કવિનું શબ્દચિત્ર આલેખ્યું છે. ઇન્દ્ર-ઇન્દ્રાણી દેવો-દેવીઓ અને ત્રણે લોકના માનવીઓ ભગવાનનો વિવાહ જોવા માટે પધારે છે.*

*સાહિત્યની દૃષ્ટિએ કલાત્મક ચરિમ વ્યક્તિ ઉપરાંત, ચિત્રાત્મક શૈલી, અલંકાર યોજના અને આશ્ચર્યકારક એવા ઇંદ્ર-ઇંદ્રાણી દેવોનું આગમન વગેરેથી વિવાહલોને અનુરૂપ કાવ્યરચના થઈ છે.*

**આદિ જિણેસર વિવાહલો**

[૧]અવઝાપુરે નયર, નાભિ ઘરિ ઉછાડો, આદિ જિણેસર તણઉ વીવાહો ॥૧॥
સખે વેગ[૨]લઈ વાઈ વધામણૂ એ, સુમંગલા સુનંદા વરો આવ સિંઈ એ;
સખે વેગુલઈ વાઈ વધામણુ એ, ... આંચલી.
આપણિ સામિ ત્રિ જગ ગુરો, આદિ જિણેસર ઘરિ વીવાહો ॥૨॥
ઘરિ ઘરિ ગૂઁ[૩]ડીઅ વંનાઈવાલે, તલીઆ તોરણ બંધલઈ બારે ॥૩॥ સં.
મંડપે રચીયલાં સોવર્ન[૪] થંભો, તોરણિ નાચઈ અપછર ભંગો ॥૪॥ સં.
ગઈવરે વડીયલાં આદિ દેવા, ચઉસઈઠિ ઇંદ્ર તિહાં કરઈ સેવ ॥૫॥ સં.
મસ્તકે ધરીઈ મેઘાડંબર છત્રો, મંડપે નાચઈ નવલ પાત્રો ॥૬॥ સં.
ગંગા[૫] જમણ બેઉ ચમર ઢાલઈ, આદિ જિણેસર મુખિ નિહાલઈ ॥૭॥ સં.
તોરણિ આવીઆ નાહ, લાડી મનિ ઉછાંહ[૬], ઉછાંહ અંગિ ન માઈ;
હિવ વેગિ પુંખઉ માઈ, અવસર જિણવર તુમ્હ તણઉ;
ઘૂસર[૭] સંપડ નઈ રવા ચઉ, કપૂરઉ મોતી તણઉ,
મોતીય ચઉક[૮] પુરાવઉ, ઇંદ્ર ઘર ધરણિ વધાવઉ,

ગલિ ઘટિ ઘાલીનઈં તાણિઉ, ઈમ માહેરડઁઈ આણિઉ,
લાડીલિ વરમાલ, કુંક તુઈ સવિ સાલ,
[૧૦]કરિ કાંકણ બાંધી જઈ, અંતરપટ તિંહા દી જઈ સમ ઉપર વરતાવઉ
ઈણિપરિ ગુરુ બોલાવઉ, ઉછવ તીહ અપાર;
જોઉં લગન વિસાલ, ઊભિં[૧૧] મૂરતિ મિલ્યા હાથ;
સવિ હૂઆ આજ સનાથ, લાડી લાડિણિ નિરખી હૃદયકમલિ સવિ હરખી;
લાડી છાડિ ન લાજ, સરીયાં તુમ્હારડાં કાજ;
પુણ્યઈ એહ વરો પ્રામિઉ, ત્રિહું ભુવનનઉ સ્વામી;
આદિ સરિ અવધારી, સુનંદ સુમં(ગ)લા નારી
રુપિંઈ તે અતિ રુયડી, કરિ કંકણિ [૧૨]બાંહચૂડી
ઉરી [૧૩]મુગતાફલ હારો, પાએ નેઉર સારો;
કાનિ ઝાલિ ઝામાલા, ઝૂમણડું અતિ સાર;
આંખડીઅ કાજલ સારી, સખીએ તે સિણગારી;
રાખડી જડીય વિન્નાણો, વિણીય દંડ[૧૪] પ્રમાણે,
પહિરિ નવલ પુટુલી[૧૫], ચૂનડી ઉઢઈઉ ભોલી;
કુલી કલ તિલ પાનિલાડી, ભીલનઈ વાનિ,
કનય કલસ મણિ સારી, [૧૬]ચંઉરી માંહિ બઈસારી
અગ્નિ આહુતિ તિહાં દીજઈ, [૧૭]બ્રહ્મિ ઘૃત હોમી જઈ

: ઢાલ :

હોમ કીજઈં ચંગ, કુમતિ પૂજાઈં રંગ;
બ્રહ્મી ઘૃત ધનસાલ, સુર કરઈ જયજયકાર;
સુર નર કિંનર ત્રિણિ ભુવન, જોવાંહૂ તિહાં આવિયો;
વરતીસિઈં મંગલ [૧૮]ચ્યાંરિ.

: ઢાલ :

સાસૂ કંસાર જ આણીઉ એ, નર કિંનર અમરઈં વખાણીઉ એ;

સાસૂ પરીસિઈં[19] વ્યારિવાર[20], તુ રીતિ દિખઈડીય

ઈણ સંસારિ લાડી હાથિઈં વર જિમઈ;

ચ્યારિ વાર તુ વર જિમાડઈં એ નિજહ નારિ;

ગુલીઉ મીઠઉ ચોપડઉ, કંસાર કપૂરિહિં વાસીઉ એ;

તુ પરણીય પ્રતિષ્ટી ઉતરયાં એ, તુ દેવ દોહરઈં ઉછવ આ એ ॥

ઈતિ શ્રી આદિનાથ વીવાહલઉ સમાપ્ત ॥છ॥ શ્રી રસ્તુ છ ॥

- કઠિન શબ્દાર્થ :

| | | |
|---|---|---|
| ૧. | અવઝાપુરે | - અયોધ્યાનગરમાં |
| ૨. | ગૂડી | - ગુલાલ |
| ૩. | વેગલઈ | - ઝડપથી |
| ૪. | સોવન | - સુવર્ણ, સોનું |
| ૫. | ગંગાજમન | - ગંગા-જમના નદી |
| ૬. | ઉછાંહ | - ઉત્સાહ, આનંદ |
| ૭. | ધૂસર | - ધોંસરૂ |
| ૮. | ચઉક | - ચૌક (મોતીથી ચોક પૂરાવવાં) |
| ૯. | માહેરડઈ | - લગ્નમંડપ, ચોરીમાં |
| ૧૦. | કરિ | - હાથ |
| ૧૧. | ઊભિ | - બંનેના |
| ૧૨. | બાહચૂડી | - હાથે પહેરવાનો ચૂડો. |
| ૧૩. | મુગતાફલ | - મોતીનો સમૂહ |
| ૧૪. | દંડ | - એક હાથ પ્રમાણનીફુલની વેણી |
| ૧૫. | પુટુલી | - પટોળું |
| ૧૬. | ચઉરિ | - ચોરી, લગ્નમંડપમાં લગ્નવિધિનું સ્થાન, જગા. |
| ૧૭. | બ્રહ્મિ | - બ્રાહ્મી નામની ઔષધિ અને ઘીનો હોમ કરે છે. |
| ૧૮. | ચ્યારિ | - ચાર મંગલ |
| ૧૯. | પરિસિઉ | - પીરસવું |
| ૨૦. | વ્યારિવાર | - વારંવાર |

# ૪. આદિ જિન વિવાહલો

કવિ ઋષભદાસ કૃત આદિજિન વિવાહલોની માહિતી નીચે પ્રમાણે છે.

જૈન ગૂર્જર કવિઓ ભા ૩.માં ઉપરોક્ત કવિની કૃતિઓની સૂચીમાં નીચે પ્રમાણે શીર્ષક છે.

આદીશ્વર અથવા રૂષભદેવ વિવાહલો અથવા ગૂણવેલી મધ્યકાલીન સાહિત્યમાં શીર્ષક યોજના વિચારીએ તો એક જ કૃતિને બે-ત્રણ સંજ્ઞાઓ આપવામાં આવે છે.

આદીશ્વર વિવાહલો સંજ્ઞા ઉપરાંત રૂષભદેવ શબ્દ પ્રયોગ થયો છે. ત્યારપછી અથવા શબ્દપ્રયોગ કરીને 'ગૂણવેલી' સંજ્ઞા દર્શાવી છે. 'વેલી' કાવ્ય પણ છે તેમ સમજાય છે.

વિવાહલોમાં લગ્ન અને દીક્ષાનો સંદર્ભ છે. ત્યારે ગુણવેલીમાં રૂષભદેવના તીર્થંકર તરીકે ગુણો આત્મ વિકાસમાં બીજ સમાન છે. એવો અર્થ નિષ્પન્ન થાય છે. સંજ્ઞાથી શીર્ષકનો અર્થ સમજવાનો છે. મૂળ વસ્તુ બદલાતી નથી. લહિયાઓએ શીર્ષકમાં ફેરફાર કર્યા હોય એમ સંભવ છે. કોબાથી પ્રાપ્ત થયેલી હસ્તપ્રતમાં **આદિજિન વિવાહલો** શીર્ષક છે.

આ હસ્તપ્રત તૈયાર થઈ હોય તેનો સમય સં. ૧૭૩૧ની આસપાસનો છે. હસ્તપ્રતને અંતે શબ્દો છે "ઇતિશ્રી રૂષભદેવો વિવાહલો સંપૂર્ણ ॥" મૂળ શીર્ષક પછી અંતે આદિ જિનને બદલે 'ઋષભદેવો' શબ્દ પ્રયોગ થયો છે.

આ વિવાહલોમાં કુલ ૬૭ ગાથાઓ છે. દુહા અને ઢાળમાં વસ્તુ વિભાજન કરીને પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથના જીવનના વિવાહ અને દીક્ષાના પ્રસંગનું ભાવવાહી નિરૂપણ થયું છે તેના દ્વારા કવિ પ્રતિભાનો પરિચય થાય છે.

કેટલીક કૃતિઓને ઢાળમાં વસ્તુ વિભાજન કરવામાં આવે છે પણ ઢાળની સંખ્યા નંબર-૧-૨-૩ એમ નોંધવામાં આવતું નથી. આ કૃતિમાં ઢાળના નંબર નથી. જ્યારે બીજી કેટલીક કૃતિઓમાં ઢાળની સંખ્યા ક્રમિક રીતે દર્શાવવામાં આવે છે. દા.ત. નેમી વિવાહલો કૃતિમાં કવિ પંડિત વીરવિજયજીએ ૨૨ ઢાળમાં રચના કરી છે.

કૃતિનો આરંભ મિતાક્ષરી દુહાથી થયો છે. દા.ત. **"આદિ ધરમ જિણે ઉદ્ધર્યાં પ્રથમ મુનિસર, પ્રથમ કેવલ નાણ"** આ માહિતી પછી ઋષભદેવનો પરિચય આપવામાં આવ્યો છે.

મરૂદેવા માતા પુત્ર જન્મથી હર્ષ અનુભવે છે. અનુક્રમે યૌવન વય પામ્યા અને વિવાહનો પ્રસંગ-મહોત્સવ આવ્યો. ભગવાનના વિવાહ મહોત્સવમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી આવે છે અને હર્ષપૂર્વક લગ્નનો પ્રસંગ સંપન્ન થાય છે.

દેવીઓ મધુર સ્વરે ગીત ગાય છે. ચોરીની રચના કરવામાં આવે છે. પીઠી ચોપડવાની વિધિ થાય છે.

ગાથા ૧૪ થી ૧૭માં કન્યાનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે. વ્યવહાર જીવનની એક ઝલક પણ તેમાં નિહાળી શકાય છે. વાળને ગુંથી અંબોડો કરે છે. પાન ખાય છે. લગ્ન પ્રસંગનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતાં કવિ જણાવે છે કે,

સિર મુગટ આરીસા સોહે, દેખી કુમર તણા મન મોહે;<br>
લટ ફિરતા સોભતા મોતિ, નારિ તૃપતિ ન પામે જોતિ ॥૨૭॥

રૂષભકુમારનો પરિચય આપતા કવિ કહે છે કે –

કાને કુંડલ કડલીને હારો, કટિ કણદોરો બેરખા સારો;<br>
હાથે હાથ સાકલી વલી ઘાલી, ઈંદ્રે પહેરવા વીટીં આલી ॥૨૮॥

દેવદૂષ્ય તે વસ્ત્ર પહેરાવે, પંચ વરણીક ભાય સોહાવે<br>
કરી આપે ઉત્તરાસણ સાથિ, આપ્યા પાનને શ્રીફલ હાથિ ॥૨૯॥

ટીલું કરીને ચોખા ચોડ્ઈ, પગ પીલી ચઢ્યો વરઘોડઈ
મુખ માહિ તે બીડલું પાન, વધાવે સહૂ દેવી કરે ગાન ॥૩૦॥

દેવીઓ આ પ્રસંગે ગીત ગાય છે એક દેવી લૂણ ઉતારે છે. પછી પ્રભુ વરઘોડામાં જાય છે. સુગંધી દ્રવ્ય અને કેશર છાંટીને પ્રભુનો સત્કાર કરવામાં આવે છે. લગ્ન પ્રસંગે વરઘોડામાં વિવિધ વાજિંત્રો વાગે છે. કેટલાક દેવ-દેવીઓ નાટક કરે છે. નૃત્ય અને ગાન કરી હર્ષ વ્યક્ત કરે છે. આ રીતે પ્રભુ લગ્નમંડપ પાસે તોરણે આવે છે.

ત્રિભુવનસ્વામી તોરણે આવ્યા જાણીને વેવાણ હાથમાં રતનની થાળી-શ્રીફળ લઈને આવે છે અને માળા પહેરાવે છે અને જિનવરના પગ પખાળે છે. કવિ આ પ્રસંગે જણાવે છે કે –

"સફલ કરે નિજ હાથડી, પ્રભુ પુંખે જેણીવાર" અહીં પોંખણાની વિધિનો ઉલ્લેખ થયો છે. ગા.૪૫માં કન્યાનો ઉલ્લેખ કરતાં કવિના શબ્દો છે.

સુવર્ણથી અલંકૃત ચોરીમાં વર-કન્યા બિરાજમાન થાય છે. આ સમયે દેવ-દેવીઓ અને જનસમૂહ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.

પહેલા મંગળમાં દેવ-દેવીઓ મધુર ગીતો ગાય છે. બીજા મંગળમાં હસ્તિ-હાથીઓનું દાન અપાય છે. ત્રીજા મંગળમાં વિવિધ આભૂષણોનું દાન આપવામાં આવે છે. ચોથા મંગળમાં કન્યાદાન થાય છે. આ પ્રમાણે ઋષભકુમાર પરણ્યા હતા.

"હવે અવસર કંસારનો, સુણતાં અતિ આનંદ"

કંસાર કેવો છે તેનો પરિચય આપતા કવિ કહે છે કે, એલચી, લવીંગ, બદામ, શીંગોડા વગેરેના મિશ્રણથી કંસાર બનાવ્યો હતો. તે કંસાર ખવડાવે છે. પછી લગ્નમાં પધારેલા સર્વેજણ ભોજન કરે છે.

"પરણી પ્રભુ ઘર આવીયા, વાજે દુંદુભિ નાદ,
ધવલ મંગલ ગઈ ગોડી, કોકિલ સરીખો નાદ."

ગૃહસ્થાશ્રમમાં વર્ષો વીતાવતાં ૧૦૦ પુત્રો અને બે પુત્રીઓનો પરિવાર થયો. આ પ્રમાણે વિવાહલોને કેન્દ્રમાં રાખીને રૂષભકુમારના લગ્નનું વર્ણન કર્યું છે.

કવિએ મિતાક્ષરી શૈલીમાં દીક્ષા-કેવળ અને નિર્વાણનો પરિચય આપ્યો છે. રૂષભ પ્રભુ ચાર હજાર સાથે દીક્ષા લે છે. ઘોર તપશ્ચર્યા કરી કર્મ ખપાવીને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. ઈન્દ્ર અને દેવો સમોવસરણની રચના કરે છે. અને પ્રભુ સંઘની સ્થાપના કરે છે. પ્રભુ એક લાખ પૂર્વ કાળ સુધી સંયમની આરાધના કરીને અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. અહીં શુભ ધ્યાનભાવના ભાવતા ૧૦ હજાર મુનિઓ સાથે મોક્ષે સિધાવ્યા.

અંતે કળશ રચનામાં ફળશ્રુતિનો ઉલ્લેખ કરતાં કવિ કહે છે કે, પ્રભુનું આ ચારિત્ર સહૃદયી-શુભભાવથી સૂણતાં ગુણ ગાતા મનોવાંછિત પૂર્ણ થશે.

દુહા-ઢાળ અને કળશની રચનાથી વિવાહલો સંપૂર્ણ થાય છે. કવિએ કાવ્યને અનુરૂપ રાગ-દેશીનો પ્રયોગ કર્યો છે. શ્રીરાગ, કેદારો, ધન્યાશ્રી, સારંગ વગેરે રાગ; દેશાળ, ઢાળ-તોરણની રામગીરી, કંસારની, દેશી-પ્રભુ કલ્પતરૂ જ સમા વાધે રે,

આ રીતે રાગ-દેશી અને ઢાલના પ્રયોગથી કવિએ વિવાહલોમાં ગેયતા સિદ્ધતાને કવિ કર્મ કર્યું છે. કાવ્ય તરીકે આસ્વાદ્ય રચના બની છે. સાહિત્ય દ્વારા મોક્ષ કરવાનો આ એક અમૂલ્ય વૈભવ છે.

## આદિજિન વિવાહલો

**લિપિકાર : પ.પૂ. હિતવર્ધનવિ. ગણિવર્ય**

દુહા

**આદિ ધરમ જિણે ઉદ્ધર્યો, અવનીપતિ આધાર;**
**યુગલાધર્મ નિવારિયો, પ્રથમજિન અવતાર ॥૧॥**

પ્રથમ મુનિસર એહવો, પ્રથમ કેવલનાણ;
પ્રથમ (એ)હવો ભિક્ષાચરુ, પ્રથમ દિઉ જગિંદાન ॥૨॥

નાભિરાયકૂલ ઉપનો, મરૂદેવી જસ માય;
ઋષભદેવ સુત જનમિયા, સુરગિરી ઓચ્છવ થાય ॥૩॥

અષ્ટપ્રકાર કલસાકિયા, સાઠી લાખ એક કોડી;
નીર સુગંધિ તે ભર્યા, નમણ કરે કર જોડી... ॥૪॥

પુજી પ્રણમી સુરદિઈ, ચીવરં[1] કુંડલસાર,
જિનવર નિજ ઘર મુકીયા, હિયડે હરખ અપાર ॥૫॥

ઢાલ - રાગ - કેદારો

જિન જનની હર્ષ અપારો, ધરી વાધે ઋષભકુમારો,
દેવ નાન્હા છોકરા થાઈ, જિન સાથીં રમવા જાઈ ॥૬॥

હંસ મોર થઈ મુખે બોલે, નહિ જિન કોઈ તાહરે તોલે
અનુક્રમે યૌવન પામે, બે સુંદરી હરિ પરણાવે... ॥૭॥

ઈન્દ્ર ઈન્દ્રાણીય આવઈ, કહે સુણો જિનરાય;
ઋષભસ્વામી તુમે પરણો, મ મ કરજ્યો રે મનમાહી લાજ કે...॥૮॥

સુરવધુ ઈણીપરે બોલે, ધરણિ વિણ ઘર નર ડોલે
જગિ કો નહિ ધરણિ તોલે હો, ધરણિથી ઘરસૂત્ર ન ખોલે હો સ્વામી... સુર.

ઘરણીયથી ઘરસૂત્ર ચાલે ઘરનું મંડણ નારી સગો
મંત્રી પ્રાહુંણો[2] મલી આવે રે, તસ ચઢતલે બારકેં ॥૯॥ સુ.

નીચું જોઈ શિર ધુણતા રે, કિશ્યો તે કામ વિકાર
અણબોલ્યા અરિહંત રહ્યા, ઓલખીયું રે મન ઈન્દ્રે અપારકે સુ. ॥૧૦॥

દેવમોટા મંડવારે જ્વારા તિણિ વારિં કનક મણિમય
કેલથંભા રોપાવતા રે ધરે હર્ષ અપારકે ॥૧૧॥ સુ.

દુહા

સુરવધુ ગાન કેરે તિહાં નવરાવે કન્યાય તેલ સુગંધ
ચોલી કરી પીઠી કરેત સધાય ॥૧૨॥

### પીઠીની ઢાલ

પીઠી કરે પીઠી કરે ઈન્દ્રાણી રે,મુખે બોલે મંગલીક
વાણી વાનેં ઘાલીએ કુમરી પીઠી ચોલેએ અમરી ॥૧૩॥

કનક તણા કુંભ આણી, ભર્યા રે સુગંધીએ પાણી
કુમરી નવરાવી દોઈ અમરને વસ્ત્રે એ લુહે ॥૧૪॥

તિલક કરી શિર ચોખા ગયો વધાવતા દોષા
અંજન આંખડી સોહતી, નાકે નવલખુ મોતી ॥૧૫॥

શિર અંબોડાને વાલે વદને પાન ન ઠાલે
પેહિરણ પાનેત્ર ધોલો, કંચુક કુમરીએ વિમલો ॥૧૬॥

બંધ્યા બહિરખાઉ હાથિ, કંકણ ચુડલો સાથી
વીંટી વેઢ અંગુઠી, દેખી રંભા એ તૂઠી ॥૧૭॥

ઘાટડી મસ્તકે સારી કન્યા દોઈ શણગારી
આણી માહેરા માહી, કુમરી બેઠીએ ત્યાંહી ॥૧૮॥

### દુહા

પછે ઈન્દ્ર આવે તિહાં, જિહાં છે જિન ગુણવંત
કહે ઉઠો પ્રભુ પરણવા, સજ થાવો ભગવંત ॥૧૯॥

### ઢાલ-નવાણાની દેશી, રાગ : ધન્યાસી મેવાડો

સજ થાવો ભગવંત, સેવક તુમ્હ ઘરિ આવ્યા
પ્રભુ તુમે નમ(વ)ણ કરાવો, અમ્હ ઘરિ નારિ બે એ ॥૨૦॥

તેલ સુગંધ અનેક આણી મર્દન કીજે,
જક્ષસુકર્દમ આણી ઉગટણા કરે એ ॥૨૧॥

ઈંદ્ર ઈંદ્રાણી દેવ તીરથજલ આણી
મંગલ ન્હવણ કરંત તનુ લુહે વસ્ત્રસ્યુંએ ॥૨૨॥

### દૂહા

ગંધકષાઈ ચીવરે તનુ લુહે તસ કાય
ખુંપ ભર્યો જિનવર સિરે કહુ કરજોડી સિરનામિ ॥૨૩॥

(ઢાલ-પ્રભુ કલ્પતરૂ જસ્યો વાધે એ... દે...)

વરખુંપ ભર્યો રે વિખ્યાત માત તાતને મોહી રહ્યા ભ્રાત
વરખુંપ ભર્યો શિર બિસરો તેણિ મોહિ રહ્યો
ઋષભનો સસરો ॥૨૪॥

ખુંપેરતનહોઈજસ્યાજાસુતેણેમોહિરહીઋષભનીસાસુ
વર ખુંપ ભર્યો રે ખુણાલો તિણિ મોહી રહ્યો
ઋષભનો સાલો ॥૨૫॥

ખુંપે પટલી તણો નહી પારો ફિરતા મોગરા અતિહિં ઉદારો
દીસે હીરા તણી તીહા હારયો તેણિ મોહિ
રહી સુરનર નારયો (નાર્યો) ॥૨૬॥

સિર મુગટ આરીસા સોહે, દેખી કુમર તણા મન મોહે
લટ ફિરતા સોભતાં મોતિ, નારિ તૃપતિ ન પામે જોતિ ॥૨૭॥

કાને કુંડલ કડલીને હારો, કટિ કણદોરો બેરખા સારો;
હાથે હાથ સાકલી વલી ઘાલી, ઈંદ્રે પહેરવા વીંટી આલી ॥૨૮॥

દેવદૂષ્ય તે વસ્ત્ર પહેરાવે, પંચ વરણીક ભાય સોહાવે
કરી આપે ઉત્તરાસણ સાથિ, આપ્યા પાનને શ્રીફલ હાથિં ॥૨૯॥

ટીલું કરીને ચોખા ચોડ્ડઈ, પગ પીલી ચઢયો વરઘોડઈ
મુખ માંહિ તે બીડલું પાન, વધાવે સહૂ દેવી કરે ગાન ॥૩૦॥

દૂહા

ગાન કરે સુરસુંદરી, સુરી ઉતારેં લુણ
જગ જોવાને તિહાં મિલ્યો, પર લહેં તસ કૂણ ॥૩૧॥

ઢાલ - રાગ-ધન્યાસી

જિનવર વરઘોડે ચઢીયો જેણીવાર
હય-ગય-રથ પાયક દેવ તણો નહિ પાર
સુર કેસર છાંટે ચુઆ (વ)લગાવે અંગ
વરગઢને વાગા પહિરાવે મનરંગિ ॥૩૨॥

સુર ગાયન આ(ગા)વે, વાજિંત્ર ભેર[૪] વજાવે
હરી નાટક કરતાં, અમરી જિન ગુણ ગાવે
જાદરણી અમરી, રથ બેસીને ગાઈ
ઝગમગતો હાથે, લામણ દીવો સોહે ॥૩૩॥

વર દેખી લોકા કહે ધન માત પિતાય
જેણિંએ વર જનમ્યો, ઋષભ જિણેસર રાય
ઈમ સુરનર બોલે, શ્રી જિનના ગુણ ગાય
પ્રભુ સોય સુણંતી, મંડપ તોરણ આવે ॥૩૪॥

દૂહા

તોરણ પોહતા જિનવરુ, હરી બોલે તેણે ઠામિ
ઉઠિં વેવાહિંણ આલસુ, આવ્યા ત્રિભુવન સ્વામિં ॥૩૫॥

ઢાલ - શ્રીરાગ - વાસરેઈ ઇ મોકલ્યો

નાભિ નરિંદવર આવીઉ, મરુદેવી કેરડો જાયો
ત્રિભુવન પતિ નર નાયકો, સુર ધરિ અમરીઈં ગાયો
મેરુશિખર નવરાવતા, દરીસણ દેવે ન પાયો
તે તુમ પુરવ પુન્યયે, તોરણ ચાલીનેં આયો ॥૩૬॥

ઉઠોએ વાર મેલાઉ, મોતીએ થાલ ભરાવો
ઋષભ ચોખા લેઈ હાથમાં, વર તણું વેગે વધાવો
તવ સચી સઘલીઅ ઘસમસી, અશ્વથી કુમર ઉતારે
ઇંદ્ર રહ્યા તિહા કર ગ્રહી, ધવલ દાંદિઈ સુર નાચ્યો ॥૩૭॥

વલીઅ વેવાહિંણ આવતી, હાથમાં રજતનું(નો) થાલો
કુંકુમ શ્રીફલ દ્રાક્ષહ, ફોફલ ને વરમાલો
અરઘદિઈં જિન ઋષભનિં, દધિ શુચિ જલ તણી ધારો
જિનવર પાય પખાલીઆ, સફલ કરે અવતારો ॥૩૮॥

દૂહા

સફલ કરે નિજ હાથડાં, પ્રભુ પુંખે જેણીવાર
સુરનર નારિ તિહાં મિલિ, બોલે જય જયકાર ॥૩૯॥

ઢાલ - તોરણની રાગ-ધન્યાસી

જય જયકાર કરે તિહાં રે, થાલ રજત તણું આણે ઈહાંએ
કુંકુમ ૫ દ્રો (ગો) ધૃત તિહાં ધરેંએ, આણી ઘુરરુ (ઘુસરે) પુહું કનડું કરેએ ॥૪૧॥
વલીઅ રવાઈઉ કર કરીએ, પુંહકે પ્રેમસ્યુ તેહ મસ્તકિં ધરીએ,
પછે આણતી મુશલ ત્રાકએ, પ્રભુ જીવજ્યો તુમ્હે વરસ બહુ લાખએ ॥૪૧॥
પુંહકં૬તી સિરિઉ સિરિઓ શિર ધરીએ, પછે ઈંડીને પીંડી તિહાં કરે એ
ઉછાલતી હો ? પુફમાલએ પ્રભુ જીવજ્યો તુમ્હે બહુકાલએ
ઘાટડી તેહ ગલામાંહિં ધરીએ, પ્રભુ ખાંચીઆ બહુ પરાક્રમ કરીએ,
નાકગ્રહી વર તાણીઓએ પછે મંડપ તોરણ આણીઓએ ॥૪૩॥
સરાવ સંપુટ તિંહા સજ કરેએ, વલી મીઠુંને અગ્નિમાંહે ધરેંએ,
ચંપાવ્યું ડાબે પાયએ, ભોગ અંતરાય ચૂરણ થાયએ ॥૪૪॥
આણિ કુમરી રુપ વિશાલએ, હોય કંઠિ ઠવિ વરમાલએ
છાંટતી મુખે તંબોલએ, જિમ પ્રીતી હોઈ રંગરોલએ ॥૪૫॥

દૂહા

પ્રીતિં કરી કર તિહાં ગ્રહે, કુલવંતી બે નારિં
મંગલ ચ્યારિ પ્રભુ વરતીએ, ચોરી સોય મઝારિં ॥૪૬॥

ઢાલ - નીરમાલડીની, રાગ - રામગીરી

કનકમય ચોરી ચીતરીએ, બહુ ફુલની માલીએ
કનકના કલસ અપાર બ૦ વરવહુ તિહાં ઉભા
રહ્યાએ બ. સુર નરનો નહીં પાર બ૦ ॥૪૭॥
પહિલું મંગલ વરતીએ બ૦ કરેં તિહા સુરવરં ગાન બ૦
આણિઆ અશ્વ તિહાં અતી ઘણાએ બ૦ સુર કરતા
તિહાં દાન બ૦ ॥૪૮॥

બીજૂ મંગલ વરતીઈં બ૦ હસ્તિ અદાન અનેક બ૦
સુર નર લોક વખાણતાએ બ૦ વેવાહી સબલ વીવેક બ૦ ॥૪૯॥
ત્રીજું મંગલ વરતીઈએ બ૦ ભુષણ દાન જ જોય બ૦
ચોથુ મંગલ વરતીઈએ બ૦ પુત્રી અપર તણી હોય બ૦ ॥૫૦॥

દૂહા

પુત્રી હુઈ પર તણી, પરણ્યા ઋષભ જિણંદ
હવે અવસર કંસારનો, સુણતા અતિ આણંદ ॥૫૧॥

ઢાલ - રાગ-સારંગ

કંસારની પાયો બહુ પરે, તેહનો ગંધ વિસ્તરિઓ સુર ઘરે,
માંહે મુક્યા તે મેવા નવ નવા, વલી ભેલ્યા તે સાકરના લવા ॥૫૨॥
કપૂર લવિંગ ને એલચી, વલી મિજ બદામની માહીપચી
નીમન્ન પસતા માંહે મેલીઆ, સીંઘોડા આણિ ભેલાય ॥૫૩॥
માંહિ મેલ્યા તીખા તેં મિરી, તેણિ અતિ પર ગતિ થઈ આકરી,
માહિં મિઠિ દ્રાખ તે મેલવી, તેણિ અતિ પર ગતિં સીતલ થઈ ॥૫૪॥
કંસાર રહ્યો તિહાં મસમસી, સુર માંગે સ્વામિ કને હસી
માંહિ ફુલ તણો રસ મેલવ્યો, ઈંદ્રાણીઈ કંસાર કેલવ્યો ॥૫૫॥
પછિ હાથિ કંસાર લેઈ કરિં, જિન ખવરાવે સ્રીનેં ફરી
પછી નારિ કંસાર કરિં કરિ, લેઈ ઋષભ તણા મુખમાં ધરિ ॥૫૬॥
નરનારી જમિયા પ્રેમસ્યુ, કર વદન પખાલે રંગસ્યું
વલી સલીઅ સલોકો કહે સહી, પછે વરવધુ રમીઆ ગહગહી ॥૫૮॥

ઢાલ

વરવધુ સરિખુ જોડલુ, રવિરંભા દે દોય
એક કહે શંકર દેવતા, ઘરણી બે તસ હોય ॥૫૯॥
પરણીઅ પ્રભુ ઘરિં આવિયા, વાજે દુંદુભિ નાદ
ધવલ મંગલ ગાઈ ગોરડી, કોકિલ સરિખો સાદ ॥૬૦॥ વ.

મરુદેવ્યા કરે તિહાં લુંછણા, આછણિ પાણિ ઉતાર
આઠ દિવસ ગયા પછી, કંકણ છુટે નર નારિ ॥૬૧॥ વ.

ઢાલ - રાગ - રામગિરિ સાહેલડી એ દેશી

નરનારી રંગે રમે સાહેલડી રે જાતા ન જાણ્યો કાલ
ગુણવેલડી રે એકસો પુત્ર હુવા ભલા સા. દોઈ પુત્રીસુ ગુણમાલ ગુ૦॥૬૨॥
રાજ થાપના હરિ કરેં સા૦ થાપિ વિનિતા નામ ગુ૦
ત્રાસી લાખ પુરવ લગિ સા૦ સુખ વિલસે અભિરામ ગુ૦
જિન વૈરાગે વાસિઓ સા૦ આવિ કહે સુરરાય ગુ૦
દાન સંવત્સરિ દેઈ કરી સા૦ ઋષભ લિઈ દિક્ષાય ગુ૦॥૬૩॥

ઢાલ રાગ-ધન્યાસી

ગુણ તણી વેલડી વિપુલ વધારતો, ફિરત મહિ મંડલે ઋષભદેવો
મુનિવરા ચ્યાર હજાર પુઠિં ભમે, સોય કરતા બહુ સુપેરે સેવો ॥૬૪॥ ગુ.
ઘોર તપ તપી કર્મ કેતાં ખપી, સહસ વરસે હુઓ કેવલનાણી
સમોસરણ સુર રચિં ઋષભ જિન તિહાં ઠવિં, સંઘ થાપે
સુણાવેંઅ વાંણિ ॥૬૫॥ ગુ.
લાખ પુરવ લગિં સિયલ સંયમ ધરી, આપ અષ્ટાપદે
ધ્યાન ધરતો, સહસ દસ સંજમિ સાથિ લેહી સંચર્યો
મુગતિ નારિ નર તેહ વરિતો ॥૬૬॥ ગુ.

કલસ

વર તપાગચ્છપાટિં પ્રભુ પ્રગટીઓ, સૂરિ વિજયાણંદ સૂરિ પૂરિ આસો
ઋષભના નામથી સકલ સુખ પાંમીઈ, કહત કવીતા નર ઋષભદાસો
॥૬૭॥ ગુ.

ઈતિ શ્રી ઋષભદેવો વીવાહલો સંપૂર્ણ

સયલ જિણેસર પ્રણમું પાય, સરસતિ સામિણ દ્યો મતિમાય
હીયડેં સમરું શ્રી ગુરુનામ, જિમ મનવંછિત સીઝે કામ ॥૧॥

● કઠિન શબ્દાર્થ :

૧. ચીવર - વસ્ત્ર
૨. પ્રાહુણો - મહેમાન
૩. બહિરખા - બહારનું
૪. ભેર - ભેરી - એક પ્રકારનું વાજિંત્ર
૫. દ્રો - ધરો નામની વનસ્પતિ
૬. પુહુકતાં - પોંખતાં

## ૫. આદિ જિન વિવાહલો

*અજ્ઞાત કવિ કૃત આદિનાથ વિવાહલોનો સમય ૧૭મી સદીનો હોવાનો સંભવ છે. હસ્તપ્રતના આરંભમાં "ગુણનિધાનસૂરિ ગુરુભ્યો નમઃ"નો ઉલ્લેખ થયો છે, તે ઉપરથી સમયનું અનુમાન થયું છે. હસ્તપ્રત અપૂર્ણ છે.*

*આ વિષયની અન્ય હસ્તપ્રતોમાં વિવાહ અને દીક્ષા ઉપરાંત ઋષભદેવ ભગવાનના જીવનના બધા જ પ્રસંગોનું વિસ્તાર કે મિતાક્ષરી નિરૂપણ થયું છે. તેમ છતાં વિવાહલો વિષયને માટે આ પ્રત નોંધપાત્ર છે. મંજુ કાવ્યના સૌન્દર્યમાં વૃદ્ધિ કરે છે. (ગા. ૨૭-૨૮)*

*શ્રી આ. કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિરમાંથી આદિનાથ વિવાહલોની હસ્તપ્રતની ઝેરોક્ષ પ્રાપ્ત થઈ છે તેને આધારે વિવાહલોનો પરિચય નીચે પ્રમાણે પ્રગટ કરવામાં આવ્યો છે.*

*કૃતિમાં કર્તા કે રચનાનો કોઈ ઉલ્લેખ થયો નથી. હસ્તપ્રતને અંતે આદીશ્વર ભગવાન ન્યગ્રોધ વૃક્ષ પાસે આવ્યા એમને ધન્ય છે. આ પ્રકારના વિચારથી હસ્તપ્રત પૂર્ણ થાય છે.*

*હસ્તપ્રત અપૂર્ણ છે.*

*વિવાહલોની રચના ઢાળબદ્ધ છાપેલી સંખ્યાનો નિર્દેશ થયો નથી. આદિનાથ ભગવાનના વિવાહ અને દીક્ષા પ્રસંગનું વર્ણન વિવાહલોના વિષય છે. એટલે વિવાહલો નામ સાર્થક થયું છે.*

*કૃતિનો આરંભ ચક્રેશ્વરી દેવીની સ્તુતિથી થયો છે. ત્યારપછીના દુહામાં (ગાથા ૨-૩માં) આદીશ્વર ભગવાનના ગુણ ગાવાની ભાવના વ્યક્ત થઈ છે.*

**ધ્યાયસુ જિન ચોવીશ, આદી આદીશ્વર ગાઈસુએ**
**માય મરૂદેવીય તણું મલ્હાર, નાભિરાયા કુલ મંડણુંએ ॥૨॥**
**ગુણ ગુણ ગિરુઉ અતિહિ અપાર ચડતરુ એ પખિજિમ ચાંદલુએ**
**ચિંહુ દિશિ દીપઈએ ઉગતું ભાણ, જાણ એ રૂપનું કંદલુ એ ॥૩॥**

આદિનાથ ભગવાનનો મહિમા દર્શાવતી પંક્તિઓ ગાથા-૪માં જોઈએ.

**સુખ સુખકારણ ભય નિવારણ, ભવિયણ ભવજલ તારણુંએ**
**ત્રિભુવન સેવઈએ જેહ તણાં પાય, નામિએ નવનિધિ કારણુએ ॥૪॥**

નવમી ગાથાથી વિવાહના પ્રસંગનો આરંભ થયો છે.

"હિવ કરઈ વિવાહનું નામ"

ઈન્દ્ર મહારાજા નાભિ રાજાના મહેલ પાસે વિવાહને અનુરૂપ મંડપ વગેરેની તૈયારી કરે છે.

વિવાહ પ્રસંગે સાજન-મહાજન પધાર્યા સૌનું સન્માન કરવામાં આવે છે. ધવલ-મંગલ ગીતો ગવાય છે. નાટક કરીને લોકોનું મન પ્રસન્ન કરવામાં આવે છે.

ઉપરોક્ત માહિતી વિવાહ પ્રસંગનું અપૂર્વ આનંદનું સૂચન કરે છે. અતિથિઓને તિલક કરી શ્રીફળ અને પુષ્પ આપવામાં આવે છે. પાન-સોપારી આપવામાં આવે છે. વિવાહ પ્રસંગે દેવ-દેવીઓ પધારે છે તેની માહિતી આપતી પંક્તિ ગાથા-૧૨માં જોઈએ.

**નવનવા વસ્ત્ર નવી પરિ, નિતુ નિતુ નિરખીય દીઈ**
**જે દેખી દેખી દેવ ચિંતવઈ, એ દાન જોઈએ રહીઈ**

તિહાં મિલીયા સુર કિન્નર નર, નરવર તેહ તણી કોડિ
એક એકનઈ તિહાં મિલઈ, સરસીઅ જોડિ ॥૧૨॥

ગંગા-જમનાના પવિત્ર નીર લાવીને તેને કસ્તુરી અને કેશરનું મિશ્રણ કરી કળશ ભરીને અભિષેક (સ્નાન) કરવામાં આવે છે.

રૂષભકુમાર લગ્ન કરવા માટે જાય છે. તે પ્રસંગના વર્ણનમાં "વર ચઢાવાની" દેશીનો પ્રયોગ થયો છે. દેશી પણ પ્રસંગોચિત પસંદ કરીને કવિએ પ્રસંગનું વર્ણન કર્યું છે.

લગ્નમાં પધારેલા દેવ-દેવીઓની માહિતી આપતી પંક્તિઓ નીચે પ્રમાણે છે. આ ગાથા ૧૮-૧૯-૨૦ની પંક્તિમાં લગ્નના આનંદ-ઉલ્લાસનો પરિચય કરાવે છે.

તિહાં કનિ મિલીઆ સુર નર કિન્નર, નરવર દેવની કોડિ
એક ગાઈ એક વાઈએ, વાજીંત્ર એક નાચઈએ ખોડિ
ઢોલ દદામા દડદડી રંગા, બહુ પરિ વાજઈ
તેણઈ નાદિ નભ પૂરીઉ, મેઘ તણી પરિ ગાજઈ ॥૧૮॥
ગાઈ ગીત નવે રસે, નવ-નવા નારદ તુંબ
વરસ સોલની કામિની, નાચઈ અપછરા વૃંદ
જય જય શબ્દ તિંહા ઉચરઈ-કરઈ કઈ ચાર
ધવલ દીઈ વર પદમિની, પહિરી શુભ શણગાર ॥૧૯॥
ચહુટઈ ચાચરિ થાકણા, કીજઈ મન તણઈ રંગિ
ચંદનિઈ ચરચીઈ છાંટણા, ઉગલટ નવ નવ ભાંગિઈ
ઉચિત દાન જિન આપઈએ, જિમ આષાઢુ મેહ
અઉઠ કોટિ રોમ ઉલ્હસઈ, દેખી દેવના દેહ ॥૨૦॥

ઈન્દ્ર મહારાજા બ્રાહ્મણનો વેશ ધારણ કરીને પ્રભુને પરણાવે છે. તે ૨૩મી ગાથામાં કવિ જણાવે છે કે,

**"ઇંદ્રએ લગન તિહાં સાંધીઉએ કીધલું બમણ વેશનું**
**હસ્ત સંયોગ તિહાં હવું એ હરખીયા માય નવિ લાય તું"**

૨૭-૨૮મી ગાથામાં કવિએ સુમંગલાનો પરિચય આપતા જણાવ્યું છે કે,

**હિરણી પીત પતુલડી એ નીમાલીએ, કંઠિ કસુંભીઉ સાર**
**વિવિધ આભરણી શોભતી નીમાલીએ, રુપિ એ દેવકુમાર ॥૨૭॥**
**રાજહંસ ગતિ ગામિની એ નીમાલીએ, સુનંદા સુમંગલા નારી**
**ધિન ઋષભજિન પરણવા નીમાલીએ, રુપએ અંગિ ઉદાર ॥૨૮॥**

ચાર મંગળ થયા. સજ્જનોને દાન આપવામાં આવ્યું. કન્યાદાન કરવામાં આવ્યું. અમૃતરસયુક્ત કંસાર આરોગવામાં આવ્યો.

પરણીને રૂષભકુમાર પોતાના મહેલમાં પધાર્યા અને સકલ મનોરથ પૂર્ણ થયા. દેવો, મનુષ્યો અને વિદ્યાધર કહેતા હતા કે આ રૂપવંતી નારીને મહાન પુણ્યોદયે ઋષભ પ્રભુ મળ્યા છે.

લગ્ન પછી મહેલમાં પધારેલા ઋષભદેવના સત્કારની માહિતી આપતી ગાથા ૩૫ની પંક્તિઓ.

**આપણઈ આંગણિ આવીયા, માતા હરિખ ન માઈ**
**લૂણ ઉતારઈ એ પુત્રનઈ પુહતા મંદિર માંહિ ચાંદલુ ॥૩૫॥**

૨૦ લાખ વર્ષ પૂર્વ પછી રાજ્યની સ્થાપના કરી અને યુગલીઓનો ઉદ્ધાર કર્યો.

૮૩ લાખ પૂર્વકાળ સંસારમાં રહ્યા પછી પ્રભુએ દીક્ષા અંગીકાર કરી.

લોકાંતિક દેવો પ્રભુને વિનંતી કરીને ધર્મ તીરથ સ્થાપવા જણાવે છે.

રૂષભદેવ પ્રભુએ દીક્ષા અવસર જાણીને નીચે પ્રમાણે સંવત્સરી દાન કર્યાં. એક વર્ષ સુધી દાન આપ્યું હતું. પ્રતિદિન એક ક્રોડ આઠ

લાખ સુવર્ણ મુદ્રાનું દાન કર્યું. જે એક વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખનું દાન થાય.

ભવ્યાત્માઓ ભગવાનના દાનને પામે છે તે ખરેખર ભાગ્યશાળી ગણાય છે. ભગવાનના હસ્તે દાન પ્રાપ્ત કરનાર જીવો દુ:ખી અને દારિદ્રયથી મુક્ત થાય છે.

પ્રભુની વિશેષતા દર્શાવતાં કવિ કહે છે કે –

**ભવ ભ્રમ નિવારણ, બહુ સુખ કારણ દેવ.**
**જે તુજ નઈ સેવઈ તે સવિ પામિહે હેવ ॥**

પ્રભુએ પોતાના પુત્રોને રાજ્ય સોંપીને સંસાર ત્યાગ કરી દીક્ષા લીધી. પ્રભુની દીક્ષામાં દેવો-દેવીઓ-ઈન્દ્રો-વિદ્યાધરો અને મનુષ્યો એમ ક્રોડની સંખ્યામાં પધાર્યા હતા.

પ્રભુ શિબિકામાં બિરાજમાન થયા અને વરઘોડો સિદ્ધારથ ઉદ્યાનમાં આવ્યો. છઠ્ઠનો તપ કરીને પ્રભુએ ચાર હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા પછી પ્રભુ વિહાર કરીને ગ્રામાનુગામ વિચરતા હતા પણ લોકોને ભિક્ષાના આચારની ખબર ન હતી એટલે કોઈ હાથી, ઘોડા, સુવર્ણ આપતા હતા પણ તે પ્રભુને કલ્પે નહિ એટલે સ્વીકારતા નહોતા. પ્રભુ વિહાર કરતા હસ્તિનાપુર આવ્યા અને શ્રેયાંસકુમારે ઈક્ષુ રસ વહોરાવી પારણું કરાવ્યું. ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયા અને સર્વત્ર આનંદ-આનંદ પ્રવર્તતો હતો.

## ૬. આદીનાથ વિવાહલો

*આ રીતે હસ્તપ્રત પૂર્ણ થાય છે. હસ્તપ્રત અપૂર્ણ છે પણ વિવાહલો કાવ્યની દૃષ્ટિએ પ્રભુના વિવાહ અને દીક્ષા મહોત્સવનું, બાહુબલીના દીક્ષાના પ્રસંગનું વર્ણન મુખ્ય હોવાથી આદિનાથ વિવાહલો નામ આપવામાં આવ્યું છે તે ઉચિત છે.*

## આદીનાથ વિવાહલો

**કર્તા - અજ્ઞાત, લિપિકાર - પૂ. મુનિ સુયશચંદ્ર**

પ્રણમીસુ પહિલુ ચક્કેસરી માત, શ્રીજિનશાસન સ્વામીનીએ
થાપતી(તિ) વિધપખી અતિહિ ઉદાર, સાર કરઈ સેવક તણીએ ॥૧॥

ધ્યાયસું જિન ચોવીશ, આદી આદીશ્વર ગાઈસુએ
માય મરૂદેવીય તણું મલ્હાર, નાભિરાયા કુલ મંડણુંએ ॥૨॥

ગુણ ગણ ગિરુઉ અતિહિ અપાર ચડતરુ એ પખિ જિમ ચાંદલુએ
ચિંહુ દિશિ દીપઈએ ઉગતું ભાણ, જાણ એ રૂપનું કંદલુ એ ॥૩॥

સબ સુખકારણ ભય નિવારણ, ભવિયણ ભવજલ તારણુંએ
ત્રિભુવન સેવઈ એ જેહ તણાં પાય, નામિએ નવનિધિ કારણુંએ ॥૪॥

ઢાલ : ઉલાલુ

મોતીઅ ચૂક (ચોક) પુરાવું, નાભિરાયા કુમર વધાવું
શ્રી જિનશાસનિ ચંદો સેવઈ [૧]ચુસઠિ ઈંદો ॥૫॥

દેવ દેવાંગના આવઈ, સ્વામી હરિખિઈ વધાવઈ
ગાઈ જિનગુણ સાર જેહ નવિ લાભઈએ પાર ॥૬॥

ધિન જિનશાસનિ સાર, જિંહા નવિ જિનનુઉ પાર
આપઈ અવિચલ સિદ્ધિ, જોઉ જિનશાસન ઋદ્ધિ ॥૭॥

જિન નામિઈ પાતિક જાઈ, નાભિ [૨]રેલીઆઈતિ થાઈ
માતા હરિખ અપારો, સુત સોહઈ અતિ સારો ॥૮॥

અનુક્રમિ અવસર જાણી, ઈંદ્રિઈ તસ કન્યા બિઈ આણી
સુનંદા સુમંગલા નામ, હિવ કરઈ વિવહાનું નામ ॥૯॥

ઢાલ - વિવાહલાની

મંડિઉ જંગ વીવાહ તણું, નાભિરાયા તણઈ આવાસે
વિવાહ ધરિ હરિખિએ, ધવલ દીઈ બિહું પાસે

માંડવ ઘાલિઆ ચિંહુ દિસિ, સાજન દીઈ બહુમાન
ઠામિ ઠામિ નાટક રચઈ, રંગિ કરઈ બહુમાન ॥૧૦॥

આણ્યાં શાલિ દાલિ ઘૃતના, પાયા પકવાન [૩]
વિવિધ શાક સરસા કરી, જિમાડી સવિ જાન
ઉપરિ શ્રીફલ આપીઅ, થાપિઅ તિલક ઉદાર
ફુલ પાન સોપારીઅ, આપી તંબોલ સાર ॥૧૧॥

નવનવા વસ્ત્ર નવી પરિ, નિતુ નિતુ નિરખીય દીઈ
જે દેખી દેખી દેવ ચિંતવઈ, એ દાન જોઈઅ રહીઈ
તિંહા મિલીયા સુર કિન્નર નર, નરવર તેહ તણી કોડિ
એક એકનઈ તિંહા મિલઈ, સરસીઅ જોડિ ॥૧૨॥

ઢાલ - નમણાનું

શુભ થાનકિ થાપેવી સિંઘાસણ સાર,
તે ઉપરિ બિસારી કિ ઇંદ્રિય ગેલિસિઉ એ. [૪]
દેઈઅ મરદન ચારુ જાચા તેલસિઉ એ
સહસપાક લક્ષાપાક મિલુ બહુ દ્રવ્યસિઉ એ
ઋષભ ઉપરિ બહુ ભાવું ઇંદ્રિઈ ગેલસિઉ એ ॥૧૩॥

સુરભિ પદારથ મેલી ખેલિ કીધી સારી [૫]
ગટ તેણી ઉતારી ઇંદ્રિય ગેલસિઉ એ ॥૧૪॥

ગંગા જિમના તીર તસ પાણી આણી
તેહસિઉ ન્હવણ કરાવ કિ ઇંદ્રિઈ ગેલસિઉએ ॥૧૫॥

કસ્તુરી ઘનસાર તેણી પાણી વાસી,
સોવિન કલશ ભરાવી કિ ઇંદ્રિઈ ગેલસિઉએ ॥૧૬॥

ઢાલ - વર ચડાવવાની

તિંહા થકી પરણેવા સંચરીયા, ઇંદ્રિઈ ધરિઉ કરિ સારો
તસ ઉપરિ ચડી ચાલીઆ, અણુઅ સરિસિઉ જિનરાઉ

ત્રણિ છત્ર સુર શિર ધરઈ, બિંહુ પખિ ચામર સોહઈ
જાણે સુર ઈમ ચાલતુ સ્વામી, ત્રિભુવન જન મોહઈ ॥૧૭॥

તિંહા કનિ મિલીઆ સુરનર, કિન્નર નરવર દેવની કોડિ
એક ગાઈ એક વાઈએ, વાજીંત્ર એક નાચઈએ [૬]ખોડિ
ઢોલ દદામા દડદડી રંગા, બુહુ પરિ વાજઈ
તેણઈ [૭]નાદિ નભ પૂરીઉ, મેઘતણી પરિ ગાજઈ ॥૧૮॥

ગાઈ ગીત નવે રસે, નવ-નવા નારદ તુંબ
વરસ સોલની કામિની, નાચઈ અપછરા વૃંદ
જય જય શબ્દ તિંહા ઉચરઈ - કરઈ કઈ ચાર
ધવલ દીઈ વર પદમિની, પહિરી શુભ શણગાર ॥૧૯॥

ચહુટઈ ચાચરિ [૮]થાકણા, કીજઈ મન તણઈ રંગિ
ચંદનિઈ ચરચીઈ છાંટણા, ઉગલટ નવ નવ ભંગિઈ
ઉચિત દાન જિન આપઈએ, જિમ અષાઢુ મેહ
[૯]અઉઠ કોટિ રોમ ઉલ્હસઈ, દેખી દેવના દેહ ॥૨૦॥

ઢાલ - વત્થ તુ વડુ નેસાલીઉએ

બારણઈ ઘર તણઈ આવીઆએ ઇંદ્રાણી પુંખીયા તામતું ॥૨૧॥
જિનવર તાણીઆએ, [૧૦]ઘાટસિઉ (ઘાટડી) માંહિરામાંહિ,
તવ સજ્જન સહુ રંજિઉએ

સિરાવ યુગલ તવ ચાંપઉએ, કીધલા ખંડ બિ ચ્યારિ તું ॥૨૨॥
ઇંદ્ર એ લગનતિંહા સાંધીઉએ, કીધલું [૧૧]બંભણ વેસ તું...જિનવર ॥૨૩॥

હસ્ત સંયોગ તિંહા હવું એ, હરખીયા માય નઈ તાય તું ॥૨૪॥
ધવલ દીઈ વર કામિનીએ, ગાઈએ ગીત રસાલતુ ॥૨૫॥ જિનવર

ઢાલ-નિમાલીએ

પવિત્ર ભૂમિ જોઈ કરી એ નીમાલી એ, થાપીઆ ચુરીઅ સાર ઋષભનઈ
તિંહા કન્હિ થાપીઆ એ, નીમાલીએ જિમણ પાસિ દોઈ નારી
બિહ ફુલ નીમાલીએ ॥૨૬॥

પહિરણિ પીત [૧૨]પંતુલડીએ નીમાલીએ કંઠિ કસુંભીઉ સાર
વિવિધ આભરણી શોભતી એ નીમાલીએ રુપિ એ દેવકમાર ॥૨૭॥

રાજહંસ ગતિ ગામિની એ નીમાલીએ, સુનંદ સુમંગલા નારી
ધિન ઋષભજિન પરણવા એ નીમાલીએ, રુપિ એ અંગિ ઉદાર ॥૨૮॥

અનુક્રમિ મંગલ વરતીયા એ નીમાલીએ તેણીઅ વેલા ચ્યારિ
સજ્જન સહૂઈ તિંહા રંજિઉએ નીમાલીએ ત્રિભુવન જય-જયકાર ॥૨૯॥

ઢાલ - વયરસેન રાય વ્રત લીઉએ

ઇંદ્રિઈ મંગલ વરતીયા એ દોય કન્યા વામ અંગિ થાપીયા એ
દાન અવિહડ જિન આપીઉ એ તિંહા ઇંદ્રમાનઈ સમકિત દીપીઉ એ ॥૩૦॥

ઇંદ્ર ઇંદ્રાણીઅ નિરખતાએ જિન દીઠઈ એ ત્રિભુવન મોહતા એ
કંસાર અમૃતરસિ પૂરીઉ એ શ્રી આદિજિન આરોગીઉ એ ॥૩૧॥

પરણી અવર રાય વાલીયા એ દોય નારિ ગૃહી ઠામિ આવીયા એ
સકલ મનોરથ સંપદા એ, તિંહા મિલી ટલઈ વલી આપદા એ ॥૩૨॥

ઢાલ-ચાંદલાની

ચાંદલિઉ સોલ કલા જિસિઉ, વલી જિસીઉ શારદ ચંદ સોહઈ એ
સોહઈએ તિમ દોઈ નારિસિઉ નિજ ઘરિ આવઈ જિણંદ ॥૩૩॥

સુર નર વિદ્યાધર ઈમ કહઈ, રુઅડલીએ બહુ નારિ
દોહિલીએ એ વર પામીઈ, તે પામીઉ એણી નારી ॥૩૪॥

આપણઈ આંગણિ આવીયા, માતા હરિખ ન માઈ
લૂણ ઊતારઈ એ પુત્રનઈ પુહતા મંદિર માંહિ ચાંદલુ ॥૩૫॥

મનવાંછિત સુખ ભોગવઈ, ધન કણ કંચન સાર
વિવિધ આભરણિ અલંકરિઉ, જેહ નવિ લાભઈ એ પાર ચાંદલુ ॥૩૬॥

ઢાલ - આનંદરાય પહૂતીયા જામ એ

વીસ લાખ પૂરવ પછી રાજ થાપીયા યુગલીએ શ્રી જિનરાજ
તેણઈ એ થાનકિ વાસીઅ નગરી નામિઈ વિનીતા એ ઘણ-જણસભરી ॥૩૭॥

યુગલીઆ ધરમ નિવારણહાર જેહ તણાં ગુણ નાવઈ એ પાર
એકસુ [૧૩]શલ્પ સ્વામી જિઈ ભાખ્યો, ધરમ કરમ બિહૂં મારગ દાખ્યા ॥૩૮॥

ત્રિસઠિ લાખ પૂરવ રાજ પાલી મારગ સુખનુઉ સવિ અજુઆલી
જે હુંતી દુસ્સહ [૧૪]કિરમની [૧૫]આલી તેહ તણી વેલી વાધતીય વારી ॥૩૯॥

ઈંદ્રિઈએ ધણ-કણ પૂરી આપી ગઢ ગઢ મંદિર સોહઈએ વાપી
રૂઅડીય રીતીએ રાજ સો પાલઈ, આતમાના પરિલોક સંભાલઈ ॥૪૦॥

ઢાલ - ધોડી

અહે ચારિત્ર અવસર આવીઉ સંવત્સર દીઈ દાન ॥૪૧॥
લોકાંતિક ઈમ કહઈ તું ત્રિભુવન કેરુ રાજેસરુ ધરમ તીરથ વરતાવી ॥૪૨॥

અહે ઠામિ ઠામિ થિકી આણીઈ, સુરપતિ સોવન કોડી...॥૪૩॥
લોકાંતિક

અહે ત્રણસીઈ અઠ્યાસી સંખ્યા, કંચન કેરડી કોડિ...॥૪૪॥
લોકાંતિક

અહે ઉપરિ લાખ અઈસી વરુ, વરસીઈ દીઈ દાન...॥૪૫॥
લોકાંતિક

અહે વસ્ત્ર પાત્ર દીઈ ઘણા, તેહ નવિ લહીઈ પાર...॥૪૬॥
લોકાંતિક

અહે ભવિક જીવ હુઈ સદા, તેહ પામઈ એહ દાન...॥૪૭॥
લોકાંતિક

અહે આદિ અંત જેહ નઈ નથી, ગરુઉ લોહ મિથ્યાત્વ...॥૪૮॥
લોકાંતિક

ઢાલ - ધન સપનની

ઈમ દાન દેઈ નઈ દારિદ્રય ચૂરઈ લોક
આષાઢ તણી પરી સોવિન [૧૬]વુંઠઉ રોક
હવિ વલી લોકાંતિક એહવું કહી જિનરાજ
સંસારી જીવના હવિ તમે સારો કાજ ॥૫૦॥

ભવ ભ્રમ નિવારણ બહુ સુખકારણ દેવ
જે તુજનઈ સેવઈ તે સવિ પામિહે હેવ
ઈત્યાદિક બોલ કહિની પુહતા ઠામિ
પંચમ સુરલોકઈ બંગ ઈસિઉ તે નામિ ।।૫૧।।

નિજ સુત નઈ સ્વામી શીખ દીઈ અતિસાર
[૧૭]પરતેકિઈ જોઈ દેશ અઠાણું ભાર
[૧૮]આપણડઈ થાનકી થાપી, ભારત ભૂપ
બહુલી મંડણપતિ બાહુબલી સુરરૂપ ।।૫૨।।

કરયો તહમ કેરા, રાજ તણી સંભાલ
ન્યાઈ કરી ચાલ્યો, નવિ થાયો વલી બાલ
ઈસી શીખ દેઈ નઈ, ચાલ્યા ત્રિભુવન તાત
તેણઈ અવસરિ સુણઈ, મરૂદેવી ધિન માત ।।૫૩।।

દીક્ષા મનિ આણઈ, બહુ સુખ જેહ તણું જાણઈ
તેહથી થોડા માંહિ, સિદ્ધિ તણાં સુખ માણઈ
સુર કિન્નર નઈ નર, વિદ્યાધરની કોડિ
એક એક મિલી નઈ, સ્વામી નમઈ કર જોડિ ।।૫૪।।

કરઈ ચારિત્ર મહોત્સવ, પૂરઈ મનની આશ
જગગુરુ નઈ ગાઈ, દીઈ બહુ પરિ રાસ
શિબિકાંઈ બઈઠા, દીઠા ઈંદ્ર દેવ
તવ ઉપાડઈ સુર નર, નવિ લાગઈ [૧૯]ખેવ ।।૫૫।।

સિદ્ધારથ વનમાંહિ આવ્યા, જિનવર જામ
આભરણ ઉતારઈ, વારઈ રાગસુ તામ
પહિલું ભિક્ષાચર હોઈ, તેણઈ ઠામિ
ભવિ કેરા પાતિક જાઈ, જેહ નઈ નામિ ।।૫૬।।

ઢાલ - પીયુડુએ ધરિ આવી એ

ઉપવાસ દોઈ કરીઅ, વરઈ ચારિત્ર સૂધૂં સાર
મુનીવર સહસ ચ્યારીસુ, સ્વામી લીધું રે વલી સંયમ ભાર ॥૫૭॥
ઋષભ ઘરિ [20]વહિરઈ સૂઝતું રે, મિલઈ અન્ન ન પાન કે
સ્વામીનું ચિત્ત એષણા થાનકિ (દ્રુપદ) ॥૫૮॥

જિંહા જિંહા પુહુચિઈ વિહરવા[21] તેહ મનિ હરખ ન માય
આપઈ કોઈ માણિક ઘણાં મણી મોતી રે, ઘણ [22]ઘોડ રેઈ (ઘોડા) ॥૫૯॥

હાથી રે સોવિન સાંકળા, નિજ પુત્રી કન્યાદાન
પુણિ નવિ દીઈ સુઝતું [23]ફાસૂ એષણી રે,
જિસિઉ આહારનું માન કે ઋષભ ॥૬૦॥

રાગ - દેશાખ

વિહરતા ગજપુરી પુહલતા, રાય શ્રેયાંસકુમાર
પારણું તેણી કરાવીઉ, હવુ[24] જય જયકાર
અક્ષુ[25] તણું રસ વહિરીઉ સંવચ્છર અંતિ
દેવતાએ દિવ્ય વાસીયા[26] જિંહા છઈ પાંચમું અંતિ દ્રુપદ
જિંહા ઉભા કરઈ પારણું, જિંહા ઉપનું ભાવ
કુંમરી પીઠ બંધાવીઉ, ભૂમિઈ રયણમઈ તાવ[27] અક્ષુ. ॥૬૧॥

પહિલૂઅ પીઠ પૂજી કરી, કરઈ ભોજન સાર
તતક્ષણિ તક્ષશિલાઈ ગયા, સ્વામી સાંજ સુ ગાલિ અક્ષુ. ॥૬૨॥

દીઈ રે વનપાલઈ વધામણી સાંજઈ બાહુબલી રાય
હરખી જઈ વધાવીયા, વિકસ્યા રોમ રાય અક્ષુ. ॥૬૩॥

ઢાલ - હું કિમ એ વીરજિણંદ

માહરુઉ તાત સુજાણ તિહુઅણથી પુન્ચી આગલુએ
છાંડીય એ ધરતી ઋદ્ધિ, સિદ્ધિ નઈ કાજિ સંયમ લીઉએ ॥૬૪॥

લેઈઅએ સઘલી સેન, ઉગલઈ સૂરિ મઈ વાંદવાએ
એહવું એ ચિંતવી ચિત્તી, પૂહતા સેજિઈ[૨૮] સૂઈવા એ ॥૬૫॥

પરભાતિ એ રાય જબ જાઈ, તવ નવિ દેખનઈ સ્વામીનઈ એ
કીધલુ એ વ્યાહાર[૨૯] અનેથી[૩૦], કેથિ[૩૧] મિલઈ પ્રભુ મૂંહનઈએ ॥૬૬॥

પંથીય એ પૂછઈ વાત, તાત વિયોગીઈ દુઃખ ધરઈએ
એહવું એ ચિંતવઈ કીમ, પુણ્ય વિના ઋદ્ધિના સરઈએ ॥૬૭॥

રંકનઈ એ કેરઈ કરી, પામીઉ રયણ નવિ રહઈએ
મિ કિસ્યા એ કીધા પાપ, તાપ(ત) વિયોગિ સુ રહઈએ ॥૬૮॥

સંતતિ એ કુસંતતિ હોઈ, માય પીય નવિ વિહુડીએ[૩૨]
વિભવતા[૩૩] એ બાહુબલી જામ તામ દીઠા જિન પગલાએ ॥૬૯॥

ધરમવરએ કીધું ચક્ર, તાતની જાગતિસિઉ ઘરિ ગયાએ
ભોગવઈએ રાજ સુનેરુ[૩૪], બહુલીય[૩૫] બાહુબલી આગલાએ ॥૭૦॥

ઢાલ - જિમ સહિકારીઈ કોઈલિ ટહિકુએ

સહિસ વરસ ઈમ વહિરીય ધીર,
દેશ વિદેશ ચાલઈ જિનવીર બાવીશ પરીસહ જીપતાએ ॥૭૧॥
ધન્ય ગામ નગર પુરેવરુઅ,
જંગમ તીરથ જગત્રય રુઅ ધિન્ય ધિન્ય તે જેણિઈ દેખીયું એ ॥૭૨॥
તે ધિન ભૂમિ જિંહા સમોસરીય,
પુરીમતાલી પોહતા મનધરીય શગ[૩૬]ડમુહસિ ઉઝ્ઝ[૩૭]ણિ મુની ॥૭૩॥
ધિન ધુરિ નિ[૩૮]ગ્રોધ વૃક્ષા તલિ આવઈ

● કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧. ચુસઠિ | - ચોસઠ | ૪. ગેલિસિઉ | - આનંદથી |
| ૨. રલીઆઈત | - આનંદિત | ૫. ખલિ | - ઘૂંટવું |
| ૩. પાયા | - પાકી ચાસણીની મીઠાઈ | ૬. ખોડિ | - અંગોપાંગની ખોડ |

| | | | |
|---|---|---|---|
| ૭. નાદિ | - નાદ-અવાજ | ૨૩. ફાસૂ | - પ્રાસુક-આહાર |
| ૮. થાઉણા | - પડાવ નાખવા | ૨૪. હવુ | - થયો |
| ૯. અઉઠ | - સાડાત્રણ ક્રોડ | ૨૫. અક્ષુ | - ઈક્ષુ-શેરડી |
| ૧૦. ઘાટસિઉ | - ઘાટડી | ૨૬. વાસીયા | - પૂર્યા |
| ૧૧. બંભણ | - બ્રાહ્મણ | ૨૭. તાવ | - ત્યાં સુધી-ત્યારે |
| ૧૨. ચતુલડીએ | - પટોળું-વસ્ત્ર, | ૨૮ સેજિઈ | - શય્યા-પથારી |
| ૧૩. શલ્પ | - શિલ્પકળા | ૨૯. વ્યાહાર | - વિહાર |
| ૧૪. કિરમની | - કરમ (કર્મ) | ૩૦. અનેથી | - અન્ય સ્થાને |
| ૧૫. આલી | - સમૂહ | ૩૧. કેથિ | - કયા સ્થાને |
| ૧૬. વુઠઈ | - વૃષ્ઠિ | ૩૨. વિહુડીએ | - છુટા કરે |
| ૧૭. પરતેકિઈ | - પ્રત્યેક-દરેકને | ૩૩. વિભવતા | - વિચાર કરતા |
| ૧૮. આપણડઈ | - પોતાની | ૩૪. સુનેરુ | - સારી રીતે |
| ૧૯. ખેપ | - વાર-સમય | ૩૫. બહુલીય | - ઘણી રીતે |
| ૨૦. વહિરઈ | - ગોચરી વહોરવી | ૩૬. શગડમુહસિ | - શકટ મુખ |
| ૨૧. વિહરવા | - વિચરવા લાગ્યા | ૩૭. ઉજ્ઝણી | - ઉદ્યાનમાં |
| ૨૨. ઘોડ | - ઘોડા | ૩૮. નિગ્વોઘ | - ન્યગ્રોધ વૃક્ષ |

## ૭. વાસુપૂજ્યસ્વામિ વિવાહલાનો પરિચય

*વાસુપૂજ્યસ્વામીનો વિવાહ અવસર જાણીને ઈન્દ્રએ પ્રભુને વિનંતી કરીને કહ્યું કે, ઈન્દ્રાણી સમાન પુત્રી પદ્માવતીને આપ ગ્રહણ કરો. પ્રભુનો વિવાહ મહોત્સવ જાણીને દેવોએ રત્નજડિત મંડપની રચના કરી. મંડપ સોના અને માણેકના રત્નોથી અલંકૃત કર્યો.*

*ભોજન માટે સ્વાદિષ્ટ વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી દેવીઓ મધુર સ્વરી ધવલ-મંગલ ગીતો ગાતી હતી.*

*વૈમાનિક દેવ-દેવી હાથમાં શ્રીફળ લઈને આવ્યા અને અન્ય દેવ-દેવીઓને પ્રભુના લગ્ન પ્રસંગે આમંત્રણ આપવામાં આવ્યુ.*

*ઈન્દ્ર મહારાજાએ પ્રભુને પ્રસંગોચિત સ્નાન કરાવ્યું અને પદ્માવતીને પણ ચુંદડી ઓઢાડીને કંઠે પુષ્પમાળા પહેરાવવામાં આવી. તેણીના અંગોને ઉત્તમ રત્નોથી અલંકૃત કરવામાં આવ્યા.*

પ્રભુને સુવર્ણના આસન ઉપર બિરાજમાન કરી પ્રભુના મસ્તકે મુગટ, કંઠે મુક્તામાળા અને મણિથી અલંકૃત કરવામાં આવ્યા. પ્રભુના લગ્નના વરઘોડામાં દેવ-દેવીઓ, દેવેન્દ્રો, નરિંદો શોભતા હતા. દેવોએ સાજનને અને અન્ય વ્યક્તિઓને પહેરામણી આપી સંતુષ્ટ કર્યા.

શ્રેષ્ઠ હસ્તિ ઉપર બેઠેલા ત્રિભુવનપતિ રોહણગિરિ ઉપરના સૂર્યની જેમ શોભતા હતા. દેવીઓ હર્ષઘેલી બનીને ગીતો ગાતી હતી. બંદીજનો મુખથી કલ્યાણકારી શબ્દો બોલતા હતા. દેવો પ્રભુ આગળ નાટક કરતા હતા. આકાશ મંડપમાં વાજિંત્રોની સુંદર ઘોષણા થતી હતી. દેવો પ્રભુના મસ્તકે છત્ર ધરતા હતા અને અન્ય દેવો બે બાજુના ચામર ઢાંળતા હતા.

આ રીતે વરઘોડો વિવાહ મંડપ પાસે આવ્યો. ઈન્દ્ર-ઈન્દ્રાણીએ પ્રભુને મણિ-માણેક મોતીથી વધાવ્યા. સાસુજી પ્રભુને પોંખવા માટે તોરણ પાસે આવ્યા. વર-વધૂને માયરામાં પધરાવ્યા, પદ્માવતીએ પ્રભુના કંઠે વરમાળા પહેરાવી પછી પ્રભુએ પદ્માવતી સાથે હસ્તમેળાપ કર્યો.

ઈન્દ્રાણી-દેવીઓ લગ્નના પ્રસંગે ધવલ-મંગલ ગીતો ગાવા લાગી નર-નારીઓ પ્રભુને નિહાળવા માટે આવ્યા.

વાસુપૂજ્ય પ્રભુના માતા-પિતાને ધન્ય છે કે જેમને આવા પુત્રરત્નને જન્મ આપ્યો છે, માતા જયા રાણીને પણ ધન્ય છે. વળી ચંપાપુરી નગરીને ધન્ય છે કે જ્યાં વાસુપૂજ્યસ્વામીનો જન્મ થયો હતો.

પછી પ્રભુએ અગ્નિ સમક્ષ પ્રદક્ષિણા કરી. આગળ પ્રભુ અને પાછળ પદ્માવતી એમ પ્રદક્ષિણા કરી હતી.

ચાર ફેરામાં ચાર મંગલ વર્તતા હતા. પહેલા મંગલમાં લાખ ઘોડાનું દાન, બીજા મંગલમાં હજાર હાથીઓ, ત્રીજા મંગલમાં કરોડોના મૂલ્યવાળા આભૂષણો અને ચોથા મંગલમાં કન્યાદાન કરવામાં આવ્યું.

સાસુએ બદામ-પીસ્તા આદિ સુગંધી દ્રવ્યોથી કંસાર બનાવ્યો. દેવોએ સુવર્ણના થાળમાં દરેકને કંસાર પીરસ્યો પછી વર-વધૂએ કંસારનું ભોજન કર્યું.

આ રીતે પ્રભુ ઈંદ્ર-ઈંદ્રાણી અને પદ્માવતી સાથે શોભતા હતા પછી પ્રભુ વાજતેગાજતે પોતાના નગરમાં આવ્યા ત્યારે ઈન્દ્ર-ઈન્દ્રાણી દેવીઓ મંગલ ગીતો ગાતી હતી.

આ રીતે પ્રભુનો વિવાહ મહોત્સવ ઉજવાયો હતો.

વાસુપૂજ્ય પ્રભુ-પદ્માવતી સાથે સંસારસુખ ભોગવતા હતા અને મઘવા નામે પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ.

એક વખત પ્રભુ મિત્રો સાથે વનમાં ક્રીડા કરવા ગયા હતા. વસંતઋતુ હોવાથી નર-નારીઓ નાચ-ગાન કરતી હતી. આ દશ્ય જોઈને મૂઢ-મનુષ્યો મોહમાં મસ્ત બનીને દુર્લભ મનુષ્ય જન્મ વૃથા ગુમાવે છે. મનુષ્ય જન્મ હારી જાય છે. મોહ મુક્તિનો વૈરી છે. પ્રભુ આ પ્રસંગથી વૈરાગ્ય પામ્યા અને મોહનો ત્યાગ કર્યો.

પ્રભુ ૧૮ લાખ વર્ષ વીતાવીને પછી દીક્ષા લેવા માટે ઉત્સુક થયા. ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ભાષાંતરને આધારે વાસુપૂજ્ય સ્વામી વિવાહલોના સંદર્ભમાં પ્રભુના વિવાહ મહોત્સવની માહિતી નોંધવામાં આવી છે.

વાસુપૂજ્યસ્વામીના વિવાહનું વર્ણન ચિત્રાત્મક શૈલીમાં થયું છે. આંખ-કાન અને મનને આકર્ષક લાગે તેવું છે. હૃદયપટ પર એક ચિરંજીવ છાપ-અસર ઉત્પન્ન કરે તેવી ક્ષમતા આ વર્ણનમાં છે. સાહિત્યની દષ્ટિએ આ વર્ણનમાં અલંકાર યોજના નોંધપાત્ર છે. મનુષ્યલોક અને દેવલોકના સુભગ સમન્વયથી આ મહોત્સવ ઉજવાયો એ પણ એક આશ્ચર્યકારક ઘટના કહેવાય. ધાર્મિક સાહિત્યમાં આવાં દૈવી તત્ત્વોની કામગીરી સર્વમાન્ય છે.

## વાસુપૂજ્ય વિહાવલો

**કર્તા : અજ્ઞાત** **લિપિકાર : પૂ.સા.શાશ્વતયશાશ્રીજી**

રાગ-વઈરાડી

વીવહ અવસરિ અવસરિ આવીયા ॥એ ઢાલ॥

ઇંદ્રાણી સરખી આણી વધૂ પ્રભુનઈ કાજઈ

રાજાવત્સલ તણી પુત્રી પદ્માવતી રે પ્રભુ પરણો આજ કે કુલવધૂ ઈમ કહેઈ ॥૧॥

ધરણી વિણુ ઘર નવિ હોઈ ધરણી ઘર સાર કરેઈ

ધરણી તેણઈ લોક વારઈ પૂતા કુલવધૂ ઈમ કહેઈ ॥૨॥

વિવાહ મોટા માંડવા રે કનકમણિના થંભા રસવતી પકવાન ભરસ્યું ભોજનના આરંભકે, જિમઈ તિંહા નરનારિ વૃંદ જ્યોઈ જ્યોતિષી વ્યંતર ઇંદ, સુરી ધવલહિઈ આનંદ ॥૩॥

આવીયા અણતેડીયા રે, ઇંદ્ર ધરણી સાથી

વિમાનિક તિંહા દેવ આવઈ શ્રીફલ દીધૂ જન હાથી કે ॥૪॥ કુલ૦

ધરાધર આમંત્રણિ આવીયા વહુ સાથી, વધામણડા બહુ ભલાવઈ શોભતી શોભતી જિમણડઈ હાથ કે ॥૫॥ કુલ૦

ઢાલ-નમણનો રાગ-સામેરી સિંહાસન થાવેવિ એ ઢાલ :

શ્રી વાસુપૂજ્ય નરિંદ સુત દિનકર આવ્યો
નોપમ ન્હવણ કરાવ્યો સુર સમ નારિ પાએ ॥૬॥
ઉઢણ ચુનડીએ પહરણિ વર ઘાટ
કંઠિ કુસુમ ધરી માલ અંગિ અલંકરી એ ॥૭॥
કોકિલ કંઠિઅ નારી મુખ ધવલ દેયતી
તેલ સુગંધ કરોલા મર્દન દીજીઈએ ॥૮॥
મણિ કનકાસન સ્વામી વાસુપૂજ્ય પધારો
અહમ મનિ હરખ અપાર મર્દન દીજીઈએ ॥૯॥

યક્ષસુ કર્દમ દેહ પ્રભુ .... ગટ દેઈ
મંગલ ન્હવણ કરંતિ તીરથ નીરસુએ ॥૧૦॥

ઈંદ્ર મુગટ વરખુંપ શિર ઉગલકાનિ
મણિ મુગતાફલ માલ ગલઈ નવ કુસુમચીએ ॥૧૧॥

ઢાલ - કુંકુમ તિલક શિર કરીયા - એ ઢાલ

સુરપતી ભૂપતી સોહઈ વરઘોડઈ જગમોહઈ
કેશર છાંટણ કીજઈ અગરચુઈ તનુ ભીંજઈ ॥૧૨॥

સાજન ભૂષણ દીજઈ કુલવધૂ ચીર આપી જઈ
સુર પહિરામણી કીજઈ વરગડ વાગાએ દીજઈ ॥૧૩॥

બંદિ મુખઈ શિવ બોલઈ નાટક હોઈ સુરતો લઈ
જન - ગટ કરઈ ઘોલઈ સુરપતિ ઘંટ ઘોલઈ ॥૧૪॥

પ્રભુ વરઘોડઈએ શોભઈ ગગન નઈ શોભઈ
હસ્તિ ઘટા પંથિ થોભઈ ઘસતા પુરથમોભઈ ॥૧૫॥

ઢાલ - રાગ-શ્રીરાગ-જલ્હાનો હાથ જોડી ગઈ લાગીઈએ-ઢાલ

ત્રિભુવનપતિ વરગજ ચઢી વર ઐરાવણ સરિખઈ
રોહણગિરી તરણી સમ દેખી ॥૧૬॥

ત્રિભુવન હરિખઈ સુરનર કોડિ પરઘરિયા
અંબર વાજીંત્ર ઘોષા દાન હુઈ બહુ થોકણિ લૂણ હરઈ બહુ દોષા ॥૧૭॥

છત્ર પવિત્ર શિર ધરયા અમરીએ ચામર ઢાલ
ચંદમુખી ચાંદનીય પૂછઈ ગીતન ટાલઈ ॥૧૮॥

પૂછઈ રામણ દીવડોએ જિન અતિ વડો હોસિ
મુઝ પરિ ઝગમગ તું પ્રભુ એ જિન ત્રિભુવન જોસિ ॥૧૯॥

રાય કહઈ વીવાહણિએ શિખ્યા છઉ કયાં ખૂણઈ
બાહિર વેગઈ પધારીઈ બાહુમણિ ઘાતો ન ગુણિઈ ॥૧૯॥

વાસુપૂજ્ય વર તોરણ તે મણિ મોતી વધાવો
અર્થી દીઉ વરરાયનઈ પુહકણડાઈ કરાવો ॥૨૦॥
તવ જિન સાસૂ ધસમસી અર્ધ દીઈ શુચી નીરઈ
વાસુપૂજ્ય વેવાહીય ઇંદ્ર રહ્યા સમ તીરઈ ॥૨૧॥

ઢાલ - વડાનેસાલીઆનો તોરણ જિનવર પુહુકીયાએ ઢાલ

સાસૂઈ જિનવર પહુકીયાએ તાણી આપણઈ બારણઈ મુકીયાએ
પાય સરાવ ચંપાવીઉએ જાણે અશુભનું મૂલ કપાવીઉ એ ॥૨૨॥
કંઠિ વરમાલ દેવારિઈએ, ધિન વહુ જેણિ જિન કરિ ધારિય
માહિરા માંહિ પધરાવીએ મુખ જોઅણ બહુ જન આવીઈ એ ॥૨૩॥
પદ્માવતી હાથ મેલાવડો એ જાણે વહુ કર સુખ તણો ડાબડો એ
ધવલડા સાહલા સાહલા ડુઈએ તિંહા અપછરી કોતકડા જૂય એ ॥૨૪॥
ઇંદ્ર તે ધવલડા સાંભલઈએ તિંહા અમરીય સર્વ ગાવા મિલઈ એ
વરમુખ જોઈણિ મણિ ઢોઈએ જિણ દર્શનિ પુણ્યસિંધુ સોહીઈએ ॥૨૫॥

ઢાલ - રાગ-ધન્યાસી - ઘોડીની ઢાલ

એક ધિન ધિન રે માહીની કૂખ
એક ધિન ધિન વાસુપૂજ્ય નરપતિ જસકુલ જન આયો જિનઈ
આવઈ રે સુરનરપતિ ઘરિ ઘરિ ઘંટા નાદ વજાયો ॥૨૬॥
એક ધિન ધિન રે જયારાણી કુખિ જિનિ એ જિન જાયો
જિણઈ જણતઈ રે છપ્પન દિશિકુમરી શ્રીજિન ગાયાએ ॥૨૭॥
એક ધન ધન રે પદ્માવતી વધૂ જિણિ એ જિન વરીયો
જિણિ વરતી રે ચંપાપુર જનપદ બહુ ધન ભરિઉ ॥૨૮॥
એક ધિન ધિન રે સુરનરપતિ તતિ જિતીએ જિન થવીયુ
જિણઈ થવતઈ રે સુરગિરિ સિર ઉપરિએ જિન હવીયું ॥૨૯॥
એક ધિન ધિન રે, ચંપાપુર જન જિણિએ નિત દીઠો
જેણઈ દીઠઈ રે અમ્હ ત્રિભુવન જનનો પાતિક નીઠો ॥૩૦॥

ઢાલ - રાગ દેશાખ

અગનિ દીયે પ્રદક્ષિણા એ શ્રી જિન રક્ષ વિચક્ષણ એ
તિંહા યાચક દીજીઈ દક્ષણાઈ દેવી રી અગનિ પ્રદક્ષિણા એ
કેડિ પદ્માપિ સુલક્ષણા એ ઇંદ્ર ઈ જિનવર ભાંખીઆ એ ॥૩૧॥
તુઝ લાડૂ આશ છે જગિ ચાખિયાએ ॥૩૨॥
અતિ મીઠા કુણિ નવિ નાંખીયાએ તેણઈ ત્રિભુવન લોક સંતોષીયા એ
અણિ ટાઢઉ તીઈ અમ્હ આખીયા એ ॥૩૩॥

ઢાલ - રાગ- રામગિરી નીમાલીનો

ચઉરીચીતારડઈ ચીતરીએ બેફૂલની માલીએ
ચઉરીય મંડીય ઠામિ વરવધૂ તિંહા પધરાવી એ
બેફૂ૦ જોઈ છઈ કોઉકગામ ॥૩૪॥
પહિલુ મંગલ વરતીએ એ બેફૂ૦ લાખ તુરંગમ દાના
બીજુંઅ મંગલ વરતીયે એ બેફૂ૦ હસ્તિ સહસ પરધાન ॥૩૫॥
ત્રીજું મંગલ વરતીઈ એ બેફૂ૦ ક્રોડ મૂલા અલંકાર
ચુથઈ મંગલઈ છેટડીએ બેફૂ૦ પર તણી દોઈ સંસારિ ॥૩૬॥
બેટી અમાત પિતાઈ જાઈયે બેફૂ૦ સાસૂ હરખ અપાર
શ્રી વસુપૂજ્યનો નંદનો એ બેફૂ૦ પરણીઉ રૂપ ઉદાર ॥૩૭॥

રાગ-સારિંગ ઢાલ - કંસારનો

જિન સાસૂ નિજ કરઈ કેવલ્યો બહુ મેવામાંહિ મેલવ્યો
પસ્તા નિમ જાનાઈ વરકુલી તિંહા લઘુ બદામ મીજી મિલ ॥૩૮॥
તૂટિ કંસાર લ ચંગ મિલ્યા મિરી તેણઈ અતિ પિતલી
પ્રગતિ કરી તિંહા સાકર એલા દલ ભરી તિંહા દ્રાખ ભગતિ ઝીલી કરી ॥૩૯॥
અખોડ ખેડ તિંહા વલવલઈ લઘુચાર વિલીખ્યું
નવિ મિલઈ તિંહા છઈ વીચાપટ ચારબી તેણઈ નારી કેર કુટકી નવિ ॥૪૦॥

ઘનસાર રહ્યું તિંહા મસમસઈ સુરપતિ પણિ ખાવા મસન ધીસઈ
સુવિશાલ કનકમણિ થાલમાં પીરસ્યો કંસાર સુસાલમાં ॥૪૧॥
બઈઠા વરવહૂ જિમવા ભણી રે મિઉ બહુસ્યું જિન જગધણી

ઢાલ રાગ - રામગિરી ઢાલ ચાંદલનો

ઇંદ્ર ઇંદ્રાણીઈ પરિવર્યો જિમ રાજઈ સુરલોકઈ
તિમ પદ્માવતી નારીસ્યુ થવિઉ તિમ પુર લોકગઈ ॥૪૨॥

પરણીય જિનઘરિ આવીયા મંગલ ગાઈ છઈ નારિ
જનના અ કરતી લોછણા વાજા વાજઈ છઈ બાર ॥૪૩॥

આછણ પાણી ઉતારતી ધવલ દિઈ બહુ નારિ
પંચ વિષય સુખ ભોગવઈ પુત્ર હવો એક સાર ॥૪૪॥

નામ મઘવા તસુ મઘવ સમ અવતાર
એક દિન મિત્રસ્યુ પરિવર્યો લીલાવન માંહઈ જાય
રમતિ વસંત તે નિજ રમઈ જિનમનિ તે ન સુહાય
મૂઢ નરા મોહ મોહીઆ હારઈ નર અવતાર
ત્રિભુવન માંહિ જો દોહલા નરભવિ વિણ નવિ પાર
મૂઢ મોહ અંગીકરઈ તે મુગતિ જ વેરી હોઈ
મોહ ઉપજામ વેરીઉ મૂક્યો સબ જિન જોઈ

: વાસુપૂજ્ય વિવાહલાની ઢાલ દસ સંપૂર્ણ :

- કઠિન શબ્દાર્થ :

| | | |
|---|---|---|
| ૧. | ઠાવેવિ | - સ્થાપના કરવી |
| ૨. | ધવલડાં | - મંગલ ગીતો |
| ૩. | પણિ | - પણ |
| ૫. | જિમવા | - જમવા (ભોજન કરવા) |
| ૬. | ધિન ધિન | - ધન્ય ધન્ય |
| ૭. | રાજઈ | - શોભા |
| ૮. | ચઉરીય | - ચોરી (લગ્નનું સ્થળ) |
| ૯. | પરધાન | - પ્રધાન મુખ્ય |
| ૧૦. | વાજઈ | - વાગે છે (વાજાં) |

# ૮. શાંતિનાથ ધવલ (વિવાહલો)

'વિવાહલો' સંજ્ઞાની સાથે 'ધવલ' સંજ્ઞાનો પ્રયોગ થયો છે. એટલે દીક્ષા પ્રસંગના કાવ્યનો અર્થ રહેલો છે. શાંતિનાથ ભગવાનની દીક્ષા એ મંગલ કરનારી છે. આ પ્રસંગ વિવાહ કરતાં પણ અધિક આનંદનો છે. શિવવધૂને વરવા માટે સંયમ જીવન એ રાજમાર્ગ છે. તેનું અનુસરણ મુક્તિદાયક બને છે.

આચાર્ય વિનયદેવસૂરિએ આ ધવલની ૪૩ ઢાળમાં રચના કરીને વિવિધ પ્રસંગોનું નિરૂપણ કર્યું છે.

આ ધવલની હસ્તપ્રત અપ્રગટ પ્રાચીન ગૂર્જર સાહિત્ય સંચયમાં પ્રગટ થઈ છે. (પા.૪૦)

ધવલનો પરિચય નીચે પ્રમાણે છે :

આરંભમાં શાંતિનાથની આરાધના ગુરુવંદના અને નિર્વાણીદેવીની સ્તુતિ કરવામાં આવી છે. ધવલ રચનાનો ઉલ્લેખ કરતી પંક્તિ જોઈએ તો "સોળમા જિનવરનું ધવલ રચું હું સારૂં"

**શાંતિનાથ ભગવાનના ૧૨ ભવ :**

૧. શ્રીસેન રાજા ૨. યુગલિક ૩. સૌધર્મ દેવલોકમાં દેવ ૪. અમિતતેજ વિદ્યાધર ૫. પ્રાણાંત દેવલોકમાં દેવ ૬. બલભદ્ર ૭. અચ્યુત દેવલોક ૮. વજ્રયુધચક્રી ગ્રૈવેયક દેવ ૯. ત્રીજા ગ્રૈવેયકમાં દેવ ૧૦. મેઘરથ રાજા ૧૧. સર્વાર્થ સિદ્ધ વિમાન ૧૨. શાંતિનાથ.

**શાંતિનાથ ધવલ (વિવાહલો)**

સોળમી સદીના મધ્યકાળમાં થયેલા બ્રહ્મમુનિએ વિવિધ પ્રકારની કૃતિઓનું સર્જન કર્યું છે. તેમાં ધવલ, વિવાહલોની રચનાની માહિતી પ્રગટ કરવામાં આવી છે.

સુપાર્શ્વજિન વિવાહલો વાસુપૂજ્યસ્વામી ધવલ અને શાંતિનાથ વિવાહલો (ધવલ) અપ્રગટ છે. તેની હસ્તપ્રત પૂ.ઉપા. ભુવનચંદ્રજીની પ્રેરણાથી નાની ખાખરના જ્ઞાન ભંડારમાંથી મળી હતી. આ હસ્તપ્રતનું લિપ્યંતર કરીને અપ્રગટ પ્રાચીન ગૂર્જર સાહિત્ય સંચયમાં પ્રકાશિત થઈ છે. (પા.૪૦) તેને આધારે વિવાહલોનો પરિચય આપવામાં આવ્યો છે.

બ્રહ્મમુનિનું બીજું નામ વિનયદેવસૂરિ હતું. કવિએ ૪૩ ઢાળમાં શાંતિનાથ ભગવાનના જીવનનું વિસ્તૃત વર્ણન કર્યું છે. કૃતિમાં કોઈ સ્થળે રચના સમયનો ઉલ્લેખ નથી પણ ૧૭મી સદીની રચના છે. એમ અનુમાન કરવામાં આવે છે. છેલ્લી ઢાળમાં કવિના નામની સાથે રચના માટે આધારભૂત ગ્રંથની માહિતીનો નિર્દેશ થયો છે.

વિવાહલોની ૧ થી ૨૩ ઢાળમાં શાંતિનાથ ભગવાનના ૯ પૂર્વભવોનું વર્ણન છે. ૨૪મી ઢાળથી શાંતિનાથ ભગવાનના ૧૦માં ભવનું વર્ણન કર્યું છે. આ ભવમાં પારેવાના રક્ષણના પ્રસંગે જીવદયાનું એટલે અહિંસા પરમો ધર્મનું પ્રતિપાદન થયું છે.

મેઘરથ રાજાના ભવમા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને ચક્રવર્તી પદની પણ પ્રાપ્તિનો અપૂર્વ સંયોગ થયો હતો. એક ભવમાં દોય પદવી પામ્યા હતા.

સંયમ જીવનનો મિતાક્ષરી ઉલ્લેખ કર્યો છે. કવિના શબ્દોમાં માહિતી નીચે મુજબ છે :

**ઉત્તરાધ્યયનની વૃત્તિ પ્રમુખ થકી, ભાખ્યો એકાધિકાર,**
**આપમતિ કાંઈ હિણ અધિક, કહિઉ, સાચવઈ બુદ્ધિ કરઉ સારા આણંદ ॥૧૫॥**

**શાંતિ જિનેસર સ્વામી સોલમો ગાયું મન ઉલ્હાસ,**
**બ્રહ્મ કહિ નિતુ સેવા સારતાં, પૂરઈ વંછિત આસ આણંદ ॥૧૬॥**

**ઈતિશ્રી શાંતિનાથ વિવાહલો**

**સંપૂર્ણ । શુભં ભવતુ । કલ્યાણમ્ ભૂયાત્ । લેખક પાઠક્યોઃ ।**

કવિએ વિવાહલોના આરંભમાં શાંતિકરણ શાંતિનાથ ભગવાન, નિર્વાણીદેવી અને ગુરુની સ્તુતિ કરીને ધવલ રચના કરી છે એમ સ્પષ્ટ દર્શાવ્યું છે તે ઉપરથી એવું અનુમાન કરવામાં આવે છે કે ધવલ એ વિવાહલોનો પર્યાયવાચી એટલે કે વિવાહ ઉત્સવનું વર્ણન કરતું કાવ્ય છે. કવિના શબ્દો છે.

**આરાધું ભવિ શાંતિકર, શ્રી શાંતિ**
**ગિરુઆ ગુરૂ વંદુ, ટાલી મનની ભ્રાંતિ**
**નિર્વાણી નામી શાસન દેવી સંભારું,**
**સોલમા જિનવરનું ધવલ રચિસું હઉં સારું**

શાંતિનાથ ભગવાને પૂર્વભવમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું તે પ્રસંગનું વિસ્તારથી વર્ણન કરીને ભગવાનનાં પાંચ કલ્યાણકનું અન્ય ઢાળમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. અત્રે વિવાહ સાથે સંબંધિત ઢાળની માહિતી પ્રગટ કરવામાં આવી છે. વિવાહ શબ્દ બે અર્થમાં પ્રયોજાયો છે. વિવાહ એટલે ભૌતિક વિવાહ-લગ્ન અને અધ્યાત્મિક વિવાહ દીક્ષા ઉત્સવ-મુક્તિવધૂને વરવાનો પ્રસંગ એમ સમજવાનું છે.

વિવાહ પ્રસંગનું વર્ણન કરતી ઢાળ નીચે પ્રમાણે છે :

**વિવાહ અવસર આવિઉ, કુમર પદવી માંહિ બોલ્યાં વરસસહ-પચવીશ,**
**હરખ પામી જનક જનની વાર્ધિચિત જગીશ... ૧૭**

સહુકો સાજણ રંગે આવી રૂડે હત્થિણા ઉરિ પુરિ ઠામિ,
જિહાં નરપતિ વિશ્વસેન નામી ॥ આંકણી

યૌવનવય જબ જાણીયા રે જોઈ રાજકુંઆરિ,
કરિપરિવિવાહની મનિ, આણી હરખ અપાર. ૧૮

સહુ રતન મંડપ કર્યા મોટા ચિત્રરંગ અપાર,
ચંદ્રુઆ ઉપરિ બાંધીયા જાણિ અમર મંદિર અતિજ્ઞાન. ૧૯

ઢાળ : સિંહાસનથાપિન

રતન સિંહાસનસાર શ્રી શાંતિ બેસાર્યા,
તેલ સુંગધ અપાર મરદન તિહાં કર્યુએ,
ખીર સમુદ્રવર નીર જિનનઈ નહવરાવી,
લુહી કોમલ ચીર કરે વિલેપણે એ. ॥૨૦॥

ખૂંપ રતનમયસાર મસ્તકિ પહિરાવિ,
કાનિ કુંડલ ગલઈ હાર બાંહિ બહિરખાંએ,
સોવન સમુદ્રકી હાથિ-સોહિ અતિભલીએ,
ઈમ આભરણ અનેક પહિરાવી વલીએ.. ॥૨૧॥

ઢાલ - ઉલાલાની

તિલક સોહાવીએ ભાલ, આંજ્યાં નયન વિશાલ,
ચંદ્ર નખોલી કરાવી કુસુમમાલ પહિરાવી... ॥૨૨॥

અચિરાપૂરીએ હરખઈ, વિકસિત નયણે એ નિરખઈ,
જાન તણો નહીં પાર ઉત્સવ થાએ અપાર.. ॥૨૩॥

રાજકુંઅરિ પ્રભુ પરણી નયણઈ હરાવિએ હરણી,
આદિ જસોમતી જાણી, રૂપ સોભાગની ખાણી. ॥૨૪॥
તે હસ્યું ભોગવઈ ભોગ, પૂરવ પુન્ય સંયોગ,

શાંતિનાથ ભગવાનને ૨૫૦૦૦ વર્ષ સંસારલીલા ભોગવીને સંયમનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગનું ભાવવાહી વર્ણન કરતી કવિની પંક્તિઓ નીચે મુજબ છે :

ઢાલ : દીઠાં સામિની સપનડાંએ

સરસવરસ વચવશ એણી પરિ, રાજપાલઈ સાર,
લોકાંતિક સુર એણે અવસરિ બોલઈએ (૨) વચન ઉદારકિ. ॥૭૬॥
સ્વામી સંયમ આદરઉ, સુખ લહિ (૨) જિણિ સવિ જીવકિ,
પર ઉપગાર ધરી મનઈએ કરૂણાએ (૨) કરો સદીવકિ. ।સ્વામી।
ઈમ સુણી જિનરાજજીરે, દેઈ સંવચ્છરદાન, કોડિ ત્રણસઈ કોડી અઠ્ઠાસી,
લાખએ (૨) અસી વલિ માનિકિ... સ્વામી । ॥૭૭॥
રોકજજઈ ઈમ ઘડી છ લગઈ, અવર દાતુકાર,
અન્ન ઔષધ વસ્ત્રનાં રે આપીઈએ (૨) દાન અપાર કિ... સ્વામી ॥૭૮॥
કુમર ચક્રાયુ ઘ(૨) તિહાં રે થાપીયું વરભૂપ,
જિન કરિ ચારિત્ર ભાવના રે જોઈય (૨) સંસાર સરૂપ કિ...સ્વામી ॥૭૯॥
ઈણિ અવસરિ ઈંદ્ર સઘલા સપરિવાર મિલંતિ ખીર,
સમુદ્રજલઈ કરી રે જિનનઈએ(૨) ન્હુવણ કરંતહિ... સ્વામી ॥૮૦॥
વિલેપી બાવનિચંદનિ, વસ્ત્ર વેષ સફાર સિંહાસનિ બઈ,
સારીયારે તનુ કરિ સવિ શણગાર કિ... સ્વામી ॥૮૧॥

ઢાલ : કલસની

તિહાં ભૂંગલભેલ નફેરી મહુઅરી, માદલ અરસીતાલ,
વરવીણા વંસ અને સર મંડલ પડહ તિવલ કંસાલ;
ધણ વાજિંત્ર વાજઈ અંબર ગાજઈ અમર કરી જયકાર,
ભૂમંડલિ માનવસુર ગયણંગણિ વિદ્યાધર નહીં પાર... ॥૮૨॥
સહસાવનિ આવી સહુ વધાવી મૂકી સવિ શણગાર,
ભાવના વિશેષઈ સમમતિ દેખઈ, જાણિં અથિર સંસાર;
તિણખિણ શિર લોચઈ, વિષય સંકોચઈ લિ સુરપતિ સરિવાલ,
ક્ષીરોદકી મૂકી, રીતિન ચુંકિ છઠ્ઠતપઈ સંભાલ. ॥૮૩॥

**કહી 'નમો સિદ્ધાણં' વિનય વિનાણં લઈ સાવદ્યનું નીમ,**
**ઉચરઈ સામાયિક મણવય કાયક ત્રિવિધ જીવતાં સીમ;**
**સંભવિ સુરાસુર આથિ નરવર એક સહસ લઈ દીખ,**
**મનઃ પર્યવ પામે સહુ સરિનામિ, પાલે સુધિ શીખ... ।।૮૪।।**

વિવાહલો સ્વરૂપની અન્ય કૃતિઓમાં પ્રસંગનો વિસ્તાર અને માહિતીનો ઉલ્લેખ થયો છે. તેવો અહીં ઉલ્લેખ નથી. ચરિત્રાત્મક નિરૂપણાની દૃષ્ટિએ પ્રભુનાં પાંચ કલ્યાણક અને પૂર્વભવના પ્રસંગોને વિવાહલોમાં સ્થાન આપ્યું છે. કવિએ આરંભમાં 'ધવલ' શબ્દ પ્રયોગ કર્યો છે અને અંતિ વિવાહલો સંપૂર્ણ એમ સ્પષ્ટ જણાવ્યું છે. એટલે આ પ્રકારની કૃતિઓ વિવાહના સંદર્ભની સાથે ચિત્રાત્મક અંશોવાળી છે. પ્રભુનું જીવન નિષ્કલંક, કર્મરહિત અને નિરંજન સ્વરૂપ છે. એટલે 'ધવલ' શબ્દ પ્રયોગ કર્યો હોય એમ અનુમાન કરવામાં આવે છે અને કલ્યાણકના પાંચ દિવસો વિવાહના અભૂતપૂર્વ આનંદના છે એમ માનીને કવિએ રચના કરી છે. સંદર્ભ (હસ્તપ્રત)

સંદર્ભ : અપ્રગટ પ્રાચીન ગૂર્જર સાહિત્ય સંચય

## ૯. શ્રી નેમનાથ વિવાહલો

*નેમનાથ ભગવાનના વિવાહલોની કૃતિઓમાં નીચેના પ્રસંગોનું વર્ણન કે મિતાક્ષરી પરિચય પ્રાપ્ત થાય છે.*

- *નેમકુમાર સુદર્શન ચક્ર ચલાયમાન કરે છે, શંખ ફૂંકે છે.*
- *યુવાવસ્થામાં વિવાહ માટે ગોપીઓ સાથે જળક્રિડા.*
- *લગ્નની તૈયારી - જાન પ્રસ્થાન*
- *ઉગ્રસેન રાજાના દરબાર પાસેના લગ્નના માંડવે પહોંચ્યા ત્યારે પશુઓનો કરૂણ પોકાર સાંભળીને દયા ધર્મ પ્રતિપાલક*

નેમકુમાર રાજિમતીનો ત્યાગ કરી ગઢ ગિરનાર થઈને સંયમ અંગીકાર કરે છે. રાજિમતીને રાજા-રાણી અને સખીઓ અન્ય રાજકુમાર સાથે પરણવા સમજાવે છે પણ રાજિમતી સંમત થતી નથી અને ગિરનાર જઈ નેમીનાથ પાસે દીક્ષા અંગીકાર કરે છે.

નેમ-રાજુલની જોડી આરાધના કરીને મોક્ષે સિધાવે છે.

નેમીનાથનાં પૂર્વજન્મના નવભવમાં રાજિમતી-રહનેમિના પ્રસંગનો પણ સમાવેશ થયો છે.

કવિઓએ પોતાની કલ્પનાશક્તિ અને કલાથી આ પ્રસંગોના આધારે વિવાહલો કાવ્યો રચ્યાં છે. વિશેષ વિવાહલો કૃતિઓનો પરિચય વાંચવા ભલામણ.

નેમીનાથના શ્લોકોની ૬૩મી ગાથા. નેમીનાથ તોરણે આવ્યા ત્યારે દેવ વિમાન જુએ છે.

કલ્પસૂત્રમાં એવો ઉલ્લેખ છે કે જળક્રિડા વખતે એવી દેવવાણી થઈ કે, હે સખી ! તમે તો ભોળી છો, કારણ કે આ પ્રભુને બાળપણમાં ૬૪ ઈન્દ્રોએ મળીને યોજન પ્રમાણે પહોળા મુખવાળાં હજારો કળશોથી અભિષેક કર્યા હતા તો પણ વ્યાકુલ નહોતા થયા તો તમે એમને લગ્નની બાબતમાં મહેનત કરવાની છોડી દો.

નેમિકુમાર શંખ ફૂંકે છે તે પ્રસંગથી કૃષ્ણ ચિંતાતુર થાય છે. કૃષ્ણ-બલભદ્ર સાથે મળીને વિચારણા કરે છે કે નેમિકુમારને કેવી રીતે પરાસ્ત કરવા. મહાબળવાન નેમિકુમાર આપણું રાજ્ય લઈ લેશે.

આવો વિચાર કરતા હતા તે વખતે આકાશમાંથી દેવવાણી થઈ કે હે હરિ ! પૂર્વે નમિનાથ તીર્થંકરે કહ્યું હતું કે શ્રી નેમિનાથ નામના ૨૨માં તીર્થંકર કુમાર અવસ્થામાં જ દીક્ષા લેશે દેવવાણીનો સંદર્ભ કલ્પસૂત્રના સાતમાં વ્યાખ્યાનમાં છે.

*ભક્તિ માર્ગની વિચારધારામાં પૂજા સાહિત્યથી અમર કીર્તિને વરેલા કવિ પંડિત વીરવિજયજીએ જૈન સાહિત્યના વિવિધ કાવ્ય પ્રકારોની કૃતિઓનું સર્જન કરીને સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેમાં વિવાહલો સ્વરૂપની નેમી વિવાહલો કૃતિનો પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચયને આધારે નેમનાથ વિશેની અન્ય કૃતિઓ સમજવા માટે માર્ગદર્શન મળે છે.*

*કાવ્યનો આરંભ સરસ્વતી વંદના અને શંખેશ્વર પાર્શ્વનાથને નમસ્કાર કરીને નેમી વિવાહ રંગે ગાઈશું એમ જણાવ્યું છે.*

*કવિએ વિવાહલોમાં નેમનાથ ભગવાનનું ચરિત્રાત્મક નિરૂપણ કર્યું છે. તેમાં 'વિવાહ' વિશે રસિક વાણીમાં વર્ણન કરીને કૃતિને લોકભોગ્ય બનાવી છે.*

*બાવીશમી ઢાળમાં ગુરુ પરંપરા, રચના સમય અને પ્રેરક વ્યક્તિના નામનો ઉલ્લેખ કરીને કાવ્ય પૂર્ણ થયું છે. દેશીઓનો પ્રયોગ પણ નોંધપાત્ર છે. ૨૨મી ઢાળમાં લાલના પ્રયોગથી વિવાહ ગાવા-વાંચવામાં રંગ જામે તેમ છે. આ ઢાળમાં પરંપરાગત રીતે ફળશ્રુતિનો સમાવેશ થયો છે. કવિના શબ્દોમાંજ ૨૨મી ઢાળ પ્રગટ કરવામાં આવી છે. ત્યારપછી કૃતિનો રસાસ્વાદની વિગતો આપવામાં આવી છે.*

**ઢાળ-બાવીસમી**

**(અચિરાનંદન અરજ અમારી લાલ, પ્રભુ દિલમાં ધરજો રે-એ દેશી)**

**મેં ઈમ નાથ, નિરંજન ગાયા લાલ, પ્રભુ ગુણ દિલ ધારી રે.**
**મલી જિમ ગોપીયે, હુલરાયા લાલ; પ્રભુ૦**
**પરણ્યા નહીં પણ, પ્રીતીડી પાળી લાલ, પ્રભુ૦**
**અંતે વરીયા, શિવ લટકાળી લાલ. પ્રભુ૦ ૧**

**તપ ગણ ગયણ દિણંદ સમાનો લાલ, પ્રભુ૦**
**શ્રી વિજયસિંહસૂરિ સન્નિધાનો લાલ; પ્રભુ૦**

શિષ્ય તે સત્યવિજય ગુણગેહા લાલ, પ્રભુ૦
તસ કપૂર ખિમાવિજય સસનેહા લાલ. પ્રભુ૦ ૨

સેવક જસવિજયો જયવંતા લાલ, પ્રભુ૦
પંડિત શ્રી શુભવિજય મહંતા લાલ; પ્રભુ૦
તસ શિષ્યે ગરબી દેશીમાંહી લાલ, પ્રભુ૦
ગાયો નેમવિવાહ ઉછાંહી લાલ. પ્રભુ૦ ૩

નભ ભોજન ગજચંદ્રને(૧૮૬૦)વરસે લાલ, પ્રભુ૦
પોષ તણી વદિ આઠમ દિવસે લાલ; પ્રભુ૦
રાજનગરમાં શ્રાવક શોભે લાલ, પ્રભુ૦
ગુરૂ ઉપદેશે કુમતિ થોભે લાલ. પ્રભુ૦ ૪

વંશ શ્રીમાલી અમીચંદ નંદે લાલ, પ્રભુ૦
ઘરે જિન પૂજી ગુરૂ નિત વંદે લાલ; પ્રભુ૦
શાહ પ્રેમચંદ કહેણ ઉજમાલે લાલ, પ્રભુ૦
બાવીશમો જિન બાવીશ ઢાલે લાલ. પ્રભુ૦ ૫

થુણિયા વીરવિજય જયકારી લાલ, પ્રભુ૦
સુણશે ગાશે જે નરનારી લાલ; પ્રભુ૦
તસ ઘર મંગલમાલ રસાલા લાલ, પ્રભુ૦
વિમલા કમલા ઝાક ઝમાલા લાલ. પ્રભુ૦ ૬

**શ્રી નેમિનાથ વિવાહલો સમ્પૂર્ણ**

**રસાસ્વાદ**

વિવાહલો સ્વરૂપ કાવ્યોમાં વિશેષતા છે કે તેમાં શૃંગાર રસની સૃષ્ટિ હોય છે, પણ આ શૃંગારમાંથી પ્રગટ થતો ભૌતિક પ્રેમ અંતે તો વૈરાગ્ય ભાવનાથી દૃઢ બનીને સંયમ પંથે પ્રયાણ કરીને મુક્તિરૂપી રમણીને વરવાનો ભગીરથ પુરૂષાર્થ દર્શાવવામાં આવે છે. નેમિ વિવાહલોમાં શૃંગારરસ, કરૂણરસ, શાંતરસ અને વીરરસની સરિતા

વહે છે. રસરાજ શૃંગાર છે તો બીજી તરફ કરૂણરસ પણ હૃદયના તારને ઝણઝણાવી મુકે છે. આબાલ ગોપાળ સર્વને સ્પર્શે છે. તેમ છતાં અવસ્થા અનુરૂપ બંને રસનું વિશિષ્ટ પ્રકારનું સ્થાન છે. સાહિત્યની સૃષ્ટિ તો રસિકભૂમિની છે જેમાં અલ્પસ્પર્શ પણ હૃદયને અનન્ય અનુભૂતિ કરાવવામાં સમર્થ નીવડે છે. નેમિવિવાહલોમાં શૃંગાર રસની અભિવ્યક્તિના વિવિધ પ્રસંગો છે.

શ્રી કૃષ્ણની આયુધશાળામાં બાળ નેમિકુમાર પ્રવેશ કરીને ચક્ર ચલાવે છે અને શંખ વગાડે છે આ સાંભળીને કૃષ્ણને એમ લાગે છે કે મારો કોઈ દુશ્મન ઉત્પન્ન થયો લાગે છે. ચક્ર ચલાવવાની શક્તિ બીજા કોઈ રાજામાં નથી એમ વિચારવા લાગ્યા. આ પ્રસંગમાં વીરરસની શાંત અભિવ્યક્તિ છે અને જ્યારે કૃષ્ણને પ્રત્યક્ષ રીતે જોતાં ખ્યાલ આવે છે ત્યારે તો નેમિકુમાર એટલે નાનાભાઈને જોઈને આવેશ દૂર થઈ જાય છે.

**મીત્ર કહે ઈમ પાય પડીરે. રમતા આયુધશાલાઈ આયા.**
**ચક્ર ગદા લેઈ શંખ બજાયા ॥૨॥**

**નેમી શબ્દ તણી ચિંતા અધકેરી, કુણ ઉપનો મુજ ઉપરી વેરી;**
**દેતારિ તતષિણ તિહાં જાય, તવ દીઠો મીઠો લઘુ ભાય ॥૩॥**

શ્રીકૃષ્ણના કહેવાથી ગોપીઓ નેમિકુમારને પરણવા માટે રસ રાગરંગ ભરી રીતે જળક્રીડા કરાવે છે. જળક્રીડાનું દશ્ય એ શૃંગાર રસનું અપૂર્વ ઉદાહરણ છે. આ વર્ણનમાં ચિત્રાત્મક અભિવ્યક્તિ રહેલી છે. નેમિકુમારને કેન્દ્રમાં રાખવામાં આવે છે અને ગોપીઓ એમની આજુબાજુ જળક્રીડા માટે સરોવરમાં ભેગી થઈ છે.

**હસિ બોલો રે બાલા રે બાલા...**
**પાનનાં બીડાં રે ખાતી...**
**યૌવન મદ રસ માગતી રાતી...**

ગોપીકાનું આ ચિત્ર શૃંગાર રસની અભિવ્યક્તિની સાથે યૌવનનો ઉલ્લાસ, જીવનનો રાગ પ્રગટ કરે છે. ગોપીઓ ફૂલનો દડો ઉછાળે છે અને દડાની આ રમત પ્રેમમાં એક નવી ચોકટા પ્રગટ કરે છે. ગોપીઓ દડે રમે છે આ દડો નેમકુમારની છાતીમાં વાગે છે અને તુરત જ બીજી ગોપી એમની પાસે જઈને છાતી પંપાળે છે. પ્રેમીઓને આવી ક્રિયાઓથી અલગારી મસ્તીનો અનુભવ ને અનુભૂતિ થતી હોય છે.

**દડો ફૂલ કેરોરે ઉછાલે બીજી રંગભર રમતી પાસે**
**નેમી હૃદયે મારતીવ એક જઈ છાતી પંપાળે રે ॥૩॥**

નેમકુમાર એ ૨૨મા તીર્થંકર થવાના છે એટલે પ્રભુ શબ્દ પ્રયોગ કવિએ કર્યો છે. પછી ગોપીઓ પ્રભુને સુવર્ણ પીચકારીથી પાણી છાંટે છે. પ્રભુ એનાથી આકુળવ્યાકુળ થઈ જાય છે, ત્યારે ગોપી કહે છે કે, જ્યારે નાનપણમાં દેવોએ મેરૂપર્વત પર જન્મોત્સવ ઉજવ્યો ત્યારે ૬૪ ઇન્દ્રોએ નવરાવ્યા હતા ત્યારે આકુળવ્યાકુળ નહોતા થયા. કમળા પટરાણી પ્રભુ પાસે આવીને કહે છે :

**નારિ વિના એમ બહુ દુઃખ પાવસ્યો રે લાલ...**
**છેલ છબીલી રંગીલી ભોજાઈ જો...**

આ પંક્તિ દ્વારા નેમકુમારને લગ્ન કરવા સૂચન કરવામાં આવ્યું છે.

"લોચન લટકે મુખ મટકે" ક્રિયાઓમાં યૌવનના સાહજિક પ્રણયની અભિવ્યક્તિ છે. દેવરજી, તમે વિચારો કે પરણ્યા વગર કોણ તમારી થશે ? પરણવાની પ્રેરણા આપતી પંક્તિઓ શૃંગારરસમાં અભિવૃદ્ધિ કરીને કાવ્યની રસિકતામાં ઓતપ્રોત કરે છે. કહો પરણ્યા વગર નેમકુમાર જેવો બીજો પુત્ર પણ કેવી રીતે થશે ? "પુત્ર વિણા કુણ નામ તમારું રાખસ્યે રે લોલ."

"પુત્ર વગર વંશવેલો ટકી રહે નહીં" એવી લૌકિક વ્યવહારની રીત નેમકુમારને સમજાવવામાં આવે છે. નારી વગર અનાજ ભરવું,

પાણી ભરવું કોણ કરશે ? ભોજાઈઓનો વિશ્વાસ રાખવો નહીં. ભોજાઈ સગી કહેવાય પણ મીઠુંય ના આપે કમળાગોપીની આ વાણી નેમકુમારને પરણવા માટે પ્રેરણા આપે છે. વાત સામાન્ય છે છતાં સ્વપત્ની સિવાય કોઈનોય સાથ કામનો નથી એવું ફલિત થાય છે.

નેમનાથને પરણવા માટે વ્યવહારિક રાજકીય અને ધાર્મિક સંદર્ભો વિશે ગોપીઓ સમજાવે છે અને છેવટે સૌથી નાની ગોપીની વાણીમાં શૃંગારની અનુભૂતિ થાય છે.

**ઈમ સઘલી નાની વડેરી રે નેમનાથને ચહુ દિશ ઘેરી રે**
**નારી પરણો તો રહે આ ઘેર રે પરણી ભવ લાહો લીજે રે.**

આ સાંભળીને નેમનાથ તો મૌન ધારણ કરે છે, છતાં ધુતારી (ગોપી માટેનો શબ્દપ્રયોગ) તો પરણાવા માટે પ્રલોભન આપતી વાણીનો પ્રવાહ ચાલુ રાખે છે. આ શબ્દપ્રયોગ હલકો લાગે છતાં વિવાહના પ્રસંગ માટે ઉપયુક્ત છે. સ્ત્રી એ તો રાગનું કારણ છે. સંસાર વધારવામાં નિમિત્તરૂપ છે એટલે વિવાહના મંગલ પ્રસંગમાં આવી મુક્ત વાણી વ્યક્ત થઈ શકે તેથી ગોપી પ્રસંગ ચૂકતી નથી.

શૃંગારરસનું એક ઉત્તમ ઉદાહરણ આ પ્રસંગ પછી ફરી જોવા મળે છે.

**કર ઝાલી કહે મતવાળી રે કહે કેતી પાલવ ઝાલી રે**
**ધરતીની ચીજુઈ મુખ જોય રે મુખ હસતું દીઠું તામ રે,**

નેમીનાથ સ્હેજ હસ્યા. ચહેરા પર સ્મિત ફરક્યું. ગોપીઓએ માની લીધું કે નેમનાથ અમારી વાણીથી પ્રભાવિત થયા છે. અને પરણવા ઉત્સુક છે. નહીંતર હસે નહીં.

**માન્યો માન્યો વીવાહ નેમીને ઘેરે...**

ગોપીઓની યુક્તિ સફળ થઈ અને નેમનાથ પરણવા તૈયાર થયા. હવે વિવાહના પ્રસંગની તૈયારી શરૂ થાય છે અને કથામાં રંગ જામે

છે. નેમનાથ ભગવાનનું સ્મિત એ વિશે જૈન ધર્મમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે નેમનાથ તો ભગવાન હતા અને આ ગોપીઓ મોહમાં ફસાવવા માટે કેવી વાણી વ્યક્ત કરે છે અને જળક્રીડા કરે છે. તે પ્રસંગ તો આત્માને કર્મોથી ભારે બનાવે છે. મોહરાજાનું નાટક કેવું છે. આ જીવો મોહનીય કર્મને વસ થઈને કેવાં અશુભ કર્મ ઉપાર્જન કરે છે એવા વિચારથી સ્હેજ સ્મિત કર્યું અને "દૃષ્ટિ તેવી સૃષ્ટિ"ના ન્યાયે ગોપીઓએ માની લીધું કે નેમનાથે પરણવા માટે સંમતિ આપી છે. આવી રહસ્ય ગર્ભિત સંમતિથી વિવાહનો પ્રસંગ યોજવામાં આવ્યો.

નેમનાથના પરણવાના વિચારની બાબતમાં દરેક ગોપી પોતાના પ્રયત્નથી સંમતિ મળી છે એવી હકીકત રજૂ કરે છે. નેમનાથની માતા શિવાદેવી છે. ગોપીઓ શિવાદેવીને વધામણી આપે છે કે નેમકુંવર પરણવા તૈયાર છે. ત્યારપછી શ્રીકૃષ્ણ ઉગ્રસેન રાજાને ત્યાં જાય છે અને એમની કુંવરી રાજીમતીની માગણી કરે છે. આ વિગત ઉપરથી એવું અનુમાન તારવી શકાય કે પ્રાચીનકાળમાં રાજકુળમાં સામેથી કુંવરીની માગણી કરવામાં આવતી હશે. સામાન્ય રીતે તો કન્યાનો પિતા સ્વયંવર રચે અથવા તો કોઈ રાજકુમાર સાથે વિવાહસંબંધ બાંધવા માટે પ્રસ્તાવ રજૂ કરે અહીં તો વાત જુદી છે. રાજીમતીની સામેથી માગણી મૂકવામાં આવે છે અને મંજુર થાય છે. રાજીમતીના વર્ણનમાં રાજકુળને અનુરૂપ સ્ત્રી સહજ ગુણોથી રાજીમતી અલંકૃત છે.

**રૂપ હરલ સુર સુંદરી રે. પંચ બાણ તણી રાજધ્યાની તો...**
**નામે સતી રાજીમતી ॥૬॥**

શ્રીકૃષ્ણ નેમકુંવરના પિતા સમુદ્રવિજયને મળે છે અને રાજીમતી સાથે એમના લગ્ન કરાવા માટે કોષ્ટિકને પૂછીને શ્રાવણ સુદ-૬નો લગ્નનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

**વીર વિવેકી ચઢે વરઘોડે તો ચાલો સાથે જોવા તણી હો ॥૮॥**

એ પંક્તિ દ્વારા મિતાક્ષરી શબ્દોથી લગ્નનું સૂચન કરે છે. પ્રાસયુક્ત રચનામાં કવિતા શક્તિ અને રસનો સમન્વય સધાયેલો જોઈ શકાય છે.

લગ્નની તૈયારીનું સૂચન કરતી પંક્તિઓ સમાજના વ્યવહારનો પરિચય કરાવે છે. વડીઓ મૂકવામાં આવી. ધવલ મંગલ ગીત ગાવાની શરૂઆત થઈ. નેમનાથના ગુણ ગાવા માંડ્યા.

**પીઠી ચોળે સુગંધ ધરીને રે, વિધિપૂર્વક સ્નાન કરીને રે,**
**હેમમુદ્રા ઈ દસ આંગલિયો રે. ॥૨॥**

· નેમનાથે દશે આંગલીઓ પર સુવર્ણની વીંટીઓ પહેરી છે. બાજુબંધ, ગળામાં સાંકળી(હાર), કાને કુંડળ ને કેડે કંદોરો, કમર પર કસબની કોર લટકાવી છે. આવા નેમકુંવર કેવા શોભે છે !

**ઈમ શોભિત ઝાક ઝમાળ રે.**

કપાળમાં સુખડનું તિલક, હાથમાં શ્રીફળ, પાન અને રથમાં બેસીને નેમિનાથ પરણવા નીકળ્યા છે. શક્તિશાળી બળદની જોડ રથને ખેંચે છે. બળદના કંઠે સુવર્ણના ઘુઘરા પહેરાવવામાં આવ્યા છે. નેમનાથને બીજા લોકો છત્ર ધરે છે અને ચામરથી બહુમાન કરે છે. યાદવકુળની સ્ત્રીઓ બધી ભેગી થઈને આવી પહોંચી છે અને શિવાદેવી માતાએ હાથમાં રામણ દીવો લીધો છે. મંગલ પ્રસંગે શુભ શકુન સૂચક આ રામણ દીવો પણ અહીં વ્યવહારનો પરિચય કરાવે છે. સમાજની રીત રસમ કેવી છે તે સમજાય છે.

નેમનાથ પરણવા નીકળ્યા છે તે પ્રસંગ શ્રૃંગારમાં નવો ચમત્કાર સર્જે છે. વાતાવરણમાં રંગ જામે છે.

"શરણાઈ મંગલ વાજે રે" આમ સાજ સજીને સાજન સાથે લગ્ન કરવા નેમનાથ નીકળ્યા છે. અને રાજીમતીના ઘર સુધી પહોંચે ત્યાર પહેલા દૂરથી મહેલ જોઈને સારથીને નેમકુંવર પૂછે છે આ શું છે ? સારથી પ્રત્યુત્તર આપે છે.

**કહે સારથી સસરા કેરૂં રે**
**છે મંદિર એહ ભલેરું રે.**

આ બધા પ્રસંગોમાં શૃંગારરસ રહેલો છે. પ્રણયનું નિરૂપણ છે. પણ અહીં હવે શૃંગારરસમાંથી કરૂણ અને ઉપશમરસની અનુભૂતિ કરાવે તેવા પ્રસંગો બને છે. રાજીમતી પોતાની બે સખીઓ સાથે પરણવા આવેલા નેમકુમારને દૂરથી જુએ છે.

સખીઓ તો નેમકુમારને જોઈને કહે છે :

**"કહે સખિઓ વર કાલો શ્યામ, આજ ભ્રમ ભાંગ્યો તુમ ચતુરાઈનો રે."**

ત્યારપછી શ્યામ રંગની વસ્તુઓ કઈ કઈ છે તે દર્શાવીને પોતાના વરનો શ્યામ રંગ હોવા છતાં સમર્થન આપે છે.

શ્રીકૃષ્ણ શ્યામસુંદર કહેવાય છે. ઉજળા રંગવાળા તો કોઢિયા કહેવાય છે.

કસ્તુરી, કાળો મેઘ, કાજલ, કીકી, ચિત્રાવેલી, કપૂરમાં અંગારો ભોજનમાં મરી, વગેરેનો રંગ શ્યામ છે છતાં ઉત્તમ કહેવાય છે.

હવે પછી કવિ આગળ 'ગોરો' રંગ વિશે વાત કરતાં જણાવે છે કે 'મીઠું ખારું છે અને માણસને બાળી નાખે છે.

કાલા-ગોરા વિષેની દલીલો દ્વારા સખીઓને નેમકુમારના શ્યામ રંગનું સમર્થન કરવામાં આવે છે ગમે તેવો પણ એ નેમકુમાર મારો પતિ છે.

નેમકુમાર રથમાં બેસીને અભિનય આડંબર સહિત ઉગ્રસેન રાજાના મહેલ નજીક આવી પહોંચે છે અને તે વખતે પશુઓનો પોકાર સાંભળીને સારથીને પૂછે છે, આ કરૂણ અવાજ શેનો છે ?

સારથીનો પ્રત્યુત્તર કવિ વાણીમાં વધુ હૃદયસ્પર્શી બન્યો છે.

**કહે સારથી વિવાહની રે, ગૌરવ કારણ એહના.**
**મલ્યાં પશુ હરણાં ઘણાં, દારૂણસ્વર તેહના રે. ॥૨॥**

આ સાંભળીને નેમકુમાર કહે છે,

**નેમ સુણી ચિત્ત ચીંતવે રે. ધિગ્ માહરો વિવાહ રે,**
**યાદવને ઉત્સવ ઘણો રે. પશુમાં અંતર દાહવા ॥૩॥**

પશુઓનું કરૂણ રૂદન સાંભળીને નેમકુમારને દયા ઉત્પન્ન થઈ ને હરણ વગેરે પશુઓને બંધનથી મુક્ત કરાવ્યા. આ પ્રસંગમાં કરૂણ અને રૌદ્ર રસની અનુભૂતિ થાય છે.

**"નહિ દિયર પરણું, નેમિ કહે રે, સારથિનું રથ વાલવા"**

"મારે પરણવું નથી" એમ બોલીને સારથિને રથ પાછો વાળવા કહ્યું. માતાપિતા રથ પકડીને નેમકુમારને કહે છે કે તમે પરણો વહુનું મુખ દેખાડો.

નેમકુમાર પ્રત્યુત્તર પાઠવે છે.

**"નેમ કહે સ્યો આગ્રહ માતાજી કરો. એ નારિ મલ મુત્તર કેરું ધામ.**

**થોડે કાલે વિરહ તે નારિઉ રે. મ્હારે તો શિવ નારિસ્યું કામ.**

**યૌવનરાગી પછે વેરાગી નારિયો. અંગ અશુચી રાગ તણો ભંડાર રે.**

**મદિરા ઘટ સમ નારી માંસ રૂધિર ભરી.**

આ પંક્તિઓ દ્વારા સ્ત્રીના દુર્ગુણોનું દર્શન કરાવીને નેમકુમાર વૈરાગ્ય ભાવથી વાસિત બને છે અને માતાને વૈરાગ્યની વાત સમજાવે છે. નેમકુંવરને પિતાજી પણ પરણવા માટે આગ્રહ કરે છે.

**'તાત કહે સુન નંદન એઉં સું કહો, રૂષભાદિક પરણી સિધા જિનરાજ'**

રૂષભદેવ વગેરે અન્ય તીર્થંકરોએ લગ્ન કર્યાં હતા અને ત્યારપછી સંયમ અંગીકાર કરીને કર્મ ખપાવી મુક્તે ગયા. તીર્થંકર થયા તો તમે પણ આ પરંપરાને અનુસરીને લગ્ન કરો.

પિતાજીની આવી વાત સાંભળીને નેમકુમાર પ્રત્યુત્તર આપતાં કહે છે.

**"નેમ કહે ક્ષીણ ભોગ કરમ છે માહરે. વિવાહલસ્યો આગ્રહ કરવો તાત.**

**કામિની કેરો સંગમ દુરગતિ પામીઈ. ઈણેવધ કલંકિ કિધો હો કે.**

**સીતાને વિયોગ તે દીધો હો કે. મારે કસ્યો રંગનો ભંગ હો કે.,**

**સાચું છે નામ કુરંગ હો કે."**

નેમકુમારનો આ છેલ્લો ભવ છે અને આજ ભવમાં કર્મ ખપાવીને મુક્તિ પામવાના છે. તીર્થંકર થવાના છે માટે વિવાહનો આગ્રહ નકામો છે. ખરેખર આ તો રંગમાં ભંગ પડ્યો કુરંગ નામની સાર્થકતા સમજાય છે.

લગ્ન ભંગ થવાનો આ એક પ્રસંગ એ કોડભરી રાજીમતીને માટે તો અપરંપાર દુઃખદાયક હતો. એની સખીઓ 'દીપક અને પતંગની' પ્રતિકાત્મક વાણીથી હૃદયની વેદનાને વ્યક્ત કરે છે અને કહે છે :

**"વર છાંડો એ વૈરાગી હો કે, કરસ્યું બીજો વર રાગી હો કે."**

આ વૈરાગી વરને છોડી દે. અને બીજો અત્યંત રાગી સ્નેહાળ વર શોધી કાઢીશું. રાજીમતીને સખીઓનાં સ્પષ્ટ વચનો સાંભળવા ગમતા નથી. કાને હાથ દઈને કહે છે :

**"દૂર જઈ એ વાત વાંકી હો કે."**

**કહે રાજુલ નેમને મેલી હો કે.**

**ન કરૂં બીજો સાહેલી હો કે.**

રાજીમતીને રાજુલના નામથી પણ વિશેષ ખ્યાતિ પ્રાપ્ત થયેલી છે. લોકજીભે નેમ-રાજુલની જોડીનું નામ વિવિધ પ્રસંગે સ્મૃતિપટ પર આવે છે. રાજુલ કહે છે કે હવે મારે નેમનાથ સિવાય બીજો કોઈ વર કરવાનો નથી.

મારૂં મન વૈરાગ્ય તરફ ઢળ્યું છે, નેમકુમારે લગ્ન કરીને પાણિગ્રહણ કર્યું નથી હું સંયમ લઈશ અને નેમ મારા મસ્તક પર હાથ મૂકશે. આવા વિચારથી રાજીમતીએ સમતાના સાગર સમાન, ધીરજ ને સહનશીલતા રાખીને નેમનાથના પગલે પગલે ચાલવાનો અડગ નિશ્ચય કર્યો. કુરંગના પ્રસંગથી કરૂણરસનું વાતાવરણ ઉદ્‌ભવ્યું અને ત્યારપછી રાજીમતીના નિર્ણયથી પણ આ કરૂણરસ વધુ ઘેરો બન્યો. ને તેમાં રાજીમતીના વૈરાગ્યની વાત એ પણ રાગમાંથી વિરાગનું દર્શન કરાવે છે.

નેમકુમારે સારથીને સૂચના કરી કહ્યું કે રથ પાછોવાળો. નેમકુમાર ઘેર પહોંચ્યા. અને દીક્ષા અંગીકાર કરવા માટે વરસીદાનનો વરઘોડો નીકળ્યો. વિવાહલોની આજ એક વિશેષતા છે અને કાવ્યગત ભાવની રસિકતાને પ્રગટ કરવામાં સફળ નીવડે છે.

સહસાવનમાં જઈને નેમનાથે શ્રાવણ સુદ-૬ ને દિવસે છઠ્ઠ (બે ઉપવાસ) કરીને દીક્ષા ગ્રહણ કરી ત્યારપછી પંચાવનમે દિવસે નેમનાથ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એટલે "શિવસુંદરી વીવાહ કીધોજી" આ શબ્દો દ્વારા મુક્તિરૂપી સ્ત્રી સાથે સંગમ થયો એવો અર્થ રહેલો છે.

વિવાહ રૂપકની સાર્થકતા આ પ્રસંગમાં છે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ઈન્દ્રો ભેગા મળ્યા અને સમવસરણની રચના કરી. પ્રભુ સમવસરણમાં બિરાજે છે. દેવો છત્ર ધરે છે ચામર વીંઝે છે અને પ્રભુ ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણ પણ નેમનાથ પ્રભુને વંદન કરવા આવે છે અને ઉપદેશ આપે છે.

**'પ્રભુ વાણી સુધારસ પીધીજી દોય સહસે દીક્ષા લીધી જી.'**

પ્રભુની વાણીના પ્રભાવથી પ્રતિબોધ પામીને બે હજાર માનવોએ દીક્ષા અંગીકાર કરી હતી.

આ પ્રસંગે ત્રણખંડના રાજા શ્રીકૃષ્ણએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો : "હે ભગવંત રાજીમતીનું નસીબ આવું વાંકુ કેમ છે ?" પ્રભુએ આનો

પ્રત્યુત્તર આપતાં પોતાના જ્ઞાનની પ્રતિભાથી નવ ભવનો સંબંધ કહી બતાવ્યો.

નેમ-રાજુલનો સંબંધ નવ ભવનો છે એ વૃતાંત પ્રભુ મુખેથી સાંભળીને શ્રીકૃષ્ણ પોતાના મહેલમાં પાછા આવ્યા.

એક વખત નેમનાથ ભગવાન વિહાર કરીને ગિરનાર આવ્યા. ભગવાનની દેશના સાંભળીને કેટલાય લોકો પ્રતિબોધ પામ્યા ને દીક્ષા અંગીકાર કરી.

'લહીએ સંસાર અસાર' આ સંસાર અસાર છે બિન્દુ સમાન અત્યંત અલ્પ સુખનો આભાસ અને સિંધુ સમાન દુઃખ આ વાતને જૈનધર્મમાં જુદા જુદા સમયે વિવિધ રૂપકો દૃષ્ટાંતો દ્વારા કથાવાર્તા વ્યાખ્યાન વગેરે પ્રસંગોમાં સમજાવવામાં આવે છે. અને મોક્ષ માટેનો રાજમાર્ગ વૈરાગ્ય છે એ વૈરાગ્ય ભાવની પુષ્ટિ કરવામાં આવે છે. રાજીમતીએ પણ દીક્ષા લીધી અને વચનપાલન કરી બતાવ્યું.

'રાજસુતા વહુ સાથ "સંયમ લીધું, કાંઈ રાજુલ નેમિ હાથ "બોલ્યું કીધું રે"

રહનેમિએ નેમનાથ ભગવાન પાસે દીક્ષા લીધી હતી. તેઓ સંયમ-જીવન વીતાવતા હતા ત્યારનો એક પ્રસંગ રાગ-વિરાગની ભાવનાને પુષ્ટ કરે છે. તેમાં રાજીમતી અને રહનેમિના સંબંધની લઘુકથા વિશેષ ઉપકારક થાય તેમ છે.

એક વખત ગિરનાર ઉપર રહનેમિ રહ્યા હતા તેવામાં અકસ્માત વરસાદ થયો તે વખતે રહનેમિ આહારને માટે પ્રભુ પાસે આવતા હતા. તે વરસાદના ઉપદ્રવથી કંટાળીને એક ગુફામાં પેઠા તે અવસરે રાજીમતી બીજી કેટલીક સાધ્વી સાથે પ્રભુને વંદીને પાછા ફર્યા. રસ્તામાં વરસાદના ભયથી બધી સાધ્વીઓ છૂટી પડી જુદે જુદે સ્થાનકે ચાલી ગઈ અને રાજીમતી અજાણતાં જે ગુફામાં રહનેમિ હતા ત્યાં ગયા અને

પોતે ભીંજાયેલા વસ્ત્રને નીચોવીને સુકવવા લાગ્યા. અંધકારને લીધે તેમાં રહેલા રથનેમિને દીઠા નહીં. રહનેમિ તેમને જોઈ કામાતુર થયા અને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભદ્રે, પૂર્વે પણ મેં તારી પ્રાર્થના કરી હતી, તો હમણાં તે ભોગનો અવસર છે. આ વાક્યો સાંભળી રાજીમતીએ સ્વરથી-અવાજથી રહનેમિને ઓળખી લીધા અને પોતાનું શરીર વસ્ત્રથી ઢાંકી દીધું. પછી કહ્યું કે કુલીન માણસો કદી પણ આવું વચન ઉચ્ચારે નહીં. તમે નેમિનાથ પ્રભુના ભાઈ છો વળી તેમના શિષ્ય છો, શું તમારું બોલવું તે કેવલી મહાત્મા નથી સાંભળતા ? અને તેની તેમને કાંઈ પણ શરમ નથી આવતી ? હું તમારી પેઠે દુર્બુદ્ધિથી ભવસાગરમાં દુઃખ પામવા રૂપ તેની વાંચ્છનાઓનો સ્વીકાર કરવાની નથી. એમ બોધ કરતાં તે રહનેમિ પોતાની ભૂલનો પસ્તાવો કરતા પ્રભુ પાસે આલોચના કરી ઘણા કાળપર્યંત ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામ્યા.

રાજીમતીને પણ દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કયા ભૌતિક રાગ અને ક્યાં આધ્યાત્મિકરણ ? રાગમાંથી વિરાગની ભાવના અને મુક્તિની પ્રાપ્તિ એજ બન્નેના જીવનની સફળતા, દુર્લભ મનુષ્યજન્મ પાવન થયો. પ્રભુજીના પરિવારમાં ૧૮,૦૦૦ સાધુઓ અને ૪૦,૦૦૦ સાધ્વીઓ, ૧,૬૯,૦૦૦ શ્રાવકો અને ત્રણલાખ ઓગણચાલીસ હજાર શ્રાવિકાઓ હતી. (૩,૩૯,૦૦૦)

નેમનાથનું આયુષ્ય ૧,૦૦૦ વર્ષનું હતું અને તે આયુષ્ય કેવી રીતે પૂર્ણ થયું તેની માહિતી આપી છે. નેમનાથ ભગવાન અષાઢ સુદ-૮ને દિવસે નિર્વાણ પામ્યા.

વિવાહલોનાં રૂપકમાં આ રીતે ભૌતિક પ્રણય સંબંધમાંથી આધ્યાત્મિક વિકાસનો રાજમાર્ગ, સંયમ અને એ જીવનની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ કરી બતાવવામાં આવી છે. દીક્ષાનો પ્રસંગ એ કરૂણ હોવા છતાં આત્માની ઓળખાણને મુક્તિની ઝંખનાને માટે દુઃખદ નથી પણ વિવાહના

ઉલ્લાસ જેવો અતુલિત ને અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવે છે અને તેનું એક ભવ્ય અને આકર્ષક ઉદાહરણ એ નેમીવિવાહલોની રચના છે.

છેલ્લી ઢાળમાં વીરવિજયજી કહે છે કે,

**'મેં ઈમ નાથ નિરંજન ગાયા લાલ, પ્રભુગુણ દિલ ધારી રે.'**

નેમનાથની વિશેષતા એ છે કે એ પરણ્યા નહીં છતાં પ્રીતડી પાળી. રાજનગરમાં રચના કરી. ગુરૂ પરંપરા, રચના સંવત ૧૮૬૦ વગેરેની માહિતી આપવામાં આવી છે. મધ્યકાલીન કાવ્ય પ્રકારોમાં આવી પ્રણાલિકાનું અનુસરણ સામાન્ય રીતે જોવા મળે છે.

'બાવિસમો જિન બાવિસ ઢાળે લાલ'માં ૨૨મા ભગવાન નેમનાથ અને આ વિવાહલોની રચના પણ બાવીસ ઢાળમાં કરવામાં આવી છે.

**સુણસ્યે ગાસે જે નરનારી લાલ, તસઘર મંગલ માલ રસાલા લાલ**

**વિમળા કમળા ઝાક ઝમાલા લાલ.**

વિવાહલો સાંભળવાથી અને ગાવાથી મંગલ થાય છે. આમ નેમિ વિવાહલો એ કાવ્યગત ભાવસૃષ્ટિ કથાવસ્તુ હોવાની સાથે જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે પ્રેરણાદાયી પીયૂષપાન કરાવે તેવી કૃતિ છે. કાવ્ય એ માત્ર કાવ્ય નથી, પણ કાવ્ય અને જીવન એ બન્ને વચ્ચેનો અવિભાજ્ય અતૂટ સંબંધ પ્રગટે છે.

આમ આ વિવાહલોની રચના અંગેની ઉપરોક્ત માહિતી તેને સમજવામાં, સમજાવવામાં ઉપશમભાવ પ્રગટ કરવામાં સાહિત્ય કલાના સંદર્ભથી નિરતિશય આનંદની પરમોચ્ચ રસિકતાની અનુભૂતિ કરાવવામાં સમર્થ છે.

**અથ નેમિ વિવાહલો**

**કહે કમલા ગોપાલ પ્રતે રે ॥ સરસતી ચરણ સરોજ રમી રે ॥**
**શ્રી શંખેશ્વર પાય નમી રે ॥ નેમી વિવાહ તે રંગે ગાસ્યું ॥**
**જિન નમિનાથે પૂર્વ પ્રકાસ્યું ॥૧॥ નેમનગીના આવોઘડી રે ॥**

## ૧૦. નેમ-રાજીમતી વિવાહલો

આદિનાથ, પાર્શ્વનાથ અને નેમનાથ ભગવાનના જીવનને કેન્દ્રમાં રાખીને કવિઓએ વિવાહલોની રચના કરી છે.

નેમ-રાજીમતી વિવાહલોની રચના કવિ જિનદાસે સં. ૧૮૬૨માં કરી છે. એમ હસ્તપ્રતને અંતે નોંધ પ્રાપ્ત થાય છે. ચૌદમી સદીથી વિવાહલો કાવ્યની શરૂઆત થયા પછી ૧૯મી સદીમાં પણ વિવાહલો રચાયા છે. સં. ૧૮૬૨ એ હસ્તપ્રત લખાઈ છે તેવો અર્થ થાય છે. રચના સમય ૧૮૬૨ અથવા ત્યાર પહેલાનો પણ હોવાનો સંભવ છે.

કવિએ ૮૨ ગાથામાં રચના કરીને નેમ-રાજુલના જીવનનો પરિચય કરાવ્યો છે.

કૃતિનો આરંભ ગૌતમસ્વામી અને ગુરુને નમસ્કારથી થયો છે અને વિવાહલોનો ઉલ્લેખ થયો છે.

ગોપીઓના વચનથી નેમકુમારના વિવાહની તૈયારી થાય છે. શીવાદેવી હર્ષોલ્લાસ અનુભવે છે.

છત્ર મુકટ સિર વન્યો કુમર કઈ, ચો દિસ ચમર ઢલાએ;
પંચ સબદ વાજિંત્ર વાજઈ, અનહટ રાગ વટાએ નેમ૦ ॥૮॥

ગજરથ પાયક વાહન પામઈ, મારગ ભીડ ભરાએ;
માનો ઘટા ઉમગ કર આઈ, ગગન ધર ભર છાએ નેમ૦ ॥૯॥

નેમકુમાર ઉગ્રસેન રાજાના મંડપ નજીક સાજન-મહાજન સાથે પધાર્યા. તોરણે આવ્યા અને મૃગ વગેરે પશુઓના કરૂણ અવાજથી દયાળુ નેમકુમાર તોરણથી રથ પાછો ફેરવીને સારથીને કહે છે કે, એક લગ્નના પ્રસંગ માટે આવી હિંસા થાય. પશુઓનો ઘાત થાય એ યોગ્ય નહીં. નેમકુમાર પરણ્યા વિના ગઢ ગિરનાર જઈને દીક્ષા અંગીકાર કરે છે.

પરંપરાગત રીતે નિરૂપણ કરીને કવિ જણાવે છે કે, બીજા તીર્થંકરોએ લગ્ન કર્યાં હતા. તો તમે પણ લગ્ન કરો અન્ય કવિઓએ પણ આ માહિતી આપી છે. નેમકુમાર રાજુલાનો ત્યાગ કરે છે આ વિગત સર્વે સામાન્ય છે. રાજુલનું શબ્દચિત્ર આલેખતા કવિ જણાવે છે કે,

ઊંચા મંડપ દેખો માંડીયા, નાચઈ નવલા દો પાત્ર;
થાનક થાનક દેખો કોકિલા, જોવો સરખી જાત ।।૨૧।। તઈ.

મસ્તક મુકટ સુહાવણા, કંઠઈ ઈકાવલઉ હાર;
બોહઈ બાજૂબંધ બૈરખા, કાંને કુંડલ સાર ।।૨૨।। તઈ.

ઘર ઘર ભિખ્યા રે માંગણી, ધરતી ફિરીઉ છઈ નેમ;
એક મુક્ત કઈ કારણઈ, જીતી લાજ શ્રી નેમ ।।૨૩।। તઈ.

નેમકુમાર રથ પાછો ફેરવીને ગિરનાર જાય છે તે પ્રસંગના સંદર્ભમાં કવિ કલ્પના કરે છે કે પશુઓનું દુઃખ જોયું અને રાજુલનું દુઃખ જોયું નહીં. ભોગનો ત્યાગ કરીને પશુઓને અભયદાન આપ્યું એવા નેમકુમાર દીક્ષા અંગીકાર કરે છે.

નેમકુમાર રાજુલનો ત્યાગ કરે છે પછી સખીઓ અને માતા-પિતા રાજુલને સમજાવે છે કે બીજા સારા રાજકુમાર સાથે તારા લગ્ન કરાવીશું તું ચિંતા કરીશ નહીં. રાજુલ વિચારે છે કે,

હમ છોડી નિરધાર નિરાસી, ઉહુ રાખી કર મેડી;
તુમ્હ રીસ પોતે મઈ સોક અપની કો; દેખુંગી જાઈ અગેરી ।।૪૫।।

તીન જ્ઞાન ધ્યાન ધર દેખો, મઈ ચરણો કી ચેટી;
તપ સંયમ કી છેડી બાંધો, આઈ મિલો અગેટી ।। નેમ ।।૪૬।।

ભોગ સંજોગ વિજોગ કરિ, અરુ છોડે ગૃહવાસ;
ઈમ મનમેં નિસચૈ ધરી, કીજઈ વનમઈ વાસ ।। નેમ ।।૪૭।।

રાજુલના ચિત્તની સ્થિતિનો પરિચય થાય છે અંતે કવિના શબ્દો છે.

"સંયમ સાઠિ હદેલગા, વાત રૂચે નહીં ઔર ।।

રાજુલના અંતરમાં પરિવર્તન પામેલા વિચારો જોઈએ તો, રાજુલ રાજભવન અને રાજ્ય વૈભવ ત્યાગ કરીને ગિરનાર પ્રતિ પ્રયાણ કરે છે ત્યારે પ્રકૃતિનો ઉલ્લેખ કરતાં કવિના શબ્દો છે :

વઈરાગની રાજકુમારી હો, જબ રથ ફેર ચલે નિરમોહી;
નેમહી નેમ પુકારી હો, મહાસતી સંયમ રંગ રાતી ।
મનમેં ઈહી વિચારી હો. વૈરાગી... ॥૫૧॥

તજો મોહ સબ કુલ કુટુંબ કા, કરિ ઉદ્યમ અતિ ભારી; હો૦ વૈ૦ ॥૫૨॥

વાર વાર જનની ગ્રહ રાખૈ, રહુ રહુ પ્રાન અધારી હો,
રતન કૂખ ઉપજી સુંદરિ, સબ કુટુંબકુંય્યારી હો. વઈ૦ ॥૫૩॥

રતન જડત કે મંદિર છોડે, છાંડી ભવન અઠારી હો;
ઈહ જગ જાન્યો પ્રેમકી ફાસી, માયા મમતા ડારી હો૦ વઈ૦ ॥૫૪॥

કર કંકન હાર ડારિ સબ ભૂષન, રતન જડત કી સારી હો.
ક્ષુદ્ર ઘંટિકા તજી ઈક છિનમેં, કટમેખલા પરિહારી હો. વઈ૦ ॥૫૫॥

રાગમાંથી ત્યાગ-વૈરાગ્ય અને સંયમનો સ્વીકાર એ જ રાજુલના જીવનનો સાચો રાહ.

પવન ચલી ઉમગી ઘટા, વર્ષા ભઈ અપાર;
સતી સીવ મનમેં કરૈ, સંયમ રાખનહાર ॥૬૫॥

**ઢાળ :** ઘનઘોર ઘટા મિલ આઈ, તબ સતીય ગુફામેં આઈ;
રાજલ એકલકી નિરધારા, કુછ દિષ્ટ ન પડય અંધાર ॥૬૬॥

રાજુલ ગુફામાં હતી ત્યારે રહનેમિ આવી ગયા અને ભોગ સુખની યાચના કરી રાજુલે રહનેમિને પોતાના વચનોથી સંયમમાં સ્થિર કર્યા. રાજુલ રહનેમિના પ્રસંગ વિવિધ રીતે અન્ય કવિઓએ વર્ણવ્યા છે.

જાઈ હુવા મુગતિ મિલાવા, તિહાં ફેર નહીં આવા જાવા;
જાઈ અખય સુહાગન હોઈ, નીસરી સકૈ નહીં કોઈ ॥૮૦॥

મધુરેણ સમાપયેત્‌ના ન્યાયે નેમ-રાજુલ અવિચળ પદવી પામે છે એ જ આ વિવાહલોનો સાર છે. રંગમાં ભંગ પડ્યો તે પણ આત્માની મુક્તિ માટે કેવો સુભગ સમન્વય થયો.

કાવ્યને અંતે કવિના નામનો ઉલ્લેખ થયો છે. રચના સમયની માહિતી નથી. આ રચના મારૂ ગુર્જર ભાષાની છે એટલે પ્રાચીન છે.

## રાજેમતી વ્યાહલો

**કર્તા : શ્રી જિનદાસજી મુનિ**

ગોઈમ ગણધર એઈ નમી, સુગુરુ નામસુ સીસ;
નેમનાથ રાજેમતી જપો નિસદીસ ॥૧॥

સમુદ્રવિજય કો લાડુલા, યાદવ વંસ દયાલ;
તોરણ આયા નેમજી, પાએ મોહનલાલ ॥૨૨॥

ઢાળ : હોલીકી

અસ્યૈ વ્યાહન્ આએ, નેમનાથ કુમારજી;
સમુદ્રવિજય કો પરમ લાડલે, વિધિના આપ પઠાએ ? નેમ૦ ॥૩॥

સોલા સહસ મિલ ફગુદા[૧] ખેલઈ, કાલિંદી તટ ન્હાએ;
મુખ વિકસ્યો સત્‌ભામાજી દેખ્યો, અનચિંત[૨] વ્યાહ મનાએ નેમ૦ ॥૪॥

સમુદ્રવિજય મિલ કિષ્ન મતા કરિ, ચહુ દિસ દૂત પઠાએ;
ઉગ્રસેન લિખ પતીયાં ભેજી, જાંની સરસ બુલાએ. નેમ૦ ॥૫॥

છપન કોડ યાદવ દસ ચક્રી, સઈની સાજવના એ;
એક તે એક મિલે વારાતી, સખીયન સબ મન ભાએ. નેમ૦ ॥૬॥

સહંસ મિલોની વેટણે કીની, સખીયન મંગલ ગાએ;
સિવાદેવી રાંણી અંગ ના માવઈ, મોતીયન ચોક પુરાએ. નેમ૦ ॥૭॥

છત્ર મુકટ સિર વન્યો કુમર કઈ, ચો દિસ ચમર ઢલાએ;
પંચ સબદ વાજિત્ર વાજઈ, અનહટ રાગ વટાએ. નેમ૦ ॥૮॥

ગજરથ પાયક વાહન પામઈ, મારગ ભીડ ભરાએ;
માનો ઘટા ઉમગ કર આઈ, ગગનધર ભર છાએ. નેમ૦ ॥૯॥
નરનારી મિલ દેત આસીસાં, દેખન બહુતે આએ;
ચિરજીવો ઈંદુકુલ[ઉ] નિડૂલો, રાજમતી વર પાએ. નેમ૦ ॥૧૦॥
ઉગ્રસેન નૃપ મંડપ ઉછાયા, કંચન કલસ ધરાએ;
મુકતા હલકી ઝાલર ચિહું દિસ, ઝૂંબકડે ઝમકાએ. નેમ૦ ॥૧૧॥
મૃગ પંછી અટવી કે વાસી, પરવસ આન ફસાએ;
બાંધ સકલ વ્યાહતૂ[ર્] કે લાજે, ચિહું દિસ જાંણ ન પાએ. નેમ૦ ॥૧૨॥

ઢાળ :

સ્વામી કહે રે સુણ સારથી, એ કિઉં ભરિયા રે વાડિ;
તુમ પિય હોસ્યેજી પાહુણા, ઈતની હોઈ પસુવનકી ધાડિ. ॥૧૩॥
તઈ મન મોહ્યો રે હો નેમજી, ઈમ બોલઈ કિલ મુરાર;
નેમજી થે કાંઈ રથ ફેરીયો, દેખો તોરણનો બાર ॥૧૩ ॥ તઈ૦
સ્વામી કહે રે સુણ સારથી, ઈહ નહિ ભાવૈ રે વાત;
એક જ નારી કૈ કારણૈ, ઈતની હોય પસુયન કી ઘાત ॥૧૪॥ તઈ૦
હરવા બોલઈ રીસુ નહરનલી, અબ તુમ માંડો પુકાર;
રહુ રહુ છાની રી તુમ છોડસઈ, આએ હૈ દયા કે ભંડાર ॥૧૫॥ તઈ૦
સાંબર બોલઈ સુણ સાંવરી, સુંદર સાભલરી વાત;
જાયા જોઈ સઈસઈટી(?) તુમ્હ આપણે,
આયા હૈં ત્રિભુવન નાથ ॥૧૬॥ તઈ૦
રોજા બોલઈ રીસુણ રોઝડી, કરમ ન હર્ષ અપાર;
નેમ કુમર રથ ફેરીયો, છૂટેગે તતકાલ. ॥૧૭॥ તઈ૦
સ્વાંમી કહે રે સુન સારથી, વેગે ખોલ્હો રે વાડ;
જીવદયા કઈ કારણઈ, બોલઈ જય જયકાર ॥૧૮॥ તઈ૦

રાખઈ માતા અરુ મઉલા, રાખઈ કિષ્ણ મુરાર;
રાખે રાજા હો કેતલા, ન રહઈ નેમકુમાર ॥૧૯॥ તઈ૦
આગઈ જિનવર જે હવા, તિણભી પરણી છઈ નારિ;
નેમકુમારજી તુમ કયા કીયો, છોડી રાજલ નારિ ॥૨૦॥ તઈ૦
ઊંચા મંડપ દેખો માંડીયા, નાચઈ નવલા દો પાત્ર;
થાનક થાનક દેખો કોકિલા, જોવા સરખી જાત ॥૨૧॥ તઈ૦
મસ્તક મુકટ સુહાવણા, કંઠઈ ઈકાવલઉં હાર;
બાંહુઈ બાજૂબંધ બૈરખા, કાંને કુંડલ સાર ॥૨૨॥ તઈ૦
ઘર ઘર ભિખ્યા રે માંગણી, ધરતી ફિરીઉ છઈ નેમ;
એક મુક્ત કઈ કારણઈ, જીતી લાજ શ્રી નેમ ॥૨૩॥ તઈ૦
હયવર ગયવર હીંસતે તજે, તોડે સકલ સિંગાર;
નેમ કુમરજી રથ ફેરીયો, કીયા ગમન વિચાર ॥૨૪॥ તઈ૦
ગોખ ચઢી જબ દેખ્યો, નિરખંત ધૂલ ઉડંત;
નઈ નવઈ નવિકસાની સખી, આન મુખ બોલંત ॥૨૫॥ તઈ૦
અંજન અંજન આખડી, ઉપર પ્રવાલી હઈ રંગ;
હસ્ત લાલ તજબ લાગતી, મદ ભેરી અંગ અરુ રંગ ॥૨૬॥ તઈ૦
.............. સખિયન સબ વિકસાની, નિરખ પરમ દુખંત;
ભલા હુઆ ઉહ આએ, પાલી પૂર્વ પ્રીતિ;
નવ ભવ નેહ જણાવીયો, ઉત્તમ કુલકી રીતિ ॥૨૮॥ તઈ૦
દર દર તોરણ બાધે, સખીયાં ગાવૈ ગીત;
સગે સ(ન)બંધી સબ મિલે, ગાવૈ મંગલ ચીત ॥૨૯॥ તઈ૦
પસુ પંખી સબ દેખૈ, કેરત કુલાહલ જોર;
પરદુખ કોઈ ન જાનઈ, કૂક કીચહસોર ॥૩૦॥ તઈ૦
આએ નિકટ નગરકું, દેખે મંદર ભીન;
દિષ્ટ ધરી પસુયન પર, ઈહ કતૂહલ કીન ॥૩૧॥ તઈ૦

વાત સુણૈ રે સારથી, પુંછઈ ત્રિભવન રાઈ;
એ પસુયન કિઉં બાંધે, ઈન કા અરથ સુનાઈ ॥૩૨॥ તઈ૦
સ્વાંમી સુહાહુ મેરી વીનતી, સુંદર નેમકુમાર;
ભોજન અરથડો જો કે, હોસી જીમન હાર ॥૩૩॥ તઈ૦
તબહી ભએ વૈરાગી, દીનો પસુયન દાંન;
બંધન તોડ જો નાંખે, જિનસાસન કો માંન ॥૩૪॥ તઈ૦
જબ રથ ફેરયો ઉલટો, ઉલટે ફિર નિસાંન;
ઐસા કોઈ ન સુભટ હૈ, રાખૈ શ્રી નેમસું જાન ॥૩૫॥ તઈ૦

: દોહા :

લોકાંતક તે આવીયા, બૂઝો ત્રિભુવનનાથ;
પંથ ચલાવો મુક્તકા, જગકોં કરો સનાથ ॥૩૭॥
રથ ફેરયો રાજલ સુન્યો, ગએ નેમ તજી મોહ;
ચંપક ટૂટી ડાલજ્યોં, પડી ધરનઁ પરસોઈ ॥૩૮॥
દોઈ ઘડી કઈ અંતરૈ, ચમકી ચિત ઉદાર;
ધન યોવન સબ અથિર હૈ, ધિગુ ધિગુ એહ સંસાર ॥૩૯॥
સખીયાં મિલ રાજલ કહઈ, બાઈ અપના આપ સંભાર;
નેમ સરીખે બહુત હૈ, સુંદર રાજકુમાર ॥૪૦॥
સખીયો જોતુ ઈમ કહે, ઓર બ્યાહકી વાત;
નેમકુમર વિન અવર નર, કેઈ બંધવ કહે તાત ॥૪૧॥
રથ મેરા લેઈ સજ કરો, સખી સહેલી સંગ;
લ્યાઉંગી નેમ મનાઈ કૈ, દે કર અપના રંગ ॥૪૨॥

ઢાળ : (રાગ : સોરઠ)

નેમજી નવ ભવકી દાસી તેરી, કાંઈ અરજ સુણો છે(મેરી);
વિન અવગુન મોહિ છોડ ચલે હઈ, કાહેકુ રથ ફેરી ॥૪૩॥ ને૦
વીનતી સુનો છો મોરી... આંચલી.

કૂડા દોસ દીયા પસુયન કા, મનમેં હોંસ અનેરી;
તુમ રે જીય કીમ ઈની મુકંત વધૂ તેહરી ॥૪૪॥ને૦॥
હમ છોડી નિરધાર નિરાસી, ઉહુ રાખી કર જોડી;
તુમ્હ રીસ પાતે મઈ સોક અપની, કોં દેખુંગી જાઈ અગેરી ॥૪૫॥ને૦॥
તીન જ્ઞાન ધ્યાંન ધર દેખો, મઈ ચરણોંકી ચેટી;
તપ સંયમકી છેડી બાંધૌ, આઈ મિલો અગેટીં ॥નેમ૦॥૪૬॥
ભોગ સંજોગ વિજોગ કરિ, અરુ છોડે ગૃહવાસ;
ઈમ મનમેં નિસચૈ[10] ધરી, કીજઈ વનમઈ વાસ. ॥ને૦॥૪૭॥
ખાંન પાંન મિષ્ટાંન તજે, તજે તંબોલ સિંગાર;
જ્યું ભુયંગ તજ કંચલી, ભૂષન ત્યાગે ભાર ॥ને૦॥૪૮॥
સખી સહેલી સંગકી, કરતી લીલ વિલાસ;
ડાલી તૂટી ફૂલ જયોં, વિલખત ભઈ ઉદાસ ॥ને૦॥૪૯॥
નેમકુમર કે ધ્યાંન મઈ, જૈસે ચંદ ચકોર;
સંયમ સહિ રહે લગા, વાત રુચૈ નહીં ઔર ॥ને૦॥૫૦॥

ઢાળ : (રાગ : સોરઠ સુગંધિયા)

વઈરાગની રાજકુમારી હો, જબ રથ ફેર ચલે નિરમોહી;
નેમહી નેમ પુકારી હો, મહાસતી સંયમ રંગ રાતી ।
મનમેં ઈહી વિચારી હો. વૈરાગી... ॥૫૧॥
તજો મોહ સબ કુલ કુટુંબ કા, કરિ ઉદ્યમ અતિ ભારી; હો૦ વૈ૦ ॥૫૨
વાર વાર જનની ગ્રહ રાખૈ, રહુ રહુ પ્રાન અધારી હો,
રતન કૂખ કી ઉપજી સુંદરિ, સબ કુટુંબકુંય્યારી હો. વઈ૦ ॥૫૩॥
રતન જડત કે મંદિર છાંડે, છાંડી ભવન અઠારી હો;
ઈહ જગ જાન્યો પ્રેમકી ફાસી, માયા મમતા ડારી હો૦ વઈ૦ ॥૫૪॥
કર કંકન હાર ડારિ સબ ભૂષન, રતન જડત કી સારી હો.
ક્ષુદ્ર ઘંટિકા તજી ઈક છિનમેં, કટમેખલા પરિહારી હો. વઈ૦ ॥૫૫॥

નખ સિખ લગ મુગતાહલ ત્યાગે, સ્વ પય સુઘડ સુવારી હો;
ઝાંઝર અનવટ નેઉર અંગૂઠી, છાંડી ભરી પિટારી હો. વઈ૦ ॥૫૬॥

તપ સંયમકી ખરચી બાંધી, પરભવકી હિતકારી હો.
સત સીલ દોઉ સુભટ નિરંતર દયા, દિલમાં ખિમા અપનાવી હો. વઈ૦॥૫૭॥

દુહા : મુક્તિ પંથકી પાહુડી, સત્ત સીલ સંતોષ;
સૂર ચઢૈ કાયર પડે, વ્રત નઈ લાવૈ દોષ ॥૫૮॥

રાજલ મન સંયમ રમ્યો, અંતેવર પરવાર;
રુદન કરૈ અંચલ ગ્રહઈ, રહુ રહુ રાજકુમારિ ॥૫૯॥

ઢાળ (જતની)

જબ નિકસ ભવન તેં કાઢી, જબ કુમરી બહુ વઈરાગી;
બાઈ હમકું લે ચલ સાથે, તુમ્હ વિન ન રહૈ દિન રાતે ॥૬૦॥

દોહરા : સખી સહેલી સંગકી, છાંડી ભવન ઉતંગ;
સાચી પ્રીત હિરદૈ વસી, ધરમઈ લાગો રંગ ॥૬૧॥

ઢાળ : દિઢ ચ્યારિ મહાવ્રત લીનો, પરભવકો કારિજ કીનો;
જિન સાસન કે રંગ ભીની, જિન ઉપસમ રસ ભર પીની ॥૬૨॥

દોહા : શ્રવને સુની ઈહ વારતા, આયો કિષ્ન મુરાર;
ધન ધન રાજલ તું સતી, તર તર એહ સંસાર॥૬૩॥

ઢાળ : લોચે ભમર સરીખે કેસ, લીયો સાધવીજી કો ભેખ[૧૧];
પરવતકા પંથ અપારા, જિનસાસન કા આધારા॥૬૪॥

દોહા : પવન ચલી ઉમગી ઘટા, વર્ષા ભઈ અપાર;
સતી સોચ મનમેં કરૈ, સંયમ રાખનહાર॥૬૫॥

ઢાળ : ઘનઘોર ઘટા મિલ આઈ, તબ સતીય ગુફામેં આઈ;
રાજલ એકલકી નિરધારા, કુછ દિષ્ટ ન પડય અંધારા ॥૬૬॥

દોહા : વસ્ત્ર ઉતારે અંગ સઈ સૂકે ઠામ એકંત;
ઈહ સભાવ છૈ અંગકો, વિજલી જિમ ચમકંત ॥૬૭॥

ઢાળ : રહનેમિ તપૈ અનગારા, ઈસહી ભવ સીઝન હારા;
દગ દેખી સુંદર નારી, નિજ ધ્યાંનતેં સુરત વિસારી ॥૬૮॥

દોહા : ધ્યાન તજી ઉઠ બોલીયો, સુન હો રાજલ નારિ;
નેમ ગયા તો જાંન દે, ભોગવ સુખ સંસાર ॥૬૯॥

ઢાળ : હસ્તી છૂટા થાંન તેં, તોડે સકલ જંજીર;
ઐસા કોઈ ન સુભટ હૈ, જો બાંધૈ મન ધીર ॥૭૦॥

ઢાળ : તે તો બોલ વચન કઠોરા, મહાદુષ્ટ મદનકા જોરા;
.................................. [૧૩]ઔસર.......... ॥૭૧॥

દોહા : ચિત ચિંતવૈ રાજલ સતી, સંકટ બન્યો અપાર;
વ્રત રાખે જો દેસ(હ?) દઈ, દો કુલ રાખન હારા ॥૭૨॥

ઢાળ : રહુ રહુ રહનેમ અભાગી, કિઉં કાયર હુઈ વૈરાગી;
જો સીલ રતન તેં ત્યાગે, દીસી કે પઈ રે લાગે ॥૭૩॥

ઢાળ : અપના વંસ સંભાલ કે, અપના આપ વિચાર;
વ્રત લેઈ લેઈ સોગિ રે, ભ્રમે અનંત સંસાર ॥૭૪॥

ઢાળ : તું તો મુરખ વિષયા સંગી, પાખંડ કરઈ બહુરંગી;
લીનો જિનવર કો ઉપદેશા, કીયો સંયમ માંહિ પ્રવેસા ॥૭૫॥

દોહા : વચન રુપ અંકુસ ભયો, મસ્તક કીયો પ્રહાર;
ગજ ભઈમતા ફેરીયો, ચમક્યો ચિત્ત ઝૂઝાર ॥૭૬॥

ઢાળ : હમ દોનો સંયમ પાલઈ, શિવપુર કો પંથ નિહાલઈ;
ધન ધન સતીવઈ[૧૩] રાખ્યા, મઈ બૂડત ફરીયો પાછો ॥૭૭॥

દોહા : ઉગ્ર તપીઆ તપધર હુએ, રાજમતી રહનેમ;
જિનકો જગ જસ વિસતરયો, સુનિયો ઉતરાધ્યેન ॥૭૮॥

ઢાળ : એ દોનોં કેવલજ્ઞાંની, બ્રહ્મચારી શિવપુર ગાંમી;
જો નિરમલ સીલ અરાધઈ, શિવપુર કો મારગ સાધંઈ ॥૭૯॥

દોહા : જાઈ હુવા મુગતિ મિલાવા, તિહાં ફેર નહીં આવા જાવા;
જાઈ અખય સુહાગન હોઈ, નીસરી સકે નહી કોઈ ॥૮૦॥

જો રાજલ મંગલ ગાવઈ, મનવંછિત હી ભલ પાવઈ;
જિનદાસ કહઈ કર જોડી, મઈ હો અજાઈ સતિ થોડી ॥૮૧॥

તુમ જ્ઞાન અનંત અતિભારી, તે કહ ન સકું વિસતારી;
તિહું કાલેં સંજમ કીજઈ, ઈસ ભવકા લાહા લીજઈ ॥૮૩॥

॥ ઈતિ શ્રી નેમ રાજેમતી વિવાહલો સમાપ્તમ્ ઈદમ્ ॥

સંવત ૧૮૬૨ વર્ષે વર્ષે મિતી ચૈત્ર શુક્લ-૭ દિને લિખિતં રિષ ઉગ્રચંદ્ર, રાહુંનયર મધ્યે રિષજી શ્રી વસંતરાજજી કૃત છે.

લિપીકાર : ડૉ. ભાનુબેન શાહ

- કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧ | ફગૂદુ | - | ફાગ ખેલવા. (ફાગણ માસના) |
| ૨. | અનચિત | - | અનુચિત, અયોગ્ય. |
| ૩. | ઈદુકુલ | - | યાદવકુળ (જાદવ) |
| ૪. | વ્યાહન | - | વિવાહ |
| ૫. | ઈકાવલાદિ | - | એક સેરવાળો હાર |
| ૬. | નઈ | - | નવલઈ-નવિ : નવી જાતના |
| ૭. | હસોર | - | હસે છે, હસવું. |
| ૮. | ધરન | - | ધરતી (પૃથ્વી) |
| ૯. | અગેટી | - | અગાઉથી |
| ૧૦. | નિસચૈ | - | નિશ્ચય |
| ૧૧. | ખિમા | - | ક્ષમા |
| ૧૨. | ઔસર | - | અવસર, શુભપ્રસંગ |
| ૧૩. | સતીવઈ | - | સતી વ્રત |

# ૧૧. નેમિ વિવાહલઉ

જૈન સાહિત્યમાં નેમનાથ ભગવાન અને શ્રી સ્થૂલિભદ્ર મહામુનિના જીવનના પ્રસંગોને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રકારની ગદ્ય-પદ્ય કૃતિઓ રચાઈ છે.

નેમિ વિવાહલો કૃતિ એ નેમનાથના વિવાહ વિશેની છે. આ ચરિત્રાત્મક કૃતિની માહિતી નીચે પ્રમાણે છે.

સમુદ્રવિજય અને શીવાદેવીના પુત્રરત્ન નેમનાથનો જન્મ શ્રાવણ સુદ-પાંચમીને દિવસે થયો હતો. રાજા જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરે છે.

માઈ મનોરહ સવિ ફલિય જય જય રવ રવિતલિ ઉચ્છલિય
ઘરિ ઘરિ મંગલ ચારુએ સુરપતિ તહિં ઉચ્છવ કારુએ ॥૪॥

નેમ કુમારને પરણાવવા માટે માતાને ઘણો ઉત્સાહ થાય છે અને રાજુલ સાથે લગ્ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

નેમકુમારને શણગારીને જાન લઈને ઉગ્રસેનના દરબારમાં આવે છે ત્યારે પશુઓના પોકારથી દયાળુ નેમકુમાર પરણ્યા વગર ગઢ ગિરનાર જઈને સંયમ સ્વીકારે છે. અને કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આવિય અંગણિ રંગ ભરે વિલવંત પસુ દય દેખિ કરે
તે મેલ્હાવિય વેગલ એ રથવાલિયએ છઉ પહુચલએ ॥૧૬॥
અહ સાવણ સિય છઠિ જિએ સો દેવ દયાલુ વ્રત લીયએ
આસુ અમાવસિ વિજયકર કેવલવર દંસણ નાણધર ॥૨૧॥

રાજીમતી નેમનાથના પગલે ચાલીને સંયમ સ્વીકારે છે અને આરાધના કરી મોક્ષ સુખ પામે છે.

ઇય નેમીસર કરકમલિ સંજમ સિઉ માનઈમનરમલિ ।
ઉગ્રસેન ધુય નિરમલિય પ્રિય પહિલિય સિવપુરિ પહુતલિય ॥૨૩॥

કવિ નેમનાથ ભગવાનનો વિશેષણયુક્ત પરિચય આપતા જણાવે છે કે,

અજર અમર વર કર ચરણ મંગલકર ઘઘલ બલ દલણ ।
રોગ સોગ ભાવઠિં હરણ શ્રી શાંતિકરણ જય નેમિજણ ॥૨૪॥

આ વિવાહલો ભણવાથી (સ્વાધ્યાય) સર્વસંપત્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રકારની ફળશ્રુતિનો ઉલ્લેખ થયો છે અને કવિ (કર્તા) નામની પણ માહિતી મળે છે.

ઇય મનિ ધરિઉ માહલઉએ જો પભણઈ નેમિ વિવાહલઉ એ
તસુ સવિ સંપતિ સંપજ એ, જય સાગર ગણિવર ચરણવસે એ ॥૨૬॥

કવિ જયસાગર ગણિની વિવાહલો કૃતિમાં મિતાક્ષરી શૈલીનો પ્રયોગ થયો છે. મુખ્યત્વે નેમનાથનો પરિચય અને અંતે સંયમ સ્વીકારી મોક્ષે સિધાવે છે તે પ્રસંગનું વર્ણન કર્યું છે.

રાજિમતીના પાત્રનો કોઈ વિસ્તાર કર્યો નથી, પણ રાજુલ નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઈને મોક્ષ પ્રાપ્તિ કરે છે તેનો ઉલ્લેખ કર્યો છે. અહીં આધ્યાત્મિક વિવાહને મહત્વ આપવામાં આવ્યું છે જે ભવ્યાત્માઓને સંયમ જીવન માટે પ્રેરણારૂપ બને છે.

કવિએ કાવ્યને અનુરૂપ લલિત મંજુલ પદાવલીઓ દ્વારા રચના કરીને પોતાની કવિ પ્રતિભાનો પણ પરિચય કરાવ્યો છે.

## નેમી વિવાહલઉ

**જાદવકુલ સિરિ સિરતિલઉએ ગંગાજલ નિરમલ ગુણનિલઉએ**
**લોયણ અમીય નિવેસુણ હઉ ગાઈસુ નેમી જિણેસુએ ॥૧॥**
**સોરિયપુરી ઉછાહૂએ સિરિ સમુદ્રવિજય [૧]નરનાહૂએ**
**સિવાદેવી તસુ વર [૨]ઘેરણી ઘરમંડણિ માનવ મનહરણી ॥૨॥**

કાર્તિય વદી બારસિ [૩]પવરી [૪]અવયરિઉ જિણવર વસુઉયરિ
શ્રાવણ સુદિ પંચમી દિવસી જાયઉ જગિ જગિય પુન્નવસિ ॥૩॥
[૫]માઈ મનોરહ સવિ ફલિય જય જયરવ રવિતલિ ઉચ્છલિય
ઘરિ ઘરિ મંગલ ચારુએ સુરપતિ તહિં ઉચ્છવ કારુએ ॥૪॥
નેમીનામ અભિરામૂએ સો વાધઈ કુયરકિ કામૂએ
રૂપસુભાગ [૬]સિરીવરિય ક્રમિ જોવનવય વનિસંચરિય ॥૫॥
[૭]ધવઉ વંકઉ બહુય પરે મુહિ લાગઉ બોલઈ ગુહિરસાર
હરિ કરિ સાગરિ જો વસિય, જસુ લંછણિ સોહઈ સોહસિય ॥૬॥
અંગિરંગિ રસિ આગલઉએ બલબુદ્ધિકલા જલ વાહલઉએ
ગુણગણમણિ ભંડારુએ ગંભીરિ ધીરિમ ધારુએ ॥૭॥
હાસ ખેડકઉતિગકલિય ગોપી સવિ પ્રચુપાખલિ મિલિય
નયણ વયણ રસ જાગવિય, ઈય રમઈતિ રામતિનવનવિય ॥૮॥
હાવિ ભાવિ નવિ રંજિયએ નવિકારિનમારિ સુગંજિયએ
દઢ મનકાય સુદઢવયણ લવલેસ નેમી જઈ જિણરયણ ॥૯॥
કામગ્રહિ જની તણએ વિવાહહ કારણિ હા ભણઈએ
માય દિયઈ આસીસૂએ વચ્છ જીવે કોડિ વરિસૂએ ॥૧૦॥
હઉ બલિ જાઉ તુયવ પગિ ભોગસુખ વિમુખ મન
પુણિ માનઈ સામિય નિજ સજન તઉ,
આપગિયણ બલિજાઉ લાડણ તુય નયણ ... ॥૧૧॥
તઉ અમ્હ કુલિ કલસલઉએ જય જય તઉ તિહુયણે
ચંદ લઉએ ઈણિપરિ સહૂય ઈહ રખિઉએ,
જઈ તઈ અમ્હ દાખિન દાખિઉએ ॥૧૨॥
હિવ જાદવ સવિ ગહગહ્યાએ, ગરુયઈ રસિ ધસમસિ સામહયાએ
ગુડિયા ગયવર અતિ ઘણાએ ગુણગાવિઈ જણતણાંએ ॥૧૩॥

તિચિલત્તર તઈતડયડિએ એગિ પગિ પટુ નાયક વાટડિએ
વરસિગારિઉ રથિ ચઉએ, પરણેવા ઉચ્છવિ અતિવડએ ॥૧૪॥
તિણિ ખિણિ અતિ ઉછાહલએ સિણગાર કરઈ રાજલ ભલએ
ચતુર ચકોરિ સુહામણિય પ્રિય આગમિ દેઈ વધામણિય ॥૧૫॥
આવિય અંગણિ રંગભરે વિલવંત પસુ દયદેખિ કરે
તે મેલ્હાવિય વેગલએ રથવાલિયએ છઉ પહુચલએ ॥૧૬॥
વાતએ નિયતિમએ નવનેહ ગહિલ્લિય [૮]રાઈમયે
ગનિ અરણઈ જવ આપણએ પભણઈ તવ સહિયર હિતપણએ ॥૧૭॥
પહનેહિરસિ રાગલએ નવિમાવઈ રાચઈ સાચિલએ
જંત સુપ્રતિ મનરી જુએ તે જાણિ જિઉસરિ બીજુએ ॥૧૮॥
તહ વિહુ સાતુહ મનિ વસએ તસુ નામસુણી તનુ ઉલ્હસએ
જિંહા તસુ પુણિ ગુણિ રમએ તઉ તઉ ઈકિ માજીય મૂઢિમએ ॥૧૯॥
સહિય તિવારિય બોલતિય જગ સઘલુ તનમન દેખતિય
નેમિ ધ્યાનિ નિશ્ચલ હિયએ રાજીમતી કઈવય દિનલિયએ ॥૨૦॥
અહ [૯]સાવણસિય છઠિ જિએ સો દેવ દયાલુ વ્રત લીયએ
[૧૦]આસુ અમાવસિ વિજયકર કેવલવર દંસણ નાણધર ॥૨૧॥
જોયણ જામ સમોસરણ સુર ખેચર સેવઈ જિનચરણ
રિમિઝીમ વાજત ઘુઘરિય પ્રભુ આગઈ નાચઈ કિંન્નરીય ॥૨૨॥
ઈય નેમીસર કરકમલિ સંજમસિઉ માનઈ મનરમલિયં
ઉગ્રસેન ધુય નિરમલિય પ્રિય પહિલિય સિવપુરિ પહુતલિય ॥૨૩॥
અજર અમર વર કર ચરણ મંગલકર ઘઘલ બલ દલણ
રોગ સોગ ભાવઠિ હરણ શ્રીશાંતીકરણ જય નેમિજિણ ॥૨૪॥
આષાઢહ સિહ અઠમિય સાસય સિવ સંપયઈ રમિય
તુહ ગઈ તુહ મઈ તુહ તરણ ભવિભવિ મહ સામિય તઉ તરણ ॥૨૫॥

ઈય મનિ ધરિઉ માહલઉએ જો પભણઈ નેમી વિવાહલઉએ
તસુ સવિ સંપત્તિ સંપજએ જય સાગર ગણિવર ચરણવએ ॥૨૬॥

॥ઈતિશ્રી યાદવકુલાલંકાર શ્રીનેમીશ્વર વિવાહલક ॥

**કર્તા : શ્રીજયસાગર ગણિ.** **લિપીકાર : આ.જગત્ચન્દ્રસૂરિ**

• કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧ | નરનાહૂ | - | નરનાથ |
| ૨. | ધરણી | - | સ્ત્રી |
| ૩. | અવયરિઉ | - | અવતર્યા |
| ૪. | માઈ | - | માતા |
| ૫. | પવરી | - | શ્રેષ્ઠ-ઉત્તમ |
| ૬. | સિરીવરી | - | લક્ષ્મીવરી |
| ૭. | ધવઉ | - | ધવલ |
| ૮. | ગુરુયઈ | - | મોટી |
| ૯. | રાઈમયે | - | રાજિમતીએ |
| ૧૦. | સાવણસિય | - | શ્રાવણ સુદિ |
| ૧૧. | આસુ | - | આસો. |

## ૧૨. શ્રી નેમી જિન વિવાહલો

*નેમ-રાજુલના જીવનને કેન્દ્રમાં રાખીને કવિઓએ વિવાહલોની રચના પોતાની કવિ પ્રતિભાથી કરી છે. કેટલાક વિવાહલો વિસ્તાર પૂર્વક રચાયા છે તો વળી મિતાક્ષરી શૈલીમાં રચાયેલા વિવાહલો પણ પ્રાપ્ત થાય છે.*

*ઉપરોક્ત વિવાહલો મિતાક્ષરી શૈલીના નમૂનારૂપ છે. હસ્તપ્રતને આધારે તેની માહિતી નીચે પ્રમાણે છે. હસ્તપ્રતમાં કવિના નામનો કે રચના સમયનો કોઈ ઉલ્લેખ થયો નથી. પણ હસ્તપ્રતને અંતે વિવાહલો લખનાર વ્યક્તિ અને તેનો આધાર દર્શાવ્યો છે. રચના સમય સં. ૧૯૧૬. આ સમય કૃતિ લખવાનો-ઉતારો કરવાનો,*

સમજવાનો છે. નકલ કરનાર વિશે નીચેની વિગત છે, ઓશવાલ મહાજન ભગવાનજી સુત ભેરુરામ કા. એટલે કે ઓશવાલ જ્ઞાતિના ભેરુરામના પુત્ર ભગવાનજીએ વિવાહલો લખ્યો છે.

"યાદશં પુસ્તકં દ્રષ્ટ્વા તાદશં મયા લિખિતં ।" એટલે કે આ વિવાહલો અજ્ઞાત કવિ કૃત છે, પણ ભગવાનજીએ કોઈ પુસ્તકને આધારે લખ્યો છે. એનો અર્થ સ્પષ્ટ એ રીતે થાય છે કે, મધ્યકાલીન સમયમાં ઘણી કૃતિઓ અજ્ઞાત કવિની છે અને કોપી કરનાર વ્યક્તિના નામથી હસ્તપ્રતો મળે છે. આ માહિતી પણ નોંધપાત્ર છે.

આરંભમાં કવિએ નેમકુમારનો વરરાજા તરીકે પરિચય આપ્યો છે. હાથમાં મેંહદી, કંગન શોભે, મુખમાં નાગરવેલનું પાન, હૈયે હીરાજડિત મોતીનો હાર અને સ્ત્રીઓ ગીતો ગાય છે.

આ રીતે વિવાહને અનુરૂપ માહિતી આપવામાં આવી છે. ત્યારપછી નેમકુમાર ઉગ્રસેન રાજાના દરબાર પાસે મંડપ રચના કરી છે ત્યાં તોરણે આવે છે.

કવિના શબ્દો છે :

"જય નેમીસર તોરણ આવે પશુવન કરી પુકારજી." વિવાહના આનંદની એક ઝલક જોયા પછી તોરણે આવીને પશુઓના કરૂણ પોકાર સાંભળી નેમકુમાર રાજુલાનો ત્યાગ કરી ગઢ ગિરનાર પહોંચી સંયમ સ્વીકારે છે તેની માહિતી આપી છે.

"જય નેમીસર ગિરિકુ ચાલે, રાજીમતી મંડપ છાંડી હો."

શ્રૃંગારરસના અમીછાંટણા થયા પછી કરૂણરસની ગ્લાનિનો પ્રારંભ થાય છે.

રાજીમતી પણ નેમનાથને પગલે પગલે ગિરનાર જઈને સંયમ સ્વીકારે છે. કવિના શબ્દોમાં આ વિગત જોઈએ.

"પિઉ પાસે રાજીમતી રાણી તો સંજમ લો સિદ્ધરમણી રે.
કરમ ખપાવીને મુગતે સિધાવ્યા તો અજરામર પદવી પાયા રે."

અંતે ફળશ્રુતિનો પરંપરાગત ઉલ્લેખ કરી જણાવે છે કે,

"જો કોઈ વ્યાહલો પઢેપઢાવે મનવાંછિત ફળ પાવેજી."

નેમ-રાજુલના વિવાહલોનો સાર એજ કે ભૌતિક વિવાહના નિમિત્તથી આધ્યાત્મિક વિવાહમાં જોડાઈને મુક્તિ પ્રાપ્ત કરી. આ વિવાહલો 'સ્તવન' સાથે વધુ સામ્ય ધરાવે છે સ્તવનમાં વિસ્તારનો અભાવ હોય છે. માત્ર પ્રસંગોચિત માહિતી હોય છે એટલે સ્તવન રચના કહીએ તો ઉચિત લેખાશે.

## શ્રી નેમીજિન વિવાહલો

**લિપીકાર : સા.શ્રી શાશ્વતયશાશ્રીજી મ.**

નગર કે પૂછન લાગૈ, ઈનમેં જાદુપતિ દુલહનકો નસોજી
હાથ મહેંદી કંગન સોહે, મુખમેં નાગરપાનોજી
હીરા રતન જડે મુક્તાહલ, સુર્યકી કીર્ણ છીપાયોજી
કાજલ રૈખ બણીજો ક(કુ?) વરકે, બિચ સુરકી બિચ મુરકીજી
ચંદનખોલ મણિયાગર સોહે બિચ રોલીકા બિંદોજી
ગાવત નાર દેવત બહુ ગારી. કુમર જાદુપતિ દુલહનકારજી
અનહદ બાજૈ બાજણ લાગૈ, ઉગ્રસેન દરબારીજી
જવ નેમીસર તોરણ આયે, પશુવન કરી પુકારજી
કા, કોલેહાહે હમ તુમ પુછૈ એહ જીવ કૈહ કૈ કારણજી
નેમીસર ના વરીયાજી, જીવિત વરસાઈજી
કાટા લાગૈ દુઃખ પૈરુપશુ ધન મેલ્યો ધાવોજી
એક જીવ કૈ કારણ સ્વામી કોન સહેગો અપરાધોજી ॥૧॥
મોર મુકુટ તે નેમે ધરીયો કંડા નડાસ્યા તોડસીજી
જવ નેમીસર ગિરીકું ચાલે રાજીમતી મંડપ છાંડીજી ॥૨॥

કાકોલાહાદે માય નમોસી જદુપતિ લાબો બહોરોજી
જો પરહર પરરાજ બેટી ઉર વર લાઉમે થારોજી ॥૩॥
એસા બોલ ન બોલ મોરી માતા ઐસા બોલ ગમારોજી
કોપ્યા હુ જદુપતિ નંદન કેરહુ જન્મ કઠારોજી ॥૪॥
આગૈ નદી નરવદા ટાઢી પાછૈ સે રાજીમતી ચાલીહોજી
સમુદવીજૈ જદુપતિ નંદ તાકે હાથ બિહાનીહોજી ॥૫॥
ઈન કાલરો ભરોસ્યો ભાઈ રે કો નહીં કીણ વરીયા
ગોખ સે ચઢીપી ન(નિ?)રખે રે મહા... ॥૫॥
ભલને પધારીયા પીઉ પ્રિતમ સંભાલિતો
અષ્ટ ભવંતર નારી રે .... મહા ॥૬॥
રોજસુસા મૃગબંધણ ટાલી તો નેમ ચાલ્યા રથ વાલી રે મહા ॥૭॥
નિજ મહલ જાઈ દાન દીયો દો સંસાવન જાઈ સંજમ લીધો રે મહા ॥૮॥
પિઉ પાસે રાજીમતી રાણી તો સંજમ લે સિદ્ધરમણી રે... મહા ॥૯॥
કરમ ખપાવીને મુગતે સિધાવ્યા તો અજરામર પદવી પાયા રે ॥૧૦॥
પીઉ બ્રહ્મચારી રે રાજુલ રાણી રે, તો નેમ ચઢ્યા ગિરનારી ॥૧૧॥
તંદુલપુર એક સરાવગ નગરી જાકી સણી બિખારીહોજી
જા કોઈ વ્યાહલો પઢે પઢાવે મનવંછિત ફલ પાવેજી ॥૧૨॥
॥ઈતિશ્રી નેમરાજુલજી કો વિવાહલો સંપૂર્ણ ॥

## ૧૩. નેમ વિવાહ

*નેમનાથ વિશે વિવાહલોની રચનામાં કવિ કેવલકૃત નેમવિવાહનો પરિચય નીચે પ્રમાણે છે. કવિ પંડિત વીર વિજયજી કૃત નેમિ વિવાહલોમાં વિવિધ પ્રસંગોનું નિરૂપણ થયું છે. એટલે આ વિવાહનું*

પુનરાવર્તન ન થાય તે દષ્ટિએ મહત્વના પ્રસંગોની માહિતી આપવામાં આવી છે.

કવિએ ૪૩ ઢાળમાં નેમ વિવાહની રચના કરીને નેમનાથ ભગવાનના વિવિધ પ્રસંગોનું રસિક શૈલીમાં વર્ણ કર્યું છે. પદ્ય અનુરૂપ દેશીઓના પ્રયોગથી સાચા અર્થમાં કાવ્ય તરીકે સફળતા પ્રાપ્ત થઈ છે.

૪૩મી ઢાળમાં કવિએ પોતાના કુટુંબની માહિતી આપતાં જણાવ્યું છે કે, સાબરમતીના કિનારા પાસે આવેલા કારુદરા ગામના પિતા અમીચંદ અને માતા અચરતના પુત્ર હું કેવળદાસ માતા-પિતાએ શ્રાવક ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું.

સં. ૧૯૨૯ રચના સમય : સંવત ઓગણીસે વળી હો લાલ

**ઓગણત્રીસ મોઝાર રે**
**શ્રાવણ શુક્લ સપ્તમી હો લાલ.**
**ગરવો તે ગુરુવાર**
**તેર દિવસે પુરો કરી હો લાલ**
**ગાયો નેમ વિવાહ રે.**

કાવ્યના આરંભમાં સરસ્વતીદેવી અને ગુરુ ગૌતમસ્વામીને નમસ્કાર કરીને કવિએ નેમ વિવાહ ગાવાની શુભ ભાવના પ્રગટ કરી છે.

નેમકુમાર કૃષ્ણની આયુધશાળામાં જઈને શંખનાદ કરે છે અને પોતાના અતુલ બળનો પરિચય કરાવે છે. તદુપરાંત એક ચપટીમાં સુદર્શન ચક્ર ઉપાડે છે. કવિ કહે છે કે "રમતાં તે રંગ ઉમંગમાં હો લાલ." પાંચમી ઢાળમાં જળક્રીડાનું શ્રૃંગાર રસમાં નિરૂપણ થયું છે અને નેમકુમારને પરણવા માટેની યુક્તિ સફળ થાય તે માટે. ગોપીઓ એકત્ર થઈને નેમકુમારને વિવિધ રીતે ઉત્તેજિત કરે છે.

**નાભ્માં નાભ્માં કેક નારીયો રે.**
**નેમ ઉપર નાખે નીર, કેક આવીને કામની રે;**
**ચાળા કરીને નાખે ચીર, ભાભીએ લીધા ભોળવી રે;**

**કેક તાણે તન ચૂંટલી રે, તેમાં ઘણા તાણે ગાલ;**
**હલકે રહીને હુંસમાં રે, જેમ ખણીએ નહીં ખાલ ભા. ॥૫॥**

નેમનો હાથ ઝાલે, કાદવ ઉછાળે પીચકારીથી પાણી છાંટે છે. જાંબુવતી મહેણાં મારે છે. નેમ નાદાર નથી. એક એક ગોપીઓ મોહ રાજાના સામ્રાજ્યમાં નેમકુમારને ફસાવા માટે પ્રયત્નો કરે છે.

જળક્રીડા કર્યા પછી ગોપીઓની વચ્ચે નેમકુમારને બેસાડે છે અને પરણવા માટે સમજાવે છે.

**લખમણા કહે લહેકો કરી, રીસ નવ કરીએ આપ;**
**પરણ્યો હો જો પ્રેમદા, તો શાનાં મન સંતાપ**

પદ્માવતી કહે,

**અજવાળો કુળ આપણું કુંવારા પુરૂષતણોજી પુરો નહીં પતીયા રે.**

**"પ્યારી વિના દુઃખપામીયા એકલડાં અગાધ"**

રૂકમણી કહે છે દીયર મારી વાત માનો ને તમે પરણો.

**"પરણ્યા વિના તો નહીં ચાલે શુભ મંદિરીયામાં કોણ મહાલે."**

અંતે કવિના શબ્દો છે.

**તમે ધારી બેઠા ધર્મને, તમે વાંઢા તે લંછન અમને,**
**તે ઝાઝું શું કરીએ તમને રે, નારી લાવો નર નેમજી રે. રંગા રાખોજી.**
**સમજી શુભ ઉર, મુખડે ભાખોજી.**

નેમકુમારને પરણાવવા માટે ગોપીઓની જળક્રિડા અને એક પછી એક ગોપીના વચનો વ્યવહારથી પરણવાનું સુખ વગેરેની વિગતો દ્વારા શ્રૃંગારરસની વાણીનો પ્રયોગ સફળ થાય છે.

ગોપીઓના વચનોના પ્રયત્નોના પ્રતિભાવરૂપે નેમજી કહે છે કે,

**ત્યારે તે બોલ્યા નેમજીરે નહીં માનુજી**
**ભાભી સુનો વાત નથી કાંઈ છાનુંજી**

**કૌરવો, પાંડવો, રાવણ વગેરે નારી કારણે નાશ પામ્યાજી.**
**નીચમાં નીચ નારી કહીરે, નહીં માનુંજી.**

નેમનાથનાં વચનાં સાંભળીને રાધા કહે છે કે નારી સુખની રે લકીર.

**"તે સુણતાં શરમાઈને હસીયા નેમકુમાર નીચી નજરે ન્યાખીને"**

**હસતાં દેખી હસી પડ્યો શામા કેરો સાથ**
**માન્યું માન્યું મુખ કરી તાળી લીધી હાથ.**

નેમકુમારનું હાસ્ય લગ્નની સંમતિ સૂચક ગણીને ઉગ્રસેન રાજાની રાજકુમારી રાજુલ સાથે વિવાહની તૈયારી કરવામાં આવી.

**"ઉગરસેન કહે માહરે ખાંડુ ખટેના ઘેર.**
**જાન જબરી લેઈ આવજો, પરણાવા રૂડા રે પેર."**

**"શ્રાવણ શુક્લ પંચમી, માંહીજ મંગળવાર**
**લગન લઈ તે દીનતું આવ્યા કૃષ્ણ દુવાર"**

લગ્નનો ઉત્સાહ અને આનંદનાં વાતાવરણનો પરિચય અનુભૂતિ કરાવતી પંક્તિઓ જોઈએ તો.

**કંકોતરીઓ લખાવી અપાર રાગ-રાગનાં વાજાં વાગે**
**પુરૂષોને ઉપર પાન, ભાટ બ્રાહ્મણને દે દાન.**

ઉગ્રસેન રાજાને ત્યાં પણ લગ્નની તૈયારી થાય છે.

રાજુલ મનમાં વિચારે છે કે મનગમતું સાસરું મળ્યું છે. પૂર્વ જન્મમાં ઘણું પુણ્ય કર્યું હશે એટલે આવું સાસરું મળ્યું છે.

**પરણીને પિયરીયાંજી, આવું નહીં દિન એક**
**સાસરે સુખ હું ભોગવું જી, વાલમ રાખી વિશેષ ॥ ઢાળ-૧૮**

"ગોકુળ વહેલા પધારજો રે..." એ દેશીમાં રચના કરી પંક્તિઓમાં પ્રગટ કરવામાં આવી છે. કંકોતરી લખીને દાસી સાથે સમુદ્રવિજયને ત્યાં પહોંચાડવામાં આવી, અને તેનો પ્રત્યુત્તર પણ લઈને દાસી રાજુલને આપે છે. આ કવિએ અહીં પ્રેમપત્રનો પ્રયોગ કર્યો છે.

કાગળ રૂદીયા સાથ, વળતી વાંચી જોઈને સમજી સરવે મન.

૨૦મી ઢાળમાં લગ્ન મંડપનું ચિત્રાત્મક અને આકર્ષક વર્ણન કરવામાં આવ્યું છે.

**મંડપ રચના રચી છે સારી, દેવ સરખા જુવે ધારી ધારી;**
**આરસપાણની બાંધી છે કોર, માંહી પાથર્યો કાચ બીલોર. ૧**

**હાંડી તખતા અને ઝુમ્મર, જોતાં મહીં જણાય જ મુખ;**
**સ્થંભ કોચીને ઘાલ્યા છે મણી, તેથી શોભા તે સૂર્યની બણી. ૨**

**દ્વાર કમાનો સામારે સામી, ચીત્ર જોતાં નહીં કશી ખામી;**
**મહીં ચીતર્યા પંડીત ભણતાં, મહીં નાણાવટી નાણું ગણતાં. ૩**

**કૈક ચીતરયાં દેશ નરેશ, તેમાં ફેર નહીં લવલેશ;**
**મહીં ચીતરયાં ઈંદ્ર ઈંદ્રાણી, જાણે વદશે મધુરી તે વાણી. ૪**

**મહીં ગાંધર્વ ચીતરયા સાર, જાણે કરશે તે મુખ ઉચ્ચાર;**
**મહીં ચીતરયા બાગતામહય, એક એકનું જબરૂ બળ. ૫**

**મહીં ચીતરયા હસ્તીને ઘોડા, સામા સામી બબેના જોડા;**
**ઉપર બેઠા નામી અસ્વાર, જોતાં જ હવે તો હઈડે ચોટીઓજી. ૬**

મંડપ રચાયો ધામધૂમ થાય છે. આનંદ ઓચ્છવ થાય છે.

કવિ કલ્પના કરે છે કે મંડપની ગરિમા તો ઈંદ્રાસન કરતાં પણ અધિક છે. નેમકુમારની જાન નીકળવાની છે તેમાં દેશ-વિદેશના રાજા-સેનાપતિ-સગા-સ્નેહીઓ આવે છે. બળદેવજી આવકાર આપીને ઉતારા પર લઈ જાય છે અને સ્નેહપૂર્વક ભોજન કરાવે છે.

નેમકુમારની જાનમાં જવા માટે સ્રીઓ અવનવી કલ્પનાઓ કરે છે. બગીમાં બેસીશું, રથમાં બેસીને ગીતો ગાઈશું. વહેલમાં બેસીશું, નર-નારીઓ એકબીજાને જાણ કરીને જાનમાં જવાનું નક્કી કરે છે.

નેમકુમારના શણગાર વિશે કવિની કલ્પનાઓમાં એમની પ્રતિભાનો પરિચય થાય છે. ૨૨મી ઢાળમાં નેમ કુમારનું શબ્દચિત્ર આકર્ષક રીતે આલેખવામાં આવ્યું છે.

જાદવ વરઘોડો ચઢે ।।આંકણી।।

અંગ આભુષણો અતિ આપતાં, પેરી નેમ નગીનજી નાથ જા.૧
કડા પોંચી બાજુબંધ બાંધીઆ, સોના સાંકળા શોભાવી હાથ. જા. ૨
દશે આંગળીએ વેઢ ને વીંટીઓ, ભારે નંગની પરી જડીત જા.૩.
કોટે મોતી માળાઓ મહામુલની, પેરી પુરી ધરીને પ્રીત જા.૪
કાને નવલખી કુંડળ શોભતાં ઉપર વાળી ઘાલીને વેળ જા.૫
માથે મુગટ તે બંધ રૂડું મોળીયું મુકી, હીરા માણેકનું જડેલ જા.૬
મોતી તોરા લટકે એ મોળામાં, ઉપર શોભે કલગી સાર જા.૭
અંગે જરકશી જામો પેરીયો તેની તેજ તણો નહીં પાર. જા.૮
કમળા કુમકુમ ટીંકર લેઈને, કર્યું તિલક નેમને ભાલ જા.૯
વળી અંજન કર્યું કાજળ આંખમાં, તેને ટપકું કર્યું એક ગાલ જા.૧૦

૨૫મી ઢાળમાં જાનનું વર્ણન કરવામાં આવ્યું છે

છપ્પન કોડી કુંવરો, જાદવ તણો, સાથ થયા ઘોડે અસવાર
કડાં કંદોરા વેઢને વીંટીઓ, તેમાં નંગનું તેજ અથાગ

શાલ-દુપટ્ટા-મુગટ વગેરેથી જાનૈયા શોભે છે. સ્ત્રીઓ સોળ શણગાર સજીને ગીતો ગાય છે. હાથી ઉપર સોનેરી સાજ સજીને કેટલાક બેઠા છે. હાથી ઉપર નોબત ગડગડે છે. ઊંટ અને ઘોડેસવારો શોભી રહ્યા છે, હાથી, ઘોડા, બળદોને શણગારવામાં આવ્યા છે. ઈન્દ્રપુરીથી ઈન્દ્ર-ઈન્દ્રાણી સાથે જાન જોવા આવ્યા.

અંતે કવિના શબ્દો છે :

"વરઘોડો સહુ દેખીને રૂદીયે રાજી થાય"

કવિએ આકાશવાણીના સંદર્ભમાં નિરૂપણ કરતાં જણાવ્યું છે કે

"પરણ્યા વિણ પાછા જશે તોરણથી તતખેવ,
નેમ તજે રાજેમતી ગગન કહે છે દેવ"

રાજિમતીનું જમણું અંગ ફરકે છે. સ્ત્રી માટે જમણા અંગનું ફરકવું અશુભ ગણાય છે. કવિએ અંગસ્ફૂરણ વિદ્યાનો ઉલ્લેખ કરીને અગાઉથી ભવિષ્યનો સંકેત કર્યો છે. સખીઓ મારફતે જાદવની જાનની માહિતી મેળવીને રાજુલ હર્ષ અનુભવે છે.

૨૪મી ઢાળમાં વરઘોડાના વર્ણનનો પ્રસંગ સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે.

નમૂનારૂપ માહિતી જોઈએ તો

**વરઘોડામાં કચ્છી મુલતાની ઘોડી રે, વરઘોડામાં પાલખીનો નહીં પાર રે.**
**વરઘોડામાં દેશો તે દેશના રાજા રે, વરઘોડામાં સુભદ્રા તે લુણ ઉતારે રે.**
**વરઘોડામાં અવલ દીપે વરરાજા રે, વરઘોડો વરણવવા પામુ નહીં હું પાર.**

અહીં શૃંગારના સાગરનું બાષ્પીભવન થાય છે અને કરૂણરસની લહેરો છવાઈ જાય છે. રાજુલ જાનની રાહ જુએ છે.

**"નેમ નગીન ગયા તોરણે રે, ઉગ્રસેન દરબાર"**

નારીઓ હર્ષથી ગીતો ગાતી હતી. હવે

કવિ કરૂણાની વાત જણાવે છે.

પાંજરામાં પૂરેલા પશુઓ કરૂણ પોકાર કરતાં હતા. પશુઓનો શોર-બકોર સાંભળીને નેમ સારથીને કહે છે કે આ શું ધમાલ છે ? સારથીએ જવાબ આપ્યો કે પશુઓને પાંજરે પૂર્યા છે તેનો શોર-બકોર થાય છે.

આ સાંભળીને કરૂણાસાગર નેમજી રાજિમતીનો ત્યાગ કરીને ગઢ ગિરનાર તરફ રથ વાળવા જણાવે છે.

**નેમ કહે એક મારાથી રે, આ થાશે પાપ અપાર.**
**માટે પરહરી પ્રમદા રે, હું લેઉ સંયમ ભાર.**
**ભંગાણ પડ્યું ભારે જાનમાં**

શ્રીકૃષ્ણ-સાસુ-સસરા-સ્નેહીઓ નેમજીને પરણવા સમજાવે છે પણ પોતાના મક્કમ નિરધારથી ચલિત થતા નથી. તોરણે આવીને પાછા વળેલા નેમકુમારના સમાચાર સાંભળીને રાજુલ મૂર્ચ્છા પામે છે.

કવિએ ૨૮મી ઢાળમાં નેમજી પરણવાના નથી તેના પ્રત્યુત્તરમાં પશુઓનો પ્રસંગ વર્ણવ્યો છે.

**જાન બધી ઝાંખી પડી ઝાંખા થઈ સૌ જન**
**પાછા તે પણ પરવર્યા ભુવન આપ આપ.**

"પરણોને પીયુ પાછા વળો હો લાલ" એવા રાજુલના શબ્દો છે. શોકમય બનીને રાજુલ આમ કહે છે.

નેમ કહે છે હું પાછો વળવાનો નથી.

કવિએ નેમ-રાજુલના આઠ ભવના સંબંધનો ઉલ્લેખ આપીને આ નવમો ભવ છે. એમ જણાવ્યું છે.

રાજુલ નેમજીને ઉપાલંભ આપે છે જાન લઈને શા માટે આવ્યા ?

૩૨મી ઢાળમાં નેમ પ્રભુના વરસીદાન અને દીક્ષાના પ્રસંગનું વર્ણન થયું છે.

**વાલે માંડ્યું વેંચવા જી, વેગે વરસીદાન**
**ઈશાન ચમરી બે જણાજી, પાસે બેઠા દીવાન.**

વરસીદાન માટે દેવો ધન-સંપત્તિ લાવે છે. કવિના શબ્દો છે.

**દેવ કરે છે નોકરીજી, નેમ તણા થઈ દાસ.**
**સોનૈયા છાબો ભરીજી, લાવી મુકે તે પાસ.**

નેમજીનો જય જયકાર થાય છે. નેમજી વરસીદાન આપીને સૌને સંતોષ આપે છે. કોઈ દાન લીધા વગર પાછા જતા નથી. આ રીતે ૩૬૦ દિવસ વરસીદાન આપે છે.

**સંજમ લે છે શામળો, હોશ હૈયે ધરીને.**
**સામગ્રી અમરો સજે, વડો વિવેક કરીને.**

**દયાળુ દીક્ષા કારણે, ચઢ્યા જિન વરઘોડે,**
**અમરપતિ ચામર કરે, ઉભા ઈંદ્ર બે જોડે.**

**વાજા વિવિધ પ્રકારનાં, ઘણાં ઘોરમાં વાગે,**
**જાદવ રાણીઓ જિનને, ગાય રૂપાળી રાગે.**

**ફુલેકે ફરતા આવીયા, નેમ નગર બહાર,**
**સાથે સાથી રથ ઘોડેલા, તેનો લાધે ન પાર.**

**આચાર અદકો આચરી, આપે વડભાગી,**
**લોચ કર્યો લટો તણો, વેશ ધર્યો વૈરાગી.**

પ્રભુના સંયમ અવસરે કેટલાક પુણ્યાત્માઓ વૈરાગ્યને પામ્યા અને રાજાની સંમતિથી દીક્ષા સ્વીકારી હતી.

**સાધુ સહસ્ર શોભતા, જીનવરજીની જોડે**
**સહસાવન જઈને વસ્યા, કહે કેવળ કોડે.**

નેમજીની દીક્ષા પ્રસંગના વર્ણનની સાથે રાજુલની કરૂણ સ્થિતિનું નિરૂપણ કરતી ૩૪મી ઢાળ કરૂણરસની અનુભૂતિ કરાવે છે.

**આશા ભંગી થઈને કરે હવે પોકાર, નામ નિરંતર નેમનું લેઈને વારંવાર**

રાજુલના અંતરની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે,

**હો શામળીઆ સ્નેહ તોડીને કેમ તમે તો સંચર્યા રે.**
**ભવ આઠ વળી ભાવ સહિત મુજને વર્યા જી.**

હું કરગરતી હાથ જોડીને ઊભી રહીને રાહ જોતી હતી અને તમે ચાલ્યા ગયા. મેં ઘણું કહ્યું પણ તમે મૂંગા રહ્યા. મારો ભવ બગડ્યો મને તમારી આશા છે હજી હું શણગાર સજીને બેઠી છું. હું એક જ નામ 'નેમજી'નું નિરંતર જપું છું. મારું મનડું તમને મળવા ચાહે છે. મને તમારા નામના અને મળવાના ભણકારા વાગે છે. મનમંદિર સૂમસામ લાગે છે. પાણી પણ ગળે ઉતરતું નથી. રાત-દિવસ રડી રડીને જાય છે.

અનેક જાતના વિચારો આવે છે. મને તમારો સ્નેહ સતાવે છે. તમારો સંબંધ છોડવાની નથી. હે અંતરયામી, ભવોભવના સ્વામી મારી વાત તમે જાણો જ છો.

આ રીતે રાજુલ વારંવાર કલ્પાંત કરે છે.

૩૮મી ઢાળમાં રાજુલના જીવનની માહિતી આપતાં કવિ જણાવે છે કે,

**મને લાગી તમસે લગની રે, નેમ નગીના રંગભીના**
**મને અધવચ્ચ છોડીને ચાલ્યા ગયા. મને તરછોડી કેમ ?**

હું અહોરાત તમારી વાટ જોતી હતી. આઠ ભવનો સંબંધ છે નવમાં ભવમાં તમારાથી અળગી નહીં રહું. હું કુંવારી કન્યા રહી છું. તમારા વિયોગના દુઃખમાં ઝુરી રહી છું. તમારા ત્યાગથી દુઃખનો દરિયો તૂટી પડ્યો છે. મનના વિચારો મનમાં જ રહી ગયા. તમારા વિયોગમાં વસ્ત્રાભૂષણ, શણગાર કર્યા નથી. કાજળ આંજયું નથી.

**"મેં દરપણ લઈને મુખ ધાર્યું રે, શીર નહીં પાડયાં પટીયાં રે."**

હું લટકો કરીને મ્હાલી નથી. આમ નિસાસા નાખીને સમય વીતાવું છું.

**"તમે શત્રુ થઈને ચાલ્યા રે, પણ અંતર મુજને વહાલા રે."**

બાર મહિના આવી કરૂણ સ્થિતિમાં વહી ગયા છતાં તમારા દર્શન થયાં નથી. આ પ્રકારના વિલાપને અંતે રાજુલના શબ્દો છે.

**મને ભવ સાગરમાં તારો રે, એ બીન ઉપાય નહીં મારો રે.**

આ પ્રકારના વિચારોની હારમાળામાં રાજુલ જમીન ઉપર મૂર્ચ્છા ખાઈને ઢળી પડી. ત્યારે માતાએ આશ્વાસન આપ્યું.

**આંસુ લોહી આંખનાં તનયા કરી ટટાર.**
**શિખામણ દેસો ઘણી, તોય બહેન લગાર.**

માતા કહે છે : બીજા ઘણા વર છે ત્યાં પરણાવીશ.

**કાળો કરશન બંધવો, તે દેખી શું મોહી !**
**પરણાવું બીજે વળી વર ઘર સારું જોઈ.**

રાજુલ પ્રત્યુત્તર આપતા કહે છે કે :

**“જળ જળ કમળ ન હોય, વન વન ચંદન નવ મળે,**
**ઘેર ઘેર નેમજી નોય રાજેમતી કે માવડી.”**

રાજુલ માતાને કહે છે કે હું નેમજીના કાળા રૂપથી દુઃખી થઈ નથી. કાળા ગોરાના ગુણદોષ વિશે વિચારો પ્રગટ થયા છે.

છેવટે માતાને કહે છે કે,

**“માટે મારી માવડી, વૃથા ન બોલ વચન,**
**નેમ વિના સંસારમાં, માને નહીં મુજ મન.”**

માતા-પુત્રીના આ સંવાદમાં એવા સમાચાર સાંભળવા મળ્યા કે નેમનાથ ભગવાને ૫૫મા દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

આ સમાચાર સાંભળીને રાજુલે સર્વસ્વનો ત્યાગ કરીને સંયમ સ્વીકારવાનો નિશ્ચય કર્યો.

**સંયમ લેવા સુંદરી, હૈયે હરખી અપાર**
**વધાઈ મોકલી વેગથી, કૃષ્ણતણે દરબાર.**
**પાયે પડી મા તાતને, સૌને કરી સલામ.**
**કેવળ કહે રાજેમતી, તજી તરત તે ઠામ**

રાજુલ પિયરથી નીકળીને નેમજી પાસે સંયમ સ્વીકારવા જાય છે. અહીં કવિએ રાજેમતિના સંયમના પ્રસંગે વરઘોડાનું પરંપરાગત વર્ણન કર્યું છે.

રાજુલ અડવાણે પગે ચાલીને સૌની સાથે સંયમ લેવા જાય છે.

તે પ્રસંગનું વર્ણન ૪૫મી ઢાળમાં છે.

૪૧મી ઢાળમાં રાજુલનાં રહનેમિ માટેના વચનો જોઈએ તો.

હો દીયર મુનિ સંયમમાં સૂરતા તે જોજો ચૂકતા રે; શી મૃગજળ દેખી ધાઓ છો તજી તંબોળ બાળા ખાઓ છો; મુકી શરમને નરકને ચાહવો છો; ઢોળી અમૃત શીદ મુખ વીષ ધરી, તમે મહાવ્રત ધારી છો તપસી શીદ ભવ સાગરમાં જાઓ લપસી.

હું સંયમી, તમે વ્રતધારી, મહાવ્રત હારી જશો. આ અશુચિ કાયા નાશવંત છે તેનો મોહ ન રાખશો. એક માતાના બે દિકરા છો, દીયર સાથે કોણ લગ્ન કરે ? આ જોબનિયાનો લટકો છે તે કાચની માફક તૂટી જવાનો છે. તમે કુળની લજ્જા છોડી, શું વિચારો છો. તમે તપસી થયા. મનનો દુષ્ટ-દૃષ્ટિ વિચાર છોડી દો. જે પરનારીને સેવે, તેનું જીવતર ધૂણધાણી છે. કામજવર છોડીને દેહની મમતા મૂકી દો અને સંયમની સમતા ધારણ કરો.

રહનેમિનું હૃદયપરિવર્તન અને સંયમમાં સ્થિરતા થઈ.

**લજ્જા લંપટ પામીઓ સુણી શામા વચન,**
**કેવળ કરે સૌ સાંભળો નર-નારી ધરી મન**
**"રહનેમી જોડી હાથ નમીઓ નારીને"**
**"ભાભી હું ભૂલ્યો આજ મહાવ્રત પામીને"**
**તમે કહો તે કરું આજ ધન ધન તે બુદ્ધિ નાર**

અંતે રહનેમિ આલોચના કરી સંયમમાં સ્થિર થયા.

રાજુલના સંયમ જીવન વિશે કવિ જણાવે છે કે,

**દેહ દમન રાજુલ કરી, જીતી ઝઘડા ચાર**
**જન્મ મરણના આ ભવે, કાપી સઘળા કાર**

નેમ રાજુલના જીવનના પ્રસંગોથી પ્રસન્નતા અનુભવીને કહ્યું છે કે,

**ધન ધન નારી જાત, ધન ધન તારી બુદ્ધિને,**
**ધન ધન તારી માત, ધન ધન રાજુલ નેમને હો લાલ.**
**ધન ધન એ અવતાર રે.**

આ રીતે નેમ-રાજુલને ધન્યવાદના શબ્દોથી ભક્તિભાવપૂર્વક શુભ ભાવના વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લી ઢાળમાં ગુરુપરંપરા, રચના સમય અને ફળશ્રુતિનું નિરૂપણ કરીને નેમ-વિવાહની રચના સંપૂર્ણ થાય છે. કવિની ચિત્રત્માક શૈલી શબ્દચિત્ર આલેખન, વર્ણનકળા, રસનિરૂપણ પ્રાસયોજના, પ્રસંગોચિત દેશીઓના પ્રયોગથી કાવ્યને અનુરૂપ લય-ગેયતા સિદ્ધ કરવાની કળા વગેરેથી સમગ્ર કૃતિ સાહિત્ય ધર્મ અને કલાની દૃષ્ટિએ ઉત્તમ બની છે. આ કૃતિ ચરિત્રાત્મક છે પણ વિવાહ શબ્દ પ્રયોગથી આનંદ-ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું છે.

કવિએ આયુધશાળામાં નેમકુમારની વીરતાનો પરિચય કરાવીને લગ્નના માંડવા સુધી પહોંચવાના વિવિધ પ્રસંગોનું રસિક-પ્રવાહી શૈલીમાં નિરૂપણ કર્યું છે. પછીની ઢાળમાં રાજુલના જીવનના પ્રસંગો નેમ રાજુલના સંયમનો ઉલ્લેખ કરીને મોક્ષ પ્રાપ્તિથી "મધુરેણ સમાપયેત્"ના ન્યાય અનુસાર સમગ્ર કૃતિ વાચક વર્ગને વાંચવા પ્રલોભન કરાવે તેવી છે. *કવિઃ કરોતિ કાવ્યાનિ, રસમ્ જાનાતિ પંડિત।*

## ૧૪. નેમી રાજૂલ રો વીવાહલો

*મિતાક્ષરી શૈલીમાં વીવાહલોની બીજી કૃતિ મહેન્દ્રવિજયજીએ લખી છે તે કોબાથી પ્રાપ્ત થઈ છે. લિપીકાર મહેન્દ્રવિજય છે. આ વિવાહલોના કર્તા પંડિત સ્વરૂપચંદ છે.*

*સ્તવનની સાથે સામ્ય ધરાવતી રચનામાં પ્રભુ દર્શનની જિજ્ઞાસા છે. કૃતિનો આરંભ સરસ્વતી અને ગુરુ વંદનાથી થયો છે. રાજુલ નેમજીના દર્શનની જિજ્ઞાસુ છે. એમ જણાવીને નેમકુમારના લગ્નનો ઉલ્લેખ થયો છે. નેમજી લગ્નમંડપ પાસે આવ્યા અને પશુઓના અવાજથી કરૂણાસભર થઈ રથ પાછો ફેરવીને ગિરનાર ગયા.*

*નેમકુમારે દીક્ષા લઈને તપ કરી કર્મની નિર્જરા કરી પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.*

*"પ્રભુ નિરમલ દરશણ દીજીએ"ની ઉક્તિ ચરિતાર્થ થઈ છે. તેજીને ટકોરની જરૂરની માફક કવિએ અલ્પ પંક્તિઓમાં નેમિનાથજીનો સંકેત કર્યો છે.*

॥દેશી ॥ તમાકુની ॥ આઈ આઈ વિણભરારી પોત તમાખુ
લાયો રે ગાતામાસુ સુરતિ રે મ્હોરા ॥ એ દેશી

**સારદ માતને વીનવુંજી, લાગુ ગુરાં રે પાયા રંગીલા**
**નેમજી મોઉં દરસણ દેજ્યો રાજ,...(૨)**

**દરસણરી મોનું ને આખડી રે વાલા, નીત દરસણરો ભાવ રંગીલા ને૦**
**ઈંદ્ર આવી પુજા કરેજી, ઈંદ્રાણી ગાવે ગીત રંગાલા ને૦**
**સમુદ્રવીજયજી રો લાડલોજી, માતા શીવાદેવ કુખ રંગીલા ને૦**
**બાબો વીરાજે પાહડીજી, જીણકા રુપ અપાર રંગીલા ને૦**
**સોરઠ દેશ સુહામણોજી, સો બેઠે ગઢ ગીરનાર રંગીલા ને૦**
**ધન માતા ધન વે પીતાજી, ધન જેહનો વંશ રંગીલા ને૦ દરશણ નીત.**
**તોરણ વંદન આવીયાજી, પુસવાં કેરી પૂકાર રંગીલા ને૦**
**કડિયા કટરો વાડોજી ડકારી પસુયા કરીરે રંગીલા ને૦**
**રથ ખીચી પાછા વલ્યાજી, જાય ચડ્ય ગીરનાર રંગીલા ને૦**
**ગીરનાર સોહમણો, બેઠા છે નેમકુમાર રંગીલા ને૦**
**તપ કીયો કેવલ લહ્યોજી, પોહતા છે મુગતી મજાર રંગીલા ને૦**
**પંડિત સરુપચંદ વીનવુંજી, પાવસી સુખ અનંત રંગીલા ને૦**
**મોનું દરસણ દેજ્યો રાજ, નીત દરસણ રો ભાવ રંગીલા**
**મોનુ દરસણ દેજ્યો રાજ,**

ઈતિ શ્રી નેમી રાજૂલ રો વીવાહલો સંપૂર્ણ.

**લિ. મું મહેન્દ્રવીજયજી રો પત્ર છે.**

## ૧૫. શ્રી પાર્શ્વનાથ વિવાહલો

*શ્રી દેવકુશલ કૃત પાર્શ્વનાથ વિવાહલોનો રચના સમય પ્રાપ્ત થતો નથી પણ તેઓશ્રી ૧૮મી સદીના મધ્યકાળમાં થયા હતા. એવી મધ્યકાલીન કોશમાંથી માહિતી મળે છે. વિવાહલોની રચના સદીના મધ્યકાળમાં છે. કવિએ પાર્શ્વકુમારના વિવાહના પ્રસંગનું ઉચિત શબ્દો દ્વારા નિરૂપણ કર્યું છે. અન્ય કવિઓની રચનામાં વિવાહના પ્રસંગનું વિસ્તારથી વર્ણન હોય છે.*

*પ્રસંગોચિત પંક્તિઓ જોઈએ તો,*

*વીવા તે અવસર જિન તણો,*<br>
*શુભ મંડપ તોરણ સોહે રે,*<br>
*પાસ કુંવર ચઢ્યા વરઘોડે રે,*<br>
*દેવ ઉતારૈ આરતી,*<br>
*નર-નારી ગુણ ગાય.*<br>
*જિનવર મુખ સોહે તંબોલે રે,*<br>
*પરણ્યા પરભવની રાણી રે,*<br>
*ચંપક વર્ણી સુંદરી*<br>
*નીલ વરણ પ્રભુ પાસ.*<br>
*જિન પરણી નિજ ઘર આવ્યા રે,*<br>
*જાચકને બહુ દાન દેવવૈ રે."*

*કવિએ સીધીસાદી સરળ શૈલીમાં વિવાહલોની રચના કરી છે.*

### શ્રી પાર્શ્વનાથ વિવાહલો

**પાસકુમાર મહિમા નીલો, ગુણમણિ રયણ ભંડાર**<br>
**વીવા તે અવસર જિનતણો, કેહસુ અતિ સુખકારક. (૧)**

શુભમંડપ તોરણ સોહે રે, દેખી ભવિજનનાં મન મોહે રે,
મલી મહાજન અતિમનુહાર રે, રાયરાણા તણો નહીં પાર રે...(૨)

સજન સંતોષી બહુ પરૈ, અશ્વસેન ભૂપાલ.
સુત શણગારે સુંદરૂં, વર પાસકુમર સુકુમાલ...(૩)

પાસકુમર ચઢ્યા વરઘોડે રે, શિર કુંપ ભર્યો બહુ મોડે રે,
કાનૈ કુંડલ નૈમિ સજોડી રે, માનુ રવિશશિ આવ્યા દોડી રે...(૪)

દેવ ઉતારૈ આરતી, નરનારી ગુણ ગાય
આવ્યા અતિ આડંબરા, તોરણ શ્રી જિનરાય...(૫)

જિનવર મુખ સોહે તંબોલ રે, દીસે ઘણું ઝાંકમ ઝોલ રે,
પરણ્યા પરભાવતી રાણી રે, રૂપૈ અપસર ને ઇંદ્રાણી રે...(૬)

ચંપકવરણી સુંદરી, નીલવરણ પ્રભુ પાસ,
સોહે સોવન મુદ્રકા, નીલમણિ અતિ ખાસ...(૭)

જિન પરણી નિજ ઘર આવૈ રે, જાચક ને બહુ દાન દેરાવૈ રે.
ગુણ ગંધર્વ ગાવૈ રંગૈ રે, દેવકુશલનૈ ઉલટ અંગે રે...(૮)

॥ ઇતિ પાસકુમાર વિવાહલો સંપૂર્ણ ॥

## ૧૬. થંભણયપાસ વિવાહલુ

*પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામ છે. તેમાંનું એક નામ થંભણ પાર્શ્વનાથ છે. વિવાહલો તરીકે હસ્તપ્રત મળી છે તેની માહિતી નીચે પ્રમાણે છે.*

*કવિ ખાંતિમંદિર શિષ્યની ઉપરોક્ત વિવાહલુની રચનામાં પાર્શ્વનાથ ભગવાનનો મિતાક્ષરી પરિચય પ્રાપ્ત થાય છે.*

*આ કાવ્યકૃતિ ભક્તિમાર્ગની લોકપ્રિય સ્તવન કલારચના તરીકે પણ ગણાય છે.*

કવિએ ૩૧ ગાથામાં પાર્શ્વનાથ ભગવાનના ૧૦ ભવની માહિતી સાથે પાંચ કલ્યાણકની વિગતો દર્શાવીને પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી છે. પ્રભુના જીવનના પ્રસંગો વિવાહ કરતાં પણ લોકોત્તર આનંદ દાયક હોવાથી વિવાહલુ સંજ્ઞા આપવામાં આવી છે. જન્મકલ્યાણક જો આનંદદાયક મંગલવાચક હોય તો અન્ય કલ્યાણકો તો મોક્ષ સુખદાયક હોવાથી અધિકાધિક આનંદપ્રદ હોય તે સ્વાભાવિક છે :

વામા માતાનું સ્વપ્નદર્શન, રાજ્યાભિષેકની ઉજવણીનો હર્ષ (ગા.૨૩-૨૩) લગ્નનો પ્રસંગ (ગા.૨૪) પાર્શ્વપ્રભુનો દીક્ષા અને કેવળજ્ઞાનનો ઉલ્લેખ (ગા.૨૮) સંઘની સ્થાપના અને નિર્વાણની માહિતી (ગા.૨૯) વગેરેનો ઉલ્લેખ થયો છે.

થંભણ પાસ - આશાપૂરણ છે એમ અંતમાં જણાવ્યું છે.

અત્રે અનુમાન કરવામાં આવે છે કે કવિએ થંભણ પાર્શ્વનાથના જિનમંદિરમાં યાત્રા-ભક્તિ કરી હશે અને તે ઉપરથી પ્રેરણા પ્રાપ્ત કરીને સ્તવન વિવાહલુ રૂપે રચના કરી હશે.

કાવ્યમાં 'થંભણય પાસ' નામનું રહસ્ય જણાવ્યું નથી, પણ થંભણ પાસજીની સંક્ષિપ્ત માહિતી પ્રગટ કરવામાં આવી છે.

## થંભણપાસ વિવાહલુ

**ચંદ્રવયણિ કવિમાય શ્રીસરસસિ સરસ તે આપઓ વયણડાએ**
**ગાઈસો થંભણ પાસકુમાર, હરિખિયા મન તન નયણડાએ ॥૧॥**
**સામીય દસ ભવ મૂલ પ્રબંધ, પહિલએ ભવિ પોતનપુરએ**
**.......... મંડિત ....... બીજઈ વંધ્યગિરિ ગયવરુએ ॥૨॥**

ઢાળ - ઉલાલા

**અરવિંદ મુનીવરવયણિ સોઈ ગજ ઉવસમિઉ નિય મણિ.**
**ભવિ ત્રીજઈ સુર હોઈ અટ્ઠમ સુરવર લોઈ ॥૩॥**

જંબુદીવ મઝારિ પૂરવ વિદેહ વિચારી
સકછ વિજય વઈતાઢિ - તિલય નયરી અતિ આઢિ ॥૪॥
રાઉ વિવિદગતિ ધરણી તિલકાવલી વર તરુણી
ભવિ ચઉથઈ સુર ચવિઉ, ઉઅરિઈ તસુ અવતરિઉ ॥૫॥
કુંઅર કિરણવેગ નામિ રાજ કરી તિણિ ઠામિ
લેઈઅ સંજમ ભવિ પંચમિ સુર હુઉ દેવલોગિ બારમિ ॥૬॥

ઢાલ

ભવિ છઠઈ સુર ચિવિ જંબુદીવ વિદેહ
પચ્છિમવિજય સુગંધિહિ નયરી શુભંકરા તેહ
વજ્રવીર્ય તિહાં નરપતિ લખમાવતી પટરાણી
વજ્રનાભ તસુનંદન હુઉ સુભુજબલી પ્રાણી ॥૭॥
ખેમંકર જિનદેશના નિસુણીય સંયમભાર
ભવિ સત્તમિ સોઈ મજ્ઝિમ ગ્રૈવેયકિ અવતાર
અટ્ઠમિ ભવિ તે સુર ચવિ જંબુઅ પૂરવ વિદેહ
સુર પુરિ રાજા વજ્રબાહુ સુદર્શના ઘણિ તેહ ॥૮॥

ઢાલ

ચઉદ સૂપન સૂચિત હુઉએ સુત નામિઈ સોવનબાહુએ
યોવનભારિ પરિણાવિઉએ રાજા નિય રાજિઈ થાપિઉ ॥૯॥
ચક્ક ઉપન્નઈ ખંડ છય વરતાવી આણ અખંડ કય
ચઉદ-રયણ નવનિહિ પમુહ હય-ગય રિધિ પાર ન સંખઅ ॥૧૦॥
જિનવાણી નિસુણી કરીયે લિઈ ચારિત્ર નિય ભવ સંભારીએ
ભવ નવ મઝારિ અમર હુઅ, પ્રાણતવરિ સાગર વીસ જૂઅ ॥૧૧॥
હિવ દસમઉ ભવ સાંભલઉએ જંબુઅ એ સખિ દીવ મઝારિ
નયરિ વાણારસી ભરહ ક્ષેત્રી ધન કણ કંચન કોડિ વિસ્તારી
ઈંદ્રપુરિ જિમ મન હરઈએ

મન હરઈ તેણ વિખ્યાત વસુધા નયરિ શ્રીવારાણસી
તિંહા અશ્વસેન નરિંદ નિરુપમ તેજિ દિણયર સિરિ હસી
ગુણરૂપ લક્ષણિ અતિ વિચક્ષણ ધરણી વામા એહવી
તસ કૂખિ લિઈ અવતાર સામી મંડિત ચિવી ॥૧૨॥

ચઉદ સુપન ગયવર પમુહ અંબરઈ એ
સખિ ઉતરી તેહ વયણિ પ્રવેશ કરઈ જેહવાએ
પેખિયા એ તિમ ચૌત્રહં માસિ ચઉથિ કિસણ નિસિ હરિ
પેખિય નિસિ ભરિ સુપન ચઉદઈમાઈ વામા હરખઈએ ॥૧૩॥

અસસેણ રાયહ જઈઅ આગલિ સુપન લાધા ભાંખઈએ
રાય પભણઈ દેવિ નંદન જગત્રવંદન તાહરઈએ
ઈણિ સુપનિ માનિ સહિઅ હોસ્યઈ વંશિ દીવઉ માહરઈએ
રૂપ સોભાગિહિ આગલુએ પોષહ દશમી દિનંમિ તું ॥૧૪॥

પાસ જિણ જાઈઉએ ત્રિભુવનિ હુઉરે આનંદ તું ગાઈઅ સોહલઉએ ॥૧૫॥
છપ્પનકુમરી આસન ચલિયા એ જોઈઉ અવહિ પ્રમાણિ તું પાસ... ॥૧૬॥
ચઉસઠિ ઈંદ્ર તિંહા સવિ મિલઈએ ઘંટ સુઘોષ નવ નાદિ તું પાસ... ॥૧૭॥
સોહમપતિ ઘુરિ સાંચરઈએ પાલક રચિય વિમાન તું પાસ... ॥૧૮॥
રાયહંભવણિ વાણારસીએ આવીય લિઈ જગનાહ તું પાસ... ॥૧૯॥
મેરૂસિહિરી નઈ પ્રભુ કરઈએ જનમ મહોચ્છવ દેવ તું પાસ... ॥૨૦॥
સુરવર સવિ નિય થાણિ ગયાએ આપિય જિનવર માય તું પાસ... ॥૨૧॥

ઢાલ

જાણી જનમ જિનંદનું હરખિઉ અસસેણ નરિંદ એ
હય ગય રહ વધામણી આપઈ બહુ મણહ આનંદ એ ॥૨૨॥

ધસમસ ધસમસ ગોરડી ગાઈ, વરમંગલ ગીતૂએ
એક ચડાવઈ ચૂડી કરીએ આગઈ પૂરવ રીતૂએ ॥૨૩॥

ક્રમિ ક્રમિ યોવનસિરિ વરઈએ, તવ નર વર ચંદ્રુઅ વિવા કરઈએ
રાઉ પ્રસેનજિત કુઅરિએ વર-કારણિ તેહ પહિલુ કરીએ ॥૨૪॥
રૂપિ રંભા જિણિ ક્ષણ હસીએ. તિણિ વામાદેવી મનિ વહુ અતિવસીએ
ધન ધન નારિ પ્રભાવતીએ પ્રભુ પરિણઈ અપછરા નાચતીએ ॥૨૫॥
સહિયર સવિ ટોલઈ મિલીએ તિંહા ગાઅંતા પહુચએ મનરલીએ
આરિમ-કારિમ સવિ કરઈએ વરરુપિંઈ હિં ત્રિભુવન મન હરઈએ ॥૨૬॥
દેવી પ્રભાવતી પરિણિયાએ મન હરે સુખ તેહસ્યું તું ભોગવીયાએ
ત્રીસ વરસ ગિહવાસ હોઈ સુર વયણિ સંવચ્છર દાન દેઈ ॥૨૭॥
પોસહ વદિ ઈગ્યારસિ દીખ સામિય સમ તૃણ મણિ હુઆએ
દિવસ ચઉરાશીય પાલીઅ દિખ નાણ કિસણ ચઉત્થિ લહ્યાએ ॥૨૮॥
થાપિય ચઉવિહ સંઘ સુજાણ આઉ સંવચ્છર એગસય
શ્રાવણ સુદી આઠમી પ્રભુ મુખઈ સિદ્ધ શ્રી થંભણ પાસ જય ॥૨૯॥
ચિર નયઉ શ્રીથંભણપાસ શ્રી સંઘ પૂરવઈ આશ
કુણ આદિ ન લહઈ પાર. પ્રભુ પહવિ પ્રત્યાસાર ॥૩૦॥
પ્રભુ પહવિ પ્રત્યાસાર ચંદઉ ખંભ નયરી વખાણી
સવિ ઇંદ ચંદ નરિંદ પૂજિઉ એય ત્રિભુવન જાણીઈ ॥૩૧॥
ઈય પાસ થંભણ દુરિત ખંડણ ખંભ નયરી મંડણઉ
ઉજઝાય પ્રભુ શ્રી ખાંતિ મંદિર સીસિ હરખિઉ સંથુણિઓ
જે ભાવ જાગતિઈ ભણઈ નિસુણઈ પાસ વર વિવાહલુ
તિહં લાછિ મંદિરી વેગિ આવઈ ક્ષાંતિમંદિર શિષ્ય ધરિય નિતુ ઉમાહલુ

॥ ઈતિશ્રી થંભણપાસ વિવાહલુ ॥

- કઠિન શબ્દાર્થ :

| | | |
|---|---|---|
| ૧. | લોઈ | - લોકમાં |
| ૨. | આઉ | - આયુશ |
| ૩. | ઉરઅરિ | - ઉદરમાં |

| | | | |
|---|---|---|---|
| ૪. | કૂણ | - | કોણ |
| ૫. | ભવિ | - | ભવ્યાત્મા - ભવ |
| ૬. | નવનિહિ | - | નવનિધિ |
| ૭. | લાછી મંદિરી | - | લક્ષ્મીમંદિર, મોક્ષમંદિર |
| ૮. | પમુહ | - | પ્રમુખ વગેરે |
| ૯. | ગોરડી | - | ગૌરવર્ણોવાળી સ્ત્રી |

## ૧૭. પાર્શ્વનાથ વિવાહલુ (દશભવ)

પાર્શ્વનાથ વિવાહલુની રચના અચલગચ્છીય શ્રાવક કવિ પેથોએ સં. ૧૪૪૨ પહેલાં અથવા ૧૪૯૪ પછી કરી છે. એમ જૈન ગૂર્જર કવિઓ ભાગ-૧માં ઉલ્લેખ થયો છે. શ્રી આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબામાંથી પ્રાપ્ત થયેલ હસ્તપ્રતની ઝેરોક્ષમાં રચના સમય અને કર્તાનો ઉલ્લેખ થયો નથી. પણ માણિક્યરત્નગણિએ મૂળ હસ્તપ્રતને આધારે વિવાહલો લખ્યો છે. હસ્તપ્રતને અંતે નીચે પ્રમાણે નોંધ મળે છે. તેમાં હસ્તપ્રત લખાયાનો સમય મળે છે.

"માણિક્યરત્નગણિ લિખિતં

"યાદશં પુસ્તક દૃષ્ટં તાદશં લિખિતં મયા"

પૂ. ગણિશ્રીએ જૂની હસ્તપ્રતને આધારે સં. ૧૫૯૬માં આ કૃતિ લખી છે એમ સ્પષ્ટ થાય છે. આ માહિતીને આધારે મૂળ કર્તા શ્રાવક કવિ પેથો છે તે અંગે કોઈ શંકા નથી.

પૂ.ગણિશ્રીએ પાર્શ્વનાથ વિવાહલુ શીર્ષક આપ્યું છે જ્યારે કવિ પેથોએ "પાર્શ્વનાથ દસભવ વિવાહલો શીર્ષક" આપ્યું છે.

ઉપરોક્ત માહિતીને આધારે રચના સમય ચોક્કસ મળતો નથી, પણ ૧૬મી સદીના ત્રીજા તબક્કામાં વિવાહલોની રચના થઈ હશે. ત્યારપછી હસ્તપ્રતને આધારે અન્ય હસ્તપ્રત લખાઈ છે. પાર્શ્વનાથ દસભવ વિવાહલોનો પરિચય નીચે પ્રમાણે છે :

કવિએ ૨૦૬ ગાથામાં પાર્શ્વનાથની દસ ભવની માહિતી આપે છે. ઢાળબદ્ધ રચનામાં દસભવનું વર્ણન છે તેમાં દસમો ભવ પાર્શ્વનાથ ભગવાનનો તેનું રસિક વણીમાં નિરૂપણ થયું છે. એટલે પાર્શ્વનાથ દસભવ વિવાહલો નામ સાર્થક થયું છે.

**દસભવના નામ નીચે પ્રમાણે છે :**

૧. મરૂભૂતિ, ૨. હાથી, ૩. સહસ્રાર દેવ, ૪. કિરણવેગ વિદ્યાધર, ૫. અચ્યુત દેવ, ૬. વજ્રબાહુ, ૭. ગ્રૈવેયક દેવ. ૮. કનક ચક્રી, ૯. પ્રાણતદેવ, ૧૦. પાર્શ્વનાથ.

કવિએ દસ ભવની માહિતીમાં કોઈ વિસ્તાર કર્યો નથી પણ પાર્શ્વનાથ ભગવાનના દસમા ભવની ચરિત્રાત્મક વિગતોનું વર્ણન કર્યું છે. કવિની વર્ણનકથાથી સમગ્ર કૃતિ રસિક બની છે. રસસભર શૈલીની રચના અને દેશીના પ્રયોગથી કૃતિ આસ્વાદ્ય બની છે. ભાષાની મધુરતા, શબ્દોની ઉચિત પસંદગી અને પ્રસંગ વર્ણનથી વિવાહલોનું વાતાવરણ રંગીન બન્યું છે. "રંગાઈ જાને રંગમાં પ્રભુ ભક્તિના એ રંગમાં" એવી આ ભક્તિ ગીતની પંક્તિમાં અહીં પ્રત્યક્ષ અનુભવ થાય છે.

વિવાલહોનો આરંભ સરસ્વતી વંદના કૃપાથી થયો છે. ત્યારપછી પાર્શ્વનાથના દશભવની માહિતી આપીને વિવાહલોની રચના કરી છે. આ ચરિત્ર-સમકિતદાયક છે એમ પણ જણાવ્યું છે.

૧ થી ૯ ભવનું વર્ણન ગાથા-૩ થી ૬૦ સુધીમાં કર્યું છે.

દસમો ભવ એટલે પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાન. કવિએ ગાથા-૬૧ થી ૨૦૬માં પાર્શ્વનાથ ભગવાનો ચરિત્રાત્મક પરિચય કરાવ્યો છે.

વારાણસી નગરીમાં અશ્વસેન રાજા અને વામારાણી રાજ્ય કરતાં હતા. આ નગર અમરાપુરી-ઈન્દ્રપુરી જેવું હતું.

વજ્રબાહુનો જીવ વામામાતાની કુક્ષિએ આવ્યો હતો. આ જીવ તીર્થંકરનો હતો એટલે માતા ચૌદ સ્વપ્ન જુએ છે. કવિના શબ્દોમાં આ માહિતી નીચે પ્રમાણે છે :

વાવિ સરોવર જલોપુરિ પોઢા પોલિ પગારું એ
મણિમય તોરણ જલહાલઈએ જાણે અમરાવતી અવતારુંએ ॥૬૩॥
રાજ કરઈએ અશ્વસેન પટ્ટરાણી વામાદેવીએ
સો વજ્રબાહુ જીવ અવતરિઉએ ચઉદ સૂપન લાધાં તાણિ ખેલીએ ॥૬૪॥

**પ્રભુનો જન્મ**

બોલઈ વામાદેવિ વરો સુત હોઈસિ ત્રિભુવન તણઉ ગુરો
સતી સમીકરણવાઈએ પ્રભુ પોસ વદિ દસમિ જાઇઉએ ॥૭૪॥

ઈન્દ્રમહારાજાનું આસન કંપાયમાન થતાં પ્રભુનો જન્મ થયો છે તે જાણીને મેરૂપર્વત ઉપર પ્રભુના જન્મકલ્યાણકની ઉજવણી કરવામાં આવે છે.

છત્ર ચામર કરૈ ચાલતુએ હરિ પુહુતુ વજ્ર ઉલાલતુએ
જનમ મહોત્સવ મેરુ ઊરે, હરિ હરિખિ કીધ ઉરંગ ભરે ॥૮૧॥

પ્રસેનજિત રાજાના દૂત મારફતે પ્રભાવતી રાજકુમારી સાથે વિવાહ સંબંધ કરવામાં આવે છે અને પાર્શ્વકુમારનો વિવાહ મહોત્સવ યોજાય છે. યૌવનવયમાં પાર્શ્વકુમાર પ્રભાવતી રાજકુમારી સાથે પરણ્યા હતા.

લગ્નવિધિના સંદર્ભમાં વર કન્યા વચ્ચે અંતરપટ કરવામાં આવે છે. તેમાં ઉલ્લેખ થયો છે. કવિએ ચાર મંગલનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે,

સાલૂણીએ કન્યા સઈવર મનવેએ દેખીઅમની ગહગહીએ
સાલૂણીએ પડિલઈ મંગલ ચાર દીજઈ હયાગય-રથણ

સલૂણીએ બીજઈ મંગલ ચ્યારિ દેશ-નયર-પુર આભરણ
સલૂણીએ ત્રીજઈ મંગલ ચાર હીરો-મોતીઅકણય ઘણ ॥૧૨૯॥

લગ્ન પ્રસંગે ઉપસ્થિત અપ્સરાનો પરિચય કરાવતી પંક્તિઓ જોઈએ તો,

સખિ અપછરા ઝાકઝમાલ પાસ જિણેસર આવીઉએ
જગિ જિપઈ યવન નરેસ પરિણી કુમરિ પ્રભાવતી હિવ ટલીયા કોડિ કલેશ ॥૧૩૩॥

કરી અલિ કંકણ ઝલહલઈએ. સખિ ઊઅરિ એકાઉલિ હાર
ઝાલિ ઝલૂકઈ હીરલા સખી નેઉર નેઉર પણ ઝણકાર ઝમકઈ ॥૧૩૪॥

કાનિ ખબૂકઈ ખીટલા સખિ ખલકઈ ખલહલ ચૂડિ
કંઠિ નગોદર કાંઠલા તિસી મોહ ભણી હુઈ મૂલિ ઝમકઈ ॥૧૩૫॥

પાર્શ્વકુમારના લગ્ન પછી રાજા-રાણી સ્નેહીઓના આનંદની અભિવ્યક્તિ કરતી પંક્તિઓ નીચે પ્રમાણે છે.

આજ મનોરથી અમ્હ તણા સખિ પૂગા સબિહુ પ્રકારિ,
અમીઅ સરોવર ઊલ્લટઈ સખિ હીઅડઈ હર્ષ અપાર ઝમકઈ ॥૧૩૯॥

લગ્ન પછી પાર્શ્વકુમાર અને પ્રભાવતીને જોઈને રાજા અપૂર્વ આનંદ અનુભવીને એમનું સ્વાગત કરે છે.

અશ્વસેન રાઉ હરિખીઉએ વરવધૂ સરિસજવ નિરખીઉએ,
વામાહા માડીઅ ગઢિવરીએ વર-વધૂઅ સરિસ નાચઈ કિરીએ ॥૧૪૦॥

ધવલમંગલ સહુ સોહિઉએ દિરિસિણિ ત્રિભુવન મોહીઉએ
દેસિ-નગરિ-પુરિ પોખણાએ વર વેસિ વધ્ધાવા અતિ ઘણાએ ॥૧૪૧॥

પાર્શ્વકુમાર માતા-પિતાને સમજાવીને આજ્ઞા લઈ દીક્ષા લેવા તૈયાર થાય છે.

કુમર ભણઈ સુણિ તાત રાજ સંસાર વધારણઉએ
અવર ન બીજીવાત મુગતિ સિલા તિહાં મન રમઈએ ॥૧૫૮॥

પ્રીછવી પિતા નરેસ માઈ મનાવઈ આપણીએ
કરઈ ન કિસિઉ ક્લેસ સમરસિ ઝીલઉએ જગત્રગુરો ॥૧૫૯॥

લોકાંતિક દેવો પાર્શ્વપ્રભુને દીક્ષા માટે વિનંતી કરે છે અને પ્રભુ સંવત્સરી દાન આપે છે તેની માહિતી જોઈએ.

તઉ લોકંતકદેવ વીનવઈ કરતાહ સેવ
બૂઝિ-બૂઝિ પ્રભપાસ છાંડિ વિસમ ગહવાસ ॥૧૬૩॥
કરતલિ નવઈ નિધાન દિઈ સંવત્સરદાન ॥૧૬૪॥

દીક્ષા મહોત્સવના વર્ણનની પંક્તિઓ નમૂના રૂપે જોઈએ.

સુરનર-પન્નગ સવિ મલીએ કરઈ મહોત્સવ ઈંદ્ર અવનતલિ
પાસજિણેસર પૂજઈએ ॥૧૬૬॥
પૂજતાં પૂજઈ અષ્ટમહાસિદ્ધિ નવ-નિધિ-ઋદ્ધિ ધરિ કરઈએ
પાસજિણેસર પૂજીએ ॥૧૬૭॥

પાર્શ્વપ્રભુએ ૩૦ વર્ષ ગૃહવાસ કરીને પછી દીક્ષા અંગીકાર કરી હતી.

પરિસહ સહન કરીને કર્મ ખપાવીને ૮૪ દિવસ પછી પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

સામિ સામાયિક ઉચ્ચરઈએ મણપજ્જવ સુહઈ આવઈ ॥૧૭૧॥
ત્રિહુસઈ કુમરિ નરિસ માનવાએ દેવ સરિસ તેહે દીક્ષા લીધીઆ ॥૧૭૨॥

## પાર્શ્વનાથ ભગવાનના ઉપસર્ગની માહિતી

કમઠ તાપસ મૃત્યુ પામીને મેઘમાળી દેવ થયો. તેને અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો. આ સમયે પાર્શ્વપ્રભુને પરબ્રહ્મ ધ્યાનમાં લયલીન થયેલા જોયા. પાપી કમઠાસુરે પાર્શ્વપ્રભુની સમાધિમાં ભંગ પડાવવા માટે આકાશમાંથી જળ ભરેલા વાદળો વિકુર્વ્યા એટલે મુશળધાર વરસાદ વરસ્યો. ચારે બાજુ વિજળીના ચમકારા થયા.

ભયંકર મેઘ ગર્જના થઈ. છતાં પાર્શ્વ પ્રભુ ધ્યાનમાંથી ચલિત થયા નહીં. નવ હાથની નિર્મળ કાયાવાળા પ્રભુની નાસિકાથી ઉપર પાણી

ચઢવા લાગ્યું. આ સમયે ધરણેન્દ્ર-પ્રિયા સહિત પ્રભુની પાસે આવ્યા અને ભયંકર વંટોળિયું ઉત્પન્ન થયું. પ્રભુના પગ નીચે કમળ રચાયું પ્રભુ સહિત કમળ ખોબા વડે ઊંચું કરાયું. મસ્તક ઉપર મણિ સાથે સહસ્ત્ર ફણા સાથે છત્ર રચવામાં આવ્યું. તત્ક્ષણ નાટક થવા લાગ્યું. આ રીતે ધરણેન્દ્રએ કમઠના મદને ગાળીને (નાશ કરીને) તેને પ્રભુની સેવામાં રાખ્યો અને પ્રભુની સન્માનપૂર્વક સેવા કરી. ૮૪ દિવસ પૂર્ણ થયા પછી પાર્શ્વ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

આશ્રમપદિ પહુ કેવલનાણ આપ ઉપનઉ પ્રકટ પ્રમાણ
તુ તિહાં આવઈ ચુસઠિ ઈંદો પલિઅ વિશેષિંહિરાઉ ધરિણિદો ॥૧૮૨॥

**ગાથા :** ૧૮૪ થી ૧૯૮ સુધી પ્રભુની બારપર્ષદા અને સમોસરણની રચના-દેશનાનો પ્રભાવ વગેરે માહિતી આપવામાં આવી છે. પ્રભુનો વૈભવ ભવ્યાત્માઓને માટે ભવોદધિ તારક નિમિત્ત બને છે.

પ્રભુ વિહાર કરીને સમેતશિખર પધારે છે અને નિર્વાણ પામે છે. પ્રભુ વિહાર કરીને સમેતશિખર પધાર્યા અને અહીં નિર્વાણ પામ્યા હતા પ્રભુએ દેશનાથી અનેક જીવોને પ્રતિબોધ પમાડ્યા હતા.

પ્રભુના ઉત્કૃષ્ટ પુણ્ય અને પ્રકાશથી ત્રિભુવનમાં અંધકારનો નાશ થયો. વિઘ્નોનો નાશ થયો અને ભવ્યજીવો શાંતિથી જીવન જીવવા લાગ્યા.

અંતે કવિ જણાવે છે કે દશ કલ્પવૃક્ષ સમાન દશભવ મેં કહ્યા. એમના નામથી નવનિધાન પ્રગટે છે.

"મંત્રી પેથઈ ઈમ બોલઈ," આ પંક્તિથી કવિ પેથો એ આ વિવાહલો રચ્યો છે. અને માણિક્યરત્ન ગણિએ તેની નકલ કરી છે. મૂળ રચના જોઈ ને તે ઉપરથી હસ્તપ્રત રચાઈ છે. "કીધઉ કવિ વિશાલો" પંક્તિથી દશભવ વિવાહલુની રચના કરી છે તેનો ઉલ્લેખ થયો છે.

*ફળશ્રુતિનો નિર્દેશ કરતા કવિના શબ્દો છે :*

*"પઢઈ ગુણલા હુઈ સિદ્ધ, આવઈ અવિચર રિદ્ધ." કવિની પ્રાસયુક્ત પંક્તિઓ રસાસ્વાદમાં પૂરક બની છે. પ્રસંગની અનુભૂતિ થાય છે. ઢાળબદ્ધ રચના છે. એટલે ઉચિત દેશનાઓનો પ્રયોગ થયો છે.*

*વિવાહલો કાવ્યને અનુરૂપ પાર્શ્વનાથ ભગવાનના વિવાહ અને દીક્ષા મહોત્સવનું પરંપરાગત વર્ણન કર્યું છે, પણ કવિ પ્રતિભાને કારણે વિવાહલો રસાસ્વાદ કરાવવાની ક્ષમતા ધરાવે છે. જ્ઞાન ભક્તિના સમન્વયથી વિવાહલોની રચના ઉત્તમ કક્ષાની છે.*

## પાર્શ્વનાથ વિવાહલુ

માઈએ નયર હસીહ દૂઆરિ - એ ઢાલ - ૧

સરસતિ સામિણિ કરઉ પસાઉ, મઝ મનિ એઉ ઊમાહલુએ;
સવલ બંધિ બહૂ લાગઉ ઢાઉ, ગાઈસૂં જિણહ જીરાઉલુએ. ૧
મૂલ ચરિત પ્રભુ કેરુ પાસલોવિહિ ભવીયા સાંભલુએ;
સાંભલતા હુઈ પુણ્ય પ્રકાસ, દસઈ ભવંતર દેવના એ. ૨
પોતનપુર વરરાય અરવિંદ, પૂજ્ય પુરોહિત તસુ તણઈ એ;
નરવર પ્રતિ કરઈ અતિ આણંદ, કમઠ અનઈ મરભૂતિ બેઉએ. ૩
સ્રીય લગઈ બંધવ બિહૂં વિરોધ, કમઠ કોપ ભરિ કાઢીઉ એ;
સમકિત રયણ હૃદય પ્રતિબોધ, ભણઈ સો ભાઈ મનાવીઉ એ. ૪
નૃપ અપરોધિ ગયુ તિરિ શૃંગિ, મરભૂતિ કમઠ ખમાવીઈ એ;
તિમ-તિમ તાપસ ત્રટક અંગિ, સેઅલ સિલા સિરિં ધૂસવી એ. ૫

ઢાલ - ૨ ઉલાલઓ

જોઉર કમઠહિ કીધઉં, હણીય હત્યાફલ લીધૂ;
વિસમુ કરમ વિપાઓ, હૂઉ સ ગયવર રાઓ. ૬
વંધ્યાચલ વનમાંહે, નરવદ નદીય પ્રવાહે;
ઝીલઈ ઝીલઈ નિરમલ નીરિઈ, પરબત પ્રાય સરીરિ. ૭

આભૂં દેખિ આકાસિ, અરવિંદ રાય વિમાસિ;
ઈસિઉ અથિર સંસારો, લીધઉ સંયમ ભારો. ૮
આગમ સયલ સંપનું, અવધિજ્ઞાન ઊપનું;
ફિરિ-ફિરિ કરઈ વિહારો, ઘણ ગુણ રયણ ભંડારો. ૯
(હૂં તહ્ય પૂછઉ લાડણ સાસરઈ કિસિલૂં લાધું એ...દેશી)

ઢાલ-૩

ચાલઈ સંઘ સંયોગિઈ પૂરિઅ પરમાણંદિહિ;
ચઉરા ગૂડર ભાડીઈ વંધ્યાચલ વન વૃંદિ. ૧૦
પંચશબ્દ નર નાચઈ દિઈ સુહાસણિ રાસો;
ખંધિઈ ગયવર આવીઉ પુહવઈ પાડઈ એ ત્રાસો. ૧૧
સુડિહિ ઊપાડિહિ એક પુણિ એઈતલ ચંપઈ;
એક દંતૂસલિ દૂહવઈ દેખી દહ દસિ કંપઈ. ૧૨
મુનિવર રાજ બોલાવીઉ આવી લાગુઓ પાય;
પવ્વ ભવંત સંભરિઉ અભય કરઈ વણરાઈ. ૧૩
પડિયા પાન આરોગઈ એ કિરણ તપંતો અનીર;
સરોવર પઈઠઉ ત્રસ ભરિ ખૂતુ પંક સરીરો. ૧૪
ચ્યારિ શરણ તુ પડિવજઈ, અનઈ ઉદક પરિહારો;
શુભધ્યાનિઈ મન લાગુઅ નિશ્ચલ મનિ નવકારો. ૧૫

ઉલાલઓ

કાલઈ કમઠ વિચનઉ કૂકડ-સર્પ ઉપનુ;
સરોવર પાલિહિ ચડિઓ, ગજરાજ દષ્ટિહિ પડીઓ. ૧૬
ધાઉ કરીનઈ ધસીઉ, જઈ કુંભસ્થલિ ડસીઉ;
ગયવર ગઉ પરલોઈ, આઠમઈ દેવલોએ. ૧૭
પામિઉ અમર વિમાણ, જિમ જગિ ઝલકઈ એ ભાણ;
સાગર સતર અઢાર, સુખ નવિ લાભઈ એ પાર. ૧૮

રાગ - ગૂજરી

ભરહેસરનઈ પવાડઈ રાજમતી
આલૂ રાઉતરાઉ રમઈ તે આંખિમીચામણી એ

ઢાલ - ૪

જંબૂદીપહ પૂરવ વિદેહ સુકચ્છ વિજ્યા વૈતાઢિ ગિરે;
તિલકાહા નયરી મણિમઈએ ગેહિ રાજ કરઈ રાઉ વિદિતિ ગતે. ૧૯

રાણીય તસ તિલકાવતી નામ, રુપિહિ રંભ જીમલિતુલઈએ;
ગુણિ પુણિ ગુરુઈય અતિ અભિરામ, અમર ચવિ ઉરિ અવતરિઉએ. ૨૦

ત્રોટક :

અવતરિઉ અમર ગયંદ, મુખિકમલ પૂનિમચંદ;
ઝલહલઈ જિમ જગિ ભાણ, મહિમ મેરુ સમાણ. ૨૧

મહિમ મેરુ સમાણ, સમરથ કિરણવેગ વિદ્યાધરો;
મુખિ સકલ વિદ્યા પાર પામી, હૂઉ પુમાવઈ વરો. ૨૨

પદમાવતી વર બઈઠઉ પાટિ, તાતિ સંયમ સુખભરિ લિઉ એ;
રાજ કરઈ ઘણ ઘોડા ઘાટિ, ગજદલ પાર ન પામીઈએ. ૨૩

દીસઈ દહદિસિ ગયણ વિમાણ, વાજિત્ર અંબર ગહિગહિઉ એ.
કંપઈ કાયર પડઈ પરાણ, વિદ્યાધર સવિ વિસિ હૂયાએ. ૨૪

વસિ હૂયા ખેચર રાઉ, નીસાણે વલી ઉથાઉ;
સુરરાજ જામલ જાણિ, ચરિ ચડિઉં રાજ પ્રમાણિ. ૨૫

ચિરિ ચડિઉં રાજ પ્રમાણિ, અવસરિ કાજ ઈણ પરી કીધું;
સુત કિરણતેજા રાજ થાપી, સાર સંયમ લીધું. ૨૬

લેઈય ઈણ પરિ સંજમ સાર આગમ અંગ તે અવગમઈ એ;
સમતિ-ગુપ્તિ જિસી ખડગાની ધાર, તપિ-જપિ-ધ્યાનિ ન ખલ ભલઈ એ. ૨૭

કમઠ કૂકડ-અહિ-ધૂમ મહિમાહિ, પાંચમઈ નરગિ પ્રવેશ કરઈ એ;
છેદન-ભેદન પડિઉ પ્રવાહિ, સતર સાગર ઈમ નીગમઈ એ. ૨૮

નીગમીય કાલ અસંખ, તિહિ દુખ લહી અસંખ;
નીસર તાપસ જીવ, ચિરકાલ કરતુ રીવ. ૨૯

ચિરકાલ કરતુ રીવ, પુનરપિ જઉ કાલ ભૂયંગમો;
હિમ ગુફા ભીતરિ દિવ પુષ્કરી, દીસઈ અતિ દુયંગમો. ૩૦

ઢાલ - ઉલાલુ

જોઉ જોઉ રિષિવર રાઉ, ગગનિ ઠવઈ નિજ પાઉ;
મૂલ મહાવિદે હુંતુ, પુષ્કર દીવિ પહૂતુ. ૩૧

એકલ પ્રતિમાહા સહીઉ, તિણિ ગિરિ કાસગિ રહીઉ;
હેમ ગુફા અહિ હૂતું, વિહિ વિસિ તિહાં પહૂતુ. ૩૨

મુણિવર પાખલિ ફરીઉ, તતક્ષણિ રોસિહિ ચડીઉ;
દેહિ ડસીનઈ વલીઉ, રષિરાઉ ધ્યાનિ ન ચલીઉ. ૩૩

ચ્યારિ સરણ કરી સૂતુ, બારમિઈ કલ્પિ પુહૂત;
સાગર આય બાવીસ, સુખ ભોગવીયા સવિ દીસ. ૩૪

ઢાલ : ભણઈ કવઈનું અભયકુમાર

જંબૂદીવહિ પછિમ વિદેહ, સુગંધ વિજયં ખટ ખંડ ધરો;
સુભંકરા નયરીય સરગ સંગમેહિ, રાજ કરઈ વજ્જવીર ધરાઓ. ૩૫

રાણીય તસ લખમીવતી નારિ, રુપઈ સોભાગિહી આપલીએ;
સીયલ ભાવિહિ સયલ સંસારિ, કીર્તિ ઘણ કલિ રવિકરઈ એ. ૩૬

કરણવેગ સુર ચવીય વિમાણ, આવીય તાસ ઊયરિ વસઈ એ;
જનમ કાલિ જિમ ઝલહલઈ ભાંણ, વાધઈ એ દિનિ-દિનિ વજ્જનાભ. ૩૭

યોવન ભરિ વિજયા તસ તુરણીય, પરણીય ઉત્સવ અતિ ઘણુ એ;
રાજસભા સુત આસણિ આણીય, રાજ ઠવીય રાઉ વ્રત લીઉ એ. ૩૮

રાજ કરઈ વજ્જનાભ નરેસર, સીમાડા સવિ વસિ કરઈ એ;
લોક સુખી સવિ વિસિ કરઈ નીરંતર, અંતર બાંહી અવસરી દીઈ એ. ૩૯

: ઢાલ :

અહિબિ કૂંકડય લઉ લઈ ચંદણ કરિ ગૂંહલીએ
દૈવ ખેમંકર નિસુણીય રાઉ, વઈરાગિઈ પૂરિઉ એ;
કુમર ચક્રાયધ રાજહ ધણીયહં આપણપઈ ચારિત્ર લીય એ. ૪૦
પઢતાં ગુણતાં હાં હુઈઅ પૂરધરો લબધિ આકાસિહિં સાંચરઈ એ;
સકચ્છ વિજય ગયુ ક્ષણ નવિ અંતર જલણ ડુંગરિ કાસગિ રહિઉ એ. ૪૧
પૂરવ ભવંતર કેરુ નાગ, દાહ દાવાનલ પરજલિઉ એ;
પાંચમઈ નરગિ હૂઉ તસ તણુ લાગ સતર સાગર વલી ભોગવઈ એ. ૪૨

ઢાલ - ઉલાલુ

જોઉ જોઉ નરગિ નીસરીઉ, બહુ સંસારિહિં ફિરીઉ;
હૂઓ કુરંગહ ભીલો, દૂખ સરિસ તસ ડીલો. ૪૩
જલણ પર્વત તસ વાસો, કરઈ તિ કૂડઓ અભ્યાસો;
સીલ સિખરિ જઈ બઈઠઉ, તિહાં ઋષિ કાસગિ દીઠઉ. ૪૪
પૂરીય ધણહીય બાણ, હણીય ગયુ તસુ પ્રાણ;
ખમીય ખમાવીય લોકે, ગિઉ સ મધ્યમ ગ્રૈવેકે. ૪૫
તિહાં તો આયઉ અપારો, અનુક્રમિ આવિઉ પારો;
........................................ ૪૬

ઢાલ : લાડીય ચાલઈ સારસઈ

આઠમુ ભવ હિવ સાંભલુ, જંબૂદ્વીપ મઝારિ;
પૂરવ મહાવિદેહિ જાણીઈએ, પાસ તૂં અછઈ સંસારો. ૪૭
સુરપુર નયર વખાણીઈ, રાજ કરી વજ્રબાહુ;
રાણીય પાટિ સુદર્શના, પ્રેમવતી નરનાહો. ૪૮
વજ્રનાભ જીવ અવતરિઉ આવી અમર વિમાણ;
ચઉદ સ્વપનઈ સિંઉ પ્રસભઈ એ પૂરવ દિસિ જિમ ભાણુ. ૪૯

ઢાલ - તલહરણુ

ચડત એ પંખિ જિમ ચંદલુ એ
વાધઈ એ સોવન બાહ તુ સહીય સોહમણઉ એ
દેવિ સુદર્શના જાઉ તુ અતિ રુલીઆમણઉ એ આંચલી...
યોવનિ જગભરી મોહતુ એ મહીઅલી મોહ થયા હતુ,
સહીય સોહામણઉ એ
રાઇહિ રાજિ બઈસારીઉ એ. તિલક વધારી એ જામતુ સહીય સો૦. ૫૦
સાહણ સંખ ન જાણઈ એ ઈભ તલિ ઈન્દ્ર સમાન તુ સહીય૦
ચક્ર ઉપનૂ તતક્ષણૂ એ ષટખંડ સાધઈ જામ તુ સહીય સો૦ ૫૧
ગામ-નયર-પૂર-પાટણ એ પાયક પાર ન હોઈતુ સહીય૦
........................................... સહીય૦ ૫૨

અહ્મ ઘરિ માંડવસીયલુ એ એ ઢાલ -

ગુખિ બઈઠઉ પેખીઈ એ, અમર આકાસિ પહૂત ઉ,
ગુરુઉ ગુણિ આગલુ એ. ૫૩
ભંજઈ ભવની ભ્રાંતિ, સૂરિજ જિસિઉ નિરમલઉ એ ગુરુઉ૦ ૫૪
પૂરવ ભવંતર સાંભરિઉ એ; દેસણા અમીય સમાણતુ ગુરુ૦ ૫૫
રાઉ વઈરાગિહી પૂરીઉ એ, સંજિમ લિઈ સુજાણ તુ ગુરુઉ૦ ૫૬

ઢાલ : જિણ મંગલાનુ

ઉંચીય ખડકીય વડૂંય ઘરો જગ લોડણ ઘરિ કમાડો એ ઢાલ -

સ્વાન સ્વભાવિહિ પઈસ સઈએ, ઋષિ પ્રતિમા એક વિહારો;
ક્ષીર શખર જઈ ક્ષરવણિ રષિ કાસગ કરઈ અપારો. ૫૭
ભીલ કુરંગક આગઈ એ સોએ જલણ પરવતિ જે હૂંતુ;
રિષિવર બાણ વિણાસીઉ એ, સોઈ સાતમઈ નરગિ પહૂતુ. ૫૮

ઢાલ - ઉલાલુ

તીહાં તોઈ દૂખ અનંતો, સહતાં આવિઉ અંતો;
સહીય સહીય નિસદીહ, વીર ગુફા હૂઉં સીહ. ૫૯

ફિરત ફિરંતુ આયુ મુણિવર તીણઉ ધાયુ;
ચિન્હ સરણિ સંજતુ પ્રણત કલ્પિ પુહૂતુ. ૬૦

.....................................

વીસ સાગર તિહાં આયુ હિવ હુસિ ત્રિભુવન રાઉ. ૬૧

ઢાલ - નિત નિત નીલીય ગૂહલીએ...

નિતુ નિતુ નીલી વાંદરવાલીએ
જંબૂદીવહ ભરહ માહે, વાણારસી નયરી મામૂ એ
ધણિ-કણિ-કંચણ-થપા ભરીએ.
વાડી-વનઅતિ અભિરામૂ એ. ૬૨

વાવિ સરોવર વિમલ જલો, પુરિ પોઢા પોલિ પગારુ એ;
મણિમય તોરણ ઝલહલઈએ, જાણે અમરાવતી અવતારુ એ. ૬૩

રાજ કરઈ એ અશ્વસેન પટ્ટરાણી વામાદેવી એ;
સો વજબાહુ જીવ અવતરિઉ એ, ચઉદ સૂપન લાધાં તાણિ ખેવી એ. ૬૪

નિસિ ભિરિ સૂતીય નીદભરે, પરિ પેખઈ સ્વપન અપારુ એ;
આવીય નરવર વીનવઈ એ, કહિ સામીય કિસ્યઉ વિયારુ એ ? ૬૫

ઢાલ - ઉલાલુ

પહિલઉ ગજ મઈ દીઠઉ, મુઝ મુખિકમલિ પઈઠઉ;
બીજઈ વૃષભ વિશાલો, ધવલ સબલ સુક(ક?)માલો. ૬૬

ત્રીજઈ સિંહ સંપૂરુ, મહીયલિ મંડલ માંહિ સુરુ;
ચુથઈ લાછિ મઈ દીઠી, રતનમય કમલિ બઈઠી. ૬૭

ઉરિ ઉતરતીઅ માલ, કુસમઈ કીધઉ ઝમાલ;
છઠઈ પૂનમચંદ, અમિઅ ઝરઈ સિરિ બિંદુ. ૬૮

તેજિ તપંતો ભાણુ કરઉ સફલ વિહાણ;
ધજ ઉતરતી અગાસે, લોડતી અહ્મ આવાસે. ૬૯

કણગ કલસ કરિ ધરીઉ, અમીય મહારસિ ભરિઉ;
દસમઈ પદમ સરોવર, દીઠઉ દેવિ મનોહર. ૭૦
ક્ષીર સમુદ્ર ઘરિ આવુ, ત્રસભરીસિવલુ સમાઉ;
છંડીય નિજ અહિઠાણ, આવીયુ અમર વિમાણ. ૭૧
દીવુ રતનનું રાસે, સિગ પણિ ચડીય અગાસે;
જલણ જલંતુ પ્રદક્ષણ જાગી દેવિ તતક્ષણ. ૭૨

ઢાલ - આવડી એ ન ખજે ચડીએ નખ જે ચડીએ તુ દેઉલિ વાસ

સામીય સુપન સંભલીઈએ, ઘણ ઊલટિ અંગ ઊલાલીઉ એ;
હરખિ હીયડલૂં ગહિગહિઉ, વર સ્વપન સરીખૂં ફલ કહિઉ. ૭૩
બોલઈ વામાદેવિ વરો, સુત હોઈસિ ત્રિભુવન તણઉ ગુરો;
સીત સમીરણ વાઈ એ, પ્રભ પોસ વદિ દસમિજિ જાઈઉએ. ૭૪
છપ્પન્ન(કુ)મારીય તુ મિલીએ, સવિ આવઈ અતિહિ ઊતાવલી એ;
અશ્વસેન રાય તણઈ ઘરે, તિહાં સૂતિ કરમ કરઈ રુલાય ભરે. ૭૫
આસણ કંપએ હરિ તણઉ એ, કરિ વજ્ર ઊલાલઈ અતિ ઘણૂ એ;
અવિધિજ્ઞાન ઉપયોગિ દિએ, તુ કોપ સયલ સહી સંવરઈ એ. ૭૬
જનમકાલિ જિણ જાણીઉ એ. વરવય શકસ્તવ આણીઉ એ;
હરિણેગમેષહ કારીઉ એ, તિણિ ઘંટનું નાદ ટંકારિઉ એ. ૭૭
દેવ-દેવી સવિ ખલભલઈ એ, નિજ આસણિ ઇંદ્ર સયલ ચલઈ એ;
પાલક વિમાન નીપાઈઉ એ, તીણ વેગિ ગયણગણ છાહીઉ એ. ૭૮
યાન યાન આગલિ વલઈ એ, તિહાં તેજિ માંહિ મિલઈએ;
જંબૂદીપિ જય આવીઉ એ, આકાસિ વિમાણ રહવીઉ એ. ૭૯
ઈંદ્ર આપણપઈ ઊતરઈ એ, મનરંગિ રુપ પાંચઈ ધરઈ એ;
નયર વાણારસી રાઉ ઘરે, હરિ ચાલઈ જિણવર લેઉ કરે. ૮૦
છત્ર-ચામર કરૈ ચાલતુ એ, હરિ પુહુતુ વજ્ર ઉલાલતુ એ;
જનમ મહોત્સવ મેરુ ગિરે, હરિ હરિખિ કીધઉ રંગ ભરે. ૮૧

માઈ પાસિ મૂકી કરી એ, હરિ ચાલિઉ ચિર અમરાપુરી એ;
........................................ ૮૨

ઢાલ - ઉલાલઉ

કરઈ મહોસવ નરવર સરગિ ગયા સવિ સુરવર
વરસીય કંચણ કોડી, નમીય કરી કરજોડી. ૮૩
જિમ ગયણંગણિ ચંદો, પુહવઈ પાસ જિણંદો;
અમૃત અંગૂઠઈ એ આપિ, રમઈસુ સુરવર સાથિ. ૮૪
રમંત રમંત આવઈ, રંગઈ રાઉ બોલાવઈ;
અલવિ આલિંગન દેઈ, મોહ મહારસ હોઈ. ૮૫
મેચિમ લપઉ જાઈ, માઈ રુલિયાઈતિ થાઈ;
આવિ ચડઈ ઉછંગિ, રમલ કરઈ મનરંગિ. ૮૬
માડી હરખ ન માઈ, હીઈ ઝિમ સમુદ્ર અસ્યામઈ;
નયન ઝરઈ ઘણ નીરો, જોતિ સામિ શરીરો. ૮૭
કારણિ ઊભઉ વયંસ, દેવ રચઈ વર હંસ;
બોલઈ બોલ તે રુડા, રચઈ સોવનમય સૂડા. ૮૮
એક રચઈ પ્રભ પાસઈ, મોર મધુર સરિ વાસઈ;
એકિ તુરંગમ થાઈ, પૂઠિ ચડી પ્રભુ જાઈ. ૮૯
એકિ રચઈ વર વાડી, તિહાં પ્રભુ રમઈ ખાડી;
એક આગલિ નવિ છાંડઈ, રયણ સિહાંસણ માંડઈ. ૯૦
તિહાં પ્રભુ પાટી બઈસારઈ, ઈણ પરિ ઉલગ સારઈ;
એક કરઈ ગજ રુપ, ભૂમિ રચઈ વર કૂપ. ૯૧
સૂંડિ કલસ ભરિયાણી, પાઈયપાલઈ આણી;
એક ધરઈ સિરિ છાત્રો, નાચઈ સુરવર પાત્રો. ૯૨
એક ચમર ચલ ચાલઈ, વલી વલી નયણ નિહાલઈ;
એક કૂઅર વર થાઈ, સરિ સાર મલિ રાઈ. ૯૩

એકિ કરઈ કઈ વાર, વર હૂંયા સદબાર;
અવસરિ આવઈ ઈંદ્રો, પ્રણમઈ પાસજિણંદો. ૯૪

ઢાલ - ગવરી એ લોચન તહ્મતણા એ, અનુપમ ત્રિભુવન મોહે

દૂત પહુત વાણારસી, શ્રીઈ પ્રણમઈ એ અશ્વસેન રાઉ એ;
સામીઅ સુણિ મઝ વીનતી, શ્રીઈ કરિ કરિ બહૂઅ પસાઉ એ. ૯૫
નયર કુશસ્થલ વીટીઉં એ, શ્રીઈ રુધઉ નર બ્રહ્મ જાઉ એ;
પ્રસેનજિત પહુ વીનવઈ એ, શ્રીઈ દેવિ વિમાસણ ઠાઉ એ. ૯૬

ઢાલ - શૌટકી એ રતનાઉલી એ, અગણિ રમઈ કુમારિ

બેટીઅ અછઈ પ્રભાવતી એ, ત્રિભુવનિ અવર ન નારિ;
પાસકુમર રાઉ વર વરિઉ એ. તીણઈ મનહ મઝારિ. ૯૭
યુવન નરેસરો આવીઉ એ, અમ્હ પુરિ કરઈ પ્રવેશ;
સબલ સેના ઘણ તસ તણૂ એ, ભણઈ કુશસ્થલ લેસિ. ૯૮
તીણિઈ કારણિ તૂંમ મરીઉ એ, કાસીયપતિ અવધારિ;
બિ બેટીય મનિહિ મનોરથૂ એ, સફલ કરિ સંસાર. ૯૯

ઢાલ - વર ચડાવઉ

રાઈહિ કુંમર બોલાવીઉ એ, વછ કુશસ્થલ લેજાએ;
ગહ ઘોડા પાખર ક્ષણ એક વાર મ લાઈ. ૧૦૦
કુમરિ પીઆણં દીધૂઅ વાજઈ વાજિત્ર કોડિ;
ઈંદ્રિહિ માતુલિ મોકલિઉએ, વીનવઈ બે કર જોડિ. ૧૦૧
રથ આકાસઈ સંચરઈ એ, બઈસારી જિણ નાહ;
સરિસઉ સમહર ચાલઈ એ, જાણે પૂરવ પ્રવાહો. ૧૦૨
નયર કુશસ્થલ પરિસરે, પુહુતુ પાસ કુમારો;
લોટિ કરંતુ આવઈ એ, નર બ્રહ્મ તણઉ મલ્હારો. ૧૦૩

ઢાલ - ઉલાલઉ

યવન યૌવન ભરે લાગુ, આવી પ્રભુ પાએ લાગુ;
સબલ સેન કરિ આવિઉ, સામિહિ સેવ સમાવિઉ. ૧૦૪
કરી પ્રસેનજિત પ્રીતિ(તે?), ચાલીઉ નિરમલ ચીતે;
કુમર અમર ઘરિ હૂંતુ, પહિલૂ પોલિ પહૂતુ. ૧૦૫

ઢાલ - સામ્હાનઉ, એક થાંભિ બે હાથીયા એ કરઈ સ ધૂણા ધૂણિ.
મોતીયડે હે માંડવઈ એ - એ ઢાલ -

આગલિ કુંઅરી પ્રભાવતી એ, પૂઠઈ પ્રસેનજિત રાઉ,
તોરણી વર આવિઉ એ. ૧૦૬

..............................................

આવી અમર વિમાણ આકાસિ પ્રભ ઉતરઈ એ. તોરણિ૦ ૧૦૭
ઊતરઈ સુર જિમ ભાણ, સ્વામી પય અણસરઈ એ. આંચલી
તોરણિ૦ ૧૦૮
કરિ વરમાલ મહલાવતી એ, વરઈસુ વામહાજાઉ એ૦ તોરણિ૦ ૧૦૯
અપછર અતિહિ ઊતાવલી એ, કરઈ સુમંગલચાર. તોરણિ૦ ૧૧૦
સહીય સમાણીય સવિ મિલિ એ, સાચવઈ સયલ આચાર તોરણિ૦ ૧૧૧

ઢાલ હિવ પૂખણા :

આઘ દિઈ આઘ દિઈ આથિરિગ આઘોદઈ અમરહ નારિ,
આઘઉ દઈ બાહલોતીઅ આઘદિઈ તોરણ વારે
આઘદઈ દેવ દ્રયંણીય દક્ષણ કર-કમલ પવિત્રે.
આઘદિઈ પિરણી પીયંકર પ્રસેનજિત તણીય કલયત્રે. ૧૧૨

ઢાલ - કરિ આંબલ છેહેડી

તોરણિ કરીય સપૂંખણી એ;
ઘટજુ અલીઈ કરિ સાહિ, સાસૂઈ વર આણીઉ એ. ૧૧૩
આવઈ અમર વિમાણ આકાસિહિ ઉતરઈ એ;
ઉતરઈ સુર જિમ ભાણ સામીય પય અણસરઈ એ. ૧૧૪

### ઢાલ - ઉલાલઉ

ઉઘાડે મુહો લાડા જોઈ ન અમ્હ અહિઠાણ;
નયર કુશસ્થલ જામલિ મહિ-મહિ સરગ મંડાણ. ૧૧૫

ઊઘાડે મુહો લાડા જોઈ ન રાય અવાસિ;
કણઈ કલસ સિરિ ઝલકઈ જાણે ગિરિ ક્વિલાસ. ૧૧૬

ઊઘાડે મુહો લાડા જોઈ, ન અહ્મ ઘરિ રીતિ;
રયણ-માણિક મઈ એ દીવા સોવ સોવનમઈ એ ભીતિ. ૧૧૭

ઉઘાડે મુહો લાડા જોઈ ન રાયચી કુમરી;
રુપ સોભાગિહિ જામલી, ત્રીભુવનમાહિ ન અમરી. ૧૧૮

ઉઘાડે મુહો લાડા, જોઈ ન તમ્હ ભણી નારે;
રુપ સૌભાગિહિ જામલી, અવર ન ઈણિ સંસારે. ૧૧૯

ઉઘાડે મુહો લાડા જોઈ ન તમ્હ પટ્ટરાણી;
રુપ સોભાગિહી જામલિ, અમરી વહાવઈ પાણી. ૧૨૦
ઉઘાડે મુહો લાડા.

### ઢાલ - કૌઉયાનુ

અસીવે વાહણિ કોડ લીઈ વર જોઈ ચડીય સટોડલી એ - એ ઢાલ

અંતર પડ પાછઉં કરી એ, વર જોઈ રાય અંતેઉરી એ;
રંભ તિલોત્તમ ઉરવસી એ, વરગાઈ અપછર ઉલ્હસી એ. ૧૨૧

વાસ ઉતારઈ વ્યંતરી એ, વર ગાઈ મંડપિ વ્યંતરી એ;
ઈંદ્ર-ઈંદ્રાણી સિવિ મિલિ એ, વર ગાઈ અપછર વલી વલી એ. ૧૨૨

અવર નારિ બહૂ ઈણ પરે, વર ગાઈ નાચઈ રંગ ભરે;
કલિરવિ કાઈ ન જાણીઈ એ, વરરાઈ વિશેષિઈ વખાણીઈ એ. ૧૨૩

રયણ-માણિક મઈ કલસ લીએ, વર ચઉરીઅ અગનિ અતિ ભલા એ;
પાવક કરીઅ પ્રદક્ષણા એ, વર હાથ મેલ્હામણિ દક્ષિણા એ. ૧૨૪

ગજ-રથ-તુરીઅ ભંડારુ એ, વરદાન ન લાભઈ પારુ એ;
ઉપસમ અમીય કંસારુ એ, વર આવઈ પાખઈ ખલકતી એ. ૧૨૫

સાલૂણીએ કીજઈ મંગલચાર, સુર ચારણ જય જય ઊચરઈ એ;
સાલૂણી૦
સાચવીઈ આચાર સુરપતિ પડિઢારુ કરઈ એ; ૧૨૬

સાલૂણીએ૦ મિલિ આવામા દેવિ સાથિ ધવલ દિઅઈ સુર ધુલહી એ.
સાલૂણીએ૦ કન્યા સઈવર જાન વેએ દેખી અમનિ ગહગહી એ; ૧૨૭

સાલૂણીએ૦ પહિલઈ મંગલ ચાર દીજઈ હય-ગય રયણ,
સાલૂણીએ૦ બીજઈ મંગલ ચ્યારિ દેસ-નયર-પુર- આભરણ. ૧૨૮

સાલૂણીએ૦ ત્રીજઈ મંગલ ચાર હીરો-મોતીઅકણ્ય ધણ.
ચઉતઈ એ મંગલ ચાર ચીર સહિત કન્યા રયણ. ૧૨૯

ઢાલ - સારથી મોદક મિલીઈ -

જે જોઈઅ અમૃતઅ વહેલીઈ, તેહ પરિમલ દહદિસિ વાસીઈ,
વર-વહૂઈ મન ઉલ્હાસીઈ, સુરનાઇક પહિલુ પ્રકાસીઈ,
સંસારક પૂરિહિ વાસીઉ, આરોગુ પ્રભાવતિ પાસસિંઉ,
જિમ સુનંદ સમંગલા યુગાદિ, સઉ સુરનાયકિ. ૧૩૦

હિવ વદ્ધામણુ, દ્રમ દ્રમક સમાદલ વાજિયા એ ઢાલ -

ઓઢણિ નવરંગ ઘાટ, રાસ રમઈ વર આંગણઈ;
રથિ રુધી દહદિસિ વાટ, ઝમકઈ પય ઘણ ઘૂઘરી. ૧૩૧

વર વેણઈઅ દંડ વિશાલ, નાચઈ તેવડ-તેવડી એ;
સખિ અપછરા જીકમઝમાલ પાસ જિણેસર આવીઉ એ. ૧૩૨

જગિ જિપઈ યવન નરેસ, પરિણી કુમરિ પ્રભાવતી,
હિવ ટલીયા કોડિ કલેસ. ૧૩૩

કરીઅલિ કંકણ ઝલહલઈ એ, સખિ ઊઅરિ એકાઉલિ હાર;
ઝાલિ ઝબૂકઈ હીરલા, સખી નેઉર રયણ ઝણકાર. ઝમકઈ૦ ૧૩૪

કાનિ ખબૂકઈ ખીટલા, સખિ કલકઈ ખલહલ ચૂડિ;
કંઠિ નગોદર કાંઠલા, તિસી મોહ ભણી હૂઈ મૂલિ. ઝમકઈ૦ ૧૩૫

તેજિ તપઈ સિરિ રાખડી, સખિ મોતીયડે સિણગાર;
રંભ તિલોતમ ઉરવસી, સખિ અવર ન લાભઈ પાર. ઝમકઈ૦ ૧૩૬

મંડપી માદલ દ્રમ દ્રમઈ, સખિ તિવિલિ દોંદોંકાર;
ભેરિ ભૂંગલ તણઈ પડસ દઈ, સખિ ગાજઈ ગગન અપાર. ઝમકઈ૦ ૧૩૭

હંસ હરાવઈ હીંડતી મુખિ બોલઈ મધુરી વાણી;
ત્રિણિ ત્રિભુવન મતિ મોહીયા, સખિ રંગ રચઈ તિણિ ઠાણિ. ઝમકઈ૦ ૧૩૮

આજ મનોરથ અમ્હ તણા, સખિ પૂગા સ બિહુ પ્રકારિ;
અમીઅ સરોવર ઊલ્લટઈ, સખિ હીઅડઈ હર્ષ અપાર. ઝમકઈ૦ ૧૩૯

પહિરિન નીલી કાંચલી - એ ઢાલ

અશ્વસેન રાઉ હરિખીઉ એ, વર વધૂ સરિસ જવ નિરખીઉ એ;
વામાહા માડીઅ ગહિવરી એ, વર-વધૂઅ સરિસ નાચઈ ફિરી એ. ૧૪૦

ધવલ-મંગલ સહૂ સોહિઉ એ, દિરિસિણિ ત્રિભુવન મોહીઉ એ;
દેસિ-નગરિ-પુરિ પેખણા એ, વર વેસિ વદ્ધાવા અતિઘણા એ. ૧૪૧

ઈણિ પરિ પ્રભુ પરગણ ભયઉ એ, વર જોઈ દાન કિ વલી ગયુ એ; ૧૪૨

ઢાલ - ઉલાલઉ

આવઈ ભેટિ અપારો, તેજી તુરલ તોખાર;
ગિરિ ઉપડ તાહા ગયવર, ભેટિ કરી ઈંદ્ર નરવર. ૧૪૩

મણિ-મુગતાફલ હારો, આપી કરઈ જુહારો;
ઈમ હુઈ નિત ઉત્સવ રાયણ, ગાંન રચઈ સુર ગાઈણ. ૧૪૪

રિસહ જિણેસર તણઈ દુઆરો, આવ્યા વરણ લાખ ચ્યારે;
ક્ષીર ગુંફા જે હૂંતુ સીહ, આય તણા તિણિ પૂર્યા દીહ. ૧૪૫

ઋષિ વધ પાપિઈ અતિઘણ ધારિઉ, પણિ તે ચઉથઈ નરગિ પધારિઉ.
કાલિહિ ચઉથી નરગ નીસરીઉ, વલી ઘણૂં સંસારજિ ફિરીઉ. ૧૪૬

વિપ્ર તણઈ કુલિ તે ઊપનુ, જનમ કાલિ તસ બાપ નિપનઉ;
માઈ વિહૂણઉ વાધઈ બાલ, પેટિઈ પૂરુ પડઈ દુકાલ. ૧૪૭

ઈણિ પરિ વાધઈ અતિ ઘણ કમઠ, એહ જ જીવ તણઉ કમઠ;
રુપ-કુરુપ-કુચિત્ર અનઈ કાલઉ, દોહગ દુષ્ટ દવાનલ દાધઉ. ૧૪૮
ભીખમંતઉ ભોજન માગઈ, પુણ તેઉ તાપસ પૂઠિવિ લાગઉ;
તપ તપંતુ કિસિઉં આરાધઈ, જલણ જલંતુ પંચાગ્નિ સાધઈ. ૧૪૯

ઢાલ - ઉલાલઉ

કુમર પહુચ એ વાડી, કરવા કેલિ-કેલિ વાડી;
નિહિતો તાપસ દીઠઉ, તરણિ જલણિ વિચિ બઈઠઉ. ૧૫૦
અજ્ઞાન કષ્ટ કર્મ બાંધઈ, માઝિ ભૂઅંગમ દાઝઈ;
અવિધિજ્ઞાન પ્રભુ પેખઈ, વિણસતુ કિમ ઉવેખઈ. ૧૫૧
લેઈ તીક્ષણ કુઠારો, લાકડી દીધ પ્રહારો;
માહિથિઉ નાગ નીકલિઉ, તાપિહિ અતિહિ આકુલીઉ. ૧૫૨
દીધઉ તસ નવકારો, જે જિણ સાસણિ સારો;
તિણિ ખિણિ નાગ વિપનઉ, ફણિધરણિંદ ઊપનું. ૧૫૩
તાસ તણઈ ઘણ રંગે, પદમાવતી અર્ધાંગે;
મૂલગી છઈ પટરાણી, અપછર સંપ ન જાણી. ૧૫૪
મણિમય ભુઅણ વિસાલો, ચાલઈ ચમર ઝમાલો;
નાગ ડંબર સિરિ છત્રો, નવરંગિ નાચઈ એ પાત્રો. ૧૫૫

ઢાલ -

સારીઅ પન્નગ કાજ, પાસ જિણેસર આવીઉ એ;
રાઉ ભણઈ લઈ રાજ, પૂરિ મનોરથ અમ્હતણા એ. ૧૫૬
તું કુલ દીપક આજ, તઈ કુલિ કલસ ચઢાવીઉ એ;
વછ મ આણિસિ લાજ, બઈસિ સંઘાસણિ છત્ર ધરો. ૧૫૭
કુમર ભણઈ સુણિ તાત, રાજ સંસાર વધારણઉ એ;
અવર ન બીજી વાત, મુગતિ સિલા તિહાં મન રમઈ એ. ૧૫૮

પ્રીછવી પિતા નરેસ, માઈ મનાવઈ આપણી એ;
કરઈ ન કિસિઉ કલેસ, સમરસિ ઝીલઈ એ જગત્રગુરો. ૧૫૯

ઢાલ - ઉલાલઉ

નેમિ ભવન વન દીઠઉ, જગ સહૂ હવઉ ઊભી ઠઉ;
લિહિઉ નેમિ ચરિત્રો, નવભવ પુહુવિ પવિત્રો. ૧૬૦
તોરણિ ગઉ રથિ વાલિઉ, જીવદયા ધર્મ પાલિઉ;
મૂકી રાઈમઈ રાણી, કીધી અકહ કહાણી. ૧૬૧
હુંતુ હજીય ન બૂધુ, મોહમયણ બિહુ રુધિઉ;
ઈણિ પરિ કરઈ વિમાસણ, અમર તજઈ નિજ સાસણિ. ૧૬૨
તઉ લોકંતક દેવ, વીનવઈ કરતાહ સેવ;
બૂઝિ-બૂઝિ પ્રભ પાસ, છાંડિ વિસમ ગહવાસ. ૧૬૩
કરતલિ નવઈ નિધાન, દિઈ સંવત્સર દાન;
.................................... ૧૬૪

ઢાલ -

મુગતિ ભણઈ ઉગ્રસેન ધૂય, રાણીઅ રાજલ દેવિ;
તમ્હ વર વારઉ અંતરંગ હિ, અમ્હ સિઉં રમઈ એ. ૧૬૫
સુર-નર-પન્નગ સવિ મિલિ એ, કરઈ મહોત્સવ ઇંદ્ર અવનતલિ. ૧૬૬
પાસ જિણેસર પૂજીઈ એ.
પૂજતાં પૂજઈ અષ્ટ મહાસિદ્ધિ, નવનિધિ-ઋદ્ધિ ધરિ કરઈ એ. ૧૬૭
પાસ જિણેસર૦
અલઈ વિઘન ધન ટલઈ એ, નિરંતર સેવક સુખ હુઈ નિરમલા એ. ૧૬૮
પાસ જિણેસર૦
ત્રિસ વરસ ગૃહવાસ માહે, એકત્રીસ મઈ સંયમ સુખિ લીણઉ: ૧૬૯
પાસ જિણેસર૦

આશ્રમપદ ઉદ્યાન વનિ ચડીઅ, વિમાણ વર વેગિ પહૂતઉ. ૧૭૦
પાસ જિણેસર૦

સામિ સામાયિક ઉચ્ચરઈ એ, મણપજ્જવ સુહટઈ આવઈ. ૧૭૧.
પાસ જિણેસર૦

ત્રિહુસઈકુ નરિસ માનવા એ, દેવ સરિસ તેહે દીક્ષા લીધીઆ. ૧૭૨.
પાસ જિણેસર૦

સયલ પરીસહ પ્રભુ સહઈ એ, કરઈ વિહાર કાસગ નવિ મૂંકઈ એ. ૧૭૩.
પાસ જિણેસર૦

મેરુ-મહીધર તણીઅ પરે, પ્રમાદ પવનિ ક્ષિણએક ન ડોલઈ એ. ૧૭૪
પાસ જિણેસર૦

ઢાલ - ઉલાલઉ

કુપિઉ કમઠ અપારો, ભયુ તે મેઘકુમારો;
પૂરવ ભવંતર જોઈએ, અવિધિજ્ઞાની અવલોઈઅ. ૧૭૫

પેખઈ પાસ જિણંદો, પરતખિ પરમાણંદો;
પરબ્રહ્મ લય લાગુ, મોહ મહાભડ ભાગુ. ૧૭૬

પાપી પૂંઠિ ન છાંડઈ, કમઠ મહા હઠ માંડઈ;
જઈ ગગન અપારો, મૂકઈ મુશલની ધારો. ૧૭૭

ઝબ-ઝબ વીજ ઝબૂકઈ, સામી ઘાત ન ચૂકઈ;
નવ હાથ નિર્મલ શરીર, કંઠ કમલિ ચડિઉ નિર. ૧૭૮

વાય વિષમ ઘણ વાયઈ, આવઈ પાય લહરાઉ;
પયતલિ કમલ કરંતુ, પાખલિ ચૂડિ ભરંતુ. ૧૭૯

સિરુવરિ સહસ ફણા-મણિ, રચઈસુ નાટક તતખિણિ;
કમઠ તઉ હઠ કરી આવિઉ, તતખિણ સેવ મનાવિઉ. ૧૮૦

પાલિ વીનઉ આદનરાઉ, પહૂ પુજી દિવસ ચુરાસીઉ;
મોન અપારો નિરિ, પુરિ પાટણિ કરઈ વિહારો. ૧૮૧

આશ્રમપદિ પહુ કેવલનાણ, આપ ઊપનઉ પ્રકટ પ્રમાણ;
તુ તિહાં આવઈ ચુસઠિ ઈંદો, વલિઅ વિશેષિહિ રાઉ ધરણિંદો. ૧૮૨
મણિમય એ પીઠ જોઅણહ વિસ્તારો, રુપ સોવન મઈ એ રયણ પગારો. ૧૮૩
ચિહુ દિસિ દીસઈ ચ્યારિ પોલિ, રયણમય કણય કોસીસાં ઓલિ. ૧૮૪
તલિઆ તોરણ માણિક ખંભો, ભમતલિ નાચઈ ઉરવસી રંભો. ૧૮૫
ચૈત્ય વરિષ તલિ રચઈ સિંઘાસણ, આવઈ એ સામીઅ પાવ પંણાસણ. ૧૮૬

ઢાલ - હૂલામણા હાલરુ કહાલ રુયા એ

પૂરવા પાલિઈ પ્રભુ પઈસંતુ, કનક કમલિ નિજ પાય ઠવંતુ. ૧૮૭
ત્રિણિ છત્ર તસ સિર વરિ છાજઈ, દેવ દુંદુભિ અણવાઈ વાજઈ. ૧૮૮
ચાલઈ ચમરાવ માણીઅ દેવ, ત્રિભુવન તહ્મ દુલહીઅ સેવ. ૧૮૯
ધર્મચક્ર તહ્ન અગલિ સોહઈ, ભામંડલિ પૂઠિઈ મન મોહઈ. ૧૯૦
ઈન્દ્રધજ આકાસ દિલહકઈ, બાવનિચંદન પરિમલ બહિકઈ;
રયણ સિંહાસણિ કરઈ વખાણ, કરિ ઉદયાચલિ ઊગિઉ ભાણ. ૧૯૧
સુરનર-પન્નગ પરતિખિ આવઈ, શ્રવણિહિ સ્વામી વચન સુખાવઈ;
જાતિ વયર જીહ અછઈ નિરંતર, મોર-નાગલિ નવિ અંતર. ૧૯૨
ગાઈ-વાઘ બેઉ વાણીઅ વિલસઈ, મૂંસ-માંજારીઅ પાખલિ બઈસઈ;
સીહ સબલ ગજ સરિસ ન ઝૂઝઈ, નિઅ-નિઅ ભાષ સહિત તે બૂઝઈ. ૧૯૩
જે જિનવાણીઅ ઈહઈ, તે જિણવાણીઅ પીઅઈ;
તે સિવસુખ ફલ લીઈ, ............ ૧૯૪

ઢાલ - સાલૂણીનું

સાલૂણી એ પૂરીઅ પરષદ બાર, પુહવઈએ પ્રભુ દેસણ કરઈ એ;
સાલૂણી એ સાંભલઈ વરણ અઢાર, સુરનર સંખ ન જાણીઈએ. ૧૯૫
સા૦ વિરમઈ કંચણ કોડિ, ગણહરુ એ દસ દીક્ષા લેઈ;
સા૦ વીનવઈ બેકરજોડિ, સ્વામી ત્રપદી ઉપદિસઈ એ. ૧૯૬

સા૦ આપીઅ ત્રિભુવન તેહિ, રચિઆ એ પૂરવ પાવહારો;
સા૦ અરથ અનંતુ હોઈ, જોતા એ જાણઈ કેવલી. ૧૯૭

સા૦ સાર સિદ્ધાંત વિચાર, શ્રીમુખિઈ સ્વામી બોલીયા એ;
સા૦ તીહ કુણ પામઈ એ પાર, બૂઝિવ્યાએ જે જગિ જીવ. ૧૯૮

સા૦ ઈણિપરિ કરઈ વિહાર, અતિશય અતિ ઘણા આગલા એ;
સા૦ ઊઘાડઈ વર બાર સિદ્ધિ તણૂંએ સામીઅ પાસ જિણંદ. ૧૯૯

સા૦ પ્રકટ પુણ્ય પ્રકાસ, ત્રાસવઈ ત્રિભુવનિ તિમિર ભરો;
સા૦ કરઈ વિઘન વિણાસ, દેવહદેવ જીરાઉલુ એ. ૨૦૦

સા૦ દસવિધ કલપ સમાન, દસભવ પ્રભ સઈ મુખિ બોલિઆ એ;
સા૦ નામિહિ નખઈ નિધાન, અહ્મ ધરિ આવી અવતરઈ એ. ૨૦૧

ઢાલ - ઉલાલઉ

જીભ સહસ મુખિ હોઈ, કોડિ વરસ કવિ જોઈ;
તુ લવલેસ ન જાણઓ, મૂરખ કિસિઉ વખાણૂં. ૨૦૨

મંત્રિ પેથઉ ઈમ બોલઈ, અવર ન કોઈ તહ્મ તોલઈ;
તૂં માયા તૂં તાત, કહૂ કિસી પરિ વાત. ૨૦૩

હૂંતો પૂરિ પ્રવાહિઉ, તૂં સરણાગતિ સાહિઉ;
કરિ-કરિ દેવ પસાઉ, જે જગિ જીરાઉલિ રાઉ. ૨૦૪

રાખિ-રાખિ મઈ સ્વામી, તૂ પરમારથ પામી;
કીધઉ કવિત વિશાલો, રુઅડઉ નઈ રસાલો. ૨૦૫

પઢત ગાણંતા હુઈ સિદ્ધિ, આવઈ અવિચલ રિદ્ધિ;
........................................ ૨૦૬

॥ ઈતિ શ્રી પાર્શ્વનાથ દસ ભવ વીવાહલઉ સંપૂર્ણ ઈતિ ॥

કલ્યાણમસ્તું ॥ શ્રીરસ્તુઃ ॥ સંવત્ ૧૫૯૬ વર્ષે કાર્તિક માસે કૃષ્ણ પક્ષે ત્રિતીયા તિથૌ શ્રી મંડલી નગરે વાચનાચાર્ય વા૦

માણિક્ય રત્નગણિ લખિતં ॥ પ્રવર્તિની ચરણ શ્રી ગણિ વાચનાર્થી ॥
યાદશં પુસ્તકે દ્રષ્ટં-તાદશં લખિતં મયા । યદિ શુદ્ધમશુદ્ધ વા મમ દોષો ન દીયતે
॥૧॥ શ્રીઃ ॥ ॥છઃ॥ ॥શ્રીઃ॥ ॥છઃ॥ ॥શ્રીઃ॥

- કઠિન શબ્દાર્થ :

૧. પ્રભ - પ્રભુનું
૨. સેઅલશિલા - પર્વતશીલા
૩. ગયવર - હાથી
૪. નરવદ - નર્મદા
૫. સુડિહિ - સૂંઢ હાથીની
૬. પવ્વભવ - પૂર્વભવ
૭. ખૂતુ - ખૂંચ્યો
૮. વિદિતિગતિ - વિદ્યુત્ગતિ રાજા
૯. ખલભલઈ - ક્ષોભાયમાન
૧૦. ભૂયંગમો - સર્પ
૧૧. કાસગિ - કાઉસ્સગ્ગ
૧૨. કલિરવિ - કલરવ, આનંદ
૧૩. ઉયરિ - ઉદર
૧૪. રષિ - ઋષિ
૧૫. ચુથઈ - ચોથે
૧૬. લાછિ - લક્ષ્મીદેવી
૧૭. સિગપણિ - ટોચભાગ
૧૮. પહુ - પ્રભુ
૧૯. કાશીયપતિ - કાશીદેશના રાજા
૨૦. કિવલાસ - કૈલાશપર્વત
૨૧. જામલી - જેનાં સરખી
૨૨. દુઆરો - દ્વારે
૨૩. જલન - અગ્નિ
૨૪. માઝિ - મધ્યે
૨૫. વિપનઉ - મરીને
૨૬. સંઘાસણિ - સિંહાસન ઉપર
૨૭. ઓલિ - શ્રેણી, પંક્તિ
૨૮. ચૈચવરિષ - ચૈત્યવૃક્ષ
૨૯. મૂસ-માંજારી - ઉંદર તથા બિલાડી
૩૦. ત્રપદી - ત્રિપદી
૩૧. સામિય - સ્વામી
૩૨. નખઈ - ક્ષય પામતા નથી.
૩૩. ત્રસ - તરસ

## ૧૮. શ્રી મહાવીર વીવાહલઉ

*રચનાર : શ્રી હર્ષસંયમસુરિ ગુરુ શિષ્ય : સં. ૧૬૭૪ વર્ષે, વૈશાખ સૂદિ-૫, ભૌમે પાતશાહ શ્રી શલેમશાહા રાજ્યે*

*આ અપ્રકટ 'વીવાહલઉ'ની પોથી 'પ્રાચ્યવિદ્યામંદિર'ના સંગ્રહમાં છે. બાદશાહ સલીમના રાજ્યકાળમાં ઈ.સ. ૧૬૧૮માં રચાયેલા આ 'વીવાહલઉ' કાવ્યને સિદ્ધાન્તોક્ત વિવાહલઉ' કહ્યું છે. કલ્પસૂત્રને અનુસરી આખા કાવ્યની વીગતો કવિએ આપી છે. 'વીવાહલઉ'ના*

*કાવ્યપ્રકારને સાર્થક કરનાર વીવાહના રૂપકની પરિભાષા તેમાં યોજાઈ છે. મહાવીરના જન્મ પહેલાં તેમની માતાને મંગલ-સ્વપ્ન આવે છે ત્યાંથી આરંભી, આખું મહાવીરચરિત કવિએ આપ્યું છે. તેમાંથી મહાવીરે લીધેલી દીક્ષાનો પ્રસંગ અહીં પ્રસ્તુત છે.*

*લગ્નમાં 'વધાવા' ગાય છે તેમ, પંચપરમેષ્ઠિને નમસ્કાર 'પાંચ વધાવા' રૂપે કવિએ વર્ણવ્યા છે. તે પછી, જે કન્યાને મહાવીર પરણવા જવાના હતા તેનો પરિચય આપે છે :*

**'પ્રવચન નગરીના ધણી, જિનવર જે હૂયા આગઈ;**
**સદુપદેશની ધરણી શ્રદ્ધા તે અતિ જાગઈ ।**

**તસ પુત્રી દીક્ષા પરણવા ચાલ્યા વીર જિણદ ।**
**જ્ઞાન ખંડ-વન તોરણ જોતઈ, સુરનર ઇંદ્ર લોકાંતિક ઇંદ્રાદિક**

**શ્રદ્ધાનિઈ કહઈ વાણી; 'વર ઊભાં ઘણીવાર હુઈ**
**માંહરઈ લ્યુ જિન તાણી.**

**શ્રદ્ધા તિહાં ધસમસી, સંયમશ્રીની જે માતા ।**
**આણંદ આણીંનઈ અતિઘણું, પેખિવા જિન જોતાં ।**

**'તોરણિ વીરજી પુંછીયા એ, ઘટ જૂયલૂં શુભ ભાવિઈ**
**શ્રદ્ધાઈ જિન ભણીયા એ !**

**આણીયા સંવર-માંહિઈ ત્રિભુવન સુર હરખીયા એ**
**સરાવ-આવરણ ભંજાવીયાં રે, ઠાવીયાં જ્ઞાનનઈ ભાવિઈ ।**

**પડહ ભેરી માદલ ઘણાં એ, વાજઈ દુદુંભી નાદ;**
**લોકનાં દુઃખ દાલિદ્ર હરઈ એ, ધન દીઈ સસક્તિ સાર.**

**સંતોષ-શ્રીફલ આપતા એ, વઈરાગ ફોપલ પાન :**
**જિનગુણ-ચંદન છાંટણાં રે, તાંઢિકિ હઉઈ બહૂવાર :**
**રયણ સોવનમણિ છાંડિયાં રે, મેહલઉ કુટુંબનું મોહ તુ, ।**

લોચ તે પંચમુષ્ટિ કીઉ એ, નિરીહ નિઈગ્રંથની સોહ તુ ।
માગશિર વદિ દસમી દિનિઈ, સાધી એ લગનની વાર ।
કર-મેલાવઉ તિહાં હૂઉ એ, સંયમ-સ્ત્રી ભણઉ સાર ।
કંસાર તિંહા મુકાવીઉ એ, શ્રદ્ધા સાસૂઈ વેગિઈ આણીઉ એ
શુભ ધ્યાનમય થાલ આણીઉ એ ।
જ્ઞાનદર્શન-રતને જડાવીઉ એ । મૈત્રી પ્રમોદ કરુણા મધ્યસ્થે
સાકર ઘી મોદક અમૃતે । સિદ્ધ ગુણ ને કપૂરી વાસીઉ
કંસાર તે થાલિઈ પ્રીસીઉ । જિનરાજે સ્વયમેવ મંત્રીઉ ।
આસ્વાદી, તેહનઈ પવિત્ર કીઉ ।"

આ પ્રમાણે વિવાહના રૂપકને દીક્ષામહોત્સવ સાથે ગૂંથી લેવામાં આવ્યો છે. 'વિવાહલઉ'ના પદ્ય પ્રકારની સાર્થકતા છે. વચમા વચમા યમકાન્ત 'બોલી'નું ગદ્ય પણ તેમાં આવે છે. છેલ્લું 'હરિગીત છંદ'નું વંદન ઊતારિયે :-

"ઈમ જ્ઞાતનંદન જગવંદન, પાપભંજન જિનવરો;
શ્રુતદેવતા સુપસાય પામી, વરણવું ત્રિભુવન-ગુરો;
જે ભાવિ ગાઈ, ચિત્તિ ધ્યાઈ, માનવા તિ અતિ ભલા,
બહુ રિદ્ધિ પામી, મુગતિ જાઈ, અનંત સુખ જિહાં નિરમલાં."

## ૧૯. વીરચરિત વિવાહલો

*પ્રાચીન કાળમાં હસ્તપ્રતો લખાતી હતી, તેમાં હસ્તપ્રતને અંતે રચના સમય, કર્તા, ગુરુ પરંપરા, ફળશ્રુતિની માહિતીનો ઉલ્લેખ થતો હતો.*

વીર ચરિત વિવાહલો ઢાળબદ્ધ રચના છે પણ ઢાળની સંખ્યામાં કોઈ નિર્દેશ થયો નથી. હસ્તપ્રતને અંતે રચના સમયની માહિતી મળે છે, પણ કર્તાનો કોઈ ઉલ્લેખ થયો નથી. એટલે અજ્ઞાત શ્રમણકૃત વિવાહલો છે એમ અનુમાન કરવામાં આવે છે.

"સંવત ૧૯૫૫ના વર્ષે અષાઢ માસે કૃષ્ણ પક્ષે તિથૌ પંચમી, ગુરુવાસરે લિખિતં." વીસમી સદીના મધ્યમ કાળમાં આ વિવાહલોની રચના થઈ છે.

વીર ચરિત વિવાહલો શીર્ષકથી સ્પષ્ટ થાય છે કે, ભગવાન મહાવીર સ્વામીના જીવનને કેન્દ્રમાં રાખીને વિવાહલોની રચના કરી છે. વિવાહલો કાવ્યમાં મુખ્યત્વે લગ્ન, અને દીક્ષાના પ્રસંગનું વર્ણન એક લક્ષણ તરીકે ગણાય છે. કવિએ 'ચરિત' શબ્દપ્રયોગ કરીને ભગવાનના ચરિત્રનો નિર્દેશ કર્યો છે અને પછી વિવાહલો શબ્દ પ્રયોગ થયો છે.

અહીં વિવાહલો એટલે ભગવાનનો જન્મ, ગૃહસ્થાવસ્થા, સંયમ જીવન, રત્નત્રયીની આરાધના, તપશ્ચર્યા, કેવળજ્ઞાન અને નિર્વાણ, જેવા મહત્વના પ્રસંગોમાં સંદર્ભ રહેલો છે. ભગવાનના પાંચ કલ્યાણક વિશ્વના સર્વ જીવોના કલ્યાણને મંગલરૂપ છે. શુભ પ્રસંગ છે. આનંદ-ઉલ્લાસથી ઉજવણી થાય છે. અને ભવ્યાત્માઓ સમકિત પામી તેની શુદ્ધિ-વૃદ્ધિથી આત્માનું કલ્યાણ કરે છે, પ્રભુના ચરિત્રનું પઠન-પાઠન પણ કલ્યાણરૂપ છે. એટલે વિવાહલો શબ્દ પ્રયોગ થયો હશે એમ અનુમાન કરવામાં આવે છે.

नारकाअपि मोदन्ते, यस्य कल्याण पर्वसु
पवित्रं तस्य चारित्रम् कोवा वर्णयितुम् क्षमः ॥१॥

ભગવાનના પાંચે કલ્યાણકના દિવસે નારકીના જીવો પણ ક્ષણિક આનંદ-ઉલ્લાસ અનુભવે છે. તો પછી જીવનના પ્રસંગો દીક્ષા,

*કેવળજ્ઞાન, ઉપદેશ-દેશના, નિર્વાણ વગેરેથી આનંદની અવધિ કેવી હોય ? આ તો કલ્પનાનો વિષય છે.*

## વિવાહલોનો પરિચય

વીર ચરિત વિવાહલોમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનના વિવિધ પ્રસંગોનું પદ્યમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

સંક્ષિપ્ત રીતે વિચારીએ તો આ વિવાહલોમાં ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવથી આરંભીને પાંચ કલ્યાણકની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

જૈન સાહિત્યની વિશેષતા છે કે કવિઓ કાવ્ય રચનામાં આધારભૂત ગ્રંથની માહિતીનો નિર્દેશ કરે છે. માત્ર કલ્પના નથી. ગ્રંથોના મૂળભૂત વિચારોને કવિ પોતાની પ્રતિભાથી કાવ્ય રચના કરે છે. કવિ કલ્પનાથી ફેરફાર કરે છે જ્યારે ધાર્મિક સાહિત્ય મૂળગ્રંથના વિચારોને જ પોતાની રીતે વ્યક્ત કરે છે.

**વિવાહલોમાં સારરૂપ વિચાર નીચે પ્રમાણે છે.**

ભગવાન મહાવીરસ્વામીના ૨૭ ભવ અને ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકની આગમ ગ્રંથોને આધારે માહિતીનો સમાવેશ થયો છે.

**હસ્તપ્રતમાં અંતે નીચેના ગ્રંથોનો આધાર દર્શાવ્યો છે.**

"ઇતિ શ્રી કલ્પ સિદ્ધાંત, શ્રી આવશ્યક, શ્રી આચારાંગ, શ્રી ઠાણાંગ, શ્રી ભગવતી, અંગથી ઉદ્ધરીત, શ્રી વીર ચરિત વિવાહલો બંધરૂપ સંપૂર્ણ ॥

ઉપરોક્ત ગ્રંથોમાં ભગવાન મહાવીરસ્વામીના જીવનના વિચારો છે તેને એકત્ર કરીને વિવાહલોની રચના કરી છે.

કલ્પ સિદ્ધાંત કલ્પસૂત્ર ગ્રંથમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનનું વિસ્તૃત વર્ણન છે. પર્યુષણપર્વમાં કલ્પસૂત્રના વાચનમાં આ

ચરિત્ર સકળ સંઘમાં ગુરુ ભગવંતના મુખેથી સંભળાવવામાં આવે છે. આસન્ન ઉપકારી મહાવીર સ્વામીના જીવન વિશે ઓછીવત્તી માહિતી સૌ કોઈને હોય એમ માનીએ તો યોગ્ય લેખાશે, છતાં કવિએ પોતાની કવિ પ્રતિભાથી જે નિરૂપણ કર્યું છે, તેની કેટલીક વિગતો હસ્તપ્રતને આધારે પ્રગટ કરવામાં આવી છે.

વધાવામાં બોધિબીજ, બીજામાં મિથ્યાત્વની આળપંપાળ-મતિ દૂર થાય. ત્રીજામાં આચાર્યને વંદના, ત્રિપદી પ્રાપ્ત કરનારા, પંચાચારનું પાલન કરનાર ગણધરોને વંદના ચોથામાં સંઘનું બહુમાન - નામ - સ્થાપના નિક્ષેપથી વંદના. આ માહિતી ઉત્તરાધ્યયન સૂત્રના મોક્ષમાર્ગ અધ્યયનમાં છે. પાંચમો વધાવો સમકિતધારી દેવો જિનવાણીની ભક્તિ કરે છે.

ઈંદ્ર આદિ ભગવાનને વિનયપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દે છે. ભગવાનની આગળ કલ્પવૃક્ષ છે. ઈંદ્રએ પાલખી બનાવી હતી તે રત્નોથી શોભતી હતી. પંચવર્ણની પુષ્પમાળા, સુવર્ણ અને રત્નજડિત સિંહાસનમાં પ્રભુ બિરાજમાન થયા હતા.

પહેલી ભગવાનની પાલખી પછી ઈંદ્રાદિક દીક્ષાના વરઘોડામાં જોડાયા હતા. પ્રભુ પોંખણાની પ્રણાલિકા લગ્ન પ્રસંગે હોય છે તેમ જ દીક્ષા પ્રસંગે પણ જોવા મળે છે. કવિના શબ્દો છે :

તોરણવીરજી પૂંખીયાએ ધરયુગલ શુભ ભાવ
શ્રદ્ધાએ જિત લાણીયા એ, આણીયા સંવર માંહી,
ત્રિભોવન સહુ હરખીયા એ ॥૮૫॥

પડહ વગડાવવામાં આવે છે, દુદુંભિ નાદ થાય છે. આ મંગલ પ્રસંગે લોકોનાં દુઃખ, દારિદ્રયતા દૂર થાય છે અને સમકિત પામે છે. અહીં કવિએ રૂપકાત્મક અભિવ્યક્તિ કરીને જણાવ્યું છે કે :

સંતોષ શ્રીફળ આપતા એ, વઈરાગ ફોફલ પાન,
જિન ગુણ ચંદન છાંટણા એ, ટાઢિકહુઆ બહુવાર. ॥૯૦॥

હવે ભગવાન પંચમુઠ્ઠી લોચ કરીને અણગાર બને છે.

રયણ સોવન મણિ છાંડિયાએ, મોહલીઉ કુટુંબ નહિ મોહ
લોચન પંચ મુઠ્ઠિઉ કરીએ નિરાહ નિર્ગ્રંથની સોહ. ॥૯૨॥

પ્રભુ "નમો સિદ્ધાણં" બોલીને સર્વ સાવધનું પચ્ચક્ખાણ કરે છે. ત્યારપછી ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

કવિએ ચિત્રાત્મક શૈલીમાં પ્રભુના દીક્ષા કલ્યાણકનું વર્ણન કર્યું છે. શબ્દો દ્વારા થયેલું વર્ણન દૃષ્ટિ સમક્ષ પ્રત્યક્ષ નિહાળી શકાય તેવી અનુભૂતિ થાય છે. અહીં કવિ પ્રતિભાની એક ઝલક નિહાળી શકાય છે.

આવા શુભ કાર્ય માટે ધન્યવાદના શબ્દો પણ ઓછા પડે છે. કવિઓએ ધન ધન શબ્દનો પ્રયોગ કરીને પ્રસંશા કરતાં ત્રિશલામાતા, સિદ્ધાર્થ રાજા અને સંયમીને માટે આવો પ્રયોગ કરીને અભૂતપૂર્વ આનંદ વ્યક્ત કર્યો છે. પ્રભુ કષાયને જીતે છે અને રાગ-દ્વેષ બાહ્ય-અભ્યંતર રીતે દૂર કરે છે અને ધીર ગંભીર પણે સંયમ પાળે છે.

આવા મહાન કલ્યાણકારી પ્રસંગે કવિએ ચાર મંગલના (જે શરણારૂપ) ઉલ્લેખ કર્યો છે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચાર મંગલ શાશ્વત અને અવિચળ સુખદાયક ગણાય છે.

કવિઓની કલ્પના અનેરી હોય છે. કલ્પનાથી શબ્દ દ્વારા બધું જ દૃષ્ટિગોચર કરી શકાય છે. કવિએ પ્રભુના કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિશે આવી અનોખી કલ્પના કરી છે.

પ્રભુના ઉપસર્ગો નો મિતાક્ષરી ઉલ્લેખ થયો છે.

**પ્રભુના સ્વપ્ન વિશે :**

દિવાળીની સજ્ઝાયમાં ચંદ્રગુપ્તના ૧૬ સ્વપ્નનું વર્ણન છે.

આ વિવાહલોમાં દસ સ્વપ્નનો ઉલ્લેખ થયો છે. તે પ્રભુ મહાવીર સાથે સંબંધ ધરાવે છે. પ્રભુએ દીક્ષા લીધા પછી પ્રથમ ચોમાસુ અસ્થિગ્રામમાં કર્યું હતું. અહીં શૂલપાણિ યક્ષે પ્રભુને ઉપસર્ગ કર્યો હતો.

રાત્રિના ચાર પહોરમાં કેઈક ઓછા સમય સુધી અત્યંત વેદના સહન કરી પછી પ્રભાતમાં ક્ષણવાર નિદ્રા આવી ગઈ નિદ્રાવસ્થામાં પ્રભુએ દશ સ્વપ્ન જોયા અને જાગી ગયા. ત્યાર પછી ઇન્દ્રશર્મા અને ઉત્પલ નામના જ્યોતિષિએ સ્વપ્નનું ફળ કથન કર્યું હતું.

વીર ચરિત વિવાહલોની વિવિધ પ્રકારની માહિતીમાં આનો સમાવેશ થયો છે. સ્વપ્ન એ કોઈ કલ્પના નથી પણ વાસ્તવિક છે. મનોવિજ્ઞાન અને અન્ય દર્શનોમાં પણ સ્વપ્નનો સ્વિકાર થયો છે. સ્વપ્ન શુભાશુભ ફળદાયક છે. તદુપરાંત ભવિષ્યની આગાહી પણ કરે છે.

પ્રભુને દસ સ્વપ્નના ફળની માહિતી આપતા કવિ જણાવે છે કે,

શ્વેત કોકિલ શુકલધ્યાન,

પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અંતે ઇંદ્રો-દેવોએ વૈભવી-શાહી ઠાઠથી મહોત્સવ કર્યો. પછી ભગવાનના સમોવસરણની રચના અને દેશનાના પ્રસંગનું વર્ણન કર્યું છે.

પ્રભુની દેશનાથી મિથ્યાત્વ દૂર થાય છે. પંચાંગ પ્રણિપાત કરવામાં આવે છે. ગૌતમસ્વામી પાંચ મહાવ્રત સ્વીકારીને પ્રથમ ગણધર થયા અને બાકીના ૧૦નાં નામનો ઉલ્લેખ થયો છે, પ્રભુના પરિવારમાં ચૌદ હજાર સાધુઓ, ૩૬ હજાર સાધ્વી, ચંદનબાળા પ્રથમ સાધ્વી સમકિતધારી શ્રાવિકા સુલસા અને રેવતી.

ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકા, શંખ, શતક આદિ બાર વ્રતધારી શ્રાવકોની સંખ્યા એક લાખ ઓગણસાઇઠ હજાર, વૈક્રિય ૭૦૦ લબ્ધિ કેવળજ્ઞાની ૭૦૦ મન:પર્યવજ્ઞાની ૫૦૦, ૧૪ પૂર્વાધર - ૩૦૦, અવધિજ્ઞાની - ૧૩૦૦, ગૌતમ સ્વામીને પ્રભુ પ્રત્યે અવિહડ રાગ હતો અંત સમયે પ્રભુએ ગૌતમ સ્વામીને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા અને પ્રભુ નિર્વાણ પામ્યા. ગૌતમ સ્વામી વિરહમાં

વીર-વીર રટતા હતા અને એમનો પણ રાગ દૂર થયો અને કેવળજ્ઞાન પામ્યા. આ પ્રસંગનો કાવ્યમાં ઉલ્લેખ થયો છે.

પ્રભુએ સોળ પહોર અખંડ દેશના આપી.

૩૬ અધ્યયન ઉત્તરાધ્યયનમાં પ્રાપ્ત થયા છે.

અંતે કવિ જણાવે છે કે આ ધવલની રચના શાસ્ત્રને આધારે કરી છે.

પ્રભુ નિર્વાણ પામ્યા પણ જિનવાણી આગમવાણી ભવ્યાત્માઓને ભવ જલધિથી તારવા સમર્થ છે. બોધિબીજ પામવા માટે આ જિનાગમ અને જિનબિંબ આલંબનરૂપ છે એમ જણાવ્યું છે.

આ ધવલ ચરિત્ર વાંચવા સાંભળવા અને જાણવાથી શું લાભ થાય છે ? તેની માહિતી આપવામાં આવી છે.

શ્રી જિનગુણ ગાતાં, છૂટિઈ અશુભાકર્મ - ૧૯
સંવચ્છર તપથી ધ્યાન સજઝાય ન છેહ
સિદ્ધાંત બોલિઉ, સુખ અંત દીએ ... ૨૦
એમ જ્ઞાતનંદન જગવંદન, પાપ ભંજન જિનવરે
શુભ દેવતા સુપસાએ પામ્યા, વરણ્યા ત્રિભોવન ગુરૂ
જિ ભાવિગાઈ ચિત્ત ધ્યાએ, શ્રાવકા તે અતિ ભલા
બહુ રિદ્ધિ પામી મુગતિ જાઈ, અનંત સુખ જેહાં નિરમલા

**વીર ચરિત વિવાહલો : સંક્ષિપ્ત પરિચય :**

વીર ચરિત વિવાહલો હસ્તપ્રતને આધારે પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં ભગવાન મહાવીરસ્વામીના ૨૭ ભવની માહિતી પછી એમના જીવનના જન્મ, લગ્ન, દીક્ષા, કેવળજ્ઞાન પ્રભુ પરિવાર અને નિર્વાણના પ્રસંગોનું ભક્તિભાવપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રી વર્ધમાનસ્વામી અને ગૌતમસ્વામીને પ્રણામ કરીને વિવાહલોનો આરંભ કરવામાં આવ્યો છે.

કવિના શબ્દોમાં રચનાનો ઉલ્લેખ થયો છે :

"ચોવીશમા વર્ધમાન સ્વામી, ધવલ ગાઉં લેહતું."

વિવાહલો - ધવલ એમ બે સંજ્ઞા આ કાવ્ય માટે પ્રયોજાઈ છે.

કવિએ પરંપરાગત રીતે મિતાક્ષરી ફળશ્રુતિનો ઉલ્લેખ કર્યો છે.

"શ્રી બોધિબીજથી મુગતિ જિન સંભવઈ"

આરંભમાં ૨૭ ભવની માહિતી આપતાં પ્રથમ નયસારના ભવમાં સમકિત પામ્યા અને ક્રમિક રીતે બાકીના ભવનું વર્ણન કર્યું છે.

૨૫મા ભવમાં દીક્ષા અંગીકાર કરીને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

"વીસઈ થાનક આરાધઈ, તીર્થંકર પદ સાધઈ."

૨૭મા ભવમાં દેવાનંદાની કુક્ષિએ પ્રભુ પ્રાણતકલ્પ દેવલોકમાંથી ચ્યવીને આવ્યા.

દેવાનંદા ચૌદ સ્વપ્નનું નિદ્રાવસ્થામાં દર્શન કરે છે. ગજ, વૃષભ આદિ સ્વપ્નોના નામની સૂચી આપવામાં આવી છે. સ્વપ્ન ફળ વિશે કવિ જણાવે છે કે, "અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ, સુખલાભ અતિ ભલું." હરિણગમેષી દેવ પોતાનો આચાર જાણીને દેવાનંદાની કુક્ષિમાંથી ગર્ભને - ત્રિશલામાતાની કુક્ષિમાં મૂકે છે.

ઇંદ્ર આગઈ હુઆ અનઈ હુઈ વલી તે નીચ કુલ સાર.

"ગર્ભકદાચિઈ તે ન પ્રસવઈ સુવિચાર."

ગર્ભહરણની આશ્ચર્યજનક ઘટના અચ્છેરૂ કહેવાય છે.

ત્રિશલા માતા ૧૪ સ્વપ્ન જુએ છે અને સ્વપ્ન ફળથી હર્ષ અનુભવે છે. પુત્ર જિનવર થશે, ત્રિભુવનમાં કીર્તિ પ્રસરશે વગેરેથી માતા હર્ષ અનુભવે છે. માતાના સુખ માટે પ્રભુ ગર્ભમાં સ્થિર રહે છે

ત્યારે માતા ગર્ભની ચિંતા કરી દુઃખી થાય છે. આ પ્રસંગે પ્રભુ અભિગ્રહ કરે છે.

"માતા પિતા મુજ જીવઈ, જો લગિઈ શ્રમણ ન થઉં હું."

જિનધર્મની આરાધના કરતાં સુખ સમાધિપૂર્વક ચૈત્ર સુદી-૧૩ની મધ્યરાત્રિએ પુત્રનો જન્મ થયો. ૫૬ દિક્કુમારિકાઓ પ્રભુના જન્મ મહોત્સવમાં આવે છે.

આઠ કુમરી વાયુ ઢાલઈએ,
આઠ ગંધોદક વૃષ્ટિ લઘુ ધાર
આઠ કુમરી આરીસા ધારણી,
આઠ નિર્મળ જળ ભરી સિંગાર,
આઠ વીંઝણા વયનઈ
આઠ ચામર ધરઈ
ચાર દિશિ ચાર રક્ષાકારી

પુત્રના જન્મથી આનંદ આનંદ વર્તે છે.

જન્મ મહોત્સવ પછી સર્વ પોતપોતાને સ્થાને જાય છે.

ચાલ્યા સંઘારાણી ઇંદ્ર જ્ઞાને નિરખીઓએ,
પામ્યા પરમાનંદ, સજિન જનમઈ ચરિત હરખીયાએ.

ઇંદ્ર મહારાજા મેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવીને નંદીશ્વરદ્વીપ જઈ મહોત્સવ કરે છે.

સિદ્ધાર્થ રાજા પણ જન્મ મહોત્સવ કરે છે.

જિનપૂજઈ મનિ આનંદસ્યઉ,
ગુણ ગાવી શ્રી જિનરાજ.
ફલ્યો મનોરથ મનતણો એ
અમ સિદ્ધા સગલાં કાજ.

રાજાએ અપરાધી જીવોને બંધનથી મુક્ત કર્યા અને સર્વત્ર આનંદ-આનંદ વર્ત્યો હતો.

પ્રભુની બાલ્યાવસ્થામાં વસ્ત્રાભૂષણ વગેરેથી શણગાર કરવામાં આવ્યો હતો.

પ્રભુ અદ્‌ભુત રૂપ સુગંધ,
દેહ રોગ નહીં સ્વેદ બંધ
શ્વાસ કમલતા ગંધ સરાખું
અનઈ રૂધિર આમિષ દૂધ નિસુ.
નિરખતાં ત્રિશલા માત હરખઈ
વચન અમૃતવાણી બોલઈ
પામઈ પરમાનંદ એ.
વર્ધમાન જિણાંદ એ.

ભગવાનના દેહના ૧૦૦૮ લક્ષણ છે અને તેથી સૌંદર્યવાન શોભારૂપ છે.

મિથ્યાત્વી દેવ દ્વારા ભગવાનની પરીક્ષા નાગનું રૂપ, આંબલી-પીપળીની રમતથી દેવ હારી જતાં મહાવીર નામ આપ્યું. પ્રભુને નિશાળે ભણવા મૂક્યા. જિનેન્દ્ર વ્યાકરણ પ્રગટ થયું અને ગુરુના સંશયો દૂર થયા.

પ્રભુએ રાજકન્યા યશોદા સાથે પાણિગ્રહણ કર્યું. સંસારસુખ ભોગવતાં પ્રિયદર્શના કન્યા રત્ન પ્રાપ્ત થયું.

દીક્ષા અવસર આવ્યો પ્રભુ વરસી દાન આપીને લોકોને સંતોષ આપે છે. રોજે રોજ એક વર્ષ સુધી એક કરોડ આઠ લાખ સોનૈયાનું દાન કરે છે.

ઈંદ્ર અને દેવ-દેવીઓ દીક્ષામાં પધારે છે.

દીક્ષા અવસર આવીઉ રે,

ઈંદ્ર ચઉસઠ દેવ મીલીઆ,

કાંઈ કરવા કલ્યાણક કાજ.

સુરેન્દ્રો આવી સરવ મલેઈ. ॥૪૧॥

જિહાં અછઈ વીર જિન સ્વામી

રૂડિ નગર ખિત્રકુંડ ગ્રામિ ॥૪૨॥

રત્ન સોવન જડિત મંડપ

નિરખવી...............

પછ એ દિક ગાવતાં

વધાવી પાંચ વિસાલ ॥૪૪॥

કવિએ પાંચ વધાવાનો દીક્ષા પ્રસંગે ઉલ્લેખ કર્યો છે.

## વીરચરિત વિવાહલો

**લિપીકાર : સાધ્વીશ્રી વિરાગરસાશ્રીજી મ.સા.**

**॥અર્હમ્ ॥ શ્રી વર્ધમાન જિનેંદ્રાય નમઃ ॥**

**શ્રી જિનવર્ધમાન પયપ્રણમીઈ, ભાવસહિત શ્રી ગૌતમ નમીએ ॥૧॥**

**ત્રોટક : નમીઈ શિર શ્રુત દેવતાનિ, આઠકર્મ ક્ષપાવએ**
**નાણાવરણીય આદિ તેહના, જેહનાં શ્રુત ભાવઈ ॥૨॥**

**ત્રૈલોક્યમધ્યે સુખકારક, આજ શાસન જેહનું,**
**ચોવીશમાં વર્ધમાન સ્વામી, ધવલ ગાઉં તેહનું ॥૩॥**

**ઢાલ : એહ ભવિપરભવિ સુખરિદ્ધિ, સહી હવઈ**
**શ્રી બોધિબીજથી મુગતિ જિન સંભવઈ ॥૪॥**

**ત્રોટક : ભવિ શ્રી વર્ધમાન જીવ તે જંબૂ પચ્છિમ વિદેહમંઈ**
**નયસાર નામિઈ રાય, આદેશિ શકટદારૂ નિમિત્ત ગમઈ ॥૫॥**

**સાર્થ ભૂલા સાધુનિઈ તિહાં, ફાસૂ અન્ન ઉદક દીયાં**
**વાટ દેખાડી બોધ પામ્યા, જનમનો ફલ તિહાં લીયા ॥૬॥**

ઢાલ : ઉલાલુ

જોઉ જોઉ સમકિત પામઈ, પલ્ય આયુ સૌધર્મ ઠાવઈ
દીપિ તેજ વિમાણી, સાધુ ભગતિ ફલ જાણી ॥૭॥

ચવી ઈકખાગ વંશ આવઈ ભરતનું પુત્ર થયઉ ભાવઈ
સમોસરણી જિનરાઉ, દેશનાઈ નિરમલ ભાવઈ ॥૮॥

પાંચસઈ ભરતકુમારા, સાતસિ પૌત્ર તે સારાં
દીક્ષાશ્રી ઋષભનિ હાથિ, મરીચિ વિહિરીએ સાથિ ॥૯॥

હૂયા ઈગ્યારંઈ અંગધારિ, ગુરૂની ભક્તિથી સારી,
કર્મવશિ એકદા ઉન્હાલી, તસહિ નિજ મતિ ભાલઈ ॥૧૦॥

પંચમેરૂ સરીખું એ ભારાં, નયલઈ ચારિત્રાચાર
વિરમ્યા શ્રવણ ત્રિદંડો, હું દંડિલ ત્રિહું દંડો ॥૧૧॥

ત્રિદંડ લિંગ હું મુઝ નઈ અણજીતા, પાંચઈ ઈંદ્રિય નઈ
થૂલ પ્રાણાતિપાત વિરમણ જા મુઝ પરિગ્રહ સહ કિંચન ॥૧૨॥

કલપિત લિંગ ઉપાઈ, દેશના સાચી કહાઈ.
સાંભલુ બહુ જિનધર્મ, ચારિત્ર જિન કરી મર્મ ॥૧૩॥

(ચાલીએ સંઘસંયોગિ એ ઢાલ)

બહુજિન દેશના બૂઝતા, ભરત પુછે સ્વામી પાસેં
તમ સરીખાં તીર્થંકર, કેવલી ભરતિ કે હોશઈ ॥૧૪॥

અજિત સંભવ અભિનંદ, સુમતિ પદ્મપ્રભ સુપાસ,
ચંદ્રપ્રભ સુવિધ શીતલ, શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ ॥૧૫॥

અનંતધર્મ શ્રી શાંતિનઈ, કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત
નમિનેમિ પાર્શ્વજિન, ત્રેવીશઈ વર્ધમાન હવિઈ ધરચિતિ ॥૧૬॥

બાર ચક્રવર્તી નવ બળદેવ, વાસુદેવ નઈ પ્રતિવાસુદેવ
વર્ણપ્રમાણ નામાદિ, શ્રી જિન કહીયાં સવેવિ ॥૧૭॥

વલી જિનપ્રતિ પૂછએ ભરતએ, અહાં કોઈ છિ જિન જીવ ?
મરીચિ સજઝાયનું ધ્યાનીએ માહાતમા ધ્યાએ અતીવ ॥૧૮॥

તે જિનવર વીસમઉ, ધર્મચક્રી વીર જિન થાસઈ
ભરત રોમાંચ્યા મરીચનઈ, વાંદઈ તે અતિ ઉલ્હાસઈ ॥૧૯॥

લાભલહિયા તેઈ સારા એ, જે જિન થાપસઈ ચોવીસમો
ત્રિપૃષ્ઠિ વાસુદેવ પહેલુ, ચક્રવર્તી મહાવિદેહ ખેત્રનું ॥૨૦॥

જિનથાએસિ તે વાંદુ છું, એમ કહી નિજપુરિ જાયે
મરીચ હરખ્યું તે સુણી, ગરઉ મનવચને માઈ ॥૨૧॥

પ્રથમ તીર્થંકર દાદઉ, તાત મુજ ચક્રવર્તી પહેલઉ
વાસુદેવ ચક્રવર્તી હું જિન ચોવીશમો થાએસિ અતિભલુ ॥૨૨॥

ત્રિણિવાર ત્રિદંડ ઉછાલિઈએ મિરીચિ નાચિનઈ એમ કહઈં
અહો કુલ ઉત્તમ એ મુઝ, અવર ન કોઈ પુણએહવં લહઈં ॥૨૩॥

(અદનરાઈ પહુતલા જાય... એ ઢાલ)

ઈણઈં અભિમાની ઈએ નીચ કર્મબાંધી,
ગ્લાન પણઈ એહવી બુદ્ધિ લાધી । કપિલ આગલિ ત્રિણિ દંડ થાપી,
મિથ્યામતિ ઘણી તિંહાથી એ વ્યાપી ॥૨૪॥

મકરિ મકરિ જીવ કલપના આપ, અછૂત્ર સમાન નહીં જગમાં,
ઉપસર્ગ સ્યહિલાની ગમીઆ ॥૨૫॥ (આંચલી)

પરિવ્રાજક લિંગ થાપી ચલાવિઉ, ષટભવ ચાલીઉ તે ઉદય આવિઉ,
વિચિવિચિ દેવલોકના ભવ પાવઈ, સંસારમાંહી જીવ આપ ભમાવઈં ॥૨૬॥

જીવયોનિ બહુ ભવ ભમી આયા વિશ્વનંદી રાજગૃહી રાયા,
યુવરાજા વિશાખભૂતિ, તત્ર વિશ્વભૂતિ નામિ તસતણા પુત્ર ॥૨૭॥

કોડીવરસ આઉખુંએ વિશ્વભૂતિ, અંતઉર સંવનિ ક્રીડા કરઈં
તિકૂડ કરી પુષ્ફકરંડક કાઢીયા, કુવંત મુઠનિ ઘાએ કરી પાડીયા ॥૨૮॥

વિરાગી સંભૂતિ ગુરૂદીક્ષા, બહુતપ કરતાં કરીઈ રંગિ શિક્ષા
મથુરા નગરીઈં એ ભાઈ તવ દેખી । ગાઢાઇં એ પાડીઉ
નિરખીતંઈ હરખંઈ ॥૨૯॥

મૂંઠિ નઈ ઘાઈત કુઠ ફલ પાડીયા, તે બલ કહુ તમે કિહાં ગમાડીયા
અમરિખ ચડીએ ગાયે ઉછાલી, નીયાણઈ નિરમલ મનિ ટાલી ॥૩૦॥

સાતમઈ દેવલોકિ જઈ આયા, પુરિપોતન પ્રજાપતિ રાયા
બેટી મૃગાવતી તાય પરણી છઇં, તાસઉદરિ ઉપનાએ પછઇં ॥૩૧॥

ત્રિપૃષ્ઠ વાસુદેવ તિહાં જણીયા, નરસંઘ થઈ પશુ સિંહ તે હણીય
શ્રી ગૌતમજીવ સાગડીવારઈં, દુક્ખ ધરંતા વલીવલી વારિ ॥૩૨॥

ઢાલ - ઉલાલઉ

ઈમ કષાયારંભ પાપ, પ્રાણીઉ અહઈં એ સંતાપ,
નરગઈ તેત્રીશ સાગર, સિંહ થયા વસી દુધર ॥૩૩॥

કેતા ભવ એમ ભમીયા, પ્રિયમિત્ર ચક્રવર્તી તવ થયા
પોટિલગુરૂ કહિમિ દીક્ષા, કોડી વરસ કરિ શિક્ષા ॥૩૪॥

મહાશુક્રિ સત્તરસાગર, ચવીહયા નંદન કૂયર
છાંડી રાજનું ભાર, ગુરૂદીએ સંયમ સાર ॥૩૫॥

પોટિલાચાર્યનઈ પાસઈ, માસિમાસિ ઉપવાસિઈં
દીક્ષા લાખ વરસ પાલઈ, પ્રથમ ત્રિવિધઈ તે ટાલઈં ॥૩૬॥

વીસઈં થાનક આરાધઈં, તીર્થંકર પદ સાધઈં
માસ સંલેખણા સાર, પ્રાણત કલ્પિ અવતાર ॥૩૭॥

એહ અયોધ્યાનું રાજ - એ ઢાલ

પુપ્ફોમ્તર વિમાનથી ચવીયનંઈ અવતરઈએ
બ્રાહ્મણ કુંડ ગ્રામ નગરિ કોડાહલ ગોત્ર વરઈં એ ॥૩૮॥

રિષભદત્ત તિહાં બ્રાહ્મણ, શ્રાવક વ્રત કરઈએ
દેવાનંદા બ્રાહ્મણી, શ્રાવિકા કુખિ ધરિઈં ॥૩૯॥

માસ આષાઢની છઠિ જે ઉજલી નિરમલીએ
ત્રિભોવન મહાસુખી થાઈ, તુ નારકી પીડા ટલીએ ॥૪૦॥
ચઉદ સ્વપ્ન લહઈ સારતુ, નિશિભરી પોઢીયાંએ
એ મનિ આનંદ માઈ તુ, હરખસિઉં ઉઠીઆએ ॥૪૧॥
રાજહંસ ગતિ ચાલતાં, આવિઈ એમ રૂલીઈ
રિષભદત્ત બ્રાહ્મણ નઈ, વધાવઈ એ વલીવલીએ ॥૪૨॥
જયજય શબ્દ જપંતો દોએ, કર શર કરઈએ
ચઉદ સ્વપ્ન લહીયાં, કહિતાં તુ આનંદમનિ ધરઈએ ॥૪૩॥
ગજવૃષભ સિંહ લક્ષ્મીય, દામ શશિ દિણયરૂએ
ધજ કુંભ પદમ સરોવર, ખીર સાગર વરૂએ ॥૪૪॥
ભુવનરયણચ્ચય, વિશ્વાનર સહીય
સ્વપન દીઠા ઉહરિ ભરી સ્વાની જે મઈ કહીય ॥૪૫॥
સ્વપ્ન લહીયાં તુમે સારતુ, સહી અતિ નિરમલાંએ
અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ, સુખલાભ અતિભલુએ ॥૪૬॥
તુમ્હ તણી વાણીએ સત્યતુ, આનંદ ઉહલસઈ
કલત્ર અને ભરતાતુ, ઋષભ ભરિ ધરિ વસઈએ ॥૪૭॥

ઢાલ - ચાંદલાનું...

સોવાર પ્રતિમા શ્રાવક તણી, વહીજી ઈણ ઘરવાસિ
વ્યવહારી એકસહસ આઠશું, કાર્તિક શેઠિ ઉહલાસિ ॥૪૮॥
જગગુરૂ જિન વીસમા કને દીક્ષા પાલીએ સાર
શતકતુ જિનેંદ્ર બોલીઈ, વાહન ઐરવણ ધાર ॥૪૯॥
દ્રૂપદ : લાખ બત્રીશ વિમાનધણી, જ્ઞાની જોઈ જિનરાય
દેવાનંદા કૂખઈ અવતરીયા, દેખી હરખ ન માય ॥૫૦॥
સિંહાસન થકી ઉઠીયા, દોએ કર જોડી એ સાર
ઉત્તરાસણિ અંગ સાડીએ, શક્રસ્તવ કરી સુવિચાર ॥૫૧॥

માઈના ઉદરથી વાંદીયા, ગ્રહી અનઈ બાલક જોઈ
જૈન તે શક્રસ્તવ એમ ભણઈ, હવે ઇંદ્ર ચીંતવિ સોએ ॥૫૨॥

જગગુરૂ જિન વીસમા કનિ, અનાગત કાલ વિણ નવિ હુએ
હૂઓ ન હોસ્યઈ સહી વાતાહુ જિન એહવે કુલે
અવતરી આઠ મદ કર્મનું ઘાત ॥૫૩॥

ઇંદ્ર આગઈ હૂયા, અનઈ હુઈ વલી તે નીચ કુલે સાર
ગરભા કદાચિઈં, તેન પ્રસવઈ સુવિચાર ॥૫૪॥

સ્વામી સ્વપન સાંભલીઈ - એ ઢાલ

હરિણગમેષ બોલાવીયા, તે પૂરવ વાત સુણાવીયા
બ્રાહ્મણીથુ ગર્ભ અપહર્યઉએ, ત્રિશલાની કૂખિ સંચારવું એ ॥૫૫॥

તહત્તિ કરીને ચાલતા એ, અસંખ્યાતા દ્વીપ વઉલાવતા એ,
રિષભદત્ત ધરણિ પરિઇં, જિન પ્રણમી નઈ ગર્ભ તે અપહરીએ ॥૫૬॥

જિનવર કર સંપુટિ લીયા એ, ક્ષત્રીકુંડ ગ્રામ નગરિ તે આવીયા
સિદ્ધારથ ત્રિશલા તણુએ, ગર્ભ લઈ તે સંચારીયા એ ॥૫૭॥

દેવાનંદા કૂખઈ બ્યાશીઈ સ્યાઈં, દિનિ ત્ર્યાસીમઈ ત્રિશલા
વસ્યાં એ, સિદ્ધારથ મહારાજ ઘરે મણિરયણ તેજિ ઉદ્યોતકાર ॥૫૮॥

પરિમલ પુપ્ફમહ મહઈ, કૃષ્ણાગર ગંધિ તિહાં ગહગહઈએ
દેવસપર્યા હોઈ જિસાએ સુખ નિદ્રા ત્રિશલામાઈ તિહાં વસીએ ॥૫૯॥

પુઢીયાં ચઉદ સ્વપ્ન લહીયાં એ, આવી નઈ રાઈ આગલિ કહિયાં એ,
ઉલટિ અંગ ન માઈયા એ, તવ સિદ્ધારથ રાઈ ગહગહિયા એ ॥૬૦॥

સોહીલાનું ઢાલ

ઐરાવણગજ એમ કહઈરે, સ્વામી મુજ દેવરાજ
સેવક તાહરા પુત્રનું, તઉ કહિવા વાત, કહેવા હું આવીઓ આજ તું ॥૬૧॥

કાજ સરિયાં મા એ તમ્હ તણાં સુખ ઘણા ઘણા
ત્રિભુવન માડી તુ, જગગુરૂ સુત તમ્હે જનમસુ એ જિનધર્મ કેરૂ રાજ તુ ॥૬૨॥

દ્રુપદ : વૃષભ બીજઉ એમ કહઇં, હું ભારવાહકા જમ, ખિમાદિક,
દશભાર વહિસ્યઈં ધરીએ, સુત તમ્હે તે મતુ ॥૬૩॥
સિંહ ત્રીજું વાણી બોલઈં, મદ હણું ગજરાજ,
રાગદ્વેષ ગજેન્દ્ર હંતા, સુત હોસિઈં, તુમ જિનરાજ તુ ॥૬૪॥ કા૦
લાછિદેવી વીનવઈં મુઝ ચપલદૂષણ એહ, પુત્ર તાહરાં
સેવ કરતાં, લાંછન લાંછન ટલસ્યઈં તેહ તુ ॥૬૪॥
ફુલમાલા ગંધ કરતી, જાણે બોલી વાણી, પુત્ર તાહરાં
કીરતિમાલા, ત્રિભુવન, માંહી વખાણ તું ॥૬૫॥ કા૦
ચંદ્રમાની ઉપમાઈ, વદન શ્રી જિનરાજ, ઈસિઉ કહિવા
ચંદ્ર આવીઉ, સાંભલુ, માતા આજ તુ ॥૬૬॥ કા૦
મિથ્યામોહ અંધાર હણવા, પુત્ર તાહરા માન, સૂર્ય કહઈં
હું રાત્રિ તું જિમ, અંધકાર, કરૂંએ વિઘાત તુ ॥૬૭॥ કા૦
વંસિ તાહરી ધજ, સમારે, પુત્ર હોસિઈં જાણી કહી છઈ
ધજવતીકા, લહકંતી, દીસઈ જોઈતુ ॥૬૮॥ કા૦
રતનને ભંડાર ભરીઉ, જમહું કુલજ્ઞાનાદિકા, ગુણ
રતન ભરીઉ, સુત હુસ્યઈ, તુમ લભતુ ॥૬૯॥
પદ્મ સરોવર ઉદકથી જિ, ત્રિષા (તૃષા) ટાલિ લોક
શાંતિરસથી સુત તુમારૂ, ટાલસ્યઈ ટાલસ્યઈ તૃષ્ણા શોકતુ ॥૭૦॥
ખીરસાગર રતન આગર, જેમ અતિ ગંભીર
ત્રિશલામાતા તુમ તણુ તિમ, સુત હસઈ હસઈ શ્રી મહાવીર તુ ॥૭૧॥
ભાગ્યહીણા જીવની, દોહિલું દેવ વિમાન, ધરમ હીણા જીવતિ
તિમ દોહિલુ દોહિલુ શ્રી વર્ધમાન તુ ॥૭૨॥
રતન ભરીયા ભરણ શોભઈં સહુઈ જગિ, જોઈ ત્રિભુવન
આભરણ સરીખું, વર્ધમાન ત્રિશલા તનુ હોઈ તુ ॥૭૩॥

ધ્યાન અગનિ જિનેંદ્રની, કરઈ કર્મ ઇંધણ ઘાત
અગનિ જાણે એહવું કહઈ, છઈ સાંભલુ સાંભલુ ત્રિશલા માતતું ॥૭૪॥
સુણઉ સામી દેખી મઈ, સ્વપન દશ ને ચાર,
સિદ્ધારથ રાયે ઉલસી તિંઈ કરતા એ, સ્વપન વિચાર તુ ॥૭૫॥
અતિ અનોપમ સ્વપન દીઠાં, દેવી તુમે એ આજ
શુરવીર કુમાર જનમસ્યુ ત્રિભુવન, કેરૂ રાજ તુ ॥૭૬॥

શુભદિવસિ પુત્ર જનમીઉ - એ ઢાલ

વચન પ્રમાણ કરી અનઈ ઉઠી પહુતાએ આપણી સેજ
મઝારિ, દેવગુરૂ ધર્મ કથાઈ જાગઈ, માનઈએ સ્વપન તણૌ ફલ સાર ॥૭૬॥
જ્ઞાન ત્રિણિ અછઈ શ્રી જિનરાજનઈ, માત ઉદરિ સાઢા છ માસ,
આપ સંકોચન કરી રહીયા થકી. બહુ દુઃખી માતા જોઈ વિમસી ॥૭૭॥
માયતાયની બહુ સુખ કરીઉં, લીયું અભિગ્રહ સાતમી માસિ
માતપિતા મુજ જીવીઇ જો લગિઈ, શ્રમણ ન થાઉં હું માએની આશ ॥૭૮॥
જિહાં થકી માતની ઉદર જિન આવીયા, ત્યાં થકી તીર્યંગ્જુંભકદેવ
રૂપ સોવન રયણે મણિ ઘર ભરઈ, આદેશકારીયા સહુ ધર્મ સેવ ॥૭૯॥
સુખી સમાધિ એ ગઈ ધરંતી, જિનધર્મ મનિતણાં દોહલા સાર
ચૈત્ર સુદી તેરસઈ વીર જિન જનમીયા, ત્રિણિભુવનઈ મહાસુખકાર ॥૮૦॥
જ્ઞાને જાણી દિશા કુમારીએ, આવીયા કરઈ ઓવારણા વીરનઈ
માત તમો તુમ્હ રતનગર્ભા સતી, સુતકરમ કરઈ નિર્મલ સનાન ॥૮૧॥
આઠકુમરી વાયુ ઢાલઈ એ, આઠ ગંધોદકે વૃષ્ટિ લઘુ ધાર
આઠકુમરી આરીસા ધારણિ, આઠ નિર્મળ જળ ભરી ભિંગાર ॥૮૨॥
આઠ વીંજણી વયનઈ, આઠ ચામર ધરઈ, ચાર દીવી ચાર રક્ષાકારી
નાણઘર શ્રૃંગાર પુઢવી ત્રિણિ ઘર કરી, ગાય તે જિનગુણ સાર ॥૮૩॥

ઢાલ - ઘોડીનું

રાએ ધન સિદ્ધારથ, ધન્ય ધન્ય ત્રિશલારાણી,
જિણિ જન્મ્યો જિનવર પ્રણમઈ ઈંદ્રઈંદ્રાણી ॥૮૪॥
અમ્હ જનમ સફલ થયઉ, વદન કમલ જિન દીઠ
એ મુગતિતણાં સુખ દીઠાં અતિહી અમીઠ ॥૮૫॥ આંચલી ॥
યોતકી સુર કિન્નર રાયરાણા બહુ દેવ, પૂજી પ્રણમી એહ તણી
કરઈ સેવ એહ ધન્ય દિહાડો સફલ હુઓ અમ્હ આજ,
જે જિન ગુણગાઉ ધ્વાવું શ્રી જિનરાજ ॥૮૬॥
વળી કરઈ ઉવારણા છપ્પનકુમારી સેવ,
વરધમાનની જણણી રાણી ત્રિશલા દેવી ॥૮૭॥

પૂરી રે પનોતી એ સોમની - એ ઢાલ

ચલ્યા સંઘાસણી ઈંદ, જ્ઞાને નિરખીયાએ,
પામ્યા પરમાનંદ, જિન જનમઈ અતિ હરખીયા એ ॥૮૮॥
સિંહાસણિથી ઉઠઈ વીર, સામા ચાલી કરીએ
મસ્તક હાત ધરેઈ શક્રસ્તવ ભાવઈ કરીએ ॥૮૯॥
હરણગમેષ આદેશ કારીઈં, ઘંટા વજાવીયા એ
જાણો જનમ જિણંદ, સુરબહુ કોડી તિહાં આવીયાએ ॥૯૦॥
લાખજોયણ જેહ પાલક વિમાનિ આરોપીયા એ
જંબૂદ્વીપ આવેઈં, જિન જોવા ઈંદ્ર ભાવીયા એ ॥૯૧॥
ક્ષત્રિકુંડ ગ્રામિ સિદ્ધારથ રાઉ તણી ઘરે
ત્રિશલા પાયે નમેવી, ઓવારણા વળી ઈન્દ્ર કરીએ ॥૯૨॥
વાંદીનિ જનપતિ લેઈ, પંચરૂપ મેરૂ જાઈ ભલા એ
વૈમાનિક જ્યોતિષી સાર ભવનપતિ વ્યંતર ભલાએ ॥૯૩॥
આઠસહસ ચઉસઠિ ત્રણિ સોવન રતન તણીએ
નીર કલશ ભરેય ઈન્દ્ર આસકયા મનિ ઘણીએ ॥૯૪॥

કિમ ખમશી લઘુવીર જલધિ પ્રમાણિ ઉદક ભરો
તા કંપ્યા રયઉ મેરૂ ચરણંગુલી વર ધીરં વરો ॥૯૫॥
કિણઈ ત્રિભુવન પતિ કેરઈ, ઈંદ્રિગન્યાનિ નિહાલીઉં
બલ અનંત જિનરાજની, મૂઢિ નવિ જાણિઉ એ ॥૯૬॥
રાખી રાખી જિન સામી શરણાગત, વજ્રપંજરૂએ
જન્મમહોચ્છવ માત બહુ મંડાણ તવ કરીઉ એ ॥૯૭॥
જિન જોઈ જે સુખ હોઈ, સકલ સુરેંદ્રા ઈમ ભણઈએ
દેવલોકં તે સૌખ્ય ત્રણપાઈ નવિ ગણઈ એ ॥૯૮॥
નામદીધું મહાવીર દેવ ઈંદ્રનાં થાપીયા એ
દોયે કુંડલ, દેવદૂષ્ય મહાવીરનઈ આપીયા એ ॥૯૯॥
માઈ પાસે થાપેવી નંદીશ્વર યાત્રા કરે એ
સિદ્ધારથ ધરિ રિદ્ધ મણિકં રયણે ભરઈ એ ॥૧૦૦॥

જમઝમકઈ પાયે ધણ ઘુઘરા - એ ઢાલ

સિદ્ધારથ ઉત્સવ કરી જિનજન્મી હર્ષ ધરેઈ રે
અપરાધી જીવ છોડીયાં, કરે લોક તણાં મેલ એ...
જિન પૂજઈ મનિ આનંદસ્યઉ, ગુણગાવી શ્રી જિનરાજ
ફલ્યો મનોરથ મન તણાં એ અમ સિધ્યાં સઘળાં કાજ ॥૧॥
દ્રુપદ : રિદ્ધિ તણી સંખ્યા નહીં, રાયે દાન દીધું ઉદાર
તિહાં નાણા તોલ વધારીયે, જિન જનમ હુઓ જયકાર ॥૨॥
સૂતક શુદ્ધિ ઈગ્યારમઈ, દિન બારમે જિમણવાર
અસજ્ઝાય ટાલિઈએ, જિન તણઉ આચાર ॥૩॥
જિનપે સગાસણીજા નોતરીનઈં, કીધિ જિમણવાર
વસ્ત્ર ગંધ મલ્લાલંકારે, તે સત્કાર્યો બહુ વાર ॥૪॥
જ્ઞાત સિદ્ધારથ એમ ભણઈ, ગરભ અવતારીઉ બાલ એહ
તહીઅ લગિઅ ધનરિદ્ધિતણઉ, સુખધર્મતણું નહીં છેહ ॥૫॥

સૌભાગનીય સવાધીયાં, અનઈ વાધ્યા ભંડાર કોઠાર
ત્રિહું ભવને સુખ વાધીયાં, એ વૃદ્ધિકરણ કુમાર ॥૬॥
નામ અનુપમ એહ તણઉં, હવિ દીજઈ છઈં વર્ધમાન
જયજયકાર કરંતા હરખ્યા જ્ઞાત ખત્રીયનિ માન ॥૭॥
અમૃત અંગુઠઈ થાપીયું, ઈમ વાધઈ શ્રી વર્ધમાન
સુરવર બહુ સેવા કરઈ, તેહનઈ બાલપણઈ બહુમાન ॥૮॥

ઢાલ - ઘોડીનો

પ્રભુ અદ્‌ભુત રૂપ સોગંધ, દેહ રોગ નહીં સ્વેદ ગંધ
શ્વાસ કમલનાં ગંધ સરીખું, અનઈ રૂધિર આમિષ દૂધ નિરખુ
ત્રોટક : નિરખતાં ત્રિશલા માત હરખઈ, પામઈ પરમાનંદ એ
વચન અમૃતવાણી બોલઈ, વર્ધમાન જિણંદ એ ॥૯॥
કરતાં આહારનિહાર ચર્મચક્ષુ ન દેખઈ એ
એક સહસને આઠ લખણ, કહેની નહીં લેખીએ ॥૧૦॥
ઈમ વાધતાં શ્રી વીરજિનવર, ગન્યાન ત્રણ સોહમણા
ઈંદ્ર સૌધર્મ સભા મધ્યે, કરઈ જિનની ભામણા ॥૧૧॥

ઢાલ :

અવસરિ સૌધર્મપતિ બોલીઈં, કોયે બલવંત વીર તોલઈ
એય બાલ નહીં બાલ સરિખું ન બીહઈ, બીહાઈયું મઈં પરીખઈં ॥૧૨॥
ત્રોટક : પરીક્ષા એ જાણતાં, ઈંદ્ર છતા ગુણ કહઈ સદ્રહઈ
સુર એક વાણી તેહ સુણઉ તુ ચિત્તમાંહી ન સદ્રહઈ ॥૧૩॥
વીર પાસિ બાલક રૂપી, સરપરૂપી બિહાવએ
ન બીહઈ જિન રમતિ રમતુ, દેવ પૂંઠિ ચડાવ એ ॥૧૪॥
પૂંઠિ ચડઈ દેવવાધિઉં, પેટ રૂપ પિશાચ એ
પુત્ર ને દેખી માત ત્રિશલા દુઃખ ધરતાં શોચ એ ॥૧૫॥

ઢાલ : શોચંતા વીર ઉધારઈ, માઈ ન દુઃખ તતક્ષણ વારઈ
મુકી ઘાએ તે સુરભાગઉ, ગુણસ્તવતું પાયે લાગઉ ॥૧૬॥

ત્રોટક : પાયે લાગી ઠામિ પહોંતઉ, સકલ લોક આણંદીયા
લેખશાલા પાઠવા ઠિઈ, વીર શોભા નાંદીયા ॥૧૭॥

સોવન ખડીયા રતન્ન જડીયા, લેખની બહુ સેવીયા
દ્રાક્ષ, સાકર, શેલડી ને સાલીયા ને આલીયા ॥૧૮॥

રાજકુમરા જિહાં ભણછઈ, જાણ પંડત પાસએ
સિદ્ધારથ રાએ ત્રિશલા રાણી, વીર લ્યાવિ ઉલાસએ॥૧૯॥

ધૂલધન્યાસીતઉ - એ ઢાલ

ઈંદ્ર સિંહાસણ કંપીઉએ જ્ઞાનીંઈ હે સખી વીનવઈ
મોઈ માત પિતા તણઉ મોહઈ સિઉ, ત્રિભોવનનુ ગુરૂ વર્ધમાન
જોઈ, લેખસાલા લેઈ પાઠવએ ॥૨૦॥

આવીયા ઈંદ્રતણઈ ઠામિ, જિહાં મિલ્યાછઇં બહુ
સકલ લોક સોવન રતન સિહાસનિ વીર, બિસારી કર જોડીયાએ ॥૨૧॥

ત્રોટક : જોડીયા હાથનઈ ઈંદ્ર પૂછઈ, શબ્દ લખણ કહું ભણી
તે આકરણી અમૃતવાણી, પ્રકાસઈ ત્રિભોવન ધણી ॥૨૨॥

મિલ્યા સુરવર અસુર કિંનર, અનઈ, વિદ્યાધર ઘણા
માયતાય આનંદીયા તિહાં, મહોત્સવની નહી મણા ॥૨૩॥

ઐંદ્ર વ્યાકરણ તિહાંથી હુઓએ, પઢીયા હેતેહ પંડિત
જાણ આણ શ્રી જૈન વ્યાકરણ તણઈએ... ॥૨૪॥

પૂરિઉએ જિન બાલક ભાવ, યૌવનભરી હવઈ આવીયા એ
પાંચે પ્રકારે ભોગ સમરથ, જાણી નઈ માતપિતા જોઈએ
નક્ષત્ર તિથિ અનઈ લગન તે સાર, કુલમાહી સામંતરાજ
કન્યાએ ॥૨૫॥

ત્રોટક : રાજકન્યા યશોદાનું, પાણિગ્રહણ કરાવઈએ
પાંચઈ ઇંદ્રિ વિષય સુખથી, કેતલા દિન જાવ એ ॥૨૬॥
પ્રિયદર્શના પુત્રી જનમી, સિદ્ધારથ ત્રિસઉલા ચલ્યાં
દંપતી તે શુભધ્યાનીઇં બારમી દેવલોકી મિલ્યા ॥૨૭॥
ધુલચીર વઇરાગઈ પૂરીયાએ, પૂછીયાહે સંપીતરીયા સઉપાસ,
વલી નંદીવર્ધન બંધવુએ, પ્રતિજ્ઞા પૂરી હુઈ આજ,
માતપિતા દેવલોકી ગયા ॥૨૯॥
દીક્ષાતં માહા કરે પૂકાર, બાંધવ પીતરીઉ બોલીયાએ
સાંભલઉજી, ભઅરિક ચીર, ચાંદઈએ ખાર ન મેલીએઈ,
ત્રિશલા સિદ્ધારથ ગયા ધીર, તુમ વિછોહે અમર લીયાએ ॥૩૦॥
રલી એહવા વચન નિસુણી, વીર કહઈ કે દિણ રહ્યા
ઝાઝેરા બિ વરસ રાખ્યાં, સાવદ્યારંભ નહીં વહુ ॥૩૧॥
સચિત્ત સહૂ પચખાણ કરીયાં, અન્ન ઉદક પ્રાશુક લીયાં
ભમ્યા લહી પર ઘરે ભિખ્યા લોકાંતકે પ્રતિબોધીયા ॥૩૨॥

વછનુ વડુનેં સાલીઉ - એ ઢાલ

જ્ઞાન થકી જિન જાણતાંએ, ચારિત્ર અવસર સાર કે,
ત્રિભોવન તણાં દુખ હરઈએ, દાંન દેઈ લોક આધાર કંઈ ॥૩૩॥
ધર્મ સંચય કરઈએ, જીણઈ પામીઈશુ, ભવ તણઉ પાર ॥ત્રિભો૦॥૩૩॥
ઈંદ્રઈએ ધનદ આદેસીયાએ, પૂરઈ સોવન બહુ કોડિ ॥ત્રિભો૦॥૩૪॥
વીરજિન દાન સઈં હથિ દીએ, લીઈએ લછિનુ લાહુ ॥ત્રિભો૦॥૩૫॥
એક કોડી અનઈ આઠ લાખ વલીએ, પુણ પોરસ લગિ દાન તુ ॥૩૭॥
ત્રિણિસઈં કોડી અઠપાસી મિલીએ, અઈસી લાખવરસઈં જોએ ॥૩૮॥
લોકનિ કહઈ જે જોઈએ, મનવંછિત દીએ દાન ॥૩૯॥
ઉરણ લોક સહુ કીયાણ, નિર્ધન તેહ નિધનવંત ॥૪૦॥

જાનની - એ ઢાલ

દીક્ષા અવસર આવીઉરે, વીરજિનનુ આજ
ઇંદ્ર ચઉસઠિ દેવ મિલીઆ, કાંઈ કરવા કલ્યાણક કાજ ॥૪૧॥

સુરેંદ્રા આવી સરવ મલેઈ, જિહાં અછઈ વીર જિન સ્વામી
રૂડિ ન મેરિ ખિત્રીકૂંડ ગ્રામિ ॥૪૨॥

અધોવાસી ઇંદ્ર બાવન ચંદસૂર, દોઈ આય આપણી રિદ્ધિ
જોડ મેલી, બાર દેવલોકનાં દસહોએ ॥૪૩॥

રતન સોવન જડિત મંડપ નિરમલી પટસાલ
પછ, એ દિક ગાવતાં, વધાવી પાંચ વિસાલ ॥૪૪॥

પાંચ વધાવાનું - એ ઢાલ

પાંચ વધાવા જીવનઈ સુહાવા, હે સખે જિન તણા
પહિલનઈ વધાવિઈં જિનવર સેતુ બોધબીજ દીએ ॥૪૫॥

છઈ જીવનઈ બહુ હિતકારી, સૂત્ર વિરોધીની મિતવારી
તારી ભવજન સરલનઈએ... ॥૪૬॥

ત્રોટક : બોધદા એક વીરસેવં, જનમના ફલરે લેવું
માહરા હઈડેરૂ હર્ષ પોહતુ, એહ જિન રલીયામણા ॥૪૭॥

તસ દીક્ષા અવસર દેવદેવી, ગગન પૂરિઉ વીર સેવી
વાણવંતર ભવણવાસી, જ્યોતિષી વૈમાનિવાસી ॥૪૮॥

ક્ષત્રીકુંડ ગામિ આવ્યા નંદિવર્ધન ભલીનાં વ્યાપી તરીયા સઉ
પાસ બોલઈ, કોઈ નહીં માહારા વીર તોલઈં,
ખોલઇ હઈયા નઉ હર્ષ ઘણઉએ ॥૪૯॥

બીજઇ વધાવઇં વાણી, સેવું હે સરવે જિનતણીએ,
બીજી સહુએ આલપંપાલ, મિથ્યામતિ તણીએ ॥૫૦॥

પરંપરાતી નિજુત્તાવિએ, બંધ અનંતા પામઈ તે પુણ
વિપર્યાસી મતિ ઘણાએ ॥૫૧॥

ત્રોટક : જિનપાસિથી જિનવાણી આવઈં, આણતે પટ્ટકુલ લ્યાવઈં
કુગુરૂ, કુદેવ ઘણું ભમીયા, કુમતિ નઈં વસિ આપ દમીયા ॥૫૨॥
મઈ ભલીએ મતિ લાધી, શાંતરસની બુદ્ધિ વાધી
શુભભાવની ગાંઠિ બાંધી, મુગતિ મારગ વાટિ સાધી
ટલીયાં એ હવઈં ભવતણાં ભ્રમણડાએ ॥૫૩॥

ઢાલ :

રીજઈ નઈ વધાવઈ, આયરિયા નઈ ઉવજઝાય હે સખે પંચાચારે,
નિરમલાએ, ત્રિપદીથી સૂત્ર રચનાકારક આવઈં,
મુઝ મતિ ગણધરૂએ ॥૫૪॥

દોઈ સહસ્સનઈં અધિકા ચારઈં, દુપ્પસહા તે મુનીવરૂએ
ચરણકરણ બિસત્તરી પાલઈં, ટાલઈ મનની કલપનાએ ॥૫૫॥

ત્રોટક : ગણધર ગુરૂ તે મુઝ તણા, છોડવિ બંધન ભવતણા
માહરિ અસંતોષથી દુઃખ ભાગુ, સમરરસિ માહરૂં ચિત્ત લાગે
એહ જ દિન રલીયામણો । જે કરૂં ગુરુનઈ ભામણાં ॥
સુખ ઘણા મઈ લહીયા, આજ ઈસુ ગુરૂ નામિ પાપ ભાજઈ
કાજ સરીયાં ગુરૂ મુઝ તણાં એ ॥૫૮॥

ચઉથઈનઈં વધાવઈ શ્રી સંઘ સેવું ભાવ, આવ્યઉ મનિ
અતિઘણુંએ, આજ્ઞા પાલઈ માગ અજુયાલઈં,
હે સખે જિનતણુએ ॥૫૯॥

નામ થાપનાઈય ભાવ, દેવ અનઈ ગુરૂ જે સદ્રહઈએ
ઉત્તરાધ્યયનિ મોક્ષમાર્ગ, અધ્યયનઈં વીર જિનેસર એમ કહીએ ॥૬૦॥

ત્રોટક : જિનતણઈ હીઈ સંઘ આવ્યઉ, એહ વિણ હું ઘણું ભમાવ્યઉ
સુધી સેવા આજકરસઉ, ચોયણા દીધઈ જિન ખમસ્યું ॥૬૧॥
વચન વલતું વલી નવાલૂ, અનંતભવનાં દુઃખ ટાલુ,
એહ સેવ્યાથી તીર્થંકર પદલહીયાં...
અનંત સુખ કર હે સખી નિરમલા એ ॥૬૨॥

ઢાલ :

પાંચ મિઇ વધાવઈ સમ્મદિઠી દેવા, કલ્યાણોત્સવ કરી અનઈ શુતિ કરઈએ, ભગતિ કરતાં સેવઈ જિનવર, શાસનનો સુખ કરુ એ ॥૬૩॥

કરણ દેવા તું જિનવરમાં નઇં ઇંદ્ર કરઇં. જે સમોસરણાં એ સાધુ લિંગ વિણ કેવલ પામી લિંગ દીપ તેહનઈં, સાધુ તણાં એ ॥૬૪॥

ત્રોટક : સુખ કરઈ સમ્મદીઠી દેવા, પીડ ભજન એહ હેવા રતન ત્રિણિ
એ ગયા વલઈ, મિથ્યામતિગુરૂ તણી ટાલઇં ॥૬૫॥

તે સૂરવલી જ્ઞાન નિહાલઇં, ગુરૂજિની મતિ ભગતિ ભાલઇં
પાપમલ તે સહુ પખાલિ, એહ સાનિધિ સંયમ પાલઇં
અજુયાલઇં એહ શાસનં એ... ॥૬૬॥

નમણાનું - એ ઢાલ

ત્રણ પ્રદક્ષિણા દેઈ વીર વાંદીયાએ, મણિમાણિક જડીએ
સિંહસણિ થાપીયાએ ॥૬૭॥

ઇંદ્ર કરઈ મર્દન અંગિ, લક્ષપાક તેલસિંઉએ
જિન ઉપરિ બહુરંગિ, ધરતા હર્ષસ્યઉએ ॥૬૮॥

ખીરોદક કલશેઇં, નવરાવઈ અંગિ જિનવર ભગતિ નઇં
રંગિ ધરતા ભાવસ્યું એ ॥૬૯॥

ચંદને ગોશીર્ષ અંગિલાઇયા એ, હંસવર્ણ પટ્ટકૂલ
સ્વામિ પહિરાઇયાએ... ॥૭૦॥

મુકુટ નંઈ હાર, અર્ધહાર પુષ્ફમાલા તણીએ
ચાલતુ કલ્પવૃક્ષ, વીર લીલાધણી... ॥૭૧॥

વરચડવાનઉ - એ ઢાલ

સહસવાહનની પાલખી, તતક્ષણ ઇંદ્ર નીપાઈ તે જે રયણદીપતી
મુગતાફલે શોભાઈ... ॥૭૨॥

કુંજર સિંહતણાં જિહાં, ચિત્રામણ બહુ દી સઇં
પંચવર્ણ પુષ્ફમાલા ઘણી, જોતાં હીયડલં હીસિ... ॥૭૩॥
કનકરતન મણિમંડિત, માંહિ સિંહાસણ સારો,
બિસારીયા વર્ધમાનજતી, ત્રિભોવન તિલક આધારો... ॥૭૪॥

ઢાલ : જલહીનઉ

......................................

...................................... ॥૭૫॥

છઠ ભગત પચખાણી, નિરમલ પરિણામ ઝાણી
ચિહું પાસે ચામર ઢાલઇણ, ઇંદ્ર સૌધર્મ ઇશાની... ॥૭૬॥
શકતિઇ સર્વસુરારૂપાનીપાઈ, અંગૂઠા પ્રમાણ
સોનાની પાસઇ લીહાલુ, તહનઉ જિનરૂપ પાસે જાણઉ... ॥૭૭॥
એહવું ઉદ્‌ભૂતરૂપ જિન તણઉ, ત્રિભોવન જોઈ તે નિરખી
અપછરાદિક નારીવૃંદ નિહાલી વલીવલી હરખી... ॥૭૮॥
રોમાંચે માનવીઈ, પાલખી પહિલી એ વહીઇં
પછઇ ઇંદ્રાદિક તે વહઇં, મન તણઇં ભાવિ ગહગહીયા... ॥૭૯॥
વનખંડ જિમ કુશમેં કરી, પદમ સરોવર કમલે
તિમગયણં ગણ દેવે શોભ ઇણ અતિ ઘણું વિમલે... ॥૮૦॥
પ્રવચન નગરીનાં ધણી, જિનવર જે હૂઆ આગિ
સદુપદેશની ધરણી, શ્રદ્ધા તે અતિ જાગિ... ॥૮૧॥
તસપુત્રી દીક્ષા પરણેવા આવીયા વીરજિણંદ
જ્ઞાતખંડવન તોરણિ જાતઇએ સુરનર ઇંદ... ॥૮૨॥
લોકાંતિક ઇંદ્રાદિક શ્રદ્ધાનઇ કહઇં વાણી
વર ઊભા ઘણી વાર હુઈ, માહરઇ લ્યુ જિનતાણી... ॥૮૩॥
તુ શ્રદ્ધા તિહાં ધસમસી, સંયમશ્રીની જે માતા
આનંદ આણીનિ અતિઘણઉ, પેખતાં જિન જોતઉ... ॥૮૪॥

વચ્છ તું વડઉ ને સાલીઉ... - એ ઢાલ

તોરણિ વીરજી પૂંખીયા એ, ઘટયુગલં શુભ ભાવિ...
શ્રદ્ધાએ જિન તાણીયા એ, આણીયા સંવર માંહી
ત્રિભોવન સહુ હરખીયા એ... ॥૮૫॥
સરાવ આચર ભંજાવીયા એ, ઠાવિયા જ્ઞાની ભાવિ ॥૮૬॥ આંચલી
પડહ ભેરી માદલ ઘણાં એ, વાજઈ દુદુંભિ નાદ... ॥૮૭॥
લોકનાં દુઃખ દારિદ્ર હરઈ એ, ધનદીએ સમકિત સાર ॥૮૮॥
સંતોષ શ્રીફલ આપતા એ, વઈરાગ ફોફલ પાન ॥૮૯॥
જિનગુણ ચંદન છાંટણા એ, ટાટિક હુએ બહુવારિ... ॥૯૦॥
રયણ સોવન મણિ છાંડીયા એ, મેહલીઉ કુટુંબ નઉ મોહ... ॥૯૧॥
લોચને પંચ મુટ્ઠીઇં કરીઉ એ, નિરીહ નિર્ગ્રંથની સોહ... ॥૯૨॥
માગશર વદિ દસમી દિનિઇ એ, સાધી એ લગનની વાર... ॥૯૩॥
કર મેલાવઉ તિહાં હુઉએ, સંયમશ્રી તણું સાર... ॥૯૪॥
માનવી દેવ વાજિંત્ર તણઉ એ, ઇંદ્ર વારઈ શબ્દ ઉચાર... ॥૯૫॥
'નમો સિદ્ધાણં' કહી પચ્ચખીઉ એ, સર્વ સાવદ્ય વ્યાપાર... ॥૯૬॥
તત્ક્ષણ મણપજ્જવ લહીયા, જે કહીએ ચઉથૂ એ ગન્યાન... ॥૯૭॥
નારીએ ત્રણિ ભવનતણી એ, ગાવઈ શ્રી જિનગુણ ગાન... ॥૯૮॥

ઘોડીનઉ - એ ઢાલ

એક ધનધન રે મા એ ત્રિશલાની કૂખિ, જિણઈ વરધમાન જાઉ
જિણઈ જનમઇ રે સઉણું સહીયર બહિનિ હુઓ ત્રિભોવન ઉચ્છાહો
એક ધનધન રે સિદ્ધારથ રાજા જેહ કુલ જિન આયા
જિણઈ આવ્યઈ રે, ઘર રિદ્ધિ નઈ વૃદ્ધિ યશ ત્રિભુવન નવિ માયો ॥૧૦૦॥
એક ધનધન રે એ સંજમ શ્રી જીણઇં વર્ધમાન વરીયા
જિણઇં વઈરી રે ચંડકોસીયાદિક જીવ ક્રોધી ઉદ્ધરીયા... ॥૧૦૧॥

એક ધન ધન રે ખિત્રીકુંડગામિ જિહાં મહોત્સવ એહવા
જીણઈ મહોત્સવ રે, અમ બોધિનું લાભ હૂઓ જનમ સફલ વારૂ... ॥૧૦૨॥

નીમાલીનું - એ ઢાલ

કષાય જીપે વાસે કરી એ નીમાલીએ, સાધુએ ચઉરીએ સાર
ઉપશમ મૃદુ રિજુ નિરલોભ ॥ની.॥ બિઠાએ ત્રિભોવન ધાર ॥૧॥
અરિહંત પહિલુ એ મંગલિક ॥ની.॥ વરવહુ એ ચઉરી માંહી
બીજઈએ સિદ્ધ સોહમણા ॥ની.॥ ત્રીજી સાધુ તે માંહી... ॥૨॥
જિનધર્મ ચઉથું એ વરતીઈ એ ॥ની.॥ પરણી સંયમ શ્રી નારી
અવિહડ કન્યા એ ભણુએ ॥ની.॥ શાસતા સુખની દેણહાર ॥૩॥
પગ બંધણ બીજી હોઈએ ॥ની.॥ આઠ કર્મબંધ છોડઈ એ નારિ
એ દેવહ નઈ દુલહી ॥ની.॥ વારઈએ વયર વિવાદ ॥૪॥
જનમ મરણનું ભય નહીં ॥ની.॥ બીહઈં એક પ્રમાદ
તે પ્રમાદ વીરઈં જીપી આયે ॥ની.॥ ત્રિભોવન હૂયઉ જય જયકાર ॥૫॥

હરણગમેષી બોલાવીયા - એ ઢાલ

ધ્યાન અગનિ નઈ દીએ પ્રદક્ષણા એ, વીર ઇંદ્રની દીએ તિહાં...
દક્ષણાએ અવિહડ સમકિત ધન દીઉંએ, ભવ આંતરિ મુગતિ ॥૬॥
સુખ તિહાં લીયએ સિદ્ધાદિક સહુ સાખીયા એ, વર સંયમશ્રી
સઉ નીરખીયા એ, કંસાર તિહાં મંગાવીઉણ, શ્રદ્ધા સાસુએ દગ આણીઉએ ॥૭॥

ઢાલ : કંસારનો

શુભ ધ્યાનમય થાલ અણાવીઉં, જ્ઞાનદર્શન રતને જડાવીઉં
મૈત્રી પ્રમોદ કરૂણા મધ્યસ્થે, સાકર ઘી મોદક અમૃતે... ॥૧૦॥
સિધાગઉણ તે કપૂરેઈ વાસીઉં, કંસાર તે થાલિ પ્રીસીઉ
જિનરાજ સ્વયંમેવ મંત્રીઉ, આસ્વાદી તેહ પવિત્ર કીઉ... ॥૧૧॥
ઈંદ્રાદિ આરોગવા ઝલફલઈં, માનવભવ કન્યા એહ મિલઈ
એમ ઈંદ્ર જિન પરણાવીયા, સંયમ લેઈ અનઈ ચાલીયા... ॥૧૨॥

ચાંદલા - એ ઢાલ

ઈંદ્રાદિક વાંદી કરી, નંદીસર વર જાઈ,
જ્ઞાતખિત્રી સહુ એ વલ્યા મોકલાવ્યા જિનરાઈ... ॥૧૩॥
ધન ધન વર્ધમાન જિનવરો, ધન સંયમ શ્રી નારી
પૂરવભવ કંત પામીઉ, તીર્થંકર અવતાર... ॥૧૪॥ દ્રૂપદઃ
દિવદૂષ્ય ઈંદ્રિ આપીઉં, તે દેઈ વિશ્વનઈં દાન
મહૂરત માત્ર દિવસ છતઈં, પહૂતા કૂરમગ્રામિ... ॥૧૫॥ ધન.
ગોપનઈ શીખ દેવા ભણી, આવ્યા ઈંદ્ર જિન પાસિ
વાંદી નઈં વિનતી કરઈં, બાર વરસ છ માસ... ॥૧૬॥
તુમ્હ ઉપસર્ગ વારવા, હું રહું તુમ પાસિ
એહ વાત કહીંઈ ન હુએ, દેવેન્દ્ર ! હીયે વિમાસિ... ॥૧૭॥
જિન ન આપ શક્તિ વિના, ન હુઈ કેવલ નાણ
દેવ સિદ્ધારથ મૂકીઉ, દેવેંદ્ર જિનગુણ જાણ... ॥૧૮॥
બહુલ નામ બ્રાહ્મણ ઘરે, છઠ તપ પારણઈં ખીર
રતનવૃષ્ટિ સુરવર કરઈ, જય જય તુમ જિનવીર...ધિ

જંબૂદીવહ પૂરવ વિદેહ - એ ઢાલ

મોરાક થાનકિ તાપસ મિત્ર, વીર જિનિંઈ, બહુમાન કરઈ એ
વિહરી નઈ આવીયા, માસ તિહાં આઠ ચુમાસં તુમ્હે એહાં રહુએ ॥૨૦॥
સ્વામી નઈ રહવા ન દીધું એ ઠામિ, તિણઈ ઉડવઈ પશુ તૃણ ભખઈ
તાપસ નઈ હુઈ અપ્રીત અમાન, આપણું એ ઘર નવિ રખઈ એ ॥૨૧॥
ત્રોટક : રાખઈ નહીં ઘર આપણું, એમ સુણી શ્રી વર્ધમાન
ચઉમાસિ મધ્યે ચાલીયા, પાંચ નીમ લ્યઈ તિણઈ ઠામિ... ॥૨૨॥
નવિ રહં અપ્રીતિ થાનકિ, વોસરિ નિતકાયા
મૌનપણુ પાણિપાત્રી ગ્રહીમઈ નવિ દાન... ॥૨૩॥

દેવ સારથપતિ પણઉં, માહાવૃષભ હતુ જેહ
ભારવાહી નઈ ભગન હૂઓ, લોકભલાવ્યઉ તેહ... ॥૨૪॥
વઢવાણવાસી લોભવંતો, ન કીધી તે સંસાર
અગ્યાન કષ્ટિ શૂલપાણિ, યક્ષ તણીય વારિ... ॥૨૫॥

ઢાલ :

તિણઈ વારી મનુષ્ય ઘણાં હણ્યા તેણ, અસ્થિકગ્રામ તે નામ થયુંએ
દેઉલ યક્ષનઈ પૂજિવા કાજિ, ઇંદ્રશર્મા પૂજક કીજઈ એ... ॥૨૬॥
અનઉ મતિ લોકની લેઈ, વર્ધમાન દેઉલમાંહી કાઉસગ રહાયા
અટ્ટહહાસ કરઈ અ ક્ષોભાવા કાજિ, વીરજી ધ્યાનથી નવિક્ષુભ્યતાં એ ॥૨૭॥
ખુભા એ નહાં વીર જિનવર, વેદના દેઈ સીસિ૧...
કર્ણ૨, અસ્થિ ૩, નાશા ૪, દંત ૫, નખ ૬, પૂઠિ ૭, એઉ ૮...
એકેકી જીવાંતકરણી, ચાલવ્યઉ નહીં સ્વામી,
ઉપશમ્યઉ જિનનઈ પાએ લાગિ, નિરમલઈ પરણામિઈ...

રાગ : સામેરી... કડવાનું - એ ઢાલ

દેવ સિદ્ધારથ ઈમ ભણઈ, અહો શૂલિપાણિ ઇંદ્ર જઉ જાણઈ
આણી નઈ રાસ, નિરવિષયા કરઈએ ॥૨૮॥
બિમણઉ બીહતું, ખામ તું જિનગુણ સિદ્ધારથ કહતું
કરતું મહોત્સવ નાટક ગુણ લહીએ ॥૨૯॥

ઢાલ :

લહિઉહરી સ્વપન દસ જિમ તેણી વેલા પેખીયા
તાલપ્રમાણ પિશાચ હણીઉ, કોએલા બે દેખીયા... ॥૩૦॥
પર્યઉપાસન કરતાં, બિ પુષ્ફમાલ સુગંધની, ગોવગ્ગ સેવઈ
પદ્મ સરોવર કમલઉભે કમલિની ॥૩૧॥
ઉત્તરીયા સાગર, ઉગ્યઉ દિનકર માનુષોત્તર આંત્ર એ
મેરૂ ચડીનિ જાગતા જિન, લોક હરખ્યા પાત્ર એ... ॥૩૨॥

નિમીત્તઉન ઇંદ્ર શર્મા દેવ પુષ્પ સુગંધના,
ભગવંત નઇ અક્ષતાંગ દેખી, સિંહાસન સંબંધએ.. ॥૩૩॥

લોક બાહુલા પાય પ્રણમઇં, વીર એ જિનના ગુણ કવિ
દેવ હંસાથી શમાવ્યઉ, ચરણવાંદી થુઈ થવઈ... ॥૩૪॥

ઢાલ :

પછાકડ જે પાસ સીસનું, ઉતપલ નિમીત્તીઓ
જિન નઉ સ્વપન નઉ વિચાર જિનનઇ વીનઇએ ॥૩૫॥

વાંદીનઇં ભણઇ વીર જિન, પહુર ચઉથી લહીયા
દશ સ્વપન ત્રિભોવન નાયકા, તે ફલહં ભણુએ ॥૩૬॥

ત્રોટક :

ભણું તાલપિશાચ હણી, થોડે દિનિ મોહ છંદસ્યું
શ્વેતકોકિલ શુકલ ધ્યાન, ચિતિસૂત્ર ઉપદેશસ્યું ॥૩૭॥

ગોવર્ગથી ચિંહુ પરે સંઘ તે, પદ્મ સરોવર દેવતા
વૈમાનિક, જ્યોતિષી નરભવ વાસી સેવતા... ॥૩૮॥

સાગર એ સંસાર તરીયા, સૂર્ય કેવલનાણએ
ઉપજેસ્યઇ માનુષોત્તર વીંટીઉ આંત્રે જાણુએ ॥૩૯॥

કીરતિ યશ નિરમલા ત્રિભોવન હુસ્યઇં
મંદિરિ આરૂહિયા રતનસિંહાસન બિઠા, બારિપર્ષદા ગહગહીયા ॥૪૦॥

ધર્મદેશન દામદુગઉંનું સામી અર્થ ન જાણવું એ
સ્વામી કહઈ દેશ-સર્વવિરતિ, ધરમ દુવિધ વખાણુંએ ॥૪૧॥

ઉત્પલવાંદી ઠામિ પહુતુ, વીર પાખખમણ કરેઈ
ચુમાસ પહેલું વીર જિનઇંમ, નિરમલઉ વિધિ સાંચરઇ... ॥૪૨॥

ઢાલ - ઉલાલઉ...

વીરજિન ઇમ બહુવાર, સુખકરઇં લોકનઇં સાર,
જીવઘણા ચઉમાસી વીરતપ સાધઇં છ માસી,
પારણઇં ધનાવહ શ્રેષ્ઠી, ચંદના પાલક બેટી ॥૪૫॥

જિનજી તેહ ધરિ પુહતા, કૌમાસી સૂપ ખૂણઇં હુંતા,
ચંદના રંગિ વહોરાવ્યા સૌધર્મેન્દ્ર તિહાં આવ્યા ॥૪૬॥

ગંધોદકિ પુષ્પ વૃષ્ટિ સરસઇં, સોના સાડીબાર કોડ વરસઇં
દુદુંભિ ધજ અહોદાનં, સાંકલ ભાંગી તેઉ તામ... ॥૪૭॥

પાપ સવે ચંદનાના ભાગા, સરવ અંગે ભારણા લાગા
કોસંબીઈં વાત બહુ વાજી, પારણું કરાવ્યા એ જિનજી.. ॥૪૮॥

પરિવારી શતાનિક આઉ, નાયની કુંચકીએ પાઉ
પૂછિઉ એ કુણ કુયારી, દધિવાહનની એ સારી... ॥૪૯॥

ઓલખી મૃગાવતી માસી, વાંધા વીરવચનવાસી
વારઇં ઇંદ્ર લેતાં ધન રાજે, ચંદનાદિ ધનાવહઇં નઇં કાજે ॥૫૦॥

ઇંદ્ર કહીઇં જિન પાસઇં કેવલ ચંદના શિક્ષણી પહિલી વલી
દિનિ દિનિ સર્વ ઇંદ્ર જિન નઇં, વાંદી નઈ પૂછઇં એ સુખઇ ॥૫૧॥

રાગ : ધન્યા સ્તરીનઉ - એ ઢાલ

વાંદીયા વર્ધમાન જિન સ્વામી, પહૂંતાજીહાં છઈ જૂંભિયાગામિ
બાહિરી રિજુવાલુકા નદી તીરિ પાસઇં વિજયાવર્તન નામિ... ॥૫૨॥

વૈશાખ સુદિ દશમી દિનિ, વીરજિન ઉપનું નિરમલ કેવલ નાણ એ
ત્રિભોવન મિથ્યા તિમિર હણેવા, પૂરવદિશિ જિન ઉગીઉ ભાણ ॥૫૩॥

દ્રુપદ : સાઢે છ માસે બાર વરસે, સંયમથી હુઓ કેવલનાણ
ઇંદ્રાદિક મહોત્સવ કરતાં, મૂર્હુતમાંહી જે દેશના દાણ ॥૫૪॥

એ ત્રિજિમાંહીઇં દ્વાદશ યોજને, ચંપા પાઠા વન મહસેન
કનકકમલ જિન પાય ઠવંતા, વિહાર કરી સાથિઈ સુરવરસેન ॥૫૫॥

એકાદશ વિપ્ર ચરમશરીરી, સોમલાઇ મલ્યા યાગનઈ કાજિ
બૂઝતાં દેખી તેહનઇં પાસિઇં, દેશના માંડઈશ્રી જિનરાજ ॥૫૬॥

વાઉ કુમારા દેવા પૂજાઈ યોજન ભોમિઇ મેઘ કુમાર
કુંકુમ કપૂરોદકે વરસેઇ, ધૂપઉવેખિ અગનિકુમાર ॥૫૭॥

વાણવંતર દેવીંદા વિરચઇં, પીઠરયણ મણમય તિંહા સાર
પીઠ ઉપરિ પંચવર્ણ સઉગંધી, પુષ્ફતણઉ તે કરે પગર... ॥૫૮॥

પાવડીયારાં સહસદશે, તે ઉપરિભૂપા તણું પાયાર
ભવનાધિપ સોવન કોશીશે, પાંચ સહસ્સે બીજઉ સાર ॥૫૯॥

ચંદ્ર સૂરગ્રહ જ્યોતિષિ વરચઇં, સોવનગઢ રતન કોશીસાસાર
ત્રીજઉ વૈમાણીય રયણમય કોશીશા, મણમયઉ દ્વારો ॥૬૦॥

ઊંચા ગઢની ભીત સેવે તે, પાંચસઇં ધનઉ ખતીણઇ પરમાણે
વિસ્તારઇં તેત્રીશે ધનુષે, બત્રીશ અંગુલ અધિકા જાણ ॥૬૧॥

ગઢ ગઢ અંતર સમી ભોઇણ, તેરસઇં ધનુષ હોયે મઝારિ
પોલ કહુંઇ પાંચશે ધનુષે, પાવડીયારાનાં દીસઈ હારિ ॥૬૨॥

પાવડીયારા હાથ ભોએનિ ઊંચા દીસઇં તિમ વિસ્તારી
પંચવર્ણ તિંહા રતન તણા વલી, ઝલકી ચિંહુદિશિ નિર્મલબારી ॥૬૩॥

વીસસહસ સહુઇ પાવડીયારાં, મેલી તે ત્રિહું પાયા રે
ભોમિ થિકુ હુઇં અઢઈ ગાઉ ઊંચઉ પ્રગટ રળીયામણું સાર ॥૬૪॥

ત્રિણિ ત્રિણિ તોરણ ચિંહુદિશિ, દીસઇં, ભીતિ રયણમણિ સારો
તુંગપૂતલી મણિમય થાંભે, સોહાવીઇ દીસઇં કરતાં રૂડારંગ ॥૬૫॥

પુરી અવંતીમાંહિ - એ ઢાલ

વાણવિંતર દેવેંદ, ત્રીજી ગઢ રચઇં પીઠ તે ધનુષ બિસઇ વલીએ
ઊંચી જિન તનુ માનિ આસન ચ્યારિઇએ દેવ છંદ દીસિ મિલીએ ॥૬૬॥

વિચિ દેવછંદ અશોક, વૃક્ષ દલ ફલ ફલે, શોભઇં અતિ રળીયામણા
ચિહું દિશિ ઝલકઇં છત્ર, ત્રણ દો એ ચામર ઢાલઇં ઇંદ્ર સોહામણા ॥૬૭॥

પૂર્વસિંહાસનિ વીર, બેઈસી દિઇ દેસના યોજનગામિની
દીઇં પ્રતિબિંબ તિણિ શોભઇ મૂરતિ તેહઇં, અતિ રળીયામણાએ ॥૬૮॥

દેવ મણુય તિરિયં ચ ગો હિરિ જિનવાણી બૂઝઇ હરખી નિરમલીઇ
કુતિકી મોહીયા લોક કોડિ ગમે તિહાં, જિન રિદ્ધિ જાએ મનરૂલીએ ॥૬૯॥

સંદેહ ભાંજી જ્ઞાનઈં ત્રિભુવન જીવ તણાં દુઃખ અનંતા ક્ષય કરઈએ
સહહઈ જે જિનવાણી, ઉદ્યમ આદરિ તે દૂરતભવ સહી તરીએ ॥૭૦॥
વાજિંત્ર કોડાકોડી અણવાયા વાજિ, દેવ દુદુંભિ ગુહરિ સુણીએ
વિપ્રે જાણિઉં એહ, યાગ કરીયા થકી દેવતા આવી અમ્હ ભણીએ ॥૭૧॥
નવિ જ્ઞાની દેવ જિમ સેવા કરઈ, તા ઈંદ્રભૂતિ અમરિષિ ચડિઉએ
પાંચસઈ શિષ્ય પરિવારિ, વાદ કરવાનિ જિનસ્યઉં અભિમાનિ નડીએ ॥૭૨॥
આવ્યું અદ્‌ભૂતિ રૂપ દેખી જિનતણુંએ, સેવા કરઈં સુરપતિ ઘણાએ
બોલીઉ જિનરાજ હે ઈંદ્રભૂઈ ! સાગતિ પૂછઈ સુખ ઘણાંએ ॥૭૩॥

જશધરી જાએ વિહરતાંનું - એ ઢાલ

નામ તે માહરૂં કિમ જાણઈં, સોએ આણઈ ગરવ અપાર ॥૭૪॥
વીરભવતારિ છઈં, સિદ્ધારથ કુલમંડણઉ, માતા ત્રિશલા ઉર ધરીયા એ ॥૭૫॥
વેદના સાંસા ભાંજીયા, વાંદીઈં મનિ આનંદી... ॥૭૬॥
મિથ્યાત અભિમાન મૂકીયા, ભગતીઈં નામિ શીશ ॥૭૭॥
પંચસયા મહાવ્રત પાલીઈં ગોયમ પહિલા સીસ ॥૭૮॥
બંધવ પ્રતિબોધ્યા સુણી નિઈ અગનિભૂતિ આવીઈ ॥૭૯॥
નામ લઈ તે બૂઝવ્યા, તે કેવલી વાણી સાર ॥૮૦॥
શ્રી વર્ધમાનથી થાપીઆ, ગણધર ઈમ અગ્યાર... ॥૮૧॥
ધુરિ ગોયમ સિઉં દીક્ષા, ચૌદસહસમુનિ સાર... ॥૮૨॥
ચંદનબાલા મહાસતી, એહવી છત્રીશ સહસાં જોર... ॥૮૩॥
એક લાખ સહસ ઓગણસટ્ઠિ, શ્રાવક સમકિત સાર... ॥૮૪॥
શંખ, સતકાદિક મૂલગા, બારઈં વ્રતના ધાર... ॥૮૫॥
શ્રાવિકા સુલસા રેવતી, એહવી ત્રિણિલાખ સહસ અઢાર ॥૮૬॥
ગણધર શિષ્ય જે બૂઝવ્યા, તેહની સંખ્યા ન કહી માન
ચૌદશિ પૂર્વી તિનિસયાં, સારખા જિનસોએ ॥૮૭॥

કેવલી સત્તસયા, અવધિજ્ઞાની તેરસયાં
ચૌદપૂર્વી તિનસયા, સારિખા જિનસોએ ॥૮૮॥

મણનાણી તેહઈ સત્તસયાં, ત્રિણિસઈં જીપતાવાદી ॥૮૯॥
વર્ધમાન સાથિઈ સત્તસયા, સિદ્ધિગામી મુનિસાર... ॥૯૦॥

સહસવરસ ઈમ - એ ઢાલ

વીર પાઉધારઈં વિહરતાએ, માહણકુંડ ગામિ નગરી ઋષભદત્ત
દેવાનંદાએ વાણીસુણી કહઈ ધન દિન, મનમાંહી આણંદ્યાએ
જિન પ્રણમી નઈં નિરખીએ, મેષોન્મેષ નવિ કરઈં, ગૌતમ
પૂછઈ વીર તિકારણ મન ધરઈ એ ॥૯૩॥

ત્રોટક : ધરીએ કારણ વીર ધ્યાનિ, દેવાનંદા પુતહએ,
નિરઅહંકારી વીરભાસઈં, જણણી એ મુઝ જાણઉ... ॥૯૪॥

ઢાલ - જાણીએ દેશી...

તે દંપતીએ સંયમ લેઈ સારનું, કેવલપામી આણ
રિષભદત્ત દેવાનંદા શિવપુર ગામીયાએ... ॥૯૫॥

સુખ અનંત તિણિ ઠામિ, સિદ્ધનામિ બહુતરીયાએ
ધનધન તેહ નરનારી, જિણેસિદ્ધમનિ ધારીયાએ ॥૯૪॥

ત્રોટક : જિણિ સિદ્ધ મનમાંહી ધરીયા, તેહ પામ્યા પાર એ
સકલ સુરનર પાયે પ્રણમીઈં, જિન ત્રિભોવન તારૂએ ॥૯૫॥

ઢાલ - જલહીનઉ...

વીરશિષ્ય જે સિંહ મુનિવર, દુઃખ ધરંતુ જાણ
નિર્ગ્રંથ પુરૂષ આ મોકલ્યા તે જંપિઈં મધુરીવાણ ॥૯૬॥

સિંહા હો તુંહો, દુઃખ મનિ મમધરૂ
તુમનિ તેડાવી જિનપાસિ સિંહા... ॥૯૭॥

દ્રુપદ : એમ સુણી આવ્યા વીર વાંદ્યા, બૂઝવઈં જિનરાય... ॥૯૮॥
સાડાપનર વરસાં કેવલી, ગજ નિરમલુ છઈ મુઝિ આય... ॥૯૯॥

નગર મિઢિયગામ મધ્યે, રેવતી ધરિ જાણ
વીરકાજિ પાક નિરવદ્ય વહોરાવીઈ, હરખ ન માઈ... ॥૩૦૦॥
સમોસરણ જિનેંદ્રજી તે કરઈ ઔષધસાર... ॥૩૦૧॥
નિરાબાધી થયા દેખી, જિનશાસન જય જયકાર... ॥૩૦૨॥

ઢાલ : ઉલાલો...

જિનજી ત્રિભોવન આધાર, ત્રીશવરસ રહીયા આગાર ॥૩૦૩॥
છદ્મસ્થ ઝાંઝેરાં બાર, ત્રીશ તે કેવલી સાર ॥૩૦૪॥
બેંતાલીસ ચારિત્રિંઈ જોએ, સર્વ આય બહુત્તરિ હોએ ॥૩૦૫॥
દુષ્ટ કર્મ આઠિ ક્ષય કારી, સાત હાથ કાયા તે સારી ॥૩૦૬॥
ચંપા પાવાએ આવી, ચઉવિહાર છઠ્ઠ તપ ભાવિ
વદિ કાર્તિક અમાવાસ્યા, નક્ષત્ર સામી વિમાસે ॥૩૦૭॥
મુનિવર ચઉદ સહસસો, સાધવી છત્રીશ સહસે
સહસ્સ પંચાણું એ મિલીએ, અઢાર રાજેંદ્રવલીય ॥૩૦૮॥
તિહાં ઈંદ્ર ચઉસઠિ વાંદઈ, બારઈ પરિષદાનાં દઈ પંચાવન
પુણ્ય ફલનાં અધ્યયન, પાપ ફલ તેનો એ ધરિ મન ॥૩૦૯॥
અપૂછીયા છત્રીશ પ્રરૂપિ, નિરમલ વીર સ્વરૂપિ
દેશના સોલ પહોરિ દેતા, પર ઉપગાર ફલ લેતાં... ॥૩૧૦॥
અધ્યયન વચનનીમ, પ્રરૂપતા શ્રી વર્ધમાન
અજરઅમરપદ પુહતા, અનંત જ્ઞાન સુખ જનેતા... ॥૩૧૧॥
કલ્યાણક ઉચ્છવ કરતાં, જિનનામ વચન વચને વરતા
નંદીસર સુરપતિ જાએ, અઠ્ઠાઈ મહોચ્છવ ઠાઈ ॥૩૧૨॥
સંનાધિષ્ટાધિક યક્ષ, માતંગ દેવ પ્રત્યક્ષ
સિદ્ધાયિકા શાસનદેવી, સાનિધ કરઈં જિન સેવી ॥૩૧૩॥

ઢાલ : ઘોડીનઉ...

એહ વીર જિનેસર ત્રિભોવન તારણહાર ... ॥૩૧૪॥
ચૌદઈ પૂરવધર, ન લહઈ જિન ગુણ પાર ॥૩૧૫॥

હું ધવલ કરંતુ કિમ ગુણ પામ પાર,
એહ જિન ભવગાયા સૂત્ર તણે આધાર ॥૩૧૬॥
શ્રી ગુરનઈ વિરહઈં જિનવાણી આધાર
દીપકથી પાયુ બોધિબીજ એહ સાર... ॥૩૧૭॥
એહ સ્તવન કરતાં, અક્ષરંમતા હીણ
મુઝ મિથ્યા દુષ્કૃત કહું ગુરૂ ચલણે લીણ ॥૩૧૮॥
માનવ ભવિ આયઉ ભલઈં, પાયો જિનધર્મ
શ્રી જિનગુણ ગાતાં, છૂટિઇં અશુભાકર્મ ॥૩૧૯॥
સંવચ્છરતપથી, ધ્યાન સજઝાય ન છેહ
સિદ્ધાંત બોલિઉ, સુખ અંત દીએ... ॥૩૨૦॥
કાવ્ય : એમ જ્ઞાતનંદન જગત્રવંદન, પાપભંજન જિનવરે
શુભદેવતા સુપસાએ પામ્યા, વરણવ્યા ત્રિભોવનગુરૂ
જિ ભાવિ ગાઈ ચિત્ત ધ્યાએ, શ્રાવકા તે અતિભલા
બહુ રિદ્ધિ પામી મુગતિ જાઈ, અનંત સુખ જેહાં નિરમલા ॥૩૨૧॥

ઈતિ શ્રી કલ્પ સિદ્ધાંત, શ્રી આવશ્યક શ્રી આચારાંગ, શ્રી ઠાણાંગ, શ્રી ભગવતી અંગથી ઉદ્ધરીત શ્રી વીરચરિતં વિવાહલા બંધરૂપં સંપૂર્ણ.
સંવત ૧૯૫૫ના વર્ષે અષાઢ માસે, કૃષ્ણ પક્ષે, તિથૌ પંચમી, ગુરૂવાસરે લિખિતં.
પઠનાર્થં રાધનપુરે શેઠ કમલશી ભાઈ ગુલાબચંદજી આત્મા અર્થે લખાવી.
લખીતંગ : ભોજક ઉજમ નરભેરામ

- કઠિન શબ્દાર્થ :

૧. અમરિખ - ઈર્ષ્યા
૨. સપર્યા - પૂજા
૩. નીમ - નિયમ
૪. આંત્રે - આંતરડાથી
૫. કૌમાસી - કુલ્માષ - અડદ
૬. સૂપ - સુપડુ
૭. ત્રિજિમા - ત્રિયામા - રાત્રિ
૮. સાગતિ - સ્વાગત
૯. સંઘાસણી - સિંહાસન
૧૦. ગન્યાનિ - જ્ઞાનથી

## વિભાગ-૨

# સાધુચરિત્ર વિવાહલો


૨૦. શ્રી જિનેશ્વરસૂરિ વીવાહલઉ

૨૧. શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ

૨૨. સુમતિસાધુસૂરિ વીવાહલો

૨૩. પીપલ ગચ્છિ ગુરુ વિવાહલુ

૨૪. આચાર્ય જસવંત વિવાહલો

૨૫. શ્રી ઈન્દ્રનંદિસૂરિ વિવાહલુ


•••

## ૨૦. શ્રી જિનેશ્વરસૂરિ વીવાહલઉ

*સંયમરૂપી નારીની સાથે સાધક યતિનાં જાણે કે લગ્ન થાય છે, અને આખું વિવાહનું રૂપક પછી કવિ આ નિમિત્તે ઘટાવે છે : અત્યાર સુધીમાં જાણવામાં આવેલું આ જાતનું આ પ્રાચીનતમ કાવ્ય છે. તેની રચના સં. ૧૩૩૧ પછી થોડા સમયમાં થયેલી છે. કવિનું નામ છેલ્લી ૩૩મી કડીમાંથી મળી આવે છે :*

**'એહ વીવાહલઉ જે પઢહિં જે દિયહિ, ખેલાખેલિય રંગ ભરિ;**
**તાહ જિણેસરસૂરિ સુપસન્નુ, ઈમ ભણઈ ભવિય ગણિ સોમમુત્તી.'**

(આ વીવાહલાને બોલનાર અને લખનારને દાન આપનાર, ઉપરાંત ખેલનારા રંગભેર ખેલે તો તેને પણ ગુરુ પ્રસન્ન થાય)

મારવાડના મરુકોટ્ટ નગરના ભંડારી નેમિચંદ્ર ('ષષ્ઠિશતક' સંસ્કૃતમાં ગ્રન્થ રચનાર)ને ત્યાં તેમની પત્ની લક્ષ્મીથી સં. ૧૨૪૫માં જન્મેલા અંબડ નામના પુત્રે, સં. ૧૨૫૫માં ખતરગચ્છના જિનપદ્મસૂરિ પાસે ખેડનગરના શાંતિજિનમંદિરમાં 'જિનેશ્વરસૂરિ' નામ ધારણ કરી દીક્ષા લીધી હતી. તે પ્રસંગને કવિતામાં ગૂંથતો એક ટૂંકો રાસ તેમના શિષ્ય સોમમૂર્તિએ રચ્યો છે. આ કાવ્યમાં સં. ૧૩૩૧માં બનેલા એક બનાવનો ઉલ્લેખ છે. તેથી તેની રચના તે પછીની છે.

બાલકે જ્યારે માતાને કહ્યું કે, 'પરણિસુ સંયમસિરિ વર નારી' ત્યારે માતા તેને સમજાવે છે :

**"પભણઈ માયા, સંભલિ લાડણ..."**
**તુહુ નવિ જાણઈ બાલઉ ભોલઉ, ઈહુ વ્રતુ હોસ્યઈ ખરઉ દુહેલઉ ॥**
**મેરુ ધરેવઉ નિય ભુય-દંડિહિ, જલહિ તરેવઉ આપુણ બાહુહિ ।**
**હિંડેવઉ અસિધારહં ઉવરે, લોહ ચિણા ચાવેવા ઈણિ પરિ ॥**
**તા તુહું રહિ ઘરિ, કહિયઈ લાગિ, જં તુહુ ભાવઈ વાંછિત માગિ." ॥**

બાલક અંબડે કહ્યું, 'કિંપિ ન ભાવઈ વિણુ સંજમસિરિ' : કલિયુગમાં સંસારની અસારતા પણ બાળકે કહી બતાવી.

આખરે દીક્ષાની સંમતિ મળતાં, અવનવા પ્રકારનો વરઘોડો જાનઈયાઓનો નિકળ્યો :

**'અભિનવ એ ચાલિય, જાનઉત્ર અંબડ તણઈ વીવાહિ;**
**આપુણુ એ ધમ્મહ ચક્કવઈ, હૂયઉ જાનહ માહિ.'**

પિતા નેમિચંદ્ર ભંડારીએ ઉત્સવ કર્યો :

**'આવહિ આવહિ રંગ ભરિ, પંચમ હવ્યય રાય;**
**ગાયહિ ગાયહિ મહુર સરિ, અઠ્ઠય પવયણ માય.**
**અઢાર સહસહ રહવરહ જોત્રિય તહિ સીલંગ;**
**ચાલહિં ચાલહિં ખંતિ સુહ, વેગિહિં ચંગ તુરંગ.'**

આખી જાન કુશલક્ષેમ ખેડમાં ગઈ, ત્યાં ભારે ઉત્સવથી દીક્ષામહોત્સવ થયો.

**'કુસલિહિ ખેમિહિ; જાનઉત્ર પહુતિય ખેડમઝારિ;**
**ઉછવુ હૂયઉ અઈપવરો, નાચહિ ફરફર નારિ.'**

જિનપતિસૂરિએ વરની જાનને વધાવી, અને અમીરસ ભરેલા જ્ઞાનનો જમણવાર કરી :

**'જિણવઈસૂરિણ મુણિપવરો, દેસણ અમિયરસેણ;**
**કારિય જીમણવાર તહિં, જાનહ હરિષભરેણ.'**

આ કાવ્ય તેની કવિતા કરતાં, તેમાં ગૂંથેલા એક 'વીવાહલુ'ના સાહિત્ય પ્રકારના પ્રાચીનતમ નમૂના તરીકે કીમતી છે. તે સાથે સંવત ૧૩૩૧ પછી થોડા જ સમયમાં રચાયેલા આ 'વીવાહલા'નો રચનાબંધ પણ રસ પડે તેવો છે. એમાં 'ચોપાયા' ઉપરાંત 'ઝૂલણા'ને 'વસ્તુ' છંદ ધ્યાન ખેંચે છે. 'તું' કરતાં યે શુદ્ધ ઝૂલણાછંદની આ સમયમાં નવાઈ છે - નગરુ મરુકોટુ મરુદેશ સિરિવર-મઉડુ, સોહ એ રયણ-કંચણ-પહાણુ; જત્થ વજ્જંતિ નય ભેરિ ભંકારઓ, પડિઉ અન્નસ્સ હિયયે ધસકકો.'

આની પછી સં. ૧૪૩૨ના અરસામાં રચાયેલા નીચેના 'વીવાહલા'માં 'ઝૂલણા' શુદ્ધ સ્વરૂપે દેખા દે છે.

## ૨૧. શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ

શ્રી જિનોદયસૂરિ વીવાહલઉની ૪૪મી *કડી છે. ખરતરગચ્છીય જિનોદયસૂરિની દીક્ષાનો પ્રસંગ એમાં છે. ગુજરાતમાં પાલ્હણપુરમાં સંવત ૧૩૭૫માં શા. રુદપાલને ત્યાં ભાર્યા ધારલદેવીથી એક પુત્રનો જન્મ થયો. તેનું નામ સમરો (સમરિગ) હતું. એક જિનકુશલસૂરિ ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી બાલ્યાવસ્થામાં જ સંયમશ્રી પરણવાની તેને પ્રબળ ભાવના થઈ. તેથી સં. ૧૩૮૨ (કે સં. ૧૩૮૯)માં પાલ્હણપુરથી ભીમપલ્લી (અથવા ભિન્નમાલ) જઈ માતાપિતાએ નંદી-મહોત્સવ કર્યો. તે વખતે સમરાએ કલ્હુ નામની બહેન સાથે, વૈરાગ્ય ઉપજતાં જિનકુશલસૂરિ પાસે દીક્ષા લીધી અને નામ સોમપ્રભ પાડ્યું. વાચક સોમપ્રભગણિને તરુણપ્રભાચાર્યે 'જિનોદયસૂરિ' નામ આપી, જિનચંદ્રસૂરિની પાટે સ્થાપ્યા.

આ 'વીંવાહલઉ'ના રચનાર મેરુનંદનગણિ ગુરુના હસ્તદીક્ષિત હતા. તેની રચના સં. ૧૪૩૨માં ગુરુના નિર્વાણ પછી થયેલી છે. આચાર્યે ગુજરાત સિંધ, મેવાડ વગેરે દેશોમાં વિહાર કર્યો હતો. કાવ્ય-પ્રારંભ ઝૂલણા છંદમાં કર્યો છે :

'સયલ-મણવંછિયે કામકુંભોવમં, પાસ-પય-કમલુ પણમેવિ ભત્તિ સુગુરુ જિણઉદયસુરિ, કરિસુ **વીવાહલઉ**. સહીય ઊમાહલઉ મુજઝ ચિત્તિય ઇકકુજગિ જુગ-પવરુ, અવરુ નિયદિક્ખગુરુ, થુણિસુ

★ 'શ્રી જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય' (૧૯૨૬)માં પ્રગટ તથા 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભાગ ૩ : સંશોધક, વિજયધર્મસૂરિ (૧૯૨૨)માં પ્રગટ.

હઉં તેહ નિયમઈ બલેણ સુરભિ કિરિ કંચણં, દુધ્ધુ સક્કરઘણં, સંખુ કિરિ ભરીઉ, ગંગાજલેણ

ગુરુનો મહિમા ગાવાથી સોનામાં સુગંધ ભળશે, દૂધમાં સાકર મળશે અને શંખ જાણે ગંગાજળથી ભરાશે - માટે જ શિષ્ય 'વીવાહલઉ'ની રચના પ્રવૃત્ત થયો છે.

જિનકુશલસૂરિએ સમરો (સમરિગ) - બાલકને વિચક્ષણ જોઈ, તેને દીક્ષા અપાવવા માબાપ પાસે માગણી કરી :

**'અહ સયલ લક્ખણં, જાણિ સુવિયક્ખણં, સૂરિ દહૂણ સમરં કુમાર;**
**ભણય 'તુહ નંદણો, નયણ-આણંદણો, પરિણઓ અમ્હ દિક્ખા-કુમારિ**

બાલકને તેની માતા સમજાવે છે : 'વત્સ સંયમકુમારી કન્યા પામવી દોહલી છે અને તેને જાળવવી તેથીય અઘરી છે. એ કન્યા કેવી છે ? કોઈ રૂપે રીઝતી નથી, મોહથી ભીંજતી નથી; તેમ લોભમાં રાચતી નથી. મદમાં મસ્ત થતી નથી, કાચી વૃત્તિને એ પરિહરે છે : વળી એ એટલી બધી અદેખી છે કે બીજી કોઈપણ સ્ત્રી તરફ તારી નજર એ સાંખી લે તેમ નથી. માટે હે સરલ સ્વભાવના સલૂણા બાળક ! તું એની વાત મુકી દે : તને બીજી સલૂણી કન્યા પરણવાશું.'

માઈ ભણઈ 'નિસુણિ, વચ્છ ભોલમધણી, તઉં ન વિજાણએ તાસુ સાતુ રુપિ ન રીજએ, મોહિ ન ભીજએ, દોહિલી જાલવીજઈ અપ... લોભિ ન રચએ, મયણિ ન માયએ, કાચએ વિત્તિ સા પરિહરે.. અવર નારી, અવલોયણિ રુસએ, આપણપઈ સયિં સત્ત વરએ..

બાળક તો કહેવા લાગ્યો,

**'મૂં પરિણાવિન દિકખસિરિ,' માઈ ભણઈ 'વરનારિ';**
**કુમર ભણઈ, 'વિણુ દિક્ખસિરિ, અવર ન મનહં મઝારિ.'**

આ પ્રકારે પુત્રનો નિશ્ચય જાણતાં, પુત્રને દીક્ષાશ્રી સાથે વિવાહ કરવા માટે જાન કાઢીને સૌ સાજન ભીમપલ્લી ગયું. 'ક્રમિક્રમિ જાન

પહૂતીય સુહ દિણે' આ પ્રમાણે જાન આવી પહોંચી, એટલે પછી 'દિક્ખકુમારીયસઉં હથ-લેવઉ'- (હથેવાળો) થયું : લગ્ન કરાવનાર હતા તેમના ગુરુ જિણકુશલસૂરિ જેમણે જ્ઞાનરૂપી અગ્નિમાં અવિરતિ રૂપી ઘી હોમ્યું-

**'જિણકુશલસૂરિ ગુરો આપુણિ જોસિઉ ।**
**હોમઈ ઝાણાનલિ અવિરઈ ધીઉ ॥**

## ૨૨. સુમતિસાધુસૂરિ વીવાહલો

*'સુમતિસાધુસૂરિ વીવાહલો' કવિ લાવણ્યસમયે રચ્યો છે.★ મેવાડ દેશના જાઉર (જાવર) નગરમાં ગજપતિશાહ વહેવારિયો અને તેની પત્ની સંપૂરીદેવી રહેતા હતાં. સંપૂરીને એક દિવસ સ્વપ્ન આવ્યું. તે પતિને કહ્યું :*

**'લહિઅ સુપન સોહામણઉ, જાગીઅ વીનવિઉ નાહ રે;**
**જાણઉં શેત્રુંજિ જાઈઈ, કીજઈ નિરમલ ગાત્ર રે.'**

આવું પવિત્ર સ્વપ્ન આવવાથી કુલદીપક પુત્ર થશે એવું વ્યવહારીને લાગ્યું. પુત્રજન્મ થતાં આનંદ-ઉત્સવ થઈ રહ્યો. પાંચ વર્ષના કુંવરને નિશાળે મૂક્યો. એ ભણે છે ગણે છે; અને એકવાર રમતો રમતો ઉપાશ્રયમાં જાય છે. ત્યાં રત્નશેખરસૂરિનાં દર્શન થયાં. તેમનો ઉપદેશ એ નિત્ય સાંભળવા લાગ્યો; એને દીક્ષા લેવાનું મન થયું. (દીક્ષા કન્યા મઈ વરી એ.)

---

★ 'ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ-૧' : શંશોધક, વિજયધર્મસૂરિ (૧૯૨૦)માં પ્રગટ રચનાની સંવત કે સ્થળ કાવ્યમાં આપ્યા નથી.

સંદર્ભ : ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો, પા. ૩૬૭

# ૨૩. પીપલ ગચ્છિ ગુરુ વિવાહલુ

*વિવાહલુનો આરંભ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ-કૃપાથી થયો છે. ભગવાન ચારગતિના નાશ કરનારા શુભ નિમિત્ત દેવ છે. ત્યારપછી કવિએ આ ગચ્છના પ્રભાવક આચાર્યોનો નામોલ્લેખ કરીને પુણ્ય સ્મરણ કર્યું છે.*

*સારંગરાજા સમાન ધર્મદેવસૂરિ સોળ કલાથી વિકસિત ધર્મચન્દ્રસૂરિ, તપતેજથી તપતા પ્રભાવક ધર્મરત્નસૂરિ, જેમની વાણી ત્રિભુવનમાં વિખ્યાત છે. (પ્રસાર થઈ છે) એવા ધર્મતિલકસૂરિ પાટ પરંપરાએ થયેલા ધર્મપ્રભસૂરિ દેવચંદ્રપ્રભસૂરિ વગેરે ગુરુઓને ભાવપૂર્વક વંદન કરું છું. કે જેઓ મનવાંછિત પૂર્ણ કરનારા છે. ઉપરાંત એમની કૃપાથી નવનિધિ પણ પ્રાપ્ત થાય છે.*

*અહીં ગુરુઓનું પુણ્યસ્મરણ મોક્ષમાર્ગની આરાધનામાં માર્ગદર્શક હોઈ વિવાહ સમાન આનંદરૂપ છે. એટલે વિવાહલુ સંજ્ઞા આપી હોય એમ અનુમાન કરવામાં આવે છે.*

આ કૃતિ પટ્ટાવલીનાં એક નમૂનારૂપ છે.

**પાસ જિણંદિ પસાઉકીઉ ધરિણિઉ જસ આપિય જ્ઞાન ચિહું ભવ શુદ્ધિ ઈમ જાણીએ ।**
**પીપલગચ્છિ સંતૂઠિય સરસતિ સતગુરુ સકતિ વખાણીએ ॥૧॥**
**સારંગરાય સુપરિ કહીય તિહું ભવંતર ધર્મ્મદેવ સૂરિ ॥**
**સોલકલા ધર્મ્મચંદ્રસૂરિ સંઘપતિ કીધઉ મોખ નરિંદ ॥**
**આઠ મહા સિદ્ધ પ્રગટ હુય તપ તેજ ધર્મ્મરત્ન સૂરિ ॥**
**ધરમતિલકસૂરિ ગુરુતિલકો તિહુપણિ મોહિઓ વાણી રસાલ ॥**
**અનાગત બુદ્ધિ ધર્મસિંઘસૂરિ ગૂદિપ નયરિ પ્રસાદ મેડાવિય ॥**
**થિપરાજ સરિપાણ વિસુત બાંધવ સહિ જયવંત રવિ તલિ ॥**
**પાલ્હ પેથ સૌદાગરુએ ઠવિય પાટ સિરિ ધર્મ્મપ્રભસૂરિ ॥**

**સતિતા લઈ શ્રી સંઘ સહિતો દેવ ચંદ્રપ્રભ પ્રતિકરા વિપ ॥**
**ભવિક ત્રિભવિયા ગુરુ નમઉ જિમ મન વંછિત પામઉ નવનિહિ ॥**
**(સંદર્ભ : વિજય વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ - પા.૧૮)**

## : પીપલગચ્છનો પરિચય :

*કલ્પસૂત્રની પટ્ટાવલીમાં સાધુ સંસ્થાની વિવિધ પ્રકારના ગચ્છોની માહિતીનો સમાવેશ થયો છે.*

*"બૃહદ્ ગચ્છ કા ઈતિહાસ"માં પીપલ ગચ્છની ઐતિહાસિક માહિતી છે તેની ટૂંકી નોંધ પીપલ ગચ્છ ગુરુ વિવાહલોના સંદર્ભમાં પ્રગટ કરવામાં આવે છે.*

*ચંદ્રગચ્છના આચાર્ય ઉદ્યોતનસૂરિ એ સં. ૯૯૪માં પોતાના આઠ શિષ્યોને કલ્પવૃક્ષ નીચે આચાર્ય પદવી પ્રદાન કરી હતી. એટલે વડાગચ્છીય નામ કહેવાતું હતું. ત્યારપછી ૧૨મી સદીમા મધ્યકાળમાં સર્વદેવસૂરિના શિષ્ય આચાર્ય શાંતિસૂરિને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું. આ પદવી પીપળાના (પીપલ) વૃક્ષ નીચે થઈ હતી ત્યારથી પીપલ ગચ્છ કહેવાય છે.*

*પીપલ ગચ્છની માહિતી માટે આધારભૂત સાહિત્ય કૃતિઓ અને પ્રતિમાના અભિલેખો છે. તે ઉપરથી પીપલગચ્છનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.*

*ડૉ. શિવપ્રસાદે ગચ્છના પુસ્તકમાં ગચ્છની પટ્ટાવલીની વિગતો આપી છે. અજ્ઞાત કવિ કૃત પીપલગચ્છ ગુર્વાવલી અને ધર્મપ્રભસૂરિ કૃત પીપલગચ્છ ગુરુ સ્તુતિ પ્રાપ્ત થાય છે. તેમાં ગુરુ પરંપરાનો નિર્દેશ થયો છે.*

*આ ગચ્છના પ્રભાવક આચાર્યો નીચે પ્રમાણે છે.*

*સર્વદેવસૂરિ, નેમિચંદ્રસૂરિ, શાંતિસૂરિ, સાગરચંદ્રસૂરિ, ધર્મપ્રભસૂરિ, વીરદેવસૂરિ વગેરે.*

૧૩મી સદીથી ૧૬મી સદી સુધીમાં પ્રતિમાના લેખો લખાયા છે તે પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત ઇતિહાસની વિગતો વિવાહલોની ભૂમિકા રૂપે નોંધવામાં આવી છે.

(સંદર્ભ : બૃહદ્ ગચ્છ કા ઇતિહાસ, ડૉ. શિવપ્રસાદ - પા. ૧૪૧)

## ૨૪. આચાર્ય જસવંત વિવાહલો

આચાર્ય જસવંત વિવાહલોની રચના અજ્ઞાત કવિની છે. ૧૫ ગાથાની આ કૃતિમાં જસવંત મુનિના સંયમી જીવનનો પરિચય પ્રાપ્ત થાય છે. કવિએ ગુરુને નમસ્કાર કરીને જસવંતજીના સંયમની માહિતી આપી છે. વિવાહલોને અંતે સંવેગ-વૈરાગ શબ્દ પ્રયોગ દ્વારા જસવંત ઋષિજીના વિવાહલઉથી સંયમની પ્રેરણા મળે તેમ છે. એવા જસવંત ઋષિજીનું વિવાહલઉની રચના કરી છે.

વિવાહલોના વિચારો દ્વારા સંયમનો મહિમા ગાવામાં આવ્યો છે તેમાં જસવંતજી કેન્દ્રસ્થાને છે.

જસવંતજી સાજન-મહાજન સાથે સંયમ સ્વીકારવા માટે તોરણે આવ્યા એટલે કે દીક્ષાના સ્થાન પાસે આવ્યા.

બાલ્યાવસ્થામાં દીક્ષા લઈને બાળ બ્રહ્મચારી થયા હતા. એમના જીવનનો વૈરાગ્યભાવ અન્ય વ્યક્તિઓને પણ શુભ નિમિત્તરૂપ-વૈરાગ્યભાવ વૃદ્ધિ માટે થયો હતો.

શરીર ઉપરનાં અલંકાર ઉતારીને દીક્ષા લીધી સંયમની આરાધનાનો હેતુ દર્શાવતા કવિ કહે છે કે પાંચ મહાવ્રત પાળવાં અષ્ટકર્મનો નાશ કરવો, દાન-શીલ-ભાવ-તપ-જપથી કર્મની નિર્જરા અને દેહ-મન-શુદ્ધિ કરવી. નવતત્ત્વનું ધ્યાન ૨૪ જિનની ભક્તિ વગેરેથી સંયમ પાળીને જીવન ઉજમાળ કર્યું હતું.

કવિએ વિવાહને અનુરૂપ શબ્દપ્રયોગો કરીને વિવાહલો-સંજ્ઞા સિદ્ધ કરી છે. આ પ્રકારની અભિવ્યક્તિ રૂપક યોજના છે. વર-કન્યા શબ્દ પ્રયોગ એટલે જસવંતજી 'વર' અને સંયમસુંદરી' એ કન્યા છે.

કવિ ધર્મદાસે સં. ૧૬૫૨માં જસવંત મુનિના રાસની રચના કરી છે. તેમાં આ મુનિના જીવનનો વિસ્તૃત પરિચય થાય છે. આ કૃતિ ઉપરથી એવું અનુમાન કરવામાં આવે છે કે જસવંતજી ઋષિનો સમય સત્તરમી સદીના પ્રથમ તબક્કાનો હશે.

## આચાર્ય જસવંત વિવાહલો

**લિપિકાર : પ.પૂ. હિતવર્ધનગણિવર્ય**

ૐ નમઃ જેહ નઉ જિનવર સુસરુ જાણીયએ
જિહિની સારદાઘરણિ વખાણીયએ યેહની સંયમ પુત્રી
મતિ વસીએ વર વરવા આવ્યા જસવંતજી... (૧)

વર નવ તત્થ તોરણિ આવિયાએ સહુ સાજન
ઈમ નિભાવીયાએ વર પુખઈ તે સાસુ પ્રેમસુંએ એહવી
સારદાનારી હરખસૂં... (૨)

વર ધુંસર ધર્મધોરી ધરુએ વર મુસલ કર્મ અલગા કરુએ
વર તીર ભવસાયર ઉતરુએ ભવ ભવ ન રવાઈયએ નવિ ફરુ ... (૩)

વરત્રીક ભવતા તૂ ઉપરિહરુએ તમ્હે સંયમ શ્રી વેગી વરુએ
વરદુરગતિ કીજિ લૂછણાએ તિહાં કાય આણંદ ઘણું... (૪)

વર મોટ નાક વધારીયોએ પરવચન માતાના
પાલયોએ, વર પાપ પડલ પર રહા કરુએ તમ્હિ ક્રમ કોડીઆં કટકા કરું.. (૫)

પરવચને તેમાં હરિ આવીયાએ ઋષિવરસિધ જીય
સમઈ (૨) ઉચરઈએ છેહેડા બાંધ્યા સંયમ નારીશ્યુંએ
તિહાં કઈ ઉપમા બોલઈકસી... (૬)

લુણ ઉતારઈ સમતા લિહિ નડીએ ગીત ગાસા ઠીજી
ન ગોરડી એ માતા સહોદરાદિ આશિષ તમ્હે પ્રતપો કોડી વરિસ... (૭)

વરપત્ર્યાઈ પત્ર્યાઇ વરતાવીયએ ઋષિ જસવંતજી
યમ કરિ લીયએ વરમાલ મુગટ શિરિ
ઘાલયોએ તમ્હિ અષ્ટકર્મ નિટાલયો... (૮)

તમ્હિ મદન મહાભડ જીપયોએ વરસંઘ(ઘ્ર)-
જિનઈ સાસણિ દીપયોએ ચઉરી દાન શીયલતપ
ભાવનાએ તિહાં બંધન ન લાગઈ પાપના... (૯)

વર પંચમહાવ્રત પાલયોએ તમ્હિ દોષ બિતાલીશ ટાલ્યાએ
તમ્હિ ઈર્યાસમેતિ ચાલીયોએ ભલી ભાષા સમેતિ બોલયો... (૧૦)

તમ્હિ નવ તત્થ ચઉરીયએ નવિ ફરુએ તમ્હિ શિખ
અનંતજિનની કરુંએ પાપ અઢાર સવી અલગા કરુંએ
બંદીજિન જય જય ઉચરઉ... (૧૧)

ભલઉ સમરથ કંસાર નીપજઈએ ભવિજીવનઈ આણંદ ઉપજઈએ
તિહાં તપરુપિણી અગ્નિ કરીએ લેઈ કર્મકાષ્ટ માહિ ધરી... (૧૨)

વર(પરિ)પ્રીસઈ તે સાસુ પ્રેમસુએ એહવી સારદાનારી હરખસું એ
વરત્યાનનીરિચલૂ કરુએ તમ્હિ ખેમસલી લેઈ કરી ધરું... (૧૩)

તિહાં વરકન્યા બેહુ લહુયડાએ તિહાં બેહુ શણગાર્યા રુઅડાએ
તમ્હિ કુમર પણઈ બ્રહ્મચારુએ એહવા ગુણવંત ગુણ ભંડારુએ (૧૪)

દયામાડીઅ ગોત્રજ જાણીયએ ઋષિ જસવંતજીય તિહાં કણે આણીયએ
સંસાર નિવાસેન વિરમુ એ સુખસંયમશ્રી ભોગવઉ... (૧૫)

ગુર(રુ)જી સંવેગ વૈરાગ આણીયએ એહવાસૂ જસવંતજીના વખાણીયએ
એ હરઉ જસવંત ઋષિજીનનું વિવાહલઉએ..
સખી મંદમતિ અસ્ય ક્રમાહલઉ

ઈતિશ્રી આચાર્ય જસવંતજીનું વિવાહલઉ સંપૂર્ણ ॥છ॥

# ૨૫. શ્રી ઇન્દ્રનંદિસૂરિ વિવાહલુ

**લિપિકાર : મુનિશ્રી સુયશચંદ્રવિજય મ.**

*પ્રાચીન સાહિત્યના સંશોધક અને સંપાદક પ.પૂ. મુનિશ્રી સુયશચંદ્ર વિ.જીએ શ્રુતસાગર માસિકના સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં ઈન્દ્રનંદસૂરિ વિવાહલો પ્રગટ થયો હતો તેને આધારે અત્રે પરિચય આપવામાં આવ્યો છે.*

*અત્રે કૃતિનો સંક્ષિપ્ત પરિચય અને નમૂનારૂપે પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે.*

**કૃતિનો પરિચય :**

મધ્યકાલીન કાવ્ય પરંપરાનુસાર આરંભમાં ગુરુ ગૌતમસ્વામી, સુધર્માસ્વામી અને સરસ્વતી દેવીને વંદના કરવામાં આવી છે. તદ્દુપરાંત ગુરુ ઈન્દ્રનંદિને પણ નમસ્કાર કરવામાં આવ્યો છે.

ચરિત્રનાયક દેવરાજના ગૃહસ્થાશ્રમનું વર્ણન ૧૦૫ કડીમાં કરવામાં આવ્યું છે. માતાને આવેલા સ્વપ્ન અને પદ્ય ૧૧-૧૨મા પુત્ર જન્મ અને સામાજિક રિવાજનો ઉલ્લેખ થયો છે.

ગર્ભનાળને જમીનમાં દાટી દેવાની માહિતીનો ઉલ્લેખ થયો છે. પુત્રનું નામકરણ અને અંગોપાંગનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે. પુત્રનો અભ્યાસ, પરણાવવાનો મનોરથ અને સંયમની ભાવનાનું નિરૂપણ કર્યું છે. વિવાહલોને અનુરૂપ ભૂમિકા રૂપે સંસારની અસારતાના વર્ણન સાથે સંયમ જીવના કષ્ટોની માહિતી આપવામાં આવી છે. આ માહિતીને આધરે દેવરાજ સંયમ સ્વીકારે નહી એવો હેતુ હતો.

દેવરાજે પિતાની અનુમતિ લઈને દીક્ષા લેવાની ભાવના હતી એટલે દીક્ષા મહોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. કવિએ સંયમના સંદર્ભે પિતા-પુત્રનો વાર્તાલાપ લઘુસંવાદરૂપે રજૂ કર્યો છે. દીક્ષાકુમારી સાથે કુમાર દેવરાજનાં લગ્ન થવાની સાથે (કામદેવ) જનસમાજ પોતાની આજ્ઞા શિરોધાર્ય કરવાનો સંદેશો લઈને યૌવનદૂતને મોકલે છે.

દૂતના સંદેશાની અવજ્ઞા કરીને મુનિ ઇન્દ્રનંદિજી સ્વાધ્યાયને સમરાંગણમાં ફેરવી નાખે છે. જ્ઞાનરૂપી શિવરમણી-શીલરૂપી વરદાન વગેરે વડે યુદ્ધ માટે સુસજ્જ મુનિને પરાસ્ત કરવા માટે માયારૂપી શિવરમણી ક્રોધ-લોભ રૂપી અંગરખા વગેરે ધારણ કરી યુદ્ધ મેદાનમાં ઉતરે છે. યુદ્ધની તૈયારી અને મદનરાયના પરાજયનું વર્ણન રસિક શૈલીમાં પદ્ય ૬૩ થી ૭૮માં થયું છે. મુનિ ઇન્દ્રનંદિના જીવનમાં આવું કોઈ યુદ્ધ થયું નથી. પણ મુનિ ભગવંતના ચારિત્રનો મહિમા દર્શાવવા માટે કવિ કલ્પનાથી આ માહિતી આપવામાં આવી છે.

મુનિશ્રીનું પંડિત પદ, આચાર્ય પદવીનો મહોત્સવ વગેરેનું વર્ણન ૮૦ થી ૮૭ કડીમાં થયું છે.

છેલ્લી ત્રણ ઢાળમાં સૂરિજીના ગુણો રચના સમય-સ્થાન અને ગુરુ નામોલ્લેખ વગેરે વિગતોનો સમાવેશ થયો છે. કૃતિમાં કર્તાના નામનો કોઈ ઉલ્લેખ થયો નથી. એટલે 'અજ્ઞાત' શ્રમણની રચના હશે એમ અનુમાન કરવામાં આવે છે. આ પ્રકારની રચના ઇન્દ્રનંદિના શિષ્યની હોય એમ સંભવ છે. કવિએ ભાવાનંદજી ઉપા.નો ઉલ્લેખ કર્યો છે. એટલે એમની પ્રેરણાથી રચના થઈ હોય કે એમને રચના કરી હોય એમ પણ સંભવ છે.

મધ્યકાલીન સાહિત્યમાં કેટલીક કૃતિઓના કર્તા તરીકે ગુરુનામની સાથે શિષ્ય શબ્દ પ્રયોગ થતો હતો એટલે ઇન્દ્રનંદિ શિષ્યની રચના હોય એમ અનુમાન ઉચિત લાગે છે. કવિએ ચારિત્રનો જય જયકાર કર્યાનો પ્રસંગ વધુ આસ્વાદ્ય અને પ્રેરક છે.

**નમૂનારૂપે પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે :**

**ગણહર મણહર ગોઅમસામી, સોહમ મુનીવર પય નમીય**
**સમરીય સરસતિ ભગવતી માય, આસસ માગઉ તુમ્હ તણું એ ।।૧।।**
**શ્રી ઇંદ્રનંદિસૂરિ સહગુરુરાય, પાયકમલ નરવર નમઈએ**
**ભવિયણ સાંભલઉ નવ નવ ભાવિ બોલીસુ તાસુ વિવાહલઉ એ ।।૨।।**

દીક્ષા પ્રસંગ :

વારુ દિવસ સંયોગિ સાર કુમર તવ જાઈઉએ
તિહુઅણ જય જયકાર નારિ ધવલ દિઈ મિલીમિલીએ ॥૧૧॥

સૌભાગી સુકુમાલ નાલ વિમલ વસુધા ઠવિઉએ
બોલઈ મંગલ ચ્યારિ વાજિંત્ર વાજઈ અંગણઈએ ॥૧૨॥

અહવિ દીઈ આસીસ કોડિ વરિસ કુંવર જયઉએ
જણણીસિઉં પરિવાર નારિ નિપુણ બોલઈ હસિઉએ ॥૧૩॥

માજણડઉ મનરંગિ કુંઅર કરાવઈ સુંદરીએ
જણણી ઉતારઈ લૂણ કુંઅર પુઢાડઈ પાલણઈ ॥૧૪॥

ચંદ્રોઆ ચઉસાલ ચિત્ર ચિત્રામઈ આગલાએ
રૂપિઇ અતિ અભિરામ. નામ જોષી દેવરાજ દીઉએ ॥૧૫॥

હીંચઈ ચતુર તુરંગ, રંગિ રમલી કુંઅર કરઈએ
બોલઈ નવ નવ ભંગિ, ચંગ ચતુર મન મોહતું એ ॥૧૬॥

મુનીવરિ જયસંપદ વરીએ તવ વાજઈ દુંદુભિ દડ દુડિએ
ધવલ મંગલ દિઈ સુંદરીએ વરનારી વધાવઈ મિલી-મિલી એ ॥૭૯॥

શ્રી સોમજયસુરી સીસૂએ મુની પ્રતપઉ કોડિ વરીસુએ
અહવિ દીઈ આસીસુએ જસ પ્રણમઈ નરવર સીસુએ ॥૮૦॥

સુહગુરિ ગુણવંત જાણીઉએ જવ ગિરુઈ શ્રીસંઘિ વખાણીઉએ
સાહ પુંજઈ નીય મનરુલીએ વિનવીયા સહિ ગુરુ સંઘિ મિલીએ ॥૮૧॥

પાટણિ નયર મઝારુએ વર ઓસવંશ સિણગારુએ
વિત્ત વેચઈ અપારુએ સાહ પુંજઈ અતિ સુવિચારુએ ॥૮૨॥

ઈંદ્રનંદિ મુની થાપીઆએ, ગુરુ પંડિત પદ તિંહા આપિઉએ
વિહરઈ દેશ વિદેસુએ શ્રી સોમજયસૂરિના સીસૂએ ॥૮૩॥

અહમ્મદાવાદ નયર બલઉ જિંહા વિવહારીયા માંહિ
સજન મિલી વિમાસિઉ લીઈ લચ્છી કેરઉ લાહ ॥૮૪॥

મૃગનયણી સવિ સામહી જઈ વીનવઈએ પત્તા હરિચંદ
આચારિજ પદ થાપિઆ સંઘ હીયડઈ એ અતિહિ આણંદ ॥૮૫॥

ઈડરિ ગઢિ જઈ વિનવ્યા લક્ષ્મીસાગર સૂરિ
સૌની લગન ગણાવિઉ વિત્ત વેચઈ પતા હરિચંદ ભૂરિ ॥૮૬॥

શ્રીઈંદ્રનંદિસુરિ થાપીઆ આપીઅ સુરિનું મંત્ર
પત્તા હરિચંદ મનોરથ ફૂલિઉ વાજા વાજઈએ નાચઈ પાત્ર ॥૮૭॥

ઈણે મહોચ્છવિ થાપીઆ આપીઆ સુરિમંત્ર સારુએ
સારીઅનારીઅપહિરીએબોલઈએબોલઈએમંગલચ્યારીએ ॥૮૮॥

ગણહર ગુણમણિ ભરીઆ વરીઆ દીક્ષાકુમારીએ
સોહઈ એ શશિસમ વલણૂએ નયણૂએ ઉપશમ પૂરીએ ॥૮૯॥

પાંચ મહાવ્રત પાલઈએ વાલઈ એ મનહ અપારુએ
યતિપતિ સમિતિહિં સમિતુએ, ગુપતુ એ ગુપતિહિ ચારુએ ॥૯૦॥

શશહર શશિગણ સાગર, નાગર નવરવ વારુએ
પ્રણમઈ સુહગુરુ સારુએ વારીએ વિકથાએ ભારુએ ॥૯૧॥

સકલ સુહાસિણીએ તુમ્હે કરુ સિણગાર
ગાઉ મંગલ ધવલ રસાલ, સોહઈ સુંદરુએ રૂપિ પુરંદરુએ ॥૯૨॥

આગમ આગરુએ જસિયા ગોયમસામિ
દુરિઅપણાસઈલીધઈનામિકામિતસુરતરુએગાવઉસુહગુરુએ ॥૯૩॥

દેશ વિદેશઈ વિહરઈએ બોહઈ ભવીયણ થાટ
સોરઠ સુરાઠ સવાલાખ મરહઉ મગધ મુરારિ ॥૯૬॥

ગુજર કંકણ કલહથ માલવઉ અંગ તિલંગ
મરૂમંડલ મંગલ વલી અંકજ અપદ પલંગ ॥૯૭॥

દક્ષિણ દેશે વિચક્ષણ, વાદી પ્રણમઈએ પાય
નમઈ નરેસર કોટી કોટીધજ નરરાય ॥૯૮॥

મહિઅલી મહિમા આગર ગણધર ગુણ અસંખ
સહસ જીભઈ નઈ મુખિ હુઈ તોઈ ન લાભઈએ સંખ ॥૯૯॥

શ્રી ઇંદ્રનંદિસૂરિ મુનિવર પાયકમલિ અલિઅ વાસ
સીસ લેસ ઈમ વિનવઈ પૂરિત મઝ મન આસ ॥૧૦૦॥

શશહર મેરૂ મહીધરૂ દિણયર ગ્રહગણ વાસ
તા લગઈ પૂરઉ સુહગુરુ શ્રી સંઘ કેરી આસ ॥૧૦૧॥

રચના સમય

સંવત પનરચ્ચાલીસ ઉપરિ સુંપીઅ
ફાગુણ સુદિ પંચમી દિનિ વિવાહલઉ વિખ્યાત ॥૧૦૨॥

ભાવાનંદ પંડિત પવર પાય નમી લાસ મઝારી
વિવાહલઉ ઉમાહલઉ કરઈ નવ નવ રસિ સાર ॥૧૦૩॥

ભણઈ ગુણઈ નરનારીઅ હીયડલઈ ધરી આણંદ
વિનય વિવેક મંગલ વલી તેહધરી લચ્છી વૃંદ ॥૧૦૪॥

ઇતિશ્રી ઇંદ્રનંદીસૂરિણાં વિવાહક

## વિભાગ-૩

# ઐતિહાસિક મહાપુરૂષોના વિવાહલા

૨૬. દશાર્ણભદ્ર રાસ અથવા વિવાહલો

૨૭. આર્દ્રકુમાર વિવાહલો

૨૮. કયવન્ના વિવાહલઉ

૨૯. જંબુસ્વામી વિવાહલો

૩૦. ગજસુકુમાર વિવાહલઉ

●●●

## ૨૬. દશાર્ણભદ્ર રાસ અથવા વિવાહલો

૧૫મી સદીના છેલ્લા તબક્કામાં થયેલા કવિ હીરાણંદસૂરિએ આ વિવાહલોની રચના કરી છે. કૃતિમાં સમયનો કોઈ ઉલ્લેખ થયો નથી પણ એમની અન્ય કૃતિઓના સમયને આધારે કવિનો સમય જણાવ્યો છે.

કવિએ દશાર્ણભદ્રના જીવનનો લાક્ષણિક પરિચય કરાવ્યો છે. દશાર્ણભદ્રને પોતાની સંપત્તિ-રાજ્ય અને સમૃદ્ધિનું અભિમાન હતું કે મારા જેવા કોઈ સમૃદ્ધ રાજા નથી. આ અભિમાન-ગર્વનો નાશ કરવા માટે ઈન્દ્રની માયાજાળની ધરતી પર રચના કરવામાં આવે છે. તેનું વર્ણન વિવાહલોમાં મુખ્ય છે.

ઈન્દ્રની સંપત્તિ-સમૃદ્ધિ અને વૈભવ નિહાળીને દશાર્ણભદ્રનું અભિમાન નષ્ટ થાય છે અને વીર પ્રભુની પાસે જઈ ત્રણ પ્રદક્ષિણા કરીને વૈરાગ્ય વાસિત થયેલ હોવાથી સંયમ અંગીકાર કરે છે. વિવાહલો કાવ્યને અનુરૂપ દશાર્ણભદ્રનો સંયમ અને 'કર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા એ પ્રસંગ મહત્વનો છે. દશાર્ણભદ્રના હૃદયપરિવર્તનમાં ઈન્દ્રની સમૃદ્ધિ નિમિત્ત બને છે. આ વિવાહલોમાં આ પ્રસંગોનું વર્ણન છે. કવિએ મારૂ ગૂર્જર ભાષામાં આ રચના કરી છે. વિવાહલોના મહત્વના વિચારોની માહિતી નીચે પ્રમાણે છે :

ઈન્દ્રજાળનો ચમત્કાર જોઈને દશાર્ણભદ્ર ભગવાન મહાવીર સ્વામી પાસે ગયા.

વિવાહલોની ગાથા ૪ થી ૨૪ સુધીમાં ઈન્દ્રએ દૈવીશક્તિ અતુલ વૈભવની રચના કરી હતી તેનું સંખ્યા વાચક શબ્દોમાં વર્ણન કર્યું છે. ધાર્મિક સાહિત્યમાં નાના-મોટા દૈવી ચમત્કારોનો પ્રયોગ થાય છે. અહીં ચમત્કાર દશાર્ણભદ્રના અભિમાનનો નાશ કરીને સંયમ સ્વીકારવાનું શુભ નિમિત્ત બને છે. અંતે દશાર્ણભદ્ર ઋષિ તપ કરીને કર્મ ખપાવી મોક્ષે જાય છે એ પ્રસંગ મહત્વનો ગણાય છે.

ઈન્દ્રની રિદ્ધિ નિરખીને રાજા વિચારે છે કે "આપણી ઋદ્ધિ તૃણ સમીએ" ઈન્દ્ર આ પ્રમાણે રિદ્ધિથી ભગવાન વીરની ભક્તિ કરે છે તેથી તે

ધન્ય છે. અને "રાય સંજમ લિદ્ધઉ." દશાર્ણભદ્ર સંયમ સ્વીકારે છે તેની માહિતી આપતા કવિ જણાવે છે કે, "લોચ કરી તિહાંઈ આદરીએ સંયમ"

ઈન્દ્ર મહારાજા દશાર્ણભદ્ર ઋષિને ચરણે નમસ્કાર કરે છે. ધન્ય ધન્ય શબ્દોથી સન્માન કરે છે.

"દશાર્ણભદ્ર ઋષિ તપ કરઈએ સિદ્ધઉ કેવળજ્ઞાનકી."

અંતે ફળશ્રુતિનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે દશાર્ણભદ્ર ઋષિના ગુણ ગાવાથી કર્મમલ-અશુભ કર્મોનો કચરો દૂર થાય છે. (નાશ થાય છે) કવિ ઐતિહાસિક નામોલ્લેખ કરીને દર્શાવે છે ચારેય મંગલ સ્વરૂપ છે.

શાલિભદ્ર, સ્થૂલિભદ્ર દશાર્ણભદ્ર અને ઐતિહાસિક મહાપુરુષોના વિવાહલોમાં કાવ્યની દૃષ્ટિએ ઉત્તમ છે. તો વળી ધર્મની દૃષ્ટિએ પણ આત્મોન્નતિમાં શુભ વિચારોનાં બીજ રોપવામાં નિમિત્ત છે.

**દર્શાણભદ્ર :**

દર્શાણપુરના જૈન ધર્મી દર્શાણભદ્ર નામે ન્યાયી રાજા રાજ્ય કરતા હતા એક વખત શ્રી વીર પરમાત્મા ત્યાં સમોસર્યાના ખબર ઉદ્યાન પાલકે આપ્યા. એટલે સાત આઠ ડગલાં આગળ ચાલી. તેણે પ્રભુની સ્તુતિ કરી ને પછી પ્રભુને વંદન કરવા જવા અનેક પ્રકારની ઋદ્ધિ સાથે નગરમાંથી નીકળીને પ્રભુને વંદન કર્યું.

અઢારહજાર હાથી, ચાલીશ લાખ ઘોડા, એકવીસ હજાર રથ, એકાણું કોટિ પાયદળ, સોળ હજાર ધ્વજા, પાંચસો મેઘાડંબર છત્ર સુખાસને બેઠેલી પાંચસો રૂપવતી રાણીઓ, આભૂષણોથી સજ્જ સામંતો મંત્રિઓ વગેરે સાથે લીધા. આ ઋદ્ધિ ઉપરથી મનમાં ચિંતવ્યું કે - મને ધન્ય છે કોઈ ન વાંદે તેવી રીતે હું આટલી બધી ઋદ્ધિથી પ્રભુને વાંદીશ.

આ પ્રમાણેનો ગર્વ અવધિજ્ઞાનથી સૌધર્મઈંદ્રે જાણીને તેને તોડવા નીચે પ્રમાણેનો ઠાઠ ગોઠવીને પ્રભુને વાંદવા આવ્યા.

ચોસઠ હજાર હાથી વિકુર્વ્યા એક એક હાથીને પાંચસોને બારબાર મુખ કર્યા, એક એક મુખે આઠ આઠ દંતશૂળ કર્યા, એક એક દંતશૂળે

આઠ આઠ વાવ્યો ગોઠવી વાવ્યે વાવ્યે આઠ આઠ કમળ દરેક કમળે એક એક કર્ણિકા એક એક કર્ણિકા ઉપર સિંહાસન ગોઠવી તેના પર પોતે આઠ આઠ અગ્ર મહિર્ષીઓ સાથે બેઠો, એક એક કમળને લાખ લાખ પાંદડા વિકુર્વ્યા દરેક પત્ર ઉપર બત્રીસ દેવદેવીઓ બત્રીસ પ્રકારના નાટ્ય રંગ કરવા લાગ્યા.

આ જોઈ દર્શાણિભદ્ર રાજા તો દંગ થઈ ગયા ને પોતાનો ગર્વ ઊતરી ગયો. છતાં ઈંદ્રથી ચઢીયાતા થવા પોતે ત્યાં જ પ્રભુ પાસે દીક્ષા લીધી. ઈંદ્ર હાર્યા વંદનાસ્તુતિ કરી પોતાના સ્થાનકે ગયા દર્શાણિમુનિ કર્મક્ષય કરી મોક્ષમાં ગયા. ઈંદ્ર જે વખતે આકાશમાંથી હાથી સાથે ઉતર્યા ત્યારે હાથીએ આગલા બે પગ વાળ્યા અને જમીનમાં ખૂંચ્યા તે સ્થળે દસાણ મુનિ કર્મક્ષય કરી મોક્ષમાં ગયા.

## દર્શાણભદ્રે રાસ

**લિપિકાર : વિરાગરસાશ્રીજી મ.**

**વીર જિનેસર પય નમીએ, સમરીય સમરીય શારદ મોદકંઈ**
**દશાર્ણભદ્ર ગુણ ગાઈશુંએ, હીયડલઈ, હરિખ ધરેવી કી... (૧)**

**પય નમીય વીરહ, દશનભદ્રહ ચરિય રચીશું સોહામણું**
**જંબૂદીવિહિ ભરહ ખંડિહિં, દશનભદ્ર તિહિ રજુ પાલઈ**
**ઈંદ્ર જામલિ જાણીયઈ, દશન ગિરવરિ વીર પહુતા સમોસરણ વખાણીઈં ॥૨॥**

**રયણકણય ગઢરૂપ મઈએ, કોશીશાંની ઓલિકી**
**મણિમઈ, મણિમય તોરણ માંડીયઈ એ । ચિંહુદિશિ**
**ચારિંઈ પોલિકિ, રયણકણય ગઢરૂપ મઈએ,**
**રૂપમય ચ્યારંઈ કલશ પોલઇં, હિમધ્વજી દંડંઈહિ લહલહઈ (૩)**

**મૃગનાભ અગર કપૂર કેસર, કુસુમ ચંદન મહમહિઇં**
**દ્રોંકિદ્રુંકિં દોંદોં દુદંભિ સદ્રિહિં, દેવદુંદુહિ દુહદુહઇંએ**
**ચઉસઠિ સુરવર નાગ નરવર, અસુર કિન્નર ગહિગહિઇં... (૪)**

વીર જિણંદ સમોસર્યાએ, નિરખય નિરખય વનિ વનપાલુ કિ
નયરી વધવઉ આવીઉએ, નિસુણઉ દર્શાણ ભૂપાલકિ... (૫)

સમોસરીયા સુણીય સામી, લાખ સોવન દિદ્ધઉ,
વીર સામ્હઇ થઈય ઉઠીઈય, ભાવવંદણ કિધઉ,
હું તણીય રિતીહિ વીર વંદિસુ, જિણિ કુણિય હિ ન વંદીઉ ઈસુજી
જાણી રયણિ અંતરિ, રાઉમનિ આણંદીઉ... (૬)

નયરિ પડહ વજાવીઈઉએ, વીરહ વીરહ વંદણ રિસિકિ
ઘરિ ઘરિ કરઉ વધામણાંએ... આવિઉએ આવિઉએ
નટવર દેશકિ નયરી પડહ વજાવિઉએ... (૭)

વાજિયા દ્રંહ દ્રંહ, દ્રમ મહેંદ્રે ઢોલક દુંદુંદુડી... અઢાર સહસ
સુભદ્ર જાતિ મંડીયા મયંગલ ગુડી... ચઉવીશ લખ
તુખાર સજ્યા, અતુચ્છ કન્નકલાઈય... સહસસમ
કવીર કબંધ ધડ રજ હિ અંબર છાયા (૮)

કોડિ એકાણુવઈ પાથકૂએ, ચોસઠિ રાણીયથાટકિ
નેત્રપરોલી પહિરણઈએ, ઓઢણિ, નવરંગ ઘાટ કિ
કોડી એકાણુવઈ પાયકૂએ ચોસઠી ચોસઠી રણય થાટકિ (૯)

નેત્ર પટોલી પરિ રાગઈ એ, ઓઈણ એહણિ
નવરંગ ઘાટકિ કોડી એકાણવઈ પાયકૂ એ
પાયક નરિંદહ સહસ સોલહ, સા શશીકિરિ સુંદરા
સહસ સોલહ ધરઈ ધયવડં, પંચમેઘાડંબરા
ધવલમંગલ બાલ બોલઈ, કરઈ રંગ વધામણાં
પૂરિયા ફૂલહિં પગર પથઈ, સહસ એક સુખાસણા (૧૦)

ઈણિપરિ રાજા ચાલીઉએ, ચ્યારઇ ચ્યારઈ, ચમરસિરિ છત્રકી
દીજઈ કંચણ માંગિતાએ...
નાચઈએ નાચઈએ, નવરંગ પાત્રકિ, ઈણિ પરિરાજા ચાલિઉએ (૧૧)

ચાલિઉ ચતુરંગ દલહિ દેખી આપણી લખમી ઘણી
મનિ માનઇં ત્રિણ સમાણી, લાછિ સહ તિહુયણ તણી
રાય સમોસરણિ આવી, હસ્તિ કંધહ ઉતરી
વીર વાંદી ઠામિ બઇંઠો, તિન પ્રદક્ષણ દેઈ કરી... (૧૨)

ઇણઈ અવસરિ નિરખીઉએ, ઇંદ્રહિ, ઇંદ્રહિ અવધિ જ્ઞાનકી
ભૂપતિ ભત્તિ ભલી કરીએ, દૂષણ દૂષણ આણી માનકી
ઇણઇ અવસરિ નિરખીઉએ... (૧૩)

નિરખીયો સુરવર સયલ સુરનર અસુર રિધઇં આપણી
સમકાલ જિણવર જાત્રિ આવઇં, તોહી ભગતિ નહીં ઘણી
અચિંત વીર જિણંદ ભણીઇં, એહ કારણથી
ભક્તિ શકતઇં દસન હેલા માન ઉતારીએ... (૧૪)

ઇંદ્ર ઐરાવણ આવર્યોએ, ચઉસઠિ ચઉસઠિ સહસ ગંયંદકિ
ઇંદ્ર ઐરાવણ આવર્યોએ... (૧૫)

આવર્યો ગયવર એક એકઇં, પંચસઈ બારોતરા
મુખ કરાવો તીહ સંખ્યા, તીન કોડી નિરંતરા
લખ સત્તાવન અઠસઠ સહસ અધિક સોહઇં નિર્મલા
એક એકઇં વયણ મંડઉં, અઠઅઠ દંતૂસલા... (૧૬)

છાવીશ કોડી સંખ્યા સુણોએ, એકવીશ એકવીશ લાખહ
મેલેવી કી, સહસ ચઉઆલીશ આગલાએ
દંતિહિ દંતિહિ આઠિ વાવિ કઇં, છાવીશ કોડી સંખ્યાણોએ
સોણીય સંખ્યા વાવિની સવિ... (૧૭)

બિસઇં કોડિવ આગલા એક હો, તિરિ લાખ બાવન,
સહસ વિમલ મહાજલા, વાવિ વાવિહિં અઠઅઠહિં
કમલ સંખ્યા સોલ સયા, કોડિ સતહુત્તરિ
લાખ બહુતરિ વલી સોલ સહસ સયા... (૧૮)

કમલિ કમલિ લાખ પાંખડીએ, સોલએ સોલએ કોડાકોડિકિ
કોડિ લાખ તહુત્તરૂએ, બહુત્તરિ બહુત્તરિ સહસ કોડિકી
કમલિ કમલિ લાખ પાંખડીએ... (૧૯)

પાંખડી એકસો સાઠિ કોડી, પત્ર પત્ર સોહામણી
બત્રીશ બદ્ધ સુરવરઈં નાટક, ગીતરસ રસ રલીયામણી,
કમલ કમલહિં કર્ણિકા એક તિહાં મય જિણહરા
તિંહા સંખ્યા કમલની પરિ, દિનમણિ શશિ જિણ મણહરા (૨૦)

આઠ ઈંદ્રાણી પરિવર્યોએ, ઈંદ્રકિ ઈંદ્રકિ ઈંદ્ર વજાવઈ શંખકિ
જિણહર સંખ્યં સુરવરૂએ, ઈંદ્રાણી રૂપ અસંખ્યકિ
આઠ ઈંદ્રાણી પરિવર્યોએ... (૨૧)

પરિવર્યો તેરહ સહસ કોડિ સહસ ચ્યારિ સઈ
ઈકવીસયા, કોડી સત્યાસી લાખ નવકોડી
સહસ એકસોવીસયા... (૨૨)

એતલા નાટક નિરખતોએ, બત્તીસ બત્તીસ લાખ
વિમાનકી, સામિય ભગતિ દિખાડીતો એ, આવઈ
જિહાં વર્ધમાનકી, એતલા નાટિક નીરખતોએ... (૨૩)

નિરખતો ભૂપતિ મુખ ચોમુખ, સિંહમુખ ગજ કિંનરા,
એક આસણિ કરહ હયવર એક આસણિ વાનરા
એક આસણિ હંસ સારસ, એક ધવલ ધુરંધરા,
એક આસણિ મહિષ શૂકર, એક આસણિ વિષહરા (૨૪)

દશનભદ્ર મનિ ચિંતવઈએ, દેખીય દેખીય ઈંદ્રની રિધિ કી
આપણી ઋદ્ધિ તૃણ સમીએ, જોઉ જોઉ રાયવર ઋદ્ધિકી
દશનભદ્ર મનિ ચિંતવઈએ... (૨૫)

ચિંતવઈ ધન રૂપ સોહમ, ધન અંતેવર સુર તણા
ધનછત્ર ચામર રિધિ ધન ધન નાચઈં નવરસ અતિ ઘણા
વીર ઉપરિ ઈંદ્રની ધનભક્તિ શકતિ, અનોપમી ભગવંતી પૂજા
માન મેલ્હઈં, તોઈ અપિ સુનવિ નમી... (૨૬)

રાઉ ભણઈં મઈં આપણીએ, રિદ્ધિહિં રિદ્ધિહિં લીધાં વાદ કી
લોચ કરી તિણઈં આદરીએ, સંયમ સંયમ શ્રીય અગાધિકિં
રાઉ ભણઈં મઈં આપણીએ... (૨૭)

આપણી રિધઈં ઈંદ્ર જાણ્યો, દશનભદ્ર મઈં જિતોઉ
વીર વાંદી ઈંદ્ર નિરખઈ, રાય સંજમ લિદ્ધઉ
પાય લાગી ઈંદ્ર જ નમીઉં, વયણ ધનધન બોલ એ
અવર તિહુયણ મુંહિ ચાલાવુ એહમઈં નવિ ચલઈં... (૨૮)

ઈણિ પરિ સુરવર ગુણ થુણઈ એ પુહતો એ સુહમ ઠામકી
દશનભદ્ર ઋષિ તપ કરઈએ, સિદ્ધઉ સિદ્ધઉ કેવલજ્ઞાનકી
ઈણિપરિ સુરવર ગુણ થુણઈ એ... (૨૯)

ગુણ થુણઈં મુનિવર દાન જિનવર સોલસમો
સંતીસરો, ધર્મ કાજિહિ માન મહીયલ, દશનભદ્ર
મુનીસરો, ભોગિ સુભદ્રા જાઈઉ શાલિભદ્ર
ઈંદ્ર જિમ અલવેસરો, શીલઈ થૂલિભદ્ર સંઘ ચઉવિહ
ચ્યારઈં એ મંગલ કરો... (૩૦)

ઈણિપરિ જિણવર વાંદતાંએ નાસઈએ કરમમલ દૂરિકિ,
દશનભદ્ર જિમ જગિ જયોએ, બોલએ બોલએ હીરાણંદસૂરિ કી,
ઈણિપરિ જિનવર વાંદતાએ... (૩૧)

ઈતિશ્રી દશાર્ણભદ્ર રાજઋષિ રાસ સમાપ્તા

- કઠિન શબ્દાર્થ :
  1. ઈન્દ્રજામલિ - ઈન્દ્રનો નાનો સારથી
  2. હિમ ધ્વજી - સોનાની ધજા
  3. તુખાર - ઘોડો
  4. અતુચ્છ - મોંઘુ
  5. લાછિ - લક્ષ્મી
  6. હેલા - વહેલા
  7. સંતીસરો - શાંતિનાથની

# ૨૭. આર્દ્રકુમાર વિવાહલો

આર્દ્રકુમાર વિવાહલોની રચના કવિ દેપાલની ૧૫મી સદીની છે. પ્રાચીન ગૂર્જર કાવ્ય સંચયમાં પ્રગટ થઈ છે.

આ કૃતિ સં. ૧૬૪૬માં વિનયશેખરે લખી છે. ઘણી પંક્તિઓ દેપાલની કૃતિ સાથે સામ્ય ધરાવે છે.

આર્દ્રકુમાર વિવાહલુની સોળમી સદીની રચના કવિ સેવકની છે.

કૃતિનો પરિચય અને હસ્તપ્રત પ્રગટ કરવામાં આવી છે.

**આર્દ્રકુમાર :**

અનાર્ય દેશમાં આવેલા આર્દ્રક દેશના રાજકુમાર હતા. તેમના પિતા આર્દ્રક અને શ્રેણિક રાજાને પરસ્પર ગાઢ મૈત્રી હતી. તેથી અભયકુમાર અને આર્દ્રક રાજાના પુત્ર આર્દ્ર કુમારની પણ મૈત્રી બંધાણી હતી. એક વખત પોતાના મિત્રને જૈનધર્મ પમાડવા અભયકુમારે મોકલેલી જિન પ્રતિમાનાં દર્શન થતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. અને આર્યદેશમાં આવીને દીક્ષા લીધી હતી. આ દીક્ષા વર્ષો સુધી પાળ્યા પછી ભોગાવલી કર્મનો ઉદય આવતાં તેમને સંસારવાસ સ્વીકારવો પડ્યો હતો. અને બાલકના સ્નેહબંધનમાંથી મુક્ત થવાં બીજા બાર વર્ષો પસાર કરવા પડ્યાં હતાં તે પછી તેમણે ફરી દીક્ષા લીધી હતી. અનેક જીવોને પ્રતિબોધ પમાડ્યો હતો. તેમણે ગોશાલક સાથે ધર્મ સંબંધી ચર્ચા કરી તેને નિરુત્તર કર્યો હતો.

સંસારી જીવનમાં એક પુત્ર થયો. પછી આર્દ્રકુમાર દીક્ષા લેવા માટે તૈયાર થયા ત્યારે પુત્ર સ્નેહને કારણે બાર વર્ષ પછી દીક્ષા લીધી હતી. પત્નીએ પુત્રને દીક્ષાની વાત જણાવી. સ્ત્રીએ રૂની પૂણી લઈને રેંટિયોથી કાંતવા લાગી. આ જોઈને પુત્ર કહે છે કે, માતા, તું આ શું કરે છે ? માતા એ કહ્યું કે તારા પિતા દીક્ષા લેવાના છે એટલે આ ત્રાકનું મારે શરણ છે. ત્યારે પુત્ર બોલ્યો કે, હું મારા પિતાને પકડીને બાંધી

દઈશ. પછી ત્રાક ઉપર જે સૂતરના તાર હતા તે પિતાના ચરણે વીંટી દીધા અને કહ્યું કે, માતાજી તમે ચિંતા કરશો નહીં. પિતાજી હવે જઈ શકશે નહીં. આ પુત્ર સ્નેહને કારણે આર્દ્રકુમારે વિચાર્યું કે હાલ દીક્ષા લેવાની શક્યતા નથી. સૂતરના જેટલા આંટા (તારના) છે એટલા વર્ષ સંસારમાં રહ્યા પછી દીક્ષા લઈશ. ૧૨ આંટા હતા એટલે ૧૨ વર્ષ પછી દીક્ષા લીધી.

આર્દ્રકુમાર ગૃહત્યાગ કરીને મુનિ થયા પછી આર્દ્રક નગરથી શોધવા આવેલા પાંચસો સામંતો મળ્યા પણ તે આર્દ્રકુમારને શોધી શક્યા નહીં. હવે આર્દ્રકુમાર મળ્યા નહીં તો રાજા પાસે જઈને શું કહેવું ? આ સામંતો આજીવિકા માટે ચોરીનો ધંધો કરતા હતા. આર્દ્રમુનિએ આ સામંતોને દેશના આપી પ્રતિબોધ પમાડ્યા. પાંચસો સામંતોએ એમની પાસે દીક્ષા લીધી. આર્દ્રકુમારે અભયકુમારને કહ્યું કે તમે મારા ઉપકારી છો. તમે મને અરિહંતની પ્રતિમા મોકલી અને હું આર્યદેશમાં આવ્યો.

આર્દ્રકમુનિ રાજગૃહી નગરીમાં આવ્યા અને પ્રભુ મહાવીરના ચરણોની સેવા કરી. અંતે મોક્ષગામી થયા.

## આર્દ્રકુમાર વીવાહલો

**લિપીકાર : પૂ.સા. શાશ્વતયશાશ્રીજી**

**માઈએ નયરહ સીહદૂયારિ પાંચ કન્યા રામિત રમઈએ**
**ચિંહુ પણિ વરીયલા થંભ ચ્યારિ વર નવિ પામી પામીએ ॥૧॥**
**ઠાવિ ચઉખંડીય વરજે એ થંભ ચિંહુ પણિ કુંપરી ચ્યારી ગ્રહ્યાએ**
**રૂપી નિરૂપમ જિસીય રંભ દનધત્ત ધૂય તે ખીજવીએ ॥૨॥**
**ખીજવી ધનદત્ત ધૂય બોલીયા બોલ બહુય**
**અમ્હે થંભ વરીયા તોઇ કુંવર અનેરઉ જોઈ ॥૩॥**
**કુંવર અનેરઉ જોઈ સખીએ કાંઈ કરઇ આગલિ રહી**
**ઉભીપી રાયા પ્રિય જોતી બહિની મની લાજઈ નહીં ॥૪॥**

રામતિ ફીટી... તુઝ ગડઉ નયણિ જલી ઝંઝોલીયા
સવી સખી મેલી વાવિ પાખઈ ભમઈ ભંભર ભોલીયા ॥૫॥
ભંભર ભોલીય નિયણ વિશાલ વરજોઈ ધણપ એકલીએ
વાવિ પાખલી ફીરઈ(૨) સા બાલ મુની લાઘઉ કાઉસગિ રહીઉએ ॥૬॥
લગન વેલા ગોધૂલિક વાર જાણિઉ થાંભઉ પાંચમુએ
કાસગિરહીઉઉ આદ્રકુમાર વરવરીઉ અણજાણતીએ ॥૭॥
વરવરીયું અંબુહ અયાણિ તે વાત વડીય પ્રમાણિ
જાણીઉએ હું થંભ શ્રૃંગાર પ્રથમારંભ ॥૮॥
શ્રૃંગાર પ્રથમારંભ પેખીયા પુલઈ મુનિ ગહિગહી
ખીજવી હુંતિ જેહિ પહિલી તે સવિ બોલાવી સહી ॥૯॥
સાંભલઉ બાઈએ વાત સાચી માહરઈ કમ્મિ આણીઉ
હું નહીય મેલ્હઉ નહીય મેલ્હઉ નહીય મેલ્હુ નર જાણીઉ ॥૧૦॥
નરજાણીય તઉ ભણિઉ તેણ સહીય સમાણીઈ સાંભલિઉએ
આપણે પઈ તઉ સવિ સકુલીણીય વરવરીઉ નવિ મેલીયા ॥૧૧॥
જઈ જઈ જંપઈ શાસણાદેવી અહિવિ હોઈ જે વંછીયું રે
સુરવર વૃષ્ટિ કરઈ તેણિ ખેવિ કંચન સારથ બાર કોડિ ॥૧૨॥
માય તાય સિઉ પુહુતઉ રાય નયર લોક સહુ બુઝવેએ
નારિ નામલ્હઈ મુનીવર પાય મુનીવર મુખી બોલઈ નહીએ ॥૧૩॥
ઈમ કરંતા ઉગીઉ સૂર મુનીવર કાઉસ્સગિ પારીઉએ
ચરણ મેહલાવીયા ચાલીઉ દૂરી ભોગહલી કમ્મિ ભોગવીયુંએ ॥૧૪॥
સુનંદા દાન દીઈ દાન સાલ દક્ષિણ કરિ દવ ઉલ્હવઈએ
દાન પ્રભાવિહિ કવિ દેપાલ આર્દ્રકુંયર વલી આવીઉએ ॥૧૫॥

વીવાહલા ઢાલ :

આર્દનરાય પહુતલા જામ લાડીએ વર ઉલખીઉ તામ
રહી રહી મુનીવર થિર થિરરાય મઈ ઉલખીયુંલા પ્રિય તુમ્હ પાય. ॥૧૬॥

હું તઉ વાત ન બોલું જૂઠી મુઝ રહઈ શાસન દેવતિ ત્રૂઠી
પાલઉ વાચા કરઉ પસાઉ તઉતિથ પરણઈ આદનરાય ॥૧૭॥

સુરવર જંપઈ જય જયકારો સુજનહ મનિ આનંદ અપારો
મંગલ ચ્યાર ધવલ તિહિ દીજઈ આર્દ્રકુંવર વર ગુણ ગાઈ જઈ ॥૧૮॥

લાડીએ ઈસિઉ વર તુમ્હ કિમ વરીઉ સોવન કલસ અમીયરસ ભરીયું
પુવ્વ ભવંતરિ જિણ આરાધિઉ તઉ તુમ્હિ આર્દ્રકુમર લાધઉ ॥૧૯॥

લાડીય સહિજિં સોભાગીહિ રૂડી કરયલિ કંકણ સોવન ચૂડી
લાડીય સિરિવરિ કુસુમહ ભેરો પાએ નેઉર રણઝણકારો ॥૨૦॥

કડિ કસમ સતી સેત પટઉલી લાડીય લંકી સમાઈકુલી
નવલઈ યોવનિ બિઉ પરણાવ્યા, મોહ મયણ બિઉ આણ મનાવ્યા ॥૨૧॥

સાથ સલક્ષણ બેટઉ જાયુ પુણ્ય પ્રભાવિ મોઘરિ આયુ
સાસણદેવી તણઈ પસાઈ અલિય વિઘન સવિ દૂર પલાઈ ॥૨૨॥

વસુ પુત્ર જનમિઉ કુલહ સિણગાર નીય કુલી કમલા કેલિ કરે
કુલમંડણ કુલતણઉ દીવઉ મનરંગિઈ જિણ દિઠત સા સાસણદેવી
પસાઈ જીવઉ નયર લોક આનંદીઉ ઉચ્છવ કીઉ અપાર
તઉ મોકલાવઈ વય ગહણિ કારણિ આર્દ્રકુમાર ॥૨૩॥

ધરણિ પભણઈ નિસુણિ ભરતાર સામી કાંઈ ઉતાવલઉ
પ્રાણનાથ અવધારી વયણહ અજીએ બાલઉ લડૂયડઉ
અજીય દેવસુમયણ દમ્મઈ અહુવિજય જાઈસિ પ્રીય
તઉડુ મેરૂ સમાન કઈ મુઝ હીયડઉ ફાટસિઈ કઈ ઉડેસિ થાન ॥૨૪॥

રમણિ સાંભલિ સાંભલી ભણઈ નરનાહુ રાજછંડિ મઈ વ્રત લીઉ
વ્રત મેલી ગૃહવાસ કિધઉ હુંતો તસુ જામલિ જાયઉ.
જિસિઉ લોહઘણ તંબવિધઉ મિત્ર અમ્હારઉ રાજગૃહ નયરજિત્ર
અભયકુમાર લદ્ધિઉ મેલિઉ જાણિસિઈ સોઈ અમ્હ સંજમભાર ॥૨૫॥

દેવ દોહિલઉ દોહિલઉ મઘરિ અવધારિ બંધવ અભયકુમાર તસ રાજ છંડિ
વ્રત તીણી લિધિઉ વિહરંતઉ વેશાધરિ ગયુ અહંકાર રસિસોજિ લિધઉ
વિષય રમઈ દેસણ કરઈ દિનિ દિનિ દસ પ્રતિબોધેઈ
નંદિસેણ મુનીનામ તસ નિંદા કોઈ ન કરેઈ ॥૨૬॥

મભણિ સુંદરિ સુંદરિ એહ દૃષ્ટાંત પુવ્વ ભવંતર સંભરઈ તેણિ
તેમ મહ દુઃખ સલ્લઈ જરર વસિ દલિદોરસિઉ અ... કલ્લિ
અમ્હ ભણિય મલ્લઈ તામ સુનંદા ઈમ ભણઈ વર વીનતી
નિસણેઈ બેટઉ નેસાલઈ ઠવીય પચ્છઈ વ્રત લેજેઈ ॥૨૭॥

તિણ વયણિહિ વયણિહિ રહીય નરનાહુ અંગલિ ગણતે દીહડે પાંચ વરસ
વુલીયા કર્મિ કર્મિ સુતને સાલહિ પાઠવીચ્છડ પડમતઉ આણંતઉ
ઉવસમિ કંતગમં ઉજાણિ કારિ કાંતણિ લાગીય નારિ રમત રમંતઉ
બેટડઉ સોઈજ સંપન્ન બારિ ॥૨૮॥

ઢાલ :

આપણઈ ઘરિ કિસિઉ કાંતલૂએ જાઈસિ વચ્છઉય તાતઉ
વડઉને સાલિઉએ અખઈય હોઈજે વચ્છમઈ ભલઈ સંસાલીઉએ ॥૨૯॥
જાઈસિઈઉ કિમ જાઈસિઈએ બાધલુ મોહનઈ પાસિ તુંવડઉને સાલીઉએ
અખઈય ॥૩૦॥

તાતલડા તૂયતેતલીએ હુંબલિકીજ સોનામ તું વડઉ અખઈય ॥૩૧॥

બારઈ તાંતણે વીંટીયાએ બારય સંકલ ભાર તું વડઉ અખઈય
બારઈ સોત્ર જણણિ તણાએ ત્રૂટલઉ બાર જે ત્રાગિ તૂ.અખઈ.
માઈય પઢતઈ વચ્છતઈ માયની પૂરીય આસ તૂ.અખઈ.
પુત્ર તઈ સુત્ર લખ્યા પખઈ રહાવીઉ ઘરનું સૂત્ર તૂ.અખઈ.
અભય કુંયાર તૂ પીત્રીઉએ ન્યાયી એ વડી બુદ્ધિ તૂ.અખઈ.
અમ્હ પ્રિય વચ્છ તઈ રહાવીઉએ રમતલા બાર વરિસ તૂ.અખઈ.
હોઈ જે વચ્છ છઉય

ઈતિશ્રી આર્દ્રકુમાર પ્રબંધ સંપૂર્ણ

સંવત ૧૬૪૬ વર્ષે જ્યેષ્ઠ સુદિ પૂનમ (૧૫) રવોશ્રી અહમદાબાદ નગરે રિખીસામીદાસગણિ સષ્યરિ. વિનયશેખરેણ લિખિતં સાધ્વીશ્રી ચંપાઇ સષ્યણિ સાધ્વી હંસાઈ વાચનાઈ ॥૧॥ શ્રી...

## ૨૮. કયવન્ના વિવાહલઉ

*કવિ દેપાલે આર્દ્રકુમાર ધવલ અથવા વિવાહલુની રચના કરી છે. તેનો ચોક્કસ સમય પ્રાપ્ત થતો નથી પણ ૧૫મી સદીની રચના છે. આ કવિની બીજી કૃતિ કયવન્ના વિવાહલઉ છે.*

*પ્રાચીન ગૂર્જર કાવ્ય સંચયમાં ઉપરોક્ત બે કૃતિ પ્રકાશિત થઈ છે. અનુક્રમે (પા. ૧૦૪ અને ૧૦૧)માં સંચય થયો છે.*

*કવિએ 'ધવલ' અને 'વિવાહલો' એમ બે કાવ્ય સંજ્ઞાનો પ્રયોગ કર્યો છે. મધ્યકાલીન સમયમાં કાવ્ય સંજ્ઞાઓમાં આ પ્રકારની રીતિ જોવા મળે છે. ધવલ-દીક્ષા પ્રસંગનું કાવ્ય અને વિવાહલઉ એ રૂપક કાવ્યની રીતે વિચારતાં ભૌતિક વિવાહ અને આધ્યાત્મિક વિવાહ રચાયેલ સંયમ સુંદરીને વરવાના પ્રસંગનું (દીક્ષા) કાવ્ય.*

*આ બે કૃતિઓ પ્રકાશિત થયેલ હોવાથી સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે.*

*કયવન્ના વિવાલઉ વ્યવહાર જીવનમાં નૂતન વર્ષના પ્રારંભમાં કે દિવાળીના દિવસે ચોપડા પૂજન યાને શારદા પૂજન વખતે 'કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો" એમ લખવામાં આવે છે અને જીવનમાં સૌભાગ્ય પ્રાપ્ત થાય એવી આશા રાખવામાં આવે છે.*

*કયવન્ના શેઠનો પરિચય ભરહેસરની સજ્ઝાયના વિવેચનને આધારે આપવામાં આવ્યો છે.*

*કવયન્ના શેઠ અને અભયકુમારની મિત્રતા પ્રસિદ્ધ છે. પૂર્વના પુણ્યથી સંપત્તિ પામ્યા પછી શેઠે ભગવાન મહાવીરની દેશના સાંભળી*

અને વૈરાગ્ય પામ્યા અને પોતાના પુત્રને કુટુંબની જવાબદારી સોંપીને દીક્ષા લીધી હતી. સંયમ જીવન પૂર્ણ થયા પછી શેઠનો આત્મા દેવલોકમાં ગયો.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને આરાધના કરી મોક્ષે જશે. કયવન્ના શેઠને પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને સંસારી જીવનના સંદર્ભમાં વિવાહલો સંજ્ઞા આપી છે. અંતે તો આધ્યાત્મિક વિવાહ જ મહત્વનો છે.

કૃતિના આરંભમાં જ કવિએ કયવન્ના અને અભયકુમારના સંબંધનો ઉલ્લેખ કર્યો છે. 'વાતડી' શબ્દ પ્રયોગથી બે જણના સંબંધનો નિર્દેશ થયો છે.

## કયવન્ના વિવાહઉ

ભણઈ કયવન્ના અભયકુમાર એક અપૂરવ વાતડીએ
ચારિઅ નારિ એહ નયર મઝારિ ચ્યારિએ બેટા અમ્હ તણાએ ॥૧॥
એકુતા એહુજુ બઢઉ વિનાણુ જેહુ જગાવઈતે ઉહસઈએ
હઉ નવિ જાણઉ તેહ તણુ, નામુ ન અહિનાણુ ન ધવલહરો ॥૨॥
સુપન સારીખિય સાચિય વાત નિશદિન ઘડીયન વીસરઈએ
અવરહ માણસ કેહિય માત્ર હઉં મૂલઉ હઉ મોલવિઉએ ॥૩॥
રાઉલિ કહઉ ન લાગએ રાવ કહઉ તઉ કોઈ માનઈ નહીએ
બુદ્ધિ-મયહર તું વિરદ બોલાવ જાણિ સિઈ બુદ્ધિ તુમ્હ તણીએ ॥૪॥
જાણિઉ કારણ તણઉ વિચારુ શ્રેણિક સંગમ ઈમ મણઈએ
તઉ કયવન્ના અભયકુમાર સયલ કુટેવ બઉ મેલવઉએ ॥૫॥
જિસઈ કયવન્ના તિસઉ જાખુ અનુપમ મૂરતી લેપનીએ
હરખિઈ વેચિઉ સોવન્ન લાખ અભયકુમાર કરાવિઉએ ॥૬॥
કંચન-રયણ-તણઉ સિણગાર નવલ પટોલા પરિરણઈએ
રુપ અપૂરવ અતિહિ અપારુ જીણઈ જગસહુ મોહીઉએ ॥૭॥

ચઉ બારઉ ચહુટઈ પ્રાસાદુ રાજગૃહે રળિયામણુએ
નયરહ મોહિ પડાવિઉ પડહુ બબાકડ ધરિહિ ઘરે ॥૮॥
આવઉ વેગિહિ સહુ સુકુટંબુ પંચમોદક જણજણ પ્રતિએ
રાખે કરિસઉ કોઈ વિલંબુ જાખુ જુહારઉ વિઘન હરો ॥૯॥
જાણિઉ જાખહ તણઉ-પમાળુ ઘરિ ઘરિ મોદક નીપજઈએ
એ બહુ બુદ્ધિ-તણઉ પરમાણુ અભયકુમારિ કરાવિઉએ ॥૧૦॥
એકિ ભણઈ પરમેસર જાખ`લાડૂય દેસુહું અતિ ઘણાએ
જે અમ્હ રોગઈ આગલિ રાખ તઉ તઉ સામીઉ અમ્હ તણઉએ ॥૧૧॥
એક નાચિઈ એકિ ગાઈ ગીતુ હરિખિહિ કવિ દેપાલ જિમ
ઇણ પરિ જાખુ જુહુપઉવેદીલુ મંગલકારઉ મગધદેસે ॥૧૨॥
પ્યારિ એ બેટા પ્યારિએ નારિ નવમી સરિસી પડો કરીએ
જઉ પુહુતાં પ્રાસાદ મઝારિ જાખુ દેખિ અચિરજ હુઓએ ॥૧૩॥
પુષ ભણઈ ઘરિ ચાલઉ તાત નારિ ન બોલઈ પુણુ હસઈએ
ઈસીય એહ અપૂરવ બાત નવજણ મેલાવઉ હુપઉએ ॥૧૪॥
બલિ કીજઉં તસો અભયકુમાર જેણ વિકટા મેલાવિયો એ
ગરુયપણઈ ધણ-ગુણહ ભાંડારું સયલા શ્રીસંઘ આણંદ કરો ॥૧૫॥

### કયવન્ના શેઠ

**કૃતપુણ્ય શેઠ (કયવન્ના શેઠ) :** રાજગૃહમાં ધનેશ્વર સાર્થવાહની સુભદ્રા પત્નીથી કૃતપુણ્ય કુમારનો જન્મ થયો. તેને તેના પિતાએ શ્રીદ શેઠની ધન્યા પુત્રી સાથે પરણાવ્યા. કુમારને સાધુઓંનો સંગ હોવાથી વિષયમાં આસક્તિ નહોતી. તે જાણી તેની માતાના કહેવાથી તેના પિતાએ જુગારીની સોબત કરાવી. ત્યાંથી અનુક્રમે અનંગસેના વેશ્યાની સોબત થઈ અને તે ત્યાં જ રહ્યો.

માબાપ તેને ધન મોકલતા હતા, પરંતુ તે મરણ પામ્યા. તેની ધન્યા સ્ત્રી એકલી (તકલી) કાંતિને ગુજરાન ચલાવતી હતી. કારણ કે

ધન બધું ખલાસ થયું હતું. વેશ્યાની દાસી ધન લેવા આવી એટલે પત્નીએ છેવટે પોતાના દાગીના જે રહ્યા-સહ્યા હતા તે પણ પોતાના પતિના સુખ ખાતર આપી દીધા. દાસી દાગીના લઈ વેશ્યાને ત્યાં ગઈ, વેશ્યાની માને શેઠના ઘરની સ્થિતિ કહી. અનંગસેનાની નામરજી છતાં પોતાના કુલાચારને અનુસરીને તેની વેશ્યા ડોશીએ ધુળ ઉડાડી શેઠને પોતાના ઘેરથી કાઢી મૂક્યા.

શેઠ ઘેર આવ્યા. બધું ફરી ગયેલું જોઈ શેઠ બહુજ આશ્ચર્ય પામ્યા. તેવામાં તેમની પત્ની સામે આવી માનપૂર્વક ઘરમાં તેડી ગયા. તેની ઘણી સેવાભક્તિ, સ્નાન ભોજન કરાવ્યું. શેઠના ખેદનો પાર ન રહ્યો, પોતાની આવી સ્થિતિ માટે તેના દિલમાં ઘણું જ દુઃખ થવા લાગ્યું. પરંતુ પવિત્ર આર્યપત્નીના સુમધુર શબ્દોથી તેમને ઘણું આશ્વાસન મળ્યું, અને "પોતાની પાસે હજુ એક હજાર સોનામહોર છે, તે લઈ પરદેશ જઈ આપ સુખેથી વેપાર ચલાવો." એમ કહ્યું.

તે વિચાર ચાલતો હતો તેવામાં એક પરદેશી વેપારીઓનો કાફલો ત્યાં આવી રહ્યો. તેની સાથે જવા માટે શેઠને રાત્રે પ્રસ્થાન કરાવ્યું. ને એક યક્ષમંદિરમાં શેઠને પલંગ ઉપર સુવાડી તેમની સગર્ભા પત્ની પાછી આવી.

આ તરફ એક ધના નામના વેપારીની રૂપવતી નામની સ્ત્રીના જિનદત્ત નામના પુત્રને ચાર સ્ત્રીઓ હતી, પરંતુ તે અપુત્રીયો મરણ પામવાથી તેનું ધન રાજા ન લઈ જાય, માટે રૂપવતીએ ચાર વહુઓને એવું સમજાવ્યું કે "આપણે કોઈએ રોવું નહીં, અને તમારા પતિને ગુપ્ત રીતે દાટી દેવા અને બીજા કોઈ પુરુષને લાવી તમારે તેને પુત્ર થાય ત્યાં સુધી પતિ તરીકે રાખવો જેથી આપણું ધન રાજા લઈ જઈ શકશે નહીં." પુત્રવધુઓએ આ વાત કબુલ કરી, તેના પતિને ગુપ્ત દાટી આવી, જોગાનુજોગ પરદેશી કાફલામાંથી અજાણ્યા પુરુષોને લેવા જતાં એ ચારેય સ્ત્રીઓ કૃતપુણ્ય શેઠને પલંગ સહિત પોતાને ઘેર ઉપડાવી લાવી. રૂપવતી તેને કહેવા લાગી "પુત્ર તું જન્મથી ક્યાં ગયો

હતો ? તારા વિના હું તો મરવા જેવી થઈ ગઈ હતી, તું આવ્યો, ઠીક થયું. તારી આ ચાર ભાભીઓ તારી વહુઓ જ છે. એમ તું સમજ" તેવામાં પેલી ચાર સ્ત્રીઓ પણ તેને સ્વામી તરીકે સ્વીકારીને પતિભક્તિ કરવા લાગી. કૃતપુણ્ય શેઠ આ બધું જોઈ આશ્ચર્ય પામ્યા, પરંતુ વખત વિચારીને ત્યાં રહ્યા. તેમનાથી ૧૨ વર્ષમાં ચારેયને એક એક પુત્ર થયો. એટલે રૂપવતીના કહેવાથી અનિચ્છાએ પણ પેલી પુત્રવધૂઓ પ્રથમ પ્રમાણે જ પલંગમાં સૂતેલા શેઠને ચાર રત્ન ગર્ભિત ચાર ભાતાના લાડુ સાથે તેજ યક્ષ મંદિરમાં મુકી ગઈ. તે જ દિવસે પાછો ફરીને પેલા વેંપારીઓનો કાફલો ત્યાં આવી ચડ્યો હતો. પોતાના પતિને પાછા આવેલા જાણી તેમની પૂર્વ પત્ની તેમને લેવા સામે આવી. યક્ષના મંદિરમાં જઈ પલંગમાં સૂતેલા શેઠને પોતે જ ઉઠાડ્યા, ને ઘેર તેડી ગઈ, ને પૂછ્યું, કે "શું કમાઈને લાવ્યા ?" શેઠે કહ્યું - "કાંઈ પણ નહીં." પેલા ચાર લાડુ મૂકી રાખ્યા. તેમાંનો એક નિશાળે જતાં છોકરાને આપ્યો છોકરો ખાવા જતાં તેમાંથી નીકળેલું રત્ન કંદોઈને આપી ખાવાનું માંગ્યું. લેવડદેવડમાં પાણીની કુંડીમાં પડતાં પાણીના બે ભાગ થઈ જવાથી કંદોઈએ તેને "જળકાંત મણિ" માનીને તેને લાડુ આપ્યા.

એવામાં એક દિવસે રાજાને સેચનક હાથીને કોઈ જળજંતુએ પકડ્યો. પાણીમાં માર્ગ કરવાથી તે બચી શકે તેમ હતું. માટે જળકાંત મણિ જોઈએ. રાજાના ભંડારમાંથી તે ન મળવાથી મનોરમા પુત્રી અને રાજ્ય આપવાની જાહેર ઘોષણા કરાવી. તે વાત કંદોઈને કાને જતાં તેણે જળકાંત મણિ આપ્યો. ને હાથી બચ્યો.

રાજાએ વિચાર કર્યો કે "આ કંદોઈને પુત્રી શી રીતે આપવી ?" અભયકુમારે તેને બોલાવી તેને માર મરાવી તેની પાસેથી રત્નના ખરા માલિકનો પત્તો લગાડ્યો. ને કૃતપુણ્ય શેઠને બોલાવી તેની પુત્રી તથા રાજ્યાર્ધ આપ્યું. કંદોઈને એક ગામ અને બીજા કંદોઈની પુત્રી પરણાવી.

આ પ્રસંગ પછી શેઠને અને અભયકુમારને મૈત્રી થઈ. શેઠે પોતાની ચાર સ્ત્રીઓ અને પુત્રોની વાત કરી. "પણ તે કયું મકાન ? તે હું ઓળખી શકતો નથી. કેમ કે મને લઈ જતી અને મુકી જતી વખતે હું ઉંઘમાં હતો. મને સાત માળથી નીચે ઉતરવા દીધો નહોતો. એટલે હું શી રીતે ઓળખી શકું ?" અભયકુમારે એક યુક્તિ કરી. શેઠના જેવી મૂર્તિ ઘડાવી એક યક્ષ મંદિર બંધાવ્યું. તેમાંથી "એક બારણેથી બીજા બારણે યક્ષની પૂજા કરી બાળકોવાળી સ્ત્રીઓ નહીં નીકળી જાય, તેનું મૃત્યુ થશે." એવી ઘોષણા કરાવી. અનેક સ્ત્રીઓ બાળકો સહિત નીકળી ગઈ, તેવામાં રૂપવતી ડોશી વહુઓ અને બાળકો સાથે આવી, પૂજા કરવા લાગી, એટલે છોકરાઓ પોતાના બાપા ધારીને તે મૂર્તિને અડવા લાગ્યા, તેની પાસે જવા લાગ્યા તેના વસ્ત્ર ખેંચવા લાગ્યા. અભયકુમારે તુરત જ તે બધું કયવન્ના શેઠને બતાવ્યું. ને તેણે તેઓને ઓળખ્યા, એટલે તેમની પાછળ માણસો મોકલી ઘરનું ઠામ ઠેકાણું જાણી લીધું, ને તે ચાર સ્ત્રીઓ, પુત્રો તથા તે સંપત્તિ બધી શેઠને અપાવી. હવે, પરમાત્મા મહાવીર પ્રભુ ત્યાં સમોસર્યા. દેશના સંપૂર્ણ થઈ ગયા પછી શેઠે પૂછ્યું કે "હે સ્વામી ! મારી આવી વિચિત્ર સ્થિતિ કેમ થઈ ?" પ્રભુએ "પૂર્વભવમાં મુનિને ત્રણ વખત છૂટે છૂટે વખતે ખીર વહોરાવવાથી સુખ મળ્યું, પણ તે ત્રણ કટકે મળ્યું." વિગેરે.

આ ઉપરથી વૈરાગ્ય પામી મોટા પુત્રને ઘરનો કારભાર સોંપી સાતેય ક્ષેત્રમાં ધન વાપરી શેઠે દીક્ષા લીધી અને દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

## કયવન્ના વિવાહલઉ

**(કર્તા - કવિ દેપાલ, રચના સમય : ૧૫મી શતાબ્દી)**

**ભણઈ કયવન્નઉ અભયકુમારુ, એક અપૂરવ વાતડી એ ।**
**ચ્યારિએ નારિ એહ નયર મઝારિ, ચ્યારિ એ બેટા અમ્હ તણા એ ॥૧॥**

એકુ તાં એહુ જુ વડઉ વિનાણું, જેહુ જણાવઉં તેઉ હસઇ એ ।
હઉં નવિ જાણઉં તેહ-તણઉ નામુ, ન અહિનાણુ ન ધવલહરો ॥૨॥
સુપન-સારીખિય સાચિય વાત, નિશિદિન ઘડીય ન વીસરઈ એ ।
અવરહ માણસ કેહિય માત્ર, હઉં ભૂલઉ હઉં ભોલવિઉ એ ॥૩॥
રાઉલિ કહઉં ન લાગએ રાવ, કહઉં તઉ કોઈ માનઇ નહીં એ ।
બુદ્ધિ-મયરહર તું બિરદ બોલાવ, જાણિસિઇ બુદ્ધિ તુમ્હ તણી એ ॥૪॥
જાણિઉં કારણ-તણઉ વિચારુ, શ્રેણિક-સંભમ ઈમ ભણઈ એ ।
તઉ કયવન્ના અભયકુમાર, 'સયલ કુટંબ જઉ મેલવઉ એ ॥૫॥
જિસઉ કયવન્નઉ તિસઉ જાખુ, અનુપમ સૂરતી લેપમીએ ।
હરખિહિઉં વેચઉ સોવન્ન લાખ, અભયકુમાર કરાવિઉ એ ॥૬॥
કંચણ-રયણ તણઉ સિણગાર, નવલ પટોલાં પહિરણઇ એ ।
રૂપ અપૂરવ અતિહિ અપારુ, જીણઇ જગ સહુ મોહીઉં એ ॥૭॥
ચઉ-બારઉ ચહુટઇ પ્રાસાદુ, રાજગૃહે રુલિયામણઉ એ ।
નયરહ માંહિ પડાવિઉ સાદ, પડહુ બજાવઉ ઘરિહિ ઘરે ॥૮॥
આવઉ વેગિહિં સહુ સુકુટંબુ, પંચ મોદક જણ જણ પ્રતિ એ ।
રાખે કરિસઉ કોઈ વિલંબુ, જાખુ જુહારઉ વિઘન-હરો ॥૯॥
જાણિઉ જાખહ તણઉ-પમાણુ, ઘરિ ઘરિ મોદક નીપજઈ એ ।
એવડુ બુદ્ધિ તણઉ પરમાણુ, અભયકુમારિ કરાવિઉં એ ॥૧૦॥
એકિ ભણઇં પરમેસર જાખ, લાડૂય દેસુ હૂં અતિ ઘણા એ ।
જે અમ્હરોગહ આગલિ રાખ, તઉ તઉં સામીઉ અમ્હ તણઉ એ ॥૧૧॥
એકિ નાચિઇ એકિ ગાઇં ગીતુ, હરિખિહિ કવિ દેપાલ જિમ ।
ઈણ પરિ જાખુ જુ હુયઉ વદીતુ, મંગલ-કારઉ મગધ દેસે ॥૧૨॥
ચ્યારિ એ બેટા ચ્યારિ એ નારિ, નવમી સરિસીય ડોકરી એ ।
જઉ પુહુતાં પ્રાસાદ-મઝારિ, જાખુ દેખિ અચરિજ હુઓ એ ॥૧૩॥

પુત્ર ભણઈ 'ઘરિ ચાલઉ તાત, નારિ ન બોલઈં પુણુ હસઈં એ ।
ઈસીય એહ અપૂરવ બાત, નવ-જણ-મેલાવઉ હુયઉ એ ॥૧૪॥
બલિકીજઉં તસો અભયકુમાર, જેણ વિફટાં મેલાવિયાં એ ।
ગરુંયપણઇ ઘણ-ગુણહ ભંડારુ, સયલા શ્રીસંઘ આનંદ કરો ॥૧૫॥

(સંદર્ભ : પ્રાચીન ગુર્જર કાવ્ય સંચય પા. ૧૦૧)

## ૨૯. જંબુસ્વામી વિવાહલો

*કવિ સહજસુંદરે આ વિવાહલોની રચના કરી છે. વિવાહલોમાં રચના સમયનો કોઈ ઉલ્લેખ થયો નથી. જૈન ગૂર્જર કવિઓ ભાગ-૧માં પા.૨૬૩ ઉપરની નોંધ પ્રમાણે જંબુ અંતરંગ વિવાહલુ શીર્ષક જોવા મળે છે. (રચના સમય ૧૫૭૨ છે.) હસ્તપ્રતમાં અંતરંગ શબ્દની નોંધ નથી પણ આ વિવાહલો જંબુ સ્વામીના હૃદયમાં વૈરાગ્યનો સાગર લહેરાવતો હતો અને સંયમ સ્વીકારવાની તીવ્ર ભાવના હતી તેનો એમને આત્માનો સાચો અવાજ સંભળાય છે. રાજગૃહી નગરીમાં પ.પૂ. સુધર્માસ્વામીજી પધાર્યા હતા ત્યારે જંબુકુમાર એમની વૈરાગ્યરસ સભર વાણી સાંભળી અને સંયમ સ્વીકરવા માટે નિર્ણય કર્યો હતો. પણ માતા-પિતાના આગ્રહને કારણે આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતા. લગ્નની પ્રથમ રાત્રિએ જંબુકુમારે આઠ પત્નીઓને ઉપદેશ આપીને સંયમ સ્વીકારવા અનુરોધ કર્યો. આ રાત્રિએ પ્રભવ ચોર એમના ૫૦૦ સાથીઓ સાથે જંબુકુમારને ત્યાં ચોરી કરવા આવ્યો હતો. એમને જંબુકુમારની વાણી સાંભળીને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો હતો. આ રીતે જંબુસ્વામીના ઉત્કૃટ વૈરાગ્યની ભાવનાથી એણે દીક્ષા અંગીકાર કરી હતી.*

*જંબુકુમારના જીવનને કેન્દ્રમાં રાખીને આ વિવાહલોની રચના થઈ છે તેમાં જંબુકુમારની દીક્ષા અને મુક્તિનો પ્રસંગ એ આધ્યાત્મિક*

*વિવાહ હોવાથી વિવાહલો સંજ્ઞા આપી છે. એમના અંતરમાં વૈરાગ્યનો સાગર લહેરાતો હોવાથી (આંતરિક વૈરાગ્ય ભાવના હોવાથી) અંતરંગ વિવાહલુ સંજ્ઞા પણ આપવામાં આવી છે. આ પ્રસંગે સંસારી જીવનના વિવાહમાં સુખ કરતાં અધિક અધિક શાશ્વત સુખ આપનાર સંયમ હોવાથી વિવાહલો નામ સિદ્ધ થયું છે.*

**કવિ સહજસુંદરની રચનાનો પરિચય નીચે પ્રમાણે છે :**

- કવિ સહજસુંદર ૧૬મી સદીના ચોથા તબક્કામાં થયા હતા. તેઓ ઉપકેશ ગચ્છના ઉપાસન સમુદ્રના શિષ્ય હતા.

કવિએ વિવાહલોનો આરંભ સરસ્વતી વંદનાથી કર્યો છે અને ભવભ્રમણનો નાશ કરવા માટે જંબુસ્વામીનાં ગુણગાન ગાવામાં આવે છે.

આરંભમાં જ જંબુસ્વામીને મુક્તિ નારી સિવાય અન્ય નારી પસંદ નથી એમ જણાવીને એમના જીવનનો સારભૂત શાશ્વત વિચાર પ્રગટ થયો છે.

"મુગતિ વધૂ સ્યું મન મિલ્યું, અવર ગમઈ નવિ નારી." આ રીતે આઠ સ્ત્રીઓ જંબુસ્વામીને સંસારમાં સુખ ભોગવવા વિનંતી કરે છે. અમારા જીવનનો આધાર તમારા વિના બીજો કોઈ નથી.

સ્ત્રી વિરહની સ્થિતિનો પરિચય કરાવતી પંક્તિઓ જોઈએ...

ઉન્હાવા ભરિ ભૂયડિ તરસ્યા શીતલ છાંહ.
વિરહ સરોવર બૂડંતા, દિઈ અમ્હનઈ પ્રીય બાંહિ ॥૧૧॥
યૌવન સરોવર ઉભરઈ, પ્રીયાકા બંધન પાલિ ।
નારિ જમ રાસ ન છોડીઈ, જિમ જલ વિણ તરૂ ઠામિ ॥૧૨॥

આપણે સરખે સરખા છીએ, યૌવન મળ્યું છે, શા માટે અમારો ત્યાગ કરો છો તે સમજાતું નથી. સ્ત્રીઓનાં વચન સાંભળીને જંબુકુમાર કહે છે કે, આ સંસાર અસાર છે.

"નારી દીપ પતંગ જિમ પામઈ મરણ અપાર."

કહાં સુખ સંભારીઈ સ્વારથીઉ સહૂ કોઈ.
એક જીવઈ બીજું મરઈ, પૂઠિ ન પુઠવઈ કોઈ.
માહરી માહરી પ્રીય કરિ, મોહ વિણ દુઃખડા કાલ
જેહ વિણ ઘડીઈ ન જીવઈ, તે વિણ ગમીઈ કાલ."

સંસારમાં મોહ છે તેને અમૃત માનીને પીવામાં આવે છે પણ મરતા માણસને કોઈ બચાવી શકતું નથી. મોહ હોવા છતાં તેની પાછળ કોઈ મરતું નથી. સંસારભાવનાના વિચારો વ્યક્ત કર્યા પછી અંતે મોક્ષના અનંત અવ્યાબાધ સુખની તુલનામાં સંસારનું સુખ કોઈ કામનું નથી.

અનંત સુખ આપનાર મુક્તિ વધૂને મારે પરણવું છે. માત્ર મન-વચન અને કાયામાં મુક્તિ વધૂ રમ્યા કરે છે. અજય-અમર થવાય એવી મુક્તિ માટે મારું મન મોહ્યું છે. કવિએ ભ્રમરો અને કમળની પ્રીતથી જીવન નષ્ટ થવાનું દૃષ્ટાંત આપ્યું છે.

કવિએ રૂપકાત્મક અભિવ્યક્તિ દ્વારા મોક્ષની માહિતી આપી છે.

અવિચળ-શાશ્વત એવું મોક્ષનગર છે. તેનો રાજા અનંત છે... અનાદિ તેની પટરાણી છે... મુક્તિ તેની દાસી છે. તે બાળકુમારી છે. તેની સાથે મારે પરણવાનું છે. એમ જંબુસ્વામી જણાવે છે.

જંબુસ્વામીને અને આઠ સ્ત્રીઓના લઘુ સંવાદને અંતે ગુરુને વંદન કરી સાચો માર્ગ બતાવવા જણાવે છે. તપથી કાયા તપાવવી અને નવકારનું સ્મરણ ધ્યાન ધરવાથી મુક્તિ મળે છે. આ વિચાર જાણીને વિના વિલંબે મુક્તિવધૂ સાથે વિવાહ કરીશું. એમ નક્કી કરવામાં આવે છે.

કવિએ રતિપૂર શબ્દ પ્રયોગ કરીને મોહનગર છોડવાના નિર્ધારનો ઉલ્લેખ કર્યો છે.

કવિએ દૃષ્ટાંત આપીને જણાવ્યું છે કે, જેમ કોયલ આંબાના વૃક્ષની ઝંખના કરે છે તેમ તમારા ગુણોનું ધ્યાન ધરીએ છીએ.

સ્ત્રી સહજ રીતે અસત્ય વચન બોલે છે પણ હવે હું જિનવાણી વચનની અવજ્ઞા નહીં કરું. ચંદ્ર અને ચકોર સમાન પ્રીત રાખીશ.

કાવ્યના અંતે કવિએ જંબુસ્વામીના સંયમ જીવનનો પરિચય કરાવ્યો છે અને અંતે મુક્તિ પામે છે તેનો ઉલ્લેખ કર્યો છે.

"શેઠ રૂષભદત્ત કુલતિલુએ વર વીવાહલુએ અહીં વીવાહલુ દ્વારા સંયમનો સંદર્ભ છે. આરાધનાની માહિતી આપતાં કવિ જણાવે છે કે, દાન, શીલ, તપ, અને ભાવધર્મ અષ્ટ પ્રવચન માતાનું પાલન (પાંચ સમિતિ + ૩ ગુપ્તિ)થી આત્મા અનંત અક્ષય સુખનો ભોક્તા બને છે.

બાર પ્રતિમાની આરાધના કરી, સૂત્ર-સિદ્ધાંતોનો મંડપ રચ્યો, નવાનવા ચંદરવા બાંધ્યા, આઠ કર્મોનો નાશ કરવા માટે વર્ધમાન-સ્વામીનું ધ્યાન ધર્યું. સંયમ સ્વીકારીને ૧૮ હજાર શીલાંગનું પાલન કરનારા હતા. આ રીતે આરાધનાથી સંયમના ગુણો વૃદ્ધિ પામ્યા એ કર્મક્ષયથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દુંદુભિનો નાદ થયો. આ આધ્યાત્મિક લગ્ન જોવા માટે લોકો દોડતા આવ્યા. શ્રી જંબુસ્વામીની શોભા વિશે કવિ કહે છે કે તેઓશ્રી તપ-જપ અને પાંચ મહાવ્રતથી શોભતા હતા. લગ્નમાં વાજાં વાગે તેવી રીતે જ્ઞાન-વિજ્ઞાનની ભૂંગળ રણઝણતી હતી. જીવદયાના સાગરથી સંસારને પાર પામી ગયા.

કવિએ આધ્યાત્મિક વિવાહની રૂપકાત્મક અભિવ્યક્તિ કરીને અંતે જણાવ્યું છે કે,

આસ હીયાની સવિ ફલી

તિહાં મુગતિ વધૂ પરણી ભલી.

કવિ સહજસુંદરે જંબુસ્વામી વિવાહલોની રચનામાં રૂપકનો પ્રયોગ કરીને વિવાહલો નામ ચરિતાર્થ કર્યું છે.

વિશેષમાં જંબુસ્વામીના સંયમની આરાધનાને વિવિધ રીતે દર્શાવીને કેવળજ્ઞાન થાય છે, મોક્ષે જવાય છે તેનો ઉલ્લેખ કર્યો છે. આ

વિવાહલો ભવ્યાત્માઓ માટે અધ્યાત્મ જીવન જીવવાની પ્રેરણા આપે તેવી ક્ષમતા ધરાવે છે.

૬૨ કડીના આ વિવાહલોમાં મુક્તિના રૂપકનો પરિચય જંબુકુમારના જીવનને કેન્દ્રમાં રાખીને કરાવ્યો છે. કવિ પ્રતિભા પણ ઉત્તમ કક્ષાની છે.

## જંબુસ્વામી વિવાહલો

**લિપિકાર : ડો. ભાનુબેન શાહ**

સરસતિ સહિ ગુરુ પય નમી, ટાલિસિ ભવ ભવ દાહ;
જંબૂસામી કેરડું ગાઈસિ વર વીવાહ... ૧

ધર્મ ચિંતા તવ ધુરિ લગિ, નવિ રાચઈ સંસારિ;
મુગતિ વધૂસ્યું મન મિલ્યું, અવર ગમઈ નવિ નારિ... ૨

આઠઈ નારી વીનવઈ, અબલા કિમહિમ છોડી;
ચતુર ચિણુઠી કારણિં, માણિક પાય મેરે... ૩

પાય પડું વીનતિ કરું, મેલિ પનુતા રાઢિ;
કઈ હત્યા લિઉ અમ્હ તણી, કઈ અમ્હનઈં વાઢિ... ૪

કષ્ટ કવિણ સૂરી મરઈ, અવર ન મંડઈ મોહ;
તે કાં દૈવિં સર જીવ, કઠિન હીઉં જિમ લોહ... ૫

આંબા તણઈ વરાંસડિ, જાણ્યું જાંબૂ મીઠા;
ચાખિ તું કાલુ થયું, સોલિ સાલિ છઈ વૃક્ષ... ૬

જીવાડઈ તુ જીવીઈ, સુખ દુખ તાહરિ સાથિ;
જનમ લગઈ વિહડું નહીં, વાચાલિઉ જિમ હાથિ... ૭

દેસવ દેશ ભમી કરી, સુખ દુખ સહિયાં અનંત;
જિમ તિમ કરી યૌવન તણું, લાહુ લીજઈ કંત... ૮

જગ સઘલું જુઠઉં ભમઈ, અવિહડ નહીં સનેહ;
જો જસ ઉપરિ આવટિ, ચિંતન પ્રાણઈ તેહ... ૯

સહજિ સલૂણઉ, સગુણ નરા જુ જગિ મિલિસિ મોહ;
તુ વલિ દૈવ અટરડું, પગિ પગિ કરઈ વિછોહ... ૧૦
ઉન્હાલા ભરિ ભૂયકી, તરસ્યાં શીતલ છાહ;
વિરહ સરોવર બૂડંતા, દિઉ અમ્હનઈં પ્રીય બાંહ... ૧૧
યૌવન સરોવર ઉલટઈ, પ્રીઅડા બંધન પાલિ;
નારિ નરાસ ન છોડીઈ, જિમ જલ વિણ તરુ ડાલિ... ૧૨
સરિખા સરિખું છઈ મિલ્યું, નવ યૌવન ભર ભાવિ;
કિણા કારણિ તું પરિહરઈ, તે અમ્હનઈં સમઝાવિ... ૧૩
રામા રામા ધન્ન ધન્ના, કરતુ ભમઈ વદેસ;
ઘરિ બઈઠી ગોરડિ રમઈ, પ્રીય ઝૂરઈ પરદેસ... ૧૪
સાંભલિ નારી કેવણ સુખ, એ સંસાર અસાર;
નારી દીપ પતંગ જિમ, પામઈ મરણ અપાર... ૧૫
કે તું દુઃખ સંભારીઈ, કે તા કીજઈ રોસ;
આણઈ યૌવન વેસ જઈ, પગિ પગિ લાગઈ દોસ... ૧૬
કેહાં સુખ સંભારીઈ, સવારથીઉં સહૂ કોઈ;
જવ જેહનઈં પુહચઇ નહિ, તેઈ તસ વયરી હોય... ૧૭
ઈણ સંસારિ અસારજઈ, સનેહ જાતે કારિમા સંજોઈ;
એક જીવઈ બીજુ મરઈ, પૂછિ ન પુહચઈ કોઈ... ૧૮
જે વંછઈ પ્રીઅ પૂઠડી, વલી વિછોહ કરંતિ;
મરતાં જે રોઈ વલી, મઝનઈં તે ન ગમંતિ... ૧૯
માહરી માહરી પ્રીય કરિ, મોહ વિણ દુખહ ડાલ;
જેહ વિણ ઘડીઅ ન જીવીઈ, તે વીણ ગમીઇ કાલ... ૨૦
મોહ વયણ તે અમીઅ રસ, ભરિ ભરિ ઘુંટ પીઅંતિ;
હુસિમિ હંસા જીવતાં, મરતાં કી ન મરંતિ... ૨૧

મોક્ષ નગરનું રાજીઉ, મોટઉ રાય અનંત;
પટરાણી તેહુનઈ અછઇં, નામિ અનાદિ કહુંતિ... ૨૨

તસુ બેટી સુર અપછરા, મુગતિ મનોહર નામ;
બાલ કુંઆરી પરણસ્યું, અવર નથી મુઝ કામ... ૨૩

પ્રીતિ મિલી વિહડઈ નહીં, સદા સુરંગી જેહ;
મન વચન કાયા રમઈ, અમ્હ ઘરિ ઘરણી તેહ... ૨૪

મુખિ માંઠી મન મોહની, પ્રિયં કંદલા સુચંગ;
પ્રાપતિ વિના ન પામીઈ, નારિ અમી નવરંગ... ૨૫

અજર અમર ગુણવંતડી, સદા સહીજી હોઈ
તસ રુપિં મન મોહીઉં, ઈસીઈ ન જામલિ કોઈ. ૨૬

તુરણી તો કમલિ જસી, સરસ સુગંધ સુવાસ
સંપુરિંસ ભમર બંધ્યા મરઇં, ક્ષણ ન છોડઈ પાસ.. ૨૭

તેહસું રે સગુણ ગોઠડી, જે એક વાર કરંતિ
વેધિ વિલૂધુ ભમરલુ, પાછઉ તે ન વલતિ... ૨૮

રુપવતી પણિ તે જમઈ, સુખ ન લહઈ પાર;
વિલસ્યું તે વનિતા નહીં, સફલ કરું અવતાર... ૨૯

સવિ પરિવાર લેઈ કરી, વંદ્યા શ્રી ગુરુ રાય:
જિમ કિમ મુગતિ વહૂ મિલઈ, તેહવિ કરું ઉપાય.. ૩૦

મન ઝરઈ નિસિ દિન ફિરઈ, વિવધ વિરાચણ સોઈ
વેધિ વિલૂધાં માણસા, મિલ્યા પછી સુખ હોઈ... ૩૧

કહિંનઈ વેધ મ લાગસ્યું, વેધિ મરઈ કુરંગ:.
ચડઈ સરાજઈ જેહનઇં, તે વેધડુ સુરંગ... ૩૨

ખપઈ જપઈ નઈ તપ તપઈ, સવિ સૂની વડિ,
જે જસ ઉપરિ રાતડઉ, કિમહ ન મલિ કેડિ.. ૩૩

ગુરુ ગીતારથ પૂછીય, જય મંગલ જઅકાર;
નવ નવ પરિ કાગલ લખી, દૂત કીઉ નવકાર... ૩૪

મુગતિ કરુ જ્યા વેલ્લ વહી, ઠવઈ સંદેસુ જંબૂ;
સહી કરવું વીવાહલુ, કરિવુ નહિ અવિલંબ... ૩૫

તુઝ નામિં મન ઉલસઇ, જિમ વરસાતિ કયંબ;
આક તણાં ફૂલ કુણ ભખઈ, જીણઇ ચાખ્યા અંબ... ૩૬

વિરહ દાવાનલ ઉલવણ, દરસણિ જન મલંતિ;
તિણિ કારણિ મઝ દેખવા, દોઈ અંખડી પતંતિ... ૩૭

જવ લગઈ શ્રવણે સુણી, તવ લગિ લીધુ વેધ;
આશા તરુઅર મુરીઉ, ગોરી મ કરસિ ખેદ... ૩૮

રતિ પુર છાંડી તપ તણું, એક મુઝ તાહરું ધાન;
દુખ દીધા અમ્હ પાલવુ, દિઉ અમ્હ જિવિત દાંન... ૩૯

નારી દીસઈ નવ નવી, અઈ મિલિ સુહરાય;
પણિતે તુઝ સિઉં મન મિલઈ, તે ન મલઈ અવરાય... ૪૦

કોઈલિ સમરઈ અંબ વન, સમરઈ વરુ ગયંદ;
તિમ સમરું ગુણ તાહરા, જસ્યું ચકોરી ચંદ... ૪૧

થોડઈ ઘણઈ સુજાણ ગુણ, ઘણું કહીસ્યું કાજ;
ચતુર હસિ તુ પ્રીછસિ, મઝ ઝનુઝ દીઠઈ રાજ... ૪૨

વાલા સુણિ વલતું ભણઈ, જુ તુઝ મઝસિં કામ;
સુખવટ જુ મનસિં મલિ, રખે અણાવઈ લાજ... ૪૩

હું નારી છું આકરી, જૂઠઉ મઝ વિવહાર;
આણ ન લોપઈ જિન તણી, તે અમ્હવુ ભરતાર... ૪૪

ચંદ્રવદન મૃગલોઉરણી, નારી ભય અનેક;
જુ તે દેખી તું પડઈ, તુ એતલું સૂચેક... ૪૫

પહિલું સિહ સમુ રહિ, છેહડઈ હૂઈ સીઆલ;
મઝનઈ પરુષ તેહ જ ગમઈ, જે હુઈ દીન દયાલ... ૪૬

પાડિઉ ન પડઈ રસિ ચડઈ, જિસ્ય તે બાવન વીર;
તેહની જગવલ્લભા, જુ હુઈ સાહસ ધીર... ૪૭

મુગતિદૂત પઠાવીઉ, કારક સમકિત નામ;
ઈમ જાંણી કરી આવજો, અછિ અપૂરવ ઠામ... ૪૮

જંબૂકુમર હવઈં સામહિઉ, જસિઉ પચારિઉ સીહ;
પાછઉ પાય ન પાઠવઈ, અવિગત અકલ અબીહ... ૪૯

સેઠિ ઋષભદત્ત કુલ તિલુએ, હવઈ કીજઈ વર વીવાહલુએ;
દાન શીલ તપ ભાવના એ, તે નવ નવા જ્વારા નીપના એ... ૫૦

આઠઈ પ્રવચન માઉલી એ, દિઈ રાસ ધવલ મેં ગલવલી એ...
અનંત અભક્ષ ગુણ આખડી એ, દિઈ સૂડી અસલે વડપાપડી એ... ૫૧

સૂત્ર સિધાંત તણુ નવું એ, રચીઉ વર મંડપ માંડવું એ;
બારઈ પ્રતિમા સાધીઈ એ, તિહાં ચંદૂઆ નવ નવા બાંધીઈ એ... ૫૨

એ નવત રપુરાય વિશેષના એ, પકવાન ભલી પરિ નીપના એ
.................................................. ...૫૩

આઠઈ કર્મઈંધણ ધણાએ, શ્રી તદમાન તણાં ધ્યાન ઉલટ્યાં એ;
સહસ અઢારસીલંગના એરથ સહુ કીધા તિહાં જાનનાં એ... ૫૪

સંયમના ગુણ થાપીઆએ, તે પરિ પરિ પાન સુ આપીઆ એ;
ચઉવિહ સઘલુ સાજનું એ, તિહાં મિલીઉં અતિ રુલીયામણું એ... ૫૫

નિજ કુલ સઘલું સંતોષીઉ એ, સીલ સમકિત ગુણહિં વિલૂસિઉં એ...
લગન દિવસ પુણ આવીઉ એ, લોક જોવા નયણ દડબડ્યો એ... ૫૬

વર કેવલનઈ ઘોડઈ ચડઈ એ, તિહાં મનહ મનોરથ સવિ ફલઈ એ;
દેવ દુંદભિ નાદ ઉપનુ એ, સિરિ ખુંપ ભરુ જિન આણનુ એ... ૫૭

તપ જપ ચામર અભિનવા એ, છત્ર પંચ મહાવ્રત શોભતા એ;
છત્રીસ ગુણંદ જય ધૂએ, વિનયાદિક નાટક બહૂ વિધૂ એ... ૫૮
ન્યાન વિન્યાન સગુણ થુણઈ એ, ભેરી ભુંગલ રણઝણઈં;
જીવદયા ગુણસી કરી એ, ગુણ સૂરિ સાગર તે ઉતરીએ... ૫૯
આસ હીયાની સવિ ફલી, તિણ મુંગતિ વહૂ પરણી ભલી;
સુખિં દીહે રાતિ ઈમ જોગ ચંદઈ, નિતુ નવનવા ભોગ જિમે એ... ૬૧
અવિચલ થાનક પામીઉં એ, દિન દિન લીલ વિલાસ એ,
સહજ સુંદર મુનિવર ભણઈ એ, જયવંતુ સુખ વાસુએ...૬૨

ઈતિ જંબૂસ્વામિ વિવાહલુ સંપૂર્ણઃ

શુભંભવતુ । કલ્યાણમસ્તુ । શ્રીરસ્તુ । શ્રીઃ છઃ ।।

- કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧. | ટાલિસિ | - | દૂર કરવો |
| ૨. | વિછોહ | - | ત્યાગ કરવો |
| ૩. | ઉન્હાવા | - | ઉનાળો, ગરમીની ઋતુ |
| ૪. | અમ્હનઈ | - | અમને |
| ૫. | નરાસ | - | નિરાસ, આશારહિત |
| ૬. | કારિમા | - | કારમા |
| ૭. | મોહવણ | - | મોહરૂપી વન |
| ૮. | જીવઈ | - | જીવે છે. |
| ૯. | રાજીઉ | - | રાજ્ય |
| ૧૦. | જામલિ | - | સાક્ષી |
| ૧૧. | ઉરણિ | - | હૃદય |
| ૧૨. | સિરાનઈ | - | શરાણ ઉપર ચઢાવવું. |
| ૧૩. | અંક | - | આંકડાના ફળ |
| ૧૪. | ઉલવઈ | - | દૂર થયો, |
| ૧૫. | કોઈલિ | - | કોયલ |
| ૧૬. | વંઝ ગયંદ | - | હાથી જેમ વિંધ્યાચલ પર્વતની અટવીને ઇચ્છે |
| ૧૭. | ચંદ્રૂઆ | - | ચંદરવો |

# ૩૦. ગજસુકુમાર વિવાહલઉ

ભદ્દિલપુરમાં નાગ નામના શેઠને સુલસા નામે પત્ની હતી. વસુદેવના છ પુત્રો કંસે માંગ્યા તે વસુદેવે આપ્યા પણ દેવે ત્યાંથી ઉપાડીને નાગ શેઠને ઘેર મૂક્યાં. દેવકીના એ છએય પુત્રોને સુલસાએ ૩૨-૩૨ સ્ત્રીઓ પરણાવી છેવટે તેઓએ શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી ચરમ શરીરી તેઓ દ્વાદશાંગીના ધારક થયા.

શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીએ સમોસર્યા છ ભાઈઓ બબ્બે સાથે દેવકીજીને ત્યાં વ્હોરવા જવા લાગ્યા. ત્યાં તેમણે સરખા આકારના જાણીને તેઓને ખુલાસો પૂછ્યો તે બાબતે શ્રી નેમિનાથ ભગવંતને વિશેષ ખુલાસો પૂછ્યો. પ્રભુએ ગયા ભવની શોક્યના સાત રત્નો ચોરેલા તેણીને ઘણી રોવડાવી બાદ માત્ર એક જ રત્ન પાછું આપ્યું હતું તેને લીધે તમારા સાત પુત્રો તમારાથી અદૃશ્ય થયા અને એક કૃષ્ણ માત્ર તમારા સન્મુખ છેવટે આવ્યા.

આ પ્રમાણે પોતાના પૂર્વકર્મની નિંદા કરતી દેવકીજીએ કૃષ્ણને બોલાવીને જાતે પુત્ર પાલન કરવાની ઈચ્છા જણાવી. કૃષ્ણે હરિણગમેષી દેવને આરાધી પોતાને ભાઈ થવા વિશે પૂછ્યું. દેવે કહ્યું : "તમારે એક પુણ્યવાન ભાઈ થશે, પરંતુ તે યુવાવસ્થામાં જ દીક્ષા લેશે." અનુક્રમે મહદ્ધિક કોઈદેવ ત્યાંથી શુભ સ્વપ્ને સૂચિત દેવકીજીની કુક્ષીમાં અવતર્યો. તેના જન્મ બાદ તેનું નામ ગજસુકુમાર પાડ્યું. માતાપિતા ભાઈઓ તથા અનેક કુટુંબીજનો આ નાના ભાઈ ઉપર ઘણું જ વાત્સલ્ય રાખવા લાગ્યા. તેને દ્રુમરાજાની પ્રભાવતી કન્યા સાથે પરણાવ્યા. તેમજ સોમશર્મા નામના બ્રાહ્મણની સોમા નામની પુત્રી સાથે પણ ગજસુકુમારની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કર્યું.

શ્રી નેમિનાથ પ્રભુની દેશના સાંભળી તેણે દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરવા લાગ્યા. એક દિવસ સાંજે સ્મશાનમાં જઈ કાઉસગ્ગ

ધ્યાને રહ્યા. ત્યાં પેલો બ્રાહ્મણ સસરો આવી ચઢ્યો. તેને મુનિને પોતાની પુત્રીને પરણાવીને તરત છોડી દેવા બાબતનો ક્રોધ ચઢ્યો ને ઘડાનો કાંઠો મસ્તક ઉપર મૂકી તેમાં અંગારા ભર્યા. મુનિ ધ્યાનમાં ચઢ્યા કેવળજ્ઞાન થયું અને મરણ પામી મોક્ષમાં ગયા.

શ્રી કૃષ્ણે શ્રી નેમિનાથ પ્રભુને કુમારના સમાચાર પૂછ્યાં. પ્રભુએ બ્રાહ્મણની મદદથી નિર્વાણ પામ્યાની વાત કરી તે બ્રાહ્મણ કોણ ? તે પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું કે તે તમને દરવાજામાં સામે મળશે ને તેનું પેટ ફાટી જશે પણ તેના પર ક્રોધ કરશો નહીં. શ્રી કૃષ્ણે મુનિનો અગ્નિ સંસ્કાર કર્યો ત્યાંથી પ્રભુ પાસે આવ્યા દેવકીજીનો શોક ઉપદેશથી ઓછો કરાવ્યો ત્યાંથી રસ્તામાં આવતાં દરવાજામાં જ બ્રાહ્મણ આવતો જોયો અને ભયથી તેનું પેટ ફાટી ગયું. એટલે શ્રી કૃષ્ણે તેને આખા ગામમાં ઘસડાવ્યો અને જાહેર કર્યું કે "મુનિનો ઘાત કરનારના આવા હાલ થશે."

કવિએ હસ્તપ્રતમાં ગજસુકુમારની દીક્ષા અને આરાધનાની માહિતી આપી છે. અને વિશેષમાં દીક્ષાના કારણ માટે વૈરાગ્ય વચનોનો ઉલ્લેખ થયો છે. માતાને પ્રભુની દેશનાની વાત જણાવીને અંતે સયંમ સ્વીકારે છે. વિવાહલો કાવ્યની દૃષ્ટિએ વિચારીએ તો જિનવાણી અને તેમાંથી ઉદ્‌ભવતો વૈરાગ્ય મહત્ત્વનો છે...

કવિએ લગ્નની માહિતી ટૂંકમાં જણાવી છે. આ વિવાહલોમાં કવિના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. શુભવર્ધન ગુરુરાજને ચરણે નમીને ગજસુકુમાર મુનિના ગુણ ગાયા.

વિવાહલોની રચના પુનઃ લિપિકરણથી સં. ૧૭૮૦માં થઈ છે.

શ્રી શુભવર્ધન ગુરુ રાયય મય પ્રણમી તેહનાં પાય
ગાયો ગઈસુકુમાલ મુનીસ શ્રી સંઘનઈ હોઈ આશીસ ॥૮૫॥

આ વિવાહલોમાં દીક્ષા પ્રસંગનું વર્ણન નથી ગજસુકુમાલ દીક્ષા લેવા માટે વૈરાગ્ય વાસિત થાય છે તેનું ભાવવાહી નિરૂપણ કર્યું છે.

વિવાહલોના આરંભમાં નેમનાથ ભગવાન દ્વારિકા નગરીમાં પધાર્યા હતા દેવકીજીએ પ્રભુને ભાવપૂર્વક મોદક વહોરાવ્યા અને આ સુપાત્ર દાનથી અત્યંત હર્ષ થયો.

નેમનાથ ભગવાન પાસેથી પૂર્વભવનું વૃતાંત સાંભળીને સંતોષ થયો. શોક્યના સાત રત્નો ચોર્યા હતા અને એક જ રત્ન પાછું આપ્યું હતું એ જાણીને સંતોષ થયો. ગજસુકુમાર દેવકીજીના આઠમા પુત્ર હતા એમના જન્મથી પરિવારમાં આનંદ મંગલનું વાતાવરણ ફેલાયું હતું. ગજસુકુમારે નેમનાથ ભગવાનની દેશના સાંભળીને વૈરાગ્ય પામ્યા હતા.

ચિહુંગતિના દુઃખ સાંભલ્યા, શ્રી નેમનઈ પાસઈ
વિવિધ પરઈ કહ્યા વિરુઉ ગર્ભ વાસીઈ ।।૩૪।।

ગજસુકુમાર દીક્ષાની ભાવના રાખતા હતા, લગ્ન કરવાની ઈચ્છા નહતી. માતા દીક્ષા વિશે કહે છે કે...

"ચરિત છઈ વછ દોહિલું જસું રે ખાંડાધાર
તૂ સુકુમાલ સુહામણઉ માહારા પ્રાણ આધાર ।।૩૪।।"

માતાના આ વચન સાંભળીને ગજસુકુમાર કહે છે કે, હું તો સંયમ લઈશ આ સંસાર અસાર છે. નરક અને નિગોદમાં દુઃખ અતિ ભયંકર છે. પૃથ્વીકાય વગેરેમાં અનંતકાળ આ જીવે ગુમાવ્યા છે. જીવાત્માએ છેદન-ભેદન-તાડન-તાપન વગેરેની વેદના-દુઃખ સહ્યાં હતાં. જીવે ચૌદ રાજલોકમાં ભ્રમણ કર્યું હતું. છ કાયમાં પણ ગયો હતો ચારિત્ર ચિંતામણિ રત્ન સમાન છે તેનાથી મુક્તિ-મોક્ષનું ફળ પ્રાપ્ત થાય છે.

મોહ મહાભયંકર છે. ઋષભદેવ ભગવાને પણ સંસાર ત્યાગ કરીને સંયમ સ્વીકાર્યો હતો. કુમાર માતાને ચરણે સ્પર્શ કરી નમન કરે છે અને કહે છે કે, "હું તો સંયમ સ્વીકારીશ."

માતા કહે છે કે, "લગ્ન કરો, મારી આશા પૂર્ણ કરો. લગ્ન કરી સંસાર સુખ ભોગવી પછી સંયમ લેજો."

ગજસુકુમાર અનિચ્છાએ માતાનાં વચન સાંભળીને લગ્ન કરે છે. તેની તૈયારી અંગે માહિતી ગા. ૪૭ થી ૫૭માં છે. લગ્ન કર્યા પછી માતાની આજ્ઞા લઈને સંયમપંથે પ્રયાણ કરવા તૈયાર થાય છે ત્યારે માતા કહે છે કે, "તમે રાજ્ય સુખ ભોગવો. દ્વારિકા નગરીમાં તમારી આણ પ્રવર્તશે."

કુમાર માતાને કહે છે કે, "નેમિનાથ ભગવાન પાસે જઈને ધર્મ કરી મોક્ષ મેળવીશ." માતા-પુત્રનો વાર્તાલાપ લઘુ સંવાદના નમૂના રૂપ છે. ગજસુકુમાર વૈરાગ્ય વાસિત થયા હોવાથી સંસારસુખ, રાજસુખ ભોગવવા તૈયાર નથી. કુમારનું મન સંયમના રંગે રંગાયુ હતું. એટલે સંયમ સ્વીકારે છે. ગજસુકુમારના સંયમનો ઉત્સવ ઉજવાયો. દીક્ષા ઉત્સવમાં માતા અને ગોપીઓ અશ્રુભીની આંખે વિદાય આપે છે.

દીક્ષા પ્રસંગે આશિષ આપતાં માતા કહે છે કે,

"આઠ કર્મ મૂલયા રે અવમૂલયા રે
જીપજ્યો પરીસહ બાવીસ."

સંયમ જીવનમાં કાયોત્સર્ગમાં ધર્મધ્યાન કરવાનું અને કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું જાણી કુમારે કાયોત્સર્ગ ધ્યાન કરવા કાયાને વોસિરાવી અને સસરાએ ક્રોધે ભરાઈને મસ્તક ઉપર માટીની પાર કરી ખેરના અંગારા ભર્યા. આ પરિસહ ગજસુકુમારે સહન કર્યા અને કર્મ ખપાવી મુક્તિમાં પહોંચ્યા. ગાથા-૬૮ થી ૭૦માં આ વિગતનો ઉલ્લેખ થયો છે.

ગજસુકુમારના પ્રસંગથી રાજા-રાણી વિલાપ કરતાં હતા અને રાત્રિ પણ વૈરી બની ગઈ. પ્રભાતના પહોરમાં નેમનાથ ભગવાન પાસે જઈને હર્ષપૂર્વક વંદન કરી બારવ્રત સ્વીકારીને ત્રિવિધ શિયળ પાળીને દેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં આવી મોક્ષે જશે. પ્રભુના વચનથી માયા કારમી જાણી અને ઉપશમ ભાવમાં સ્થિર થયાં હતાં.

*આ વિવાહલો ગાવાથી મનોવાંછિત પૂર્ણ થાય, અવિચળ પદની પ્રાપ્તિ થાય અને જીવનમાં મંગળ થાય.*

*વિવાહલો કાવ્યની દૃષ્ટિએ ગજસુકુમારની દીક્ષા - માતા સાથેના સંવાદ અને દેવકીના વ્રત પાલન ઉપરાંત નેમનાથ પ્રભુની દેશનાનો પ્રભાવ વગેરે પ્રસંગો આત્મશુદ્ધિ અને સમાધિ માટે શુભ નિમિત્ત છે. લગ્ન અને દીક્ષાના પ્રસંગનું આ કાવ્ય ચરિત્રાત્મક પણ કહેવાય અને ભવ્યાત્માઓને પ્રેરક બને તેવું છે.*

## ગજસુકુમાર વિવાહલો

**લિપિકાર : ડો. ભાનુબહેન શાહ**

શ્રી ગુરુભ્યો નમઃ

**દેસ સોરઠ દ્વારાપુરી, નવમું તિહાં વાસુદેવૂ એ;**
**દસય દસાર સૂ રાજીઉ, બાંધવ શ્રી બલદેવૂ એ ॥૧॥**

**જીરે જીરે સ્વામિ સમોસરયા, હરખ્ય ત્રણા પીતુ નાથૂએ;**
**નેમિ વંદણ અતિ અલજયું, અલજ્યઉ યાદવ સાથૂએ ॥૨॥ જી રે.**

**બાંધવ છઈ છઠ પારણોં, પામી પ્રભુ આદેસૂં એ;**
**સંઘાડિ ત્રિહું જૂજૂયા, નયરી કીધઉ પ્રવેસૂએ ॥૩॥ જી રે.**

**મુનિવર મધુકરની પરઈં, ગિરુયા શ્રી ગુણવંતુ એ;**
**આહાર લિઈ ઈતિ સૂજતું, દેવકી મંદિરિ પહૂતુ એ ॥૪॥ જી રે.**

**તે દેખી દેવકી ગહ ગહી, નિરખઈ નેહ ભરિ નયણેં હિ;**
**તિમ તિમ હઈડલું હરખીએ, બોલ ઈમ કરી વઈણે એ ॥૫॥ જી રે.**

રાગ : ધન્યાસી

**પ્રભુ પધારયા મંદિરિ માહુરઈં હેલી રે હું ભગતિ કરુંસુ;**
**દેઈ દાંન અતિ સૂઝતુ, હઈયડલિ હરખ ધરુસુ ॥૬॥**

**સલૂણા સાધજી તોરી ભેટડલી, મુઝ સફળ હજ્યો;**
**ચારિત્રીયા મુનિવર, ઉલગડી મુઝ સલંભ હજ્યો ॥૭॥ આંકણી**

તેણઈ અવસરિ સિંઘ કેસરાહે, મોંદિક દીધા સાર;
દેઈ દાંન દેવકી ઈંમ જપઈ, તારિ તારિ ભવચોકૂ પાર ॥૮॥

તે તપીયા વહિરી વલ્યા જવ આવ્યા રે વલી બંધવ;
દોઈ દેખી રુપ સરીખાં દેવકી, ચિત્તઈ વલી તે મુનીવર હોઈ ॥૯॥ સ૦

ઉઠી ઉલટિ આપણઇ દેવકી, વહિરાવિ વલી મોદિક સાર;
આહાર એષણી ન મલઉ નયરી તઉં આવ્યા બીજી વાર ॥૧૦॥ સ.

ઈમ ચીંતવતાં વલી સહોદર, ત્રીજુ રૈ સંઘાડઉ સાર;
દેવકી ચિંતઈ તેહ જ તપીયા, મંદિર માહરે ત્રીજીવાર ॥૧૧॥ સ.

રાગ : ધન્યાસી

સલલિત સરસ કોમલ વાંણી, રાણી કહિરિ રાજા;
પાંઉ ધારા તમ્હો મંદિર મોરે, ત્રીજી વાર જો આજ ॥૧૨॥

રિષિ કહુ એ કવણ વિચાર, તમ્હે ભમર તણી પરિ લઉ આહાર;
કહુ એ કવણ વિચાર, તમ્હે ચારિત્ર પાલઉં ખાંડાધાર ॥૧૩॥ રિષિ

દ્વારિકા નગરી છઈ નવ વારી, શ્રાવક છઈ સુવિચાર;
કઈ મુનીવર મિલીયાઉઇ, બહુલા કઈ ન મલુ આહાર ॥૧૪॥ રિષિ

દિખી અંગજ રોમ ઉલ્હસિ નયણે નેહ જણાવઈં;
રુપઈ કાહાન સરીખા સુંદર, હઈડલૂં હેજલણાવિ ॥૧૫॥ રિષિ

રાગ : સીધુઉ

વચન સુણી દેવકી તણાં રે, જંપઈ યોગીસર જાણો અમ્હે;
સંઘાડિ ત્રહું આવીયા રે, સગા સહોદર જાણો રે અમ્હે ॥૧૬॥ રિષિ
બત્રીસ પદમનિ પરહરી, બત્રીસ કનક તણી કોડિ રે; પદમ૦ આંચલી

સુંલસા જણણી અમૂ તણી, ભદલપુરિ અવતાર;
યોવન ભરિ યોગ આદરુ, અહે જાંણા અથિર સંસગિ રે ॥૧૭॥ પ.

તાતઈ અમ્હ પરણીવીયા, બત્રીસ બત્રીસઈ નારિ;
કર મોચનિ કોડિ તેતલી, વલી આપી બઉરી મઝરો રે ॥૧૮॥ પ૦

શ્રી નેમિ વયણિ અમ્હે લાગીયા, લીધઉ સંજમ ભાર;
બાંધવ છઠનિ પારણઈ, લિઈ એષણા આહારો રે ॥૧૯॥ ૫૦

શ્રી નેમિ વંદણ દેવકી ગઈ, પૂછઈ ઈમ સંદેહ;
રિષિ દેખી મન ઉલસિ, કાઈ પૂરવ ભવનો છઈ સનેહો રે ॥૨૦॥ ૫૦

રાગ : આસાઉરી

જંપઈ જિનવર મનોહર વાંણી, રાણી સુણિ સુવિચાર;
એ કાહાન સહોદર બહુ, ગુણવંતા લીધા સંજમ ભાર ॥૨૧॥

દેવકી તિણિ કર નિહલુ રે, ઈમ જપિ જગદાધાર;
એ તુમ્હ ઉપરિ અવતાર દેવકી... - એ આંકણી ॥૨૨॥

ભદ્દલપુરિ સુલસા ઘરિ વાધા, અમ્હ વયણઈ વયરાગ;
નારિ બત્રીસ મનોહર મૂકી, સાધ્યઉ મુગતિનું મારગ ॥૨૩॥ દે.

વયણ સુણી સામીનાં સાચા, આવઉ ઈતિ ઘણઉ મોહ;
અંગજ એક મઈ ના ઉછેરુ, તિણઈ આણઉ અંદોહ ॥૨૪॥ દે.

દેવકી વયણઈ દેવ આરાધઈ, કાહાન કરઈ ઉપવાસ;
સુર દીઈ આઠમુ સહોદર, તીણઈ આણઉ ઉલ્હાસ ॥૨૫॥ દે.

ઢાલ : સાહેલડીની

ક્રમિ ક્રમિ કુંયર જનમીઉ, જસઉ પૂનમનો ચંદ;
અમર ચવીનિ અવતરઉ, સાહેલડી રે;
હરખીલા કાંહાન ગોવિંદ, સાહેલડી રે;
ગહગહીયી યાદવ વૃંદ, સાહેલડી રે;
દેવકી હુઉ રે આણંદ, સાહેલડી રે;
વાજીલાં માંદલ બંદ... - એ આંકણી ॥૨૬॥

કનક કોડિ કાટી કરી માણિક મોતી સાર, દીજઈ મયગલ મલપતા
ઉપરિ એકાઉલિ હાર સાહે૦, ઘરિ મંગલ ચ્યાર, સાહે૦
યાચિક જય જયકાર, સાહે૦ સેવક હર્ષ અપ્પાર ॥૨૭॥

ગોપી સહૂ વેગઈ મિલી, દેઉર દઈ આસીસ;
દિનકરની પરિ દીપતુ, સા૦ ચિરંજીવુ કોડિ વરીસ, સા૦
પૂરવે જણણિ જગીસ, સા૦ ભુજાઈ સહસ બત્રીસ સાહિ, સા૦
રામતિ કરિ નસદીસ ॥૨૮॥

સીહ સુહુણ પેખીઉ, દીઠઉ ઈતિ સુકમાલ;
સુજન સહૂ મેલી કરી, સાહે૦ દીધૂ નામ ગઈસુકુમાલ, સા૦
બાંધવ જેહનો ગોપીલ, સા૦ સોલ સહસ્ર ભૂપાલ, સા૦
સેવઈ ચતુર ચઉશાલ ॥૨૯॥

પ્રભુ પાઉં ધારયાં સાંભલી, આપઈ અઢલિક દાંન;
બાંધવ બેલઈ પવરા. સા૦, છે ચપલ પીંપલ કેરુ પાન,
વાદઈ ધરી બહૂમાન. સા૦, ધન જીવઉ પરમાંણ ॥૩૦॥

રાગ : દેશાખ

વયણ સુણ્યા સ્વામી તણા, જાગ્યઉ ગઈસુકમાલ;
એહ સંસાર સુહણા સમઉ જોતાં જંજાલ ॥૩૧॥

ઘરિ આવી જણણી નમઈ, માગઈ સંયમ ભાર;
માનવ ભવ છઈ દોહિલુ, જૂઉ વિચાર ઘરિ આવીય, એ આંકણી
એહ વયણ સુણય દેવકી હુઈડુ આવઉ બારિ;
જાયા એ કિસું જંપઉ, વછ તુંય વિચારી ॥૩૩॥ ઘરિ૦

ચિહુ ગતિના દુખ સાંભલ્યા, શ્રી નેમનઈ પાસઈં;
વિવિધ પરઈ તે ભોગવ્યાં, વિરુઉ ગર્ભ વાસઈં ॥૩૪॥ ઘરિ૦

ચારિત્ર છઈ વછ દોહિલુ, જસૂ રે ખાંડાધાર;
તુ સુકુમાલ સુહામણઉ, માહારા પ્રાણ આધાર ॥૩૫॥ ઘરિ૦

રાગ : ધન્યાસી

વયણ સુણી જણણી ઈમ જપિ, ગિરુયા ગઈસુકમાલ;
નરય નગોદ તણાં દુખ દોહિલાં, તિ સહીયા બહૂ કાલ ॥૩૬॥
માઈ અમ્હે લેસૂં સંયમભાર, વિરુયો એહ સંસાર. માઈ૦ આંકણી

નરય તણાં દુખ પાયા અધિકા, સ્વામિ નિગોદઈ;
જંપઈ તે ઘડીય તણાં દુખ સુણીઈઈ, તવ હઈડઉ આકંપઈ ॥૩૭॥ મા.

પઢવીકાય માહિઈ જવ ગઈઉ, રહીઉ કાલ અસંખ;
તિહાં છેદન ભેદન તાડન તાપન સહીયં જો બહૂ દુખ ॥૩૮॥ મા.

ચઉદહ રાજ રાજ ધમ્મિણિ, સંખ અસંખ કીજિ તે ખંડ તણી;
આકાસ પ્રદેસઈ જિ હોઈ તે સવિ લીજઈ ॥૩૯॥ મા.

તિ પ્રદેશ સંખ્યા અછર્પ્પણિ, સર્પ્પણિ તે જાણિ જિ;
પઢવી પાણી તેઉ વાઉ, ઈણી પરિ ભવ પૂરી જિ ॥૪૦॥ મા.

માઈ તણઈ પાએ જઈ લાગિ, સંસારઈં મૂકીજિ;
ચારિત્ર ચિંતામણિ પાલી જિ, મુગતિ તણાં ફૂલ લીજિ ॥૪૧॥ મા.

માત કહિ કુયરજી તિ સુણો, વલી એક વયણ મહારું;
મોહ તણિ અવસરિ મન લીણો તિ કેણી પરિ કહૂં;
કુયરજી મોહ ન મોલ્હા જાય ॥૪૨॥ આંચલી.

મુગતિ ગામી શ્રી રામ સુણિ જિ, તેહનિ અવહડ નેહ;
સીતા વિયોગી શ્રાવણની પરિ, નયણે વૂઠા મેહ ॥૪૩॥ કું.

મોહ લગિ મરુદેવ્યા માંડી, માહારુ ઋષભ જંપતાં;
સબલ કરમની સાંકલ ત્રોડી પહિલુ મુગતિ પહૂતાં ॥૪૪॥ કું.

જઉં તુમ્હનિ મનિ, મોહ છઈ સાચઉ તું ભવ સાયર તારું;
સ્વામિનિ હાંથિ સંયમ લેઈ, દૂરગતિના ભય ઠારુ ॥૪૫॥ કું.

આઈજી ચરણિ તુમ્હારિ લાગું, રુડું ચારિત્ર રંગઈ માગું;
એક મનોરથ માહારા પૂરુ પલઉ અલાયલ રાજ;
પરણી શશિ વયણી સુંદરિ, મંદર મોરઈ આજ ॥૪૬॥ કું.

એહ મનોરથ જો મનિ તુમ્હ ચિંતા મૂકો મોરી આઈ;
પરણીનિ ચારિત્ર અમ્હો લેસઉં, નેમિ તણઈ કરિ જાઈ ॥૪૭॥
પૂરું આસ અમ્હારી, તમો જૂઉ રહિ વિચારી, આ૦

ઢાલ : હિંડોલાની

એહ વયણ માંની કરી, યાદવ માંડ સંગ;
હરખીંઈ વીવાહ મેલીઉં, હીંડોલડા રેં
બહુ કન્યા મન રંગ હીંડોલડા રે,
લગન લીધઉ અતિ વંગ ॥૪૮॥

ગૂંડી બાંધા ગિરિ શૃંગઈ, હીં૦ ઉછવ કીધઉં રંગ;
રાઈ વિપ્ર સગા કીયા, દીધા પોફલ પાંન;
સાગણ હાર સંતોષીયા, હીડોલ૦ વિવધિ વિવધિ પરિ દાંન,
જંગ માંડઈ શ્રી કાહાન, હીંડો૦ સજન દીજઈ તિ માંન, હીંડોલ.
જિન ધર્મા કેરું ધ્યાન, હીંડો૦ ॥૪૯॥

મંડપ છાયા મોકલા, ગોકલિ હર્ષ ન માઈ;
મૃગનયણી ગોપી મલી, હીંડો૦ માય તણા ગુણ ગાઈં, હીં૦
બાંધવ વાસુદેવ રાય હીંડો૦ ધન્ન ધન્ન દેવકી માઈ હીં૦
અવિચલ સંપદ થાઈ ॥૫૦॥

ચાલી જાન યાદવ તણી, જોઈ ઇંદ્ર નરિંદ ગજ સિણગારીય
મલપતુ, હીડો૦; વેગિ ચડઉ તે ગોવિંદ હીંડોલે૦
સોલ કલામય ચંદ, હીંડો૦ સકલ સુરા સુર વૃંદ, હીં૦
ઇંદ્ર તણઈ અવતાર, હીંડો૦ સફલ ફલુ દિન સાર, હીં.
છત્ર ધરિ સિરિ ચ્યાર ॥૫૨॥

પંચ શબ્દ પરબત ગડઈ, હીંડોલ૦ ઢોલ ધ્રમૂકઈ સાર હીં૦
નાટિક નવ રંગ નાર, હીંડો૦ ઘૂઘરી એ ઘમકાર, હીંડો૦
આપિ શવ સિણગાર, હીં૦, પહુંતા તોરણિ બારિ, હીંડો૦
ધવલ મંગલ હીઈ નારિ ॥૫૩॥

રાગ : ધન્યાસી

માંડય જંગ નીસાણ ધૂસૂકઈ નહિય વચેક,
અનઅ વારી અનદિત માંડી, મલીયા રાય અનેક,
યાદવ રાય કરુ રે ઉયાષણાં કુંવરજી ॥૫૪॥

રંગ મંડપિ યાદવ વર બિઠા, બિહિન રે લૂણ ઉતારિ;
અણૂયર રાજ કરુ અલવેસર, વિઘન ઉપજતાં વારિ ॥૫૫॥ યાદવ૦

સ્વજન વર્ગ્ર સહુકો પહિરાવ્યૂં, રાય તણિ એરિ વારિ;
દિઈ આસીસ ફઈયર ફલ પામી, ચિરંજીવઉ એહ વર નારિ ॥૫૬॥

સવિ વેવાહા જાનઆ વરજી, ઘરિ આવ્યા તિણિ વારિ;
માય તાયનિ પાયે લાગઇ માગઈ સંયમ ભાર;
આઈજી પૂરો આસ અમ્હારી ॥૫૭॥ યાદવ૦

કહિ દેવકા કુંયરનિ સૂણઉ સંયમ વાત અમ્હારી;
તમ્હો રાજ કરુ દ્વારમતી નયરી, હોજ્યો આણ તુમ્હારી ॥૫૮॥ યાદવ૦

ગયસુકુમાલ કહિ તુમ્હો નિસુણઉ, ધરમ સહોદર કરસૂં;
શ્રી નેમિ તણિ ચલણે જાઈનિ પુનરપિ સંયમ લેસૂં ॥૫૯॥ આઈ૦

રાગ : સીધૂઉ

ત્રિહું ખંડ કેરુ જીઉ રે, બાંધવ દેવ મુરારિ;
ઉછ્વ ઈતિ ઘણો માડીઉ રે, જંપઈ યાદવ નારિ;
કુંવરજી હોજ્યો જય જયકાર, તુમ્હો જીપયો કરમનું ભાર... એ આંકણી;

એણિ પરિ ઉછ્વ કીજતઈ રે, મલીયા રાણો રાણિ;
સંયમ રામાસૂં વરુ રે, વાગાં જઈ નીસાણ ॥૬૧॥ કું૦

નયણે નીર ઝરતડા રે, જંપઈ દેવકી માઈ;
કુંયર અમ્હો વહરાવીઉ રે, હવિ સરણ તુમ્હારાં પાય;
સ્વાંમી કરયો કુંયર... એ આંચલી.

માહારુહા નડીઉ, સુકમાલ સ્વામી જી૦ ॥૬૨॥

કુંયર કારણિ કિજતાં રે, અમીય સમાણા આહાર;
તંબોલઈ વલી આપીઈ રે, બીડલીઇ ઘનસાર ॥૬૩॥ સ્વામી૦

કુંયલ સકોમલ ફૂલડિ રે, સેજ સૂંહાલૂં ચીર;
તુહિં નીંદ્ર ન આવતી રે, જૂ દૂહવતાં ફૂલ શરીર ॥૬૪॥ સ્વામી૦

સીહ સરખી થાયજો રે, માત દીઈ આસીસ;
આઠ કર્મ અનમૂલયો રે, જીપજ્યો પરીસહ બાવીસ ॥૬૫॥

ઢાલ : ગીઈકમાલની

દોઈ કર જોડી ભણઈ સ્વાંમી, છૂટીઈ કિણીપરિ કર્મના પાસ;
નવિ પામીએ વિરુઉ વલી ગર્ભવાસ,
સવિ સફલ ફલી માહારા મન કેરી આસ હે
વિભવ બંધન મનિ છોડિવા રે ॥૬૬॥ સ્વામી૦

સ્વામિ વયણ વલતું ભણિ, તુમ્હો કાઉસગ્નિ રહો આણી;
ધરમનું ધ્યાને, અનિ વય તણાં રે, તે વલી ડસુ સમાંન
અનિ પામસુ નિર્મલ કેવલન્યાન, વલી સુખ અનંતા હોઈસિ રે ॥૬૭॥ સ્વામી૦

આદેસ સહી કરી વિરી સબલ, આછતિજી પવીત્ર રે;
રિષિ કાઉસગ્ગિ કરી વોસરાવી કાય,
ખિમા ખડગ વરી ન મેલ ધાન, હાં સોમલ સાસ રે ॥૬૮॥સ્વામી૦

રિષિ દેખી રીસઈ ચડઉ અપાર, સિરિ બાંધી માટીની મોટી
પાલી ઉપસગ્નિ કરિ તિ વિકરાલ;
રિષિ ચીંતવિ રખે જીવ થાઈ સુકમાલ, તિઈ નયર તણા
બહૂ દુખ સરયા રે ॥૬૯॥

કર્મ વહ્યા સિર દાઝતઈ, જેહ મુનીવરનિ મનિ નાઠી
રીસ હરિ બાંધવ;
શ્રી નેમીસર સીસ, શ્રીગયસુકમાલ ગાયો તસ દીસ;
જે કેવલ લહી મુગતઈ ગયા રે ॥૭૦॥

ઢાલ : થૂલેભદ્ર કેરી નારિનું

માત તણિ, મનિ મોહ કુંયરજી સાંભરિ;
વલી વલી હઈડઈ ઈતિ ઘણું એ, રયણી વયરણિ નવિ જાએ;
સેજઈ સૂતા એ કુંયર કુંઅર કહી આરડિએ ॥૭૧॥

રયણી કિમહિ ન જાઈ ચંદા રથ ખેડિ લઈ ખેડિ લઈ વેગઈ કરીએ;
હૂં હઈયાનિ હેતિ, પ્રહિ ઉગમિ મલૂં, કુંયરજી તિહે જઈ જઈએ ॥૭૨॥

એણિ પરિ રયણી, રાણી સમોસરણિ પહુતી પ્રભુનિ વાંદિવાએ;
પૂરી પરષદ બાર તિહ ગહેલીએ, લાગા દુહુ દસિ નિરખવાયાં ॥૭૩॥

પૂછા નિમિ જિણંદ, માહારુ નાહાતડીઉ, કુંયર કાં દીસિં । નહીં એ;
ઈમ જંપઈ જગદાધાર, તુમ્હ વઈ નાહી નડીએ;
ઉગમિ મુગતિ વધૂવરી એ ॥૭૪॥

રાગ : સીધૂઉ

એહ વયણ સુણ્ય દેવકી રે, હીયડઉં આવ ઉચારિ;
જાયા એ કસ્યૂં આંગમ્યૂં રે, જાણિ અથિર સંસાર ॥૭૫॥

કુંવરજી બોલડુ દિઉનિ આજ, તુ વિણ સૂનું રાજ; કુંયરજી... એ આંકણી
કમલ સકોમલની પરઈ રે, સહિજિ સકોમલ કાય;
એવ દુખહ કિમ સહુ રે, નાહાનડીઉ તુ બાલ ॥૭૬॥ કુંયર૦

કુંયર દુખ દેખી કરી રે, પંખી રડીયા પ્રાંણિ;
હરિ કેરી ગોપી રડી રે, રડીયા સારિંગ પાણિ ॥૭૭॥ કુંયર૦

હરિ પૂછઈ સ્વામી કન્હિ રે, કુંણિ કરુ એવ કુઘાત;
તુમ્હ દેખી હઈડઉ ફટસિ રે, તે કુંયરનું ઘાત ॥૭૮॥ કુંયર૦

હરિ હરખુ હીઈડું ઘણું રે, પહુંતા બાધવ પામઈ;
આઠ કરમુન મૂલીયા રે, હૂયા લીલ વિલાસ ॥૭૯॥ કુંયર૦

રાગ : રામગિરી

ઈમ જંપઈ શ્રી જિનરાજ, એણિ કુંયરિ કીધઉં કાજ;
હવિ સફલ ફલુ દિન આજ, લાધૂં અવિહડ મુગતિનું રાજ ॥૮૦॥

ધિન ધિન તે દેવકી માય, ધિન ધિન તે વસુદેવ તાય;
ધિન ધિન તે ગઈસુકુમાલ મુણિંદ, જસ ગાતા હોઈ આણંદ ॥૮૧॥

તિહાં યાદવની બહુ કોડિ, પ્રભુ પાય નમિં કર જોડિ;
મદ મછર માયા તોડિ, ભવબંધન સ્વામી છોડિ ॥૮૨॥

શ્રી નેમિ તણી સુંણી વાંણી, દુખ છંડઉ દેવકી રાણી;
ઉપસમ રસની મનિ આંણી, એ કારમી માયા જાંણી ॥૮૩॥

જણણી વસુદેવ મુરારિ, વલી કુટુંબ તણિ પરિવારિ;
એણીપરિ પીલઈ રાજ, કરિ ધર્મ તણાં સવિ કાજ ॥૮૪॥

શ્રી સુભવર્ધન ગુરરાયય, મઈ પ્રણમી તેહનાં પાય;
ગાયો ગઈસુકમાલ મુનીસ, શ્રી સંઘનઈ હોઈ આસીસ ॥૮૫॥

જઈ તું ગઈસુકમાલ મુણિંદ, જસ તૂઠઉ નેમિ જિણંદ;
જસ ભણતાં હોઈ આણંદ, અનઈ નામઈ પરમાણંદ... ॥૮૬॥

જઈ તું ગઈસુકમાલ જે ગાઈ, તે મનિ વંછિત ફલ પાઈ;
અતિ દૂરઈ દુરિ(ખિ)યા જાઈ, વલી અવિચલ સંપદ થાઈ ॥૮૭॥

ઇતિશ્રી ગઈસુકુમાલ વીવાહલઉ સંપૂર્ણ સમાપ્તઃ

સંવત ૧૭૮૦ વર્ષે જેઠ વદ-૬નાં સૌમે લખિતં ઔદીચ્ય જ્ઞાતિ ભંડેરીપુર મધ્યે વિશ્વેશ્વર જયદેવ નામના લહિયા દ્વારા ગજસુકુમાર વિવાહલોનું પુનઃ મુદ્રણકાર્ય થયું છે.

● કઠિન શબ્દાર્થ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | લિઈ | - લેવું, ગ્રહણ કરવું. | ૧૭. | ઉછવ | - ઓચ્છવ |
| ૨. | વઈણ | - વચન, વિચાર | ૧૮. | જઈતિ નિશાન | - જયસૂચક અવાજ (ઢોલ વાગવો) |
| ૩. | સલંભ | - સુલભ | ૧૯. | ચીર | - વસ્ત્ર અથવા શય્યામાં પાથરવાની ચાદર |
| ૪. | સિંહકેસરા | - સિંહકેસરીયા(લાડુ) | ૨૦. | સોમલસસરે | - સોમિલ નામે સસરે |
| ૫. | જંપઈ | - બોલવું | ૨૧. | મુગતઇ | - મુક્તિ, મોક્ષ |
| ૬. | ભવચોકૂપાર | - ભવરૂપી સમુદ્ર | ૨૨. | વઈરણિ | - વૈરી |
| ૭. | મઈનાં | - માતાનાં | ૨૩. | રયણી | - રાત્રિ |
| ૮. | અંદોહ | - સંદેહ | ૨૪. | પરષદ | - પર્ષદા (કુલ (૧૨) બાર હોય છે.) |
| ૯. | મયગલ | - મદઝરતાં હાથી | ૨૫. | પીલઈ | - પાળે છે. |
| ૧૦. | નસદીસ | - નિશદિન | | | |
| ૧૧. | સુહણા | - સ્વપ્ન | | | |
| ૧૨. | વછ | - વત્સ (પુત્ર) | | | |
| ૧૩. | વિરુઉ | - ભયંકર | | | |
| ૧૪. | ચરિત્ત | - ચારિત્ર | | | |
| ૧૫. | ગિરૂયા | - મોટા | | | |
| ૧૬. | વર્ગ | - સમૂહ | | | |

● ● ●

### વિભાગ-૪

## પ્રકીર્ણ વિવાહલો


૩૧. પોંખણાં

૩૨. પોંખણા

૩૩. નેમનાથના શલોકો

૩૪. શ્રી નેમિનાથજીનો નવરસો

૩૫. "પંખીનો વિવાહલો" સમીક્ષા

૩૬. રૂકમણી વિવાહલો

૩૭. પૂજા સાહિત્ય

૩૮. અઢાર નાતાં (નાતરાં) સજઝાય (વિવાહલો)

૩૯. જૈન વિવાહ વિધિ

૪૦. ગુજરાતી ભાષામાં વિવાહ કાવ્યો

૪૧. જૈન વિવાહ સંસ્કાર વિધિ

૪૨. મહાવીર વિવાહલુ

૪૩. મુનિસુવ્રતસ્વામી વિવાહલો

૪૪. આદિનાથ વિવાહલો


• • •

# ૩૧. પોંખણાં

પોંખવાની વિધિ પ્રભુની અંજનશલાકા અને પ્રતિષ્ઠાના પ્રસંગમાં થાય છે. તદ્‌ઉપરાંત રથયાત્રા, વરઘોડો પૂર્ણ થયા પછી પ્રભુજીને જિનમંદિરમાં યથાસ્થાને પધરાવવામાં આવે ત્યાર પહેલાં પોંખવાની વિધિ થાય છે. પ્રભુ ભક્તિ અને સન્માનનો એક પ્રકાર આ વિધિમાં છે.

વ્યવહાર જીવનમાં લગ્ન પ્રસંગે વરરાજા જાન સાથે પરણવા માટે આવે છે ત્યારે લગ્નના માંડવે પ્રવેશ થાય ત્યાર પહેલા સાસુ વરને પોંખે છે. વિવાહલો કાવ્યમાં આ પ્રસંગોનો ઉલ્લેખ થયો છે. લગ્ન વિધિમાં પોંખવાનો સમાવેશ થાય છે.

પ્રભુને પોંખતી વખતે ભક્તિભાવપૂર્વક બહેનો પ્રસંગોચિત ગીત ગાય છે. આ પ્રકારના ગીતો પ્રતિષ્ઠા-અંજનશલાકા વિધિમાંથી મળ્યા છે તે અત્રે પ્રગટ કરવામાં આવ્યા છે.

લગ્નપ્રસંગે પણ બહેનો આવા ગીતો ગાઈને હર્ષોલ્લાસ વ્યક્ત કરે છે. પણ પ્રભુને પોંખવાનો આનંદ તો ભક્તિ ભાવનાનો હોઈ લગ્ન કરતાં વધુ મહત્ત્વનો અને પૂણ્યોપાર્જનનો છે. તીર્થંકર વિષયક વિવાહલોના સંદર્ભમાં પોંખણાની વિગતો અત્રે જણાવવામાં આવી છે.

સાસુ વરને પોંખે એ તો સંસારી જીવનની એક રીત છે, પણ પ્રભુને તો પોંખવાના અવાર-નવાર ધાર્મિક ઉત્સવો આવે છે તેનો અપૂર્વ લાભ મળે છે. પ્રભુના સન્માનનો એક પ્રકાર પોંખણામાંથી જાણવા મળે છે.

લગ્નવિધિમાં પોંખતી વખતે પાંચ વસ્તુ આપવામાં આવે છે આ પાંચ વસ્તુનું સંસારીક અને આધ્યાત્મિક રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે તેની માહિતી નીચે પ્રમાણે છે :

વર્તમાનમાં લગ્નવિધિ થાય છે તેમાં આવો કોઈ સંદર્ભ નથી. પણ આ પ્રાચીન પ્રણાલિકા (રૂઢી) હતી અને લગ્નજીવન એક

*જવાબદારીપૂર્ણ હતું તેથી સાથે રહીને સુખી થવાય એવો પરોક્ષ ઉપદેશ પણ રહેલો છે. પૂ.સા. વિરાગરસાશ્રીજીએ અર્થઘટન કર્યું છે તે પ્રગટ કરવામાં આવ્યું છે. પોંખણાના સંદર્ભમાં ગીતોની સાથે આ માહિતી ધાર્મિક રીતે વિશેષ મૂલ્યવાન છે.*

**પોંખણાનો અર્થ :**

પોંખણા શબ્દ પ્રોંખનક ઉપરથી બન્યો છે. તેમાં પુંખબાણનો અગ્રભાગ તેવો અર્થ થાય છે. વિશેષ અર્થ તરીકે કામદેવના બાણ અર્થ લઈ શકાય.

પાર્શ્વનાથના વિવાહલાના સ્તવનમાં (જીરે ઇન્દ્ર પૂછે વેવાણ રે) એમ કહીને પાંચ પોંખણા બતાવ્યા છે, તેનું બે રીતે અર્થઘટન થઈ શકે :

(૧) વ્યવહારિક દૃષ્ટિએ અને (૨) આધ્યાત્મિક દૃષ્ટિએ

**(૧) વ્યવહારિક દૃષ્ટિએ :**

(૧) **ઘૂંસળ :** સંસારનું ગાડુ ચલાવવાનું છે તેમાં ઘણાં ચઢાણ ઉતરાણ આવે તેના પ્રતીક તરીકે ઘૂંસળથી પોંખણું થાય છે.

(૨) **મૂશળ :** ઘરના ખૂણામાં ખાંડણીયો (નાની કૂંડી જેવો આકાર) રખાતો જેનો ઉપયોગ અનાજ છેડવા માટે (ફોતરા જુદા કરવા માટે) થતો. તેની સાથે મૂશળ રખાતું જેના દ્વારા ફોતરા જુદા થાય.

સંસારરૂપી ખાંડણીયામાં મૂશળ દ્વારા તારા ફોતરા ઉડી જશે. તેવો સંસાર છે તેના પ્રતીક તરીકે મુશળથી પોંખણું કરે છે.

(૩) **રવૈયો :** દહીંમાંથી માખણ બનાવવા દહીં ગોળી(વાસણ)માં ભરીને તેનું રવૈયા દ્વારા મંથન કરી માખણ બનાવે પછી તેમાંથી ઘી બને.

સંસાર રૂપી ગોળીમાં રવૈયા દ્વારા તારું ચારેબાજુથી મંથન=ઘમ્મર વલોણું = વિચારોના વમળો થાશે તેના પ્રતીક તરીકે રવૈયો છે.

(૪) **ત્રાક :** રૂ ની પૂણી રેંટીયા દ્વારા કાંતિને તેમાંથી વસ્ત્ર બનતું તે રેંટીયા સાથે ત્રાક રખાતી જેમાં સૂતરના તાર વીંટવામાં આવતા.

સંસારરૂપી રેંટીયામાં પ્રવેશ કર્યા બાદ જીવને કંતાવાનું, પીડા ભોગવવાની છે. માયારૂપી સૂતરના તાંતણાથી ગાઢ બંધાવાનું છે. તેના પ્રતીક તરીકે ત્રાકથી પોંખણું કરવાનું છે.

(૫) **સળી :** મકાઈ, બાજરી વગેરે દરેક વસ્તુ સળીના આધારથી ઉત્પન્ન થાય છે. એટલે કે કોઈપણ વસ્તુ ઉગે ત્યારે સળીની સાથે ઉગે છે. પછી સળી નકામી ચીજ લાગે.

સંસાર પણ તેવો તુચ્છ છે. છતાં એ સંસારના તુચ્છ ભોગોથી દરેક પાપો ઉભા થાય છે. (પાપ ઉગે છે) તેના પ્રતીક દ્વારા સળીથી પોંખણું થાય છે.

**(૨) આધ્યાત્મિક દૃષ્ટિએ :**

પ્રભુને દીક્ષા કલ્યાણક વગેરેના વરઘોડા બાદ પોંખણા કરવામાં આવે છે. તે પણ ઉપરોક્ત પાંચ વસ્તુથી થાય છે, પણ તે વખતે વેવાણ જુદા ભાવની અભિવ્યક્તિ કરે છે.

(૧) **ધૂંસળ :** હે પ્રભુ ! તમે સંસારથી પાર પામવા તૈયાર થયા છો તો તમે શાસનની ધુરાને આગળ ચલાવશો. કપરા ચઢાણને પણ તમે વૃષભની જેમ પાર પામી જશો. તેના પ્રતીકરૂપે ધૂંસળ છે.

(૨) **મૂશળ :** મૂશળ દ્વારા મગ વિગેરેની બે ફાડ થઈ દાળ બને છે, જ્યારે ડાંગરના ફોતરા ઉડી જઈ ચોખા અખંડ રહે છે. તેમ તમે પણ અક્ષયગુણને પામશો. સિદ્ધિગતિ પામશો.

(૩) **રવૈયો :** રવૈયાથી માખણ નીકળે પછી ઘી બને તેમ સંસારસ્વરૂપ ભાવના દ્વારા તમે પણ તેમાંથી વૈરાગ્યરસ પ્રાપ્ત કર્યો જેથી જલ્દી મુક્તિમાં જશો. તેના પ્રતીક તરીકે રવૈયાથી પોંખે છે.

(૪) **ત્રાક :** ત્રાક દ્વારા સૂતર વીંટાય છે તમોએ સંસારનો અર્થ બરાબર સમજીને તેને સરકાવી દીધો કેમ કે 'संसरति इति संसार' જે હંમેશા બદલાયા કરે, સરક્યા કરે તે સંસાર કશું જ સ્થિર નથી બધું નાશવંત છે એમ જાણી તેનો જ નાશ કરવા તૈયાર થયા. તેમાં તમે સુતરની આંટીની જેમ વીંટાયા નહીં બંધાયા નહીં. તેના પ્રતીક રૂપે ત્રાક દ્વારા પોંખણા થાય છે.

(૫) **સળી :** સળીથી ધનધાન્યની ઉત્પત્તિ થાય છે તેમ ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે. દરેક પ્રકારના મંગળ સુખ પ્રાપ્ત થાય છે. તમો તેવા ધર્મને પામીને તેવા પ્રકારના ધર્મના ઉપદેશક થઈ મોક્ષે જશો. નાનામાં નાનો આંશિક ધર્મપણ મોક્ષ જેવા સુખ આપશે. તેના પ્રતીક રૂપે સળીથી પોંખવામાં આવે છે.

ગૂઢ અર્થ એવો છે કે તમો દરેક વસ્તુને ઉત્પત્તિ, વ્યય, ધ્રુવ તરીકે જોઈને ત્રિપદીનું દાન આપનાર થશો.

ધ્રુવ - આત્મસ્વરૂપને પ્રાપ્ત કરશો. વરમાળાને બદલે મુક્તિમાળા ને પ્રાપ્ત કરશો.

શ્રી શાંતિનાથ ભગવાનનું રૂપવિજયકૃત સ્તવન છે તેમાં પણ આવો ભાવ છે.

"શાંતિનાથ તારી મૂર્તિ મોહનગારી સહુ સંઘને લાગે છે અતિ પ્યારી" તેમાં : ગાથા-૪ સાસુ પરિણતિ પોંખે અવિકારી, મુક્તાફળ થાળ વધાવે નરનારી.

પોંખણા કર્યા બાદ (ઇંડી-પીંડી રખ્યાના બનાવેલ મૂઠીયા) ફેંકે છે. તે એમ સૂચવે છે કે સંસારમાં તમારું તથા સર્વ જીવોનું રક્ષણ થાઓ. રક્ષારખ્યા રખ્યાનું કામ જીવોત્પત્તિ અટકાવવાનું અને વસ્તુને સુરક્ષિત રાખવાનું છે. તમારું સુરક્ષિત રીતે ચારે ગતિમાં (પિંડી) પગ દ્વારા ભ્રમણ અટકે અને મોક્ષે પહોંચી શકો ઇંડી-પીંડી શિવ =

મહાદેવજીને હોય તમો બ્રહ્મચર્ય દ્વારા સંસાર પરિમિત કરી શાશ્વત સુખને મેળવી કામને ભસ્મ કરો.

દિવાળીના દેવવંદનમાં "દુઃખહરણી દીપાલીકા રે લોલ." સ્તવનમાં તેમાં "પૂર્વસિદ્ધ કન્યા પખે રે લોલ" કહીને સિદ્ધશીલા રૂપ વેદિકા ઉપર બેસી નિવૃત્તિરૂપી કન્યા સાથે પ્રભુ અનંતસુખ ભોગવે છે.

પોંખણુ - ૧

**આનંદ મંગલ ગાવો, પ્રભુ પોંખી, લઈશું લ્હાવો, મારી બેનો,**
**અવસર આવો નહિ મળે... (૧)**

**સુંદર ઘાટડી લાવો, સાથે મોડીયો મંગાવો, મારી બેનો,**
**અવસર આવો નહિ મળે... (૨)**

**પોંખીશ હું હરખે હરખે, વળી વળીને મુખડું નીરખે, મારી બેનો,**
**અવસર આવો નહિ મળે... (૩)**

**પોંખીને લઈએ લ્હાવો, સહુ મંગળ ગીતો ગાવો, મારી બેનો,**
**અવસર આવો નહિ મળે... (૪)**

પોંખણું-૨

**આવે આવે સહીયરોનો સાથ**
**જિણંદજીને પોંખવા રે,**

**ગાવે ગાવે સોહાગણ નાર**
**જિણંદજીને પોંખવા રે... (૧)**

**જળયાત્રા અભિષેકમાં રે, વળી સામૈયામાં સાર,**
**જિણંદજીને પોંખવા રે... (૨)**

**બિંબ પ્રવેશ વિધિ મહોત્સવે રે, પોંખી લેજો ભવપાર રે,**
**જિણંદજીને પોંખવા રે... (૩)**

**બારણે તોરણ બાંધિયા રે, રાખો પ્રભુજીને દ્વારા,**
**જિણંદજીને પોંખવા રે... (૪)**

વિધિ વિનયે પ્રભુ પોંખશે રે, તેનો બેડો પાર,
જિણંદજીને પોંખવા રે... (૫)

શિવસુખ સહેજે પામશે રે, 'વિજય' સદા સુખકાર,
જિણંદજીને પોંખવા રે... (૬)

### પોંખણું-૩

ઊઠ ઊઠ વેવાણ તું ઉંઘ તજી, તારે આંગણે આવ્યા જગતપતિ
ઝટ ઊઠને વેવાણ વેલી રે, તું શીદને બની છે ઘેલી રે (૧)

તારે આંગણે આવ્યા જગતપતિ, તેની હજીયે તુજને ખબર નથી
તારે આંગણ આવ્યા વેપારી, લાવ પોષ ભરીને સોપારી (૨)

આવ્યા છે ત્રણ જગતપતિ, તને પોંખવાની છે હોંશ ઘણી,
ઝટ ઊઠ તું લાવ કંકાવટી, આવી ઊભો આંગણ નાણાંવટી (૩)

તારા ઘરમાં નથી કોઈ પાથરણું, આવ્યું સાજન મોટા ઘરનું ઘણું (૪)

લાવ પુંખણા પોંખવા સોનેરી, તું પાથર ચાદર રૂપેરી,
ઘુંસર મુશળ ને સાંબેલું, ત્રાક રવૈયો ને સુંપટ પેલું (૫)

એ ગુણ નિધિ ભંડાર ભલો, ઉપકારી જગતમાં એક ખરો,
તું હસતી જા ને પોંખતી જા, સાથે સુંદર ગીતડાં ગાતી જા (૬)

કોઈ વાર કરો વિચાર કરો, ઊઠો ઊઠોને ઝટ સન્માન કરો,
એમ પોંખણે પોંખે જગતપતિ, 'વિજય' પામે તે ઉચ્ચગતિ (૭)

### પોંખણું-૪

મેં તો થાળ ભર્યો રે સગ મોતીડે, હું તો પ્રભુજીને પોંખવા જઈશ
મારે સોના સરીખો સૂરજ ઉગીયો... (૧)

જીરે ઇંડીપીંડી ઘુંસરૂ મુશળ જી રે, રવૈયો ત્રાક કહાય
મારે સોના સરીખો સૂરજ ઉગીયો... (૨)

ગોરી પોંખવા ઉભી મુખ્ય બારણે, એ તો સોલ સજી શણગાર,
મારે સોના સરીખો સૂરજ ઉગીયો... (૩)

હરખે હરખે પ્રભુજીને પોંખતી, એને હઈડે હરખ અપાર
મારે સોના સરીખો સૂરજ ઉગીયો... (૪)
ભાવ ધરીને જે જન પોંખશે 'વિજય' પામશે ભવનો પાર
મારે સોના સરીખો સૂરજ ઉગીયો... (૫)

પોંખણું-૫

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે શી કરી કરણી તુયે સોય,
પ્રભુને કેમ પોંખીયા રે...(૧)
જીરે ઈડીપીંડી ઘુંસરૂં મુશળ રે, જીરે રવૈયો ને ત્રાક સોહાય
પ્રભુને કેમ પોંખીયા રે...(૨)
જીરે પહેલું તે ઘુંસરૂં આદર્યું રે, ઘુંસરું ગાડલે હોય,
પ્રભુને કેમ પોંખીયા રે...(૩)
સંસારે ઘોંસરું નાંખીયું રે, તેથી પાર પામે સોય,
પ્રભુને કેમ પોંખીયા રે... (૪)
જે જન પ્રભુજીને પોંખશે રે, પામશે શીવસુખ સોય,
પ્રભુને કેમ પોંખીયા રે... (૫)

પોંખણું-૬

ઉગ્યો ઉગ્યો રે સુરજ આજ સોનાનો,
મારે આંગણે સુરતરુ ફળિયારે ઉગ્યો...
મારા મનના મનોરથ સર્વ ફળ્યા,
મનમોહન આજ મને મલીયારે ઉગ્યો... ૧
હું તો વાટ જોતી ઉભી બારણે,
મેં તો ચોક પૂર્યા મારે આંગણેરે ઉગ્યો... ૨
પોંખણે પ્રભુજીને પોંખવા,
ઉભી મોડ હું માથે મૂકીને રે ઉગ્યો... ૩

હસતી જાઉંને પ્રભુ પોંખતી જાઉં,
પ્રભુજીનાં ઓવારણાં લેતી જાઉં ઉગ્યો... ૪
આનંદ મંગળ 'વિજય' વર્યા,
મારા ભવભવના ફેરા રે ટળ્યા રે ઉગ્યો... ૫

પોંખણું-૭

આજ મારે આંગણે પ્રભુજી પધાર્યા, મોતીના મેહુલા વરસ્યારે
થાળ ભરી ભરી મોતીડે વધાવ્યા, હઈડા સૌનાં હરખ્યા રે... ૧
માથે મૂકી મોડીઓને ખભે મુકી ઘાટડી, પ્રભુજીને પોંખવા કાજે રે
પ્રભુજીને પોંખતા મનડું મલકે, આનંદ મંગળ આજે રે.. ૨
આવો સખીયો ગીતડાં ગાવો, હરખે પ્રભુને વધારો રે
પ્રભુજીને પોંખવાનો અમૂલ્ય અવસર, ફરી ફરી નહીં મલે આવો રે...
ધન્ય દિવસને ધન્ય ઘડી આજે દર્શન પ્રભુજીનાં પામી રે... ૩
જનમ મરણના ફેરા ટાળીને, બનો 'વિજય' શિવધામી રે... ૪

પોંખણું - ૮

ગાવે ગાવે સોહાગણ નાર જિણંદને
ધ્વજ પૂજન અભિષેકમાં એ કરો સામૈયામાં સાર જિણંદ. ૧
વળી વરઘોડામાં સાર સાર જિણંદ
ઇંડીપિંડી ધૂસરે મૂગટએ રવૈયો સંપૂટ કરાય જિણંદ
મંગલ ધ્વજ કરે પુંખણાંએ સંઘને મંગલમાળએ
પૂર્વ ઇંદ્રાણીએ પોંખવા એ વિધિવિનય કરે નાર જિણંદને રે
હેતુ ગુરુગમ ધારીએ ટાળવા કર્મ સંભાર જિણંદ રે
કુમકુમ અક્ષત વધાવીએ મોતીએ તો મોડ ધરાય જિણંદને રે
સુંદરી શિવધરી ઘાટડીએ લળી લળી પ્રણમે પાય જિણંદને રે
કરણી એ ભરણી પૂજ્યનીએ મલી મલી વિનીતા વંદ જિણંદને રે
કરશે તરશે અનુક્રમે એ એમ કહે ખીમચંદ જિણંદને રે

પોંખણું - ૯

હોંશે હોંશે જાવે પ્રભુજીને પોંખવા સોહાગણ હર્ષ ન માય,

પ્રેમે પ્રેમે પ્રભુજીને પોંખીએ

પહેલું પોખણ ધોંસરી જાણીએ ધોંસરૂ ગાડલે મુકાય રે

ધર્મનું ધોંસર તેમ ઉપાડીયે સંસારથી પાર પમાયે રે.. પ્રેમે૦

બીજે પોંખણ મુસળ જાણીએ મુસળ ખાંડણીએ મુકાય રે...પ્રેમે૦

મુસળથી જેમ તંદુલ કાઢીએ કર્મથી જવ જુદો થાય રે...પ્રેમે૦

ત્રીજે પોંખણે રવૈયો જાણીએ રવૈયો ગોળીએ મુકાયર રે...પ્રેમે૦

રવૈયે જેમ માખણ નીપજે મોક્ષસુખ તેમ લેવાય રે...પ્રેમે૦

ચોથે પોંખણે ત્રાકને જાણીએ ત્રાકે સુતર થાય રે...પ્રેમે૦

સંસાર માંહે પ્રભુજી પોંખી શીવમાલા શીઘ્ર પહેરાય રે...પ્રેમે૦

પાંચમે પોંખણે સરઈય જાણીએ સરઈયે સર્વ વસ્તુ થાય રે...પ્રેમે૦

સર્વમંગલ તેમ ધર્મથી થાયે કુંકુંમ અક્ષતે વધાવો રે...પ્રેમે૦

વરઘોડાને સામૈયા આદિમાં મંગલ પોંખણા કરાય રે...પ્રેમે૦

પાંચમે મંગલ એમ નારી વૃંદ ગાવે જિનેન્દ્રને લાગે પાયે રે...પ્રેમે૦

(શ્રી જિન ગીત : મહુજળી સમુહમાંથી પ્રકાશિત કર્યા છે)

## ૩૨. પોંખણા

**પૂ. રંગવિજયજી**

*પાર્શ્વનાથ ભગવાના લગનના વરઘોડાની ઢાળમાં વરઘોડાના વર્ણન સાથે પોંખણાની વિધિનો ઉલ્લેખ થયો છે.*

*લગ્નમાં સાસુ વરને પોંખીને સન્માન કરે છે, તેથી અધિક સન્માન પાર્શ્વકુમારને પોંખવાથી થયું છે.*

*વરઘોડાનું વર્ણન રસિક શૈલીમાં થયું છે. તેની સાથે વ્યવહાર જીવનમાં લગ્નના વરઘોડાની યાદ આવે છે. આરંભની પંક્તિથી જ વરઘોડાના આનંદની અને પ્રભુના મહિમાની પ્રતીતિ થાય છે.*

*જૈન સાહિત્યની પ્રસિદ્ધ દેશીઓમાં એક શબ્દની દેશી તરીકે જી રે જી પ્રસિદ્ધ છે. આ દેશીમાં સ્તવન અને અન્ય દીર્ઘ કાવ્યો રચાયાં છે.*

**જી રે વરઘોડે વર સંચર્યો,**
**બેહુ પાસે ચમર વીંઝાય**
**સુંદર વર પાસને જી રે છત્ર ધરો,**
**સુરવર સદા, ચમર ઈન્દ્ર લે વીંઝણ**
**સુંદર વર પાસેને ॥૧॥ ઉવારણે**

કવિની વર્ણનકલાનો પરિચય આપતી માહિતી નીચે પ્રમાણે છે :

પાર્શ્વકુમાર દેવ સમાન શોભે છે. અવનવા વસ્ત્રાભૂષણથી શણગારાયેલ કુમારને જોઈને લોકો અતિહર્ષ અનુભવે છે. પ્રભુના વરઘોડામાં હાથી, ઘોડા અને રથ શોભી રહ્યા છે.

દેવ અને મનુષ્ય કિંમતી વસ્ત્રોથી શણગાર સજીને વરઘોડામાં આવ્યા છે. લોકોના મુખમાં પાન છે. બિરૂદાવલી ગવાય છે.

અત્તરદાનીથી સુગંધ પ્રસરી છે. અબીલ ગુલાલ ઉડે છે. નારીઓ ફૂલના ગજરા કરે છે. ચંદન-ધૂપથી સૌરભ ફેલાય છે. દેવો અને ગંધર્વ ભેગા થયા છે મધુર સ્વરથી ગીત-ગાન કરવામાં આવે છે.

લગ્નપ્રસંગે વાજિંત્રોના સૂરથી લોકો લગનમાં (રંગમાં) આવ્યા છે.

**જી રે ઢોલ નોબતું ગડગડે,**
**તેહના વિચ વિચ વાજે ટકોર.**
**જી રે લાલ છંદના માનથી પડે**
**એમ નગારાંની કોર.**
**ભેરી, ભૂંગળ, વીણા, વાંસળી**

શરણાઈના સૂરથી ચારે દિશામાં સંગીતના સૂરોની રમઝટ પ્રસરી છે. વામા માતાએ માંડ ધારણ કર્યો છે અને રામણ દીવો હાથમાં રાખ્યો છે. નગરના મકાનની બારીએ, ગોખે, અટારીએ વરઘોડો જોવા નારીઓ ઉત્સાહથી ઊભી છે.

અહીં કવિએ સ્ત્રીને ગમતી ત્રણ વસ્તુનો ઉલ્લેખ કર્યો છે. કાજલ, વાજિંત્ર અને જમાઈ. સ્ત્રીને આ ત્રણ અત્યંત પ્રિય હોય છે.

વાજિંત્રનો અવાજ સાંભળીને સ્ત્રીઓ વિવેકબુદ્ધિ છોડીને આવે છે તેનો પણ ઉલ્લેખ થયો છે.

તિલક પણ અડધું કરે છે, એક આંખે કાજલ કરે છે. પ્રેમથી બાળકને રમાડતી બાળકને બદલે બિલાડીનું બચ્ચુ કાંખમાં લઈને વરઘોડો જોવા દોડી જાય છે. અર્થાત્ સ્ત્રીઓ જાણે ભાન ભૂલી જાય છે. પ્રભુને નિહાળીને મોતી અને ફૂલોથી વધાવે છે.

જાન આવી છે એટલે આળસ છોડીને પ્રસેનજિત રાજા તૈયાર થાય છે. કન્યાપક્ષની નારીઓ કિંમતી વસ્ત્રોથી શણગાર કરીને આવી છે. નગરજનો પણ ઉતાવળથી આવી રહ્યા છે. ચોક, બજાર અને નગરમાં દોડધામ ચાલે છે.

ઇંદ્રમહારાજા વેવાણને પ્રભુજીને પોંખવા માટે કહે છે. પાર્શ્વકુમાર પ્રસેનજિત રાજાના

"લગ્ન મંડપે પધાર્યા છે વર, આવ્યો એ તોરણે સાજ-સજી."

**વેવાણ લેજે રે લાહો ઘણો તાહરે બારણે અવસર વિવાહ તણો,**
**સુથેડી છે ઘરને સુએ કંચન મણીમાલ ઘણું ગુણે ॥૩॥**
**આ અવસરે કિમ તું થઈ થાથી, તુજ આંગણે ત્રિભુવનપતિ કીંહાથી**
**દેવને દુર્લભ દરિસન જેહનું, સહેજે મિલવું થાઈ છે તેહનું ॥૪॥**

ઈન્દ્ર વેવાણને કહે છે કે અમે તો ધન ભંડાર ભર્યા છે જે જોઈએ તે માગો.

વેવાણને જલદી આવવા જણાવતાં કવિ કહે છે કે :

**તવ સાંભલી કહે માસી સાસુ એમ ખોટી થાઉ છો સ્યું ફાસ્યું,**
**વેવેકનાં કારણ છે વોહોલા પારકે ઘેર દીસો છો પોહલા ॥૯॥**

પ્રભાવતી દ્વારા પ્રભુનું સ્વાગત કરવામાં આવે છે :

**ગજરાજની પરે ચાલતી શ્રીફલ સોબઈઆ લાવતી,**
**ઈંદ્રાણીએ મંગલ ગાવતી ઈમ સરસુ પ્રભુપદ પાવતી ॥૧૨॥**

સાસુ આવીને પાર્શ્વપ્રભુને પ્રણામ કરે છે. કવિના શબ્દો છે :

**પુણ્ય અમ્હારા પ્રગટ્યા છે આજે તુમ દરીસણ વિસરયાં સહુ કાજ,**
**જાણીયે પામ્યા ત્રિભુવન રાજ તો જાઉ આવ્યું અમ્હારા પુણ્યનું એ. ॥૨॥**

પાર્શ્વપ્રભુને મોતીથી વધાવવામાં આવે છે એમના ચરણ પખાલવા (નવડાવા)માં આવે છે અને ચંદન વિલેપન કરી અર્ધ્ય આપે છે. કપાળે તિલક કરે છે.

ઈંદ્ર વેવાણને પ્રશ્નો પૂછે છે અને વેવાણ તેના ઉત્તર આપે છે :

વેવાણના જવાબથી ઈન્દ્ર મહારાજા પ્રસન્ન થયા. લગ્ન માટેની વિધિમાં ગોત્રજ - માતૃકાની સ્થાપના કરવામાં આવી. પ્રથમ કન્યાને પધરાવવામાં આવી અને ડાબી બાજુ વરને બિરાજમાન કર્યા.

હસ્તમેળાપ વિશે કવિ જણાવે છે કે :

મંડપની રચના અને ચોરીમાં મંત્રોચ્ચારપૂર્વક લગ્ન થાય છે :

**ઝૂમે માણિક ઝૂમણા રે દીપે મોતી દામ બનલો**
**સબ જબિ છાંના સજ કરયા રે. જાણીઈ સુરપતિ ધામ બ૦ ॥૮॥**
**વાસ ફૂલ અક્ષત કરે રે, મંત્ર ભણે દ્વિજ પાસ બનલો**
**ચઉ વિદિશે ઉછાલી ને રે, ચોરી પ્રતિષ્ઠે તાસ બ૦ ॥૯॥**
**અગ્નિ ખૂણે અગ્નિ ઠવી રે મંત્રે કરી આહ્‌વાન બનલો**
**ફારે ફેર. ઈહા વિધિ ઘણો રે સમય દેશ કુલમાન બ૦ ॥૧૦॥**

વિધિપૂર્વક વરમાળા આરોપણ કરવામાં આવે છે :

**તિમ પર્યાણ કરમ કરે રે, ધરે વરમાલા પવિત્ર બનલો**
**એ આદે કરણી ઘણાં રે, ભાંખ્યા ગ્રંથે વિચિત્ર બ૦ ॥૧૩॥**

મંત્ર ભણીને વર-વહુ અગ્નિમાં ઘીનો હોમ કરે છે.

**ધૃતમ ધોતિલ જવ હોમીયા રે, મંત્ર ભણી તિહાં વિપ્ર બનલો**
**અર્ધ પાદ્યબલ દેઈને રે, પૂજે અગ્નિ તે વિપ્ર બ૦ ॥૧૭॥**

વર-વહુ પ્રદક્ષિણા કરે છે. (મંગલફેરા)

પહેલું મંગલ ફૂલની વૃષ્ટિ, વર-વહુ સુકુમાર જેવા બન્યાં. અગ્નિ સમક્ષ પ્રદક્ષિણા કરીને વરવહૂ આસન પર બેસે છે.

બીજા મંગલમાં દુંદુભિનો નાદ થાય છે અને સુરવધૂ સોહલા ગાય છે.

ત્રીજા મંગલમાં વાજિંત્રો વાગે છે અને સ્ત્રીઓ ગીતો ગાય છે.

ચોથા મંગલમાં વિપ્ર તલ-જવ-કુશ મુખ પાસે ધરે છે અને હાથમાં પાણી આપી ને "પાણિગ્રહણ" વિધિ થાય છે.

સાસુ કંસાર ખવડાવવાની વિધિ કરે છે આ રીતે પાર્શ્વકુમારના લગ્ન થાય છે.

આ કાવ્યને પોંખણા સંજ્ઞા આપવામાં આવી છે, પણ વાસ્તવિક રીતે તો પાર્શ્વકુમારના લગ્નના પ્રસંગનું વર્ણન છે. લગ્નવિધિમાં પોંખવાની વિધિ આવે છે. એટલે આ સંજ્ઞાને મહત્વ આપીને રચના થઈ હોય એમ સંભવ છે.

## વિવાહલો અન્ય સંદર્ભમાં

વિવાહલો કાવ્યના વિષય સાથે સામ્ય ધરાવતી અન્ય કૃતિઓની કાવ્ય સંજ્ઞા જુદી છે, પણ તેનું સાહિત્યવસ્તુ સમાન છે. એટલે કે ભૌતિક વિવાહ (સંસારી જીવન) અને આધ્યાત્મિક વિવાહ.

મુખ્યત્વે નેમનાથ વિષયક વિવાહલોના અનુસંધાનમાં ઉપરોક્ત વિચાર પ્રગટ કરવામાં આવ્યો છે. કવિ રૂપચંદ કૃત નેમજીનો નવરસો, કવિ અમૃતવિજય કૃત નેમનાથજીના ચોવીશ ચોક, શ્રાવક કવિ દેવચંદ કૃત નેમનાથજીના સલોકોનો અર્થ 'શલોકો' સંજ્ઞા દ્વારા વ્યક્તિના નામ સ્મરણનો અર્થ છે એટલે કે નેમનાથજીના નામનું પુણ્ય સ્મરણ એ ભક્તિનો એક પ્રકાર છે એવો અર્થ છે.

ઉપરોક્ત સંજ્ઞાવાળી કૃતિઓમાં વિવાહના સંદર્ભની જે માહિતી છે તેની સમીક્ષા કરવામાં આવી છે અને કવિની મૂળ પંક્તિઓ નમૂના રૂપે નોંધવામાં આવી છે.

આ કૃતિઓમાં નેમનાથજીના વિવાહ પ્રસંગનું રસિક વાણીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે અને આધ્યાત્મિક વિવાહલોનો પણ મિતાક્ષરી ઉલ્લેખ થયો છે. કાવ્ય સંજ્ઞા તરીકે 'ચોક' શબ્દપ્રયોગ દ્વારા જિનમંદિરના રંગમંડપ કે મકાનની ખુલ્લી જગામાં સમૂહમાં એકત્ર થઈને ગાઈ શકાય તેવી રચના એમ અર્થ સમજવાનો છે.

'નવરસો' સંજ્ઞાથી સાહિત્યના નવરસમાંથી શ્રૃંગાર, કરૂણ, શાંત, હાસ્ય વગેરે રસના પ્રયોગવાળી રસિક કાવ્યરચના નેમનાથ રાજિમતીના ચોવીશ ચોક જૈન સાહિત્યના કાવ્યપ્રકારોમાં અલ્પ પરિચિત કાવ્ય પ્રકાર તરીકે ચોક છે. ચોકની માહિતી નીચે પ્રમાણે છે.

## ચોક એક પ્રકારની ગાવાની રીત અને શૈલી

ચોક એટલે લાવણી કાવ્યમાં આવતી એક કવિતા, તેમાં ચાર કે આઠ કડીની રચના હોય છે. ટૂંકમાં ચોક એટલે ગેય કાવ્ય રચના એમ સ્પષ્ટ સમજાય છે. લાવણીમાં ટેક હોય છે. ૧ કડી અસ્તાઈની ૨-૩ કડી અંતરાની ૩-૪ ઝુલની છેલ્લી વાળવાની એમ ટેક રચના હોય છે. અત્રે કવિ અમૃતવિજયજી કૃત નેમનાથનો ચોક પ્રગટ કરવામાં આવ્યો છે. અને તેની મહત્વની વિગતો નોંધવામાં આવી છે.

અચલગચ્છના પંડિત રત્નવિજયજીની પરંપરામાં થયેલા ૧૯મી સદીના કવિ અમૃતવિજયજીએ સં. ૧૮૩૯માં ચોકની રચના કરી છે.

ચોકની રચના ભક્તિમાર્ગની વિશિષ્ટ કૃતિ હોવાની સાથે ચરિત્રાત્મક કાવ્યનો નમૂનો છે.

વિવાહલો કાવ્યના અનુસંધાનમાં ઉપરોક્ત કૃતિમાં કવિ અમૃત-વિજયજીએ નેમનાથના વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં વિવાહના પ્રસંગનો મિતાક્ષરી પરિચય આપ્યો છે.

ઢાળ-૧૬ અને ૧૭માં વિવાહ વિશેના વિચારો પ્રગટ થયા છે, તેની માહિતી કવિના શબ્દોમાં નોંધવામાં આવી છે.

**ઢાળ-૧૬ની પંક્તિઓ નીચે પ્રમાણે છે :**

**ઘર આવી કાં ન સમુદ્ર વિજય સંઘાતે, મસલિત કીધી કહે જેહ નીદાન,**
**નેમીસર વિવાહની વાત પ્રસિદ્ધ, ઉગ્રસેન રાજાની બેટી,**
**રાજીમતી રૂપની છૈ પેટી, તસ આગલ રંભા રહે ચેટી... (૧)**
**તે સાથે સગાઈ જોડી છે, જે આઠ ભવંતર છોડી છૈ,**
**કરી નવમે ભવ નહીં ત્રોડી છે... (૨) ઘર આવી૦**
**વલી લગન જોષીડે દીધાં છે, શ્રાવણ સુદિ છટ્ઠે લીધાં છે,**
**કહુડે કપટ એ કીધાં છે... (૩) ઘર આવી૦**
**બિહું ઠામે સજાઈ થાઈ છે, કહૈ અમૃત ધવલ ગાવઈ છે.**
**હવૈ નેમજી પરણવા જાઈ છે... (૪) ઘર આવી૦**

**ઢાલ-૧૭ની પંક્તિઓ નીચે પ્રમાણે છે :**

**શુભ સ્નાન કરી વિધિપૂર્વક શણગાર્યા તિલક કેશરધારી**
**વર ધૂપ ધરી શ્રીફલપાન કરી અવસારી, ચઢી બેઠાં રથમાં વરરાજા,**
**વરસાથ દશારથ દસ ભાજા, કૃષ્ણ બલભદ્રને યાદવ ઝાઝા... (૧)**
**ચઢી હયગય પદ ચારી, પાછલ રથૈ બૈઠી સહુ નારી**
**ગાંઈ ગીત યાદવરાણી મતવારી... (૨) શુભ સ્નાન૦**

**શિર છત્ર ચામર પાસૈ ઢાવરસી જન્માં જસુભારી**
**વાજે શરણાઈ ભૂંગલ ઢાલ ભારી... (૩) શુભ સ્નાન૦**
**પ્રભુ જાન સજી જાતા કહૈ છૈ, કહે સારથી રથનૈ વહૈ છે.**
**કહૈ અમૃત તુમ સસરો રહે છે.... (૪) શુભ સ્નાન૦**

કવિ જણાવે છે કે, ૧૭મી ઢાળને અંતે નેમકુમાર લગ્નના માંડવેથી રથ પાછો ફેરવીને ગઢ ગિરનાર જાય છે. કરૂણાસાગર નેમકુમાર પશુઓના પોકારથી જીવતદાન માટે લગ્નના વિચારનો ત્યાગ કરીને સંયમ સ્વીકારે છે.

નેમકુમાર રાજિમતીનો ત્યાગ કરે છે એટલે સ્ત્રી સહજ રાજિમતીની વિરહ-વેદનાને કરૂણરસમાં વાચા આપવામાં આવી છે. અન્ય કવિઓએ પણ આજ ભાવના વ્યક્ત કરી છે.

અંતે રાજિમતી નેમનાથજીનું શરણ સ્વીકારીને શિવપદને પામે છે. તેનો ૨૪મી ઢાળમાં ઉલ્લેખ થયો છે. નેમનાથ અને રાજિમતીના સંયમનો પ્રસંગ એ વિવાહલો કાવ્યનું મુખ્ય લક્ષણ છે.

કવિએ 'ચોક' કાવ્યના સંદર્ભમાં વિસ્તાર કે વર્ણનનો આશ્રય લીધા વગર લગ્ન અને દીક્ષાના પ્રસંગનું નિરૂપણ કર્યું છે.

ચોકમાં બેસીને સમૂહમાં ગાઈ શકાય તેવી દેશીબદ્ધ રચના પ્રભુ ભક્તિનો રંગ જમાવે છે.

**ઢાળ-૨૪ની પંક્તિઓ નીચે પ્રમાણે છે :**

**પ્રભુ હિતકારી સંજમ આપી થાપી શિવપદ નારી,**
**જાઉં બલિહારી, નવમે ભવ જિનરાજૈ, પહિલાં તારી**
**સહવાસન સગલી સિદ્ધ જોડી, શિવ પહોંતા કરમ ભરમ તોડી,**
**નેમ રાજુલ અવિચલ થઈ જોડી... (૧) પ્રભુ હિતકારી૦**
**મિલી ગોપી સંવાદ સુણાયો છે, શ્રી નેમ વિવાહ મનાયો છે,**
**તે અધિકાર બનાયો છે... (૨) પ્રભુ હિતકારી૦**

કીઓ ઓગણચાલીશ અઢારે, કાતિ વદી પંચમી રવિવારે
એ ચોવીશ ચોક ચતુર ધારે... (૩) પ્રભુ હિતકારી૦
મુનિ રત્નવિજય પંડિત રાયા, બુધ શીશ વિવેક વિજય ભાયા,
તસ સીસ અમૃતવિજય ગુણગાયા... (૪) પ્રભુ હિતકારી૦
॥ઈતિ શ્રી નેમનાથ રાજીમતીનાં ચોવીશ ચોક સંપૂર્ણ ॥

લિ. પ્રેમચંદ
(સંદર્ભ : જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો, પા.૩૧૮)

## 33. નેમનાથના શલોકો

*નેમનાથના શલોકોની રચના સં. ૧૮૪૪માં શ્રાવણ વદિ-પાંચમના શુભ દિવસે થઈ હતી. કવિનું નામ દેવચંદ છે.*

*કવિએ દેવ એટલે સુર અને ચંદ એટલે શશી એમ સંકેતપૂર્વક સુરશશી નામનો ઉલ્લેખ કર્યો છે. કવિ વીશા શ્રીમાળી જ્ઞાતિના કોંઠ ગામની પાસે ગાંગડ ગામનાં વતની હતાં. શલોકોની રચનાને આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે શ્રાવક કવિ દેવચંદ ૧૯મી સદીના મધ્યકાળમાં થયા હતા. (ગાંગડનાં રાજા રામસિંહ હતાં.)*

*નેમનાથજીનો શલોકો વિવાહલો કાવ્યના સંદર્ભમાં નેમનાથજીના શલોકોનો પરિચય આપવામાં આવ્યો છે.*

*મધ્યકાલીન જૈન સાહિત્યમાં શલોકોની રચના થઈ છે તેમાં નેમ-નાથજીના વિવાહનું વર્ણન શલોકો સંજ્ઞાથી કરવામાં આવ્યું છે.*

*શલોકોમાં મૂળ શબ્દ સંસ્કૃત ભાષાનો શ્લોક છે. શ્લોક એટલે ચાર ચરણની લઘુ કાવ્ય રચના. વ્યક્તિના ગુણોની પ્રશસ્તિ માટે શ્લોક રચના થતી હતી. આવા મહાપુરૂષોના નામની આગળ 'પુણ્ય' શબ્દ*

જોડીને પુણ્ય શ્લોક શબ્દ રચાયો છે. જેનું નામસ્મરણ ગુણગાન પવિત્ર-પુણ્યરૂપે છે એવી કાવ્ય રચના અને એવો અર્થ પ્રચલિત થયો છે.

વિવાહલો કાવ્ય રચનામાં ૨૨માં નેમનાથ ભગવાનના વિવાહલો જેવી જ લઘુ રચના શલોકોની થઈ છે.

નેમનાથજીના શલોકોનો પરિચય નીચે પ્રમાણે છે :

કવિ દેવચંદે નેમનાથના લગ્નના પ્રસંગનું વર્ણન રસિક શૈલીમાં કર્યું છે. નેમનાથના વિવાહની તૈયારી, જાન પ્રસ્થાન, નેમનાથનું આકર્ષક શબ્દચિત્ર અને જાનૈયાઓની પણ વિગતો આપી છે.

સંસારી જીવનની દષ્ટિએ વિવાહનું વર્ણન ઉચિત લાગે છે. કવિની કલ્પના શક્તિ, રસનિરૂપણ તરીકે શ્રૃંગાર અને કંઈક અંશે વ્યવહાર જીવનનો પણ સંદર્ભ મળે છે. ઉપરોક્ત માહિતી કવિના શબ્દોમાં નીચે પ્રમાણે છે :

નેમનાથને પરણવા માટે પ્રલોભન આપવામાં આવે છે અને જળક્રીડા દ્વારા પરણવા માટે કૃષ્ણના વચનથી ગોપીઓ નેમકુમારને જળક્રીડા કરવા લઈ જાય છે.

"જળક્રીડા કરવા તમે સહુ જાઓ. નેમને તમે વિવાહ મનાવો."

ગોપીઓની વાણીથી નેમકુમાર હસે છે. આ હાસ્યને સંમતિ માનીને એમનો વિવાહ કરવામાં આવે છે, કવિના શબ્દો છે :

**બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચડશે તેહને,**
**માટે હૃદયથી ફીકર ટાળો. કાકાજી કેરૂ ઘર અજવાળો. ૪૧.**

**એવું સાંભળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ હૃદયમાં વસિયા;**
**ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ; નિશ્ચે પરણશે તમારો ભાઈ;**
**ઉગ્રસેન રાજા ધરે છે બેટી, નામે રાજુલ ગુણની પેટી. ૪૨.**

**નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો;**
**મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત્ય ફૂલેકાં થાય. ૪૩.**

નેમકુમારના લગ્નની તૈયારી અંગેની માહિતી જોઈએ તો :

**પીઠી ચોળે ને માનિની ગાય, ધવળ મંગળ અતિ વરતાયા;**
**તરીયા તોરણ બાંધ્યા છે બહાર, મળી ગાય છે સોહાગણ નાર. ૪૪.**

**જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારી;**
**વહુવારૂ વાતો કરે છે છાને, નહીં રહીયે ઘેર ને જાઈશું જાને, ૪૫.**

નેમકુમારની જાનની માહિતી આપતા કવિ નેમનાથનું શબ્દચિત્ર આલેખે છે.

**ગાડા વેલો ને બગીઓ બહુ જોડી, જ્યાના ગાડીએ જોતયાં ધોરી;**
**બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હીરલે જડિયા. ૪૭.**

**કડાં પોચિયો બાજુબંધ દશીયા, શાલો દુસાલો ઓઢે છે રસીયા;**
**છપ્પન કોટી તો બરોબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણુ. ૪૮.**

. નેમકુમાર વરરાજાના રૂપમાં શોભે છે તે માહિતી કવિ આપે છે :

**કોઈ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારિ,**
**એવી વાતોના ગપોટા ચાલે, પોતપોતાના મગનમાં મહાલે. ૫૪.**

**બહોંતેર કળા ને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર,**
**પહેર્યો પીતામ્બર જરકશી જામા, પાસે ઊભા છે નેમના શાલા. ૫૫.**

**માથે મુગટ તે હીરલે જડિયો, બહુમૂલો જો કસબીનો કડીયો,**
**ભારે કુંડલ બહુમૂલાં મોતી, શહેરની નારી નેમને જોતી. ૫૬.**

**કંઠે નવસરો મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર;**
**દશે આંગળીએ વેઢ ને વીંટી, ઝીણી દિસે છે સોનેરી વીંટી. ૫૭.**

નેમકુમારની જાન-વરઘોડે નીકળે છે તે માટે કવિ જણાવે છે કે :

**પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસ ને ચડીઆ વરઘોડે,**
**ચડી વરઘોડે ચહુટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે. ૬૦.**

આનંદ, ઉલ્લાસના વાતાવરણમાં નેમકુમારની જાન નીકળી, પણ ઉગ્રસેન રાજાને ત્યાં જાન આવી ત્યારે પસુઓના પોકાર સાંભળીને દયાળુ નેમકુમાર લગ્નના માંડવેથી પાછા વળીને ગઢ ગિરનાર જઈ સંયમ અંગીકાર કરે છે. શ્રૃંગાર રસની લ્હાણ પછી હવે કરૂણ રસની ભાવભીની પંક્તિઓ યાદ કરવા જેવી છે.

**વાજા વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય;**
**ધુંસળ મુસળ ને રવઈઓ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા. ૬૧.**

**દેવ વિમાને જાવે છે ચડી, નેમ નહિ પરણે જાશે આ ઘડી,**
**એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ. ૬૨**

વિવાહલોના સંદર્ભમાં વિવાહનું વર્ણન પૂર્ણ થાય છે અને વાસ્તવિક રીતે વિવાહલો દીક્ષાના વર્ણનનું કાવ્ય હોવાથી કવિએ નેમકુમારના સંયમનો મિતાક્ષરી ઉલ્લેખ કર્યો છે.

**ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ મ્હારૂ એ કરજો;**
**પાછા ન વળીઆ એક જ ધ્યાન, દેવા માંડ્યું તિહા વરસી જ દાન. ૭૧.**

**દાન દઈને વિચાર જ કીધ, શ્રાવણ સુદી છઠ્ઠનું મુહુરત લીધ.**
**દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર; સાથે મુનિવર એક હજાર. ૭૨**

**ગિરનારે જઈ ને કારજ કીધું પંચાવન મે દિન કેવલ લીધું;**
**પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યા ચાંગળું પાણી. ૭૩**

રાજુલ અન્ય રાજકુમાર સાથે લગ્ન કરવા તૈયાર નથી. માતા-પિતાની વાતો સ્વીકારતી નથી અને નેમજીના પગલે ચાલીને સંયમ સ્વીકારી મુક્તિ પામે છે. કવિના શબ્દોમાં ઉપરોક્ત માહિતી નીચે પ્રમાણે છે :

**નેમને જઈ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માંગી;**
**આપો કેવલ તમારી કહાવું, હું તો શોક્ય જોવાને નહિ જાવું. ૭૪.**

દીક્ષા લઈને કારજ કીધું, ઝટપટ પોતે કેવલ લીધું,
મળ્યું અખંડ એ આતમ રાજ; ગયા શિવસુંદરી જોવાને કાજ. ૭૫.
શુદની આઠમ આષાઢ ધારી, નેમજી વરીયા શિવવધુ નારી,
નેમ-રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતિ. ૭૬.

કવિએ ૮૨ કડીમાં નેમનાથજીના જીવનનો રસિક પરિચય કરાવ્યો છે.

આજે પણ કો'ક ભાવિકો નેમનાથ ભગવાનના જન્મ કલ્યાણકને દિવસે આ શલોકોનું ભાવવાહી ગાન કરીને પ્રભુ ભક્તિ કરે છે.

શલોકો કાવ્યની મર્યાદાને અનુસરીને કવિ નેમનાથ ભગવાનનું ચરિત્રાત્મક નિરૂપણ કર્યું છે. નામ શલોકો પણ વાસ્તવમાં વિવાહલોનું દર્શન થાય છે.

## ૩૪. શ્રી નેમિનાથજીનો નવરસો

*મુનિ રૂપચંદજી કૃત નેમિનાથજીનો નવરસોની માહિતી હસ્તપ્રતને આધારે આપવામાં આવી છે. નવરસો સંજ્ઞાથી કાવ્યમાં રસનિરૂપણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે પણ મૂળભૂત રીતે તો તેમાં નેમનાથ ભગવાનનો ચરિત્રાત્મક પરિચય છે. મુખ્યત્વે નેમનાથના લગ્નનો પ્રસંગ અને પશુઓના પોકારથી કરૂણાર્દ્ર બનીને લગ્ન નહિ કરતા ગઢ ગિરનાર જઈ સંયમ સ્વીકારે છે. તે પ્રસંગ મહત્વનો છે. લગ્ન અને સંયમની સાથે વિવાહલો સામ્ય ધરાવે છે. તેનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે :*

લગ્નના વર્ણનની રસિક વાણીની નમૂનેદાર પંક્તિઓ જોઈએ તો :

લીધું લગ્ન ઉતાવળું, વરરાજાજી,
આવ્યાં લીલાં શ્રીફળ હાથ, મ કરોદવાજાજી.

જમણ લાડુ લાપસી વરરાજાજી.
વળી સેવઈયો કંસાર, મ કરોદવાજાજી
આછી જલેબી પાતળી વરરાજાજી.
વળી માંહે ગેવરનો ભાગ, મ કરોદવાજાજી
ખારી પુરી ને દહીંથરાં, વરરાજાજી.
વળી ખાજાં ને મગદલ, મ કરોદવાજાજી ।।પ।।

લગ્નપ્રસંગે જાન નીકળે તેનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે :

હાથી રથ શણગારીયા વરરાજાજી.
વળી કેશરીયા અશ્વાર, સબળદીવાજાજી.
ઈંદ્ર જોવાને આવીય, વરરાજાજી.
ઈંદ્રાણી ગાવે ગીત, સબળદીવાજાજી ।।૯।।

તોરણ આવ્યો નેમજી, વરરાજાજી
તેને નીરખો રાજુલ નાર સબળદીવાજાજી.
રૂપચંદ રંગે મળ્યા, વરરાજાજી
એ જોવા સરખી બાળ સબળદીવાજાજી ।।૧૦।।

છઠ્ઠી ઢાળમાં સખીઓ નેમનાથના કાળા શ્યામ રંગનો ઉલ્લેખ કરે છે ત્યારે રાજુલ જવાબ આપતાં કહે છે કે, અંજન, કસ્તુરી, આંખની કીકી, કૃષ્ણાગરૂ, કેશ વગેરે કાળા જ શોભા આપે છે.

છઠ્ઠી ઢાળમાં સખીઓના શ્યામવર્ણવાળા નેમકુમારના ઉલ્લેખથી કરૂણા અને વિષાદનું બીજ રોપાયું છે. ત્યારપછી સાતમી ઢાળમાં પશુઓના પોકારથી કરૂણાર્દ્ર બનેલ નેમકુમારનો રાજુલનો ત્યાગ કરીને ગઢ ગિરનાર જાય છે તે પ્રસંગનું કરૂણરસમાં નિરૂપણ થયું છે.

પશુઅ પોકાર સુણી કરી શુદ્ધ લીધીજી. વિચારે શ્રી વીતરાગ તેણે દયા કીધીજી.

જો પરણું તો પશુ મરે તેણે શુધ કીધીજી.
મૂકી અનુકંપા જાળ તેણે દયા કીધીજી ॥૧॥

રાજિમતી ધરણી ઢળ્યાં મોરા વ્હાલાજી.
અવગુણ વિના દીનાનાથ હાથ ન ઝાલ્યોજી.
આંગણ આવી પાછા વળ્યા મોરા વ્હાલાજી.
ક્ષત્રિય કુળમાં લગાવી લાજ હાથ ન ઝાલ્યોજી. ॥૨॥

નવમેં ભવે તમે નેમજી, મોરા વ્હાલાજી.
મુજને કાં મેલી જાઓ હાથ ન ઝાલ્યોજી.
મારી આશા અંબર જેડવી મારા વ્હાલાજી.
તમે કેમ ઉપાડી કંથ હાથ ન ઝાલ્યોજી ॥૩॥

અન્ય કવિઓની કલ્પના સમાન પાણીમાં જાળ નાખી, આળ ચઢાવ્યા, પંખીઓને પિંજરામાં પૂર્યા, સાધુને સંતાપ આપ્યો, બાળકને માતાથી અળગો કર્યો, અણગળ પાણી ભર્યા, કીડીનાં દરનો નાશ કર્યો, ગુરુને ગાળ દીધી વગેરેના ઉલ્લેખ દ્વારા રાજિમતી નેમજીના વિયોગનો વિચાર કરે છે. કવિએ દૃષ્ટાંતો દ્વારા રાજિમતીના વિરહની અભિવ્યક્તિ કરી છે. કર્મવાદની વિચારધારાને અંતે રાજુલ નેમજી પાસે આવીને સંયમ સ્વીકારી આરાધના દ્વારા મોક્ષગમન કરે છે. તે પ્રસંગથી કાવ્ય પૂર્ણ થાય છે.

રાજુલની દીક્ષા માટે કવિના શબ્દો છે :

ઈમ કરતાં રાજુલ આવીયાં, મોરા વ્હાલાજી
શ્રી નેમિશ્વરની પાસ, હાથ ન ઝાલ્યોજી,
રૂપચંદ રંગે મળ્યા મારા વ્હાલાજી.
રાજુલ લીધો સંયમ ભાર, હાથ ન ઝાલ્યોજી ॥૭॥

આજ્ઞા લઈ રાજુલ એકલી સાહેલડીયાં
ગિરનાર ઉપર ગુફા માંહે જિણગુણ વેલડીયાં,
વાટે જાતે વર્ષા થયો, સાહેલડીયાં,
ભીંજાણા રાજુલનાં ચીર, જિનગુણ વેલડીયાં ॥૧॥

**રહનેમિના પ્રસંગે :** કવિ રહનેમિના ભોગસુખની માહિતી દર્શાવી છે. રાજુલના શબ્દો છે :

**સંયમરત્નને હારીયાં, સાહેલડીયાં,**
**વળી કીધી વ્રતની ઘાત, જિનગુણ વેલડીયાં,**
**રહનેમિ તવ બોલીયાં, સાહેલડીયાં**
**માતા રાજિમતી ઉગાર, જિનગુણ વેલડીયાં ॥૭॥**

**પિયુ પહેલાં મુગતે ગયાં સાહેલડીયાં,**
**રાજિમતી તેણીવાર, જિનગુણ વેલડીયાં,**
**રૂપચંદ રંગે મળ્યા, સાહેલડીયાં,**
**પ્રભુ ઉતારો ભવપાર, જિનગુણ વેલડીયાં ॥૮॥**

"મધુરેણ સમાપયેત્"નાં ન્યાયે પરંપરાગત રીતે રાજુલની મુક્તિનો ઉલ્લેખ કરીને નવ-રસોની રચના પૂર્ણ થાય છે.

**(સંદર્ભ : જ્ઞાનતીર્થની યાત્રા, ડૉ. કવિન શાહ)**

## ૩૫. "પંખીનો વિવાહલો" સમીક્ષા

*વિવાહલો કાવ્યો તીર્થંકરો અને ઐતિહાસિક મહાપુરુષોને કેન્દ્રમાં રાખીને રચાયાં છે. સં. ૧૮૫૬ની પંખીનો વિવાહલોની રચના આ કાવ્યમાં નવીનતાની સાથે જ્ઞાન અને ગમ્મત (આનંદ) પ્રદાન કરાવે તેવી રચના છે.*

*પૂ. રવજી મુનિના વિવાહલોની રચનાનો આધાર જ્ઞાતાધર્મ કથા છે. વિવાહલોને અંતે કવિએ જણાવ્યું છે કે :*

*"પરત (પ્રત)૧- જ્ઞાતાની, પત્ર-૩૧૩ને આધારે વિવાહલોની રચના કરી છે. પ્રતનો સંદર્ભ સ્થાનકવાસી જ્ઞાન ભંડારનો હોવાનો સંભવ છે.*

૪૫ આગમમાં ૧૧ અંગસૂત્રમાં છઠ્ઠુ શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્રમ્ છે. તેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

આ સૂત્ર પ્રાચીન કાળમાં ૫,૭૬,૦૦૦ પદ પ્રમાણ હતું. વર્તમાનમાં ૫૪૬૦ શ્લોક પ્રાપ્ત થયા છે. તેમાં એક અબજ એકવીશ કરોડ પચાસ લાખ કથાઓ હતી. જ્ઞાતાધર્મ કથાની ૧૯ કથાઓ અધ્યયન રૂપે પ્રાપ્ત થાય છે. તેમાં ચોથું અધ્યયન 'કુર્મ' (કાચબો) નામનું છે. તેમાં મુખ્યત્વે બે કાચબાના દષ્ટાંત દ્વારા ઈન્દ્રિયોના વિષયોને જીતવાના ઉપદેશની માહિતી છે.

મુનિ રવજીના પંખીનો વિવાહલોની રચના માટે આ સંદર્ભ ઉપયોગી અને આધારભૂત ગણાય છે. વિવિધ પંખીઓના આધારે બાળજીવોને બોધદાયક ઉપદેશ પ્રાપ્ત થાય છે. અનુયોગસૂત્રમાં કથાનુયોગનો સમાવેશ થયો છે. કથાના માધ્યમથી જ્ઞાન સાથે ગમ્મતથી ઉપદેશ વચન - શિખામણ મળે છે.

પંખીનો વિવાહલો એ હાસ્ય રસની કૃતિ છે. કવિની કલ્પનાથી વરકન્યા અને ભોજનની વાનગીઓનો ઉલ્લેખ થયો છે. વરરાજા કુ કુ કરે છે, પરણવા આવોને માંડવે, વરકન્યા ચોરીમાં પરણશે, કાગડો મનમાં કરગરે, પાછી વાળશું જાન, વેવાઈને ઘેર નહીં જવું, અમને ન દીધાં માન, પંખીનો ભલો વિવાહલો રે રૂડાં જિમણ જિમાયરે, કાગડો રાંધે છે લાપસી, જમો નણદિના વીર સુગરી રાંધે છે ખીર. આ નમૂના રૂપ પંક્તિઓ વિવાહ નામને સાર્થક કરે છે.

કાગડો ચતુર પંખી છે તે બધાંને ભેગા કરીને ખાય છે. કાગડાની મા તેને શિખામણ આપે છે. કાગડો પરણવા જાય છે ત્યારે કહે છે કે રસ્તામાં જતાં વાદ ન કરીશ. મુનિ રવજીના મતે ૧૯ કરોડ કથાઓ હતી તેમાંથી આ વિવાહલોની માહિતી મળી છે. જ્ઞાતાધર્મ કથામાં સંખ્યાં ૧૯ કરોડની હતી. સૌરાષ્ટ્રના 'ધોરાજી' નગરના ભંડારની હસ્તપ્રતને આધારે વિવાહલો રચાયો છે.

# પંખીનો વિવાહલો

લિપિ : સા.વિરાગરસાશ્રીજી

શ્રી ગુરૂભ્યો નમઃ

તીતર બેઠો તાડુ કરે, સૂડલો વાઢે છે વાંસ
મોર ઘાલે છે માંડવો, થાતે વીવાનાં કામ... (૧)

સાવજડે જગ માંડીયો, માંડ્યો વનડા રે વાસ
પંખીયડો વીવાહ કરે, હિયે ધરી ઉલાસ... (૨)

વઈરે બેઠી વડા કરે, કાબર ભરડે છે દાલ
હાડીયો આવ્યો ચાખવા, મીઠું થોડેરૂં ઘાલ...સા. (૩)

લવરબાઈ લટકા કરે, મુને ચૂડલો પેરાવ
બાર બદામ મારે રોકડી, તેનો ચૂડલો ઘડાવ...સા. (૪)

હાડીયો આવ્યો હટ(ર)ણે, કોઈ જાઈ ખંભાત
સારો વસાઉં ચૂડલો, સાથે દેડકો જાત...સા. (૫)

જાનૈયો સુંડાડવા, વાઘણ કરે ઉચાટ.
કૌંચ કાબર કહે કંતને, અમને ઘડાવો ઘાટ...સા. (૬)

સસલો બેઠો સોનું ઘડે, ઘડીઆ નવસેરા હાર,
ઘડીયા બાજુબંધ બેરખા, નરનારીનો શણગાર...સા. (૭)

કાગડો પરણવા ચાલીયો, સાથે જાનૈયા સાર
શિખામણ દે માવડી, વાટે મ કરશો વાદ...સા. (૮)

વરરાજા આવ્યો સીમમાં, તખત થયાં છે લોક,
જાનૈયા ભલા જાનનાં, બોલે એતલો ફોક...સા. (૯)

ચડકલો ચાલ્યો ચૂંપશું, સાથે લેઈ પર(રિ)વાર
વરગડ જાવો ઉતાવલા, જઈ કીધો જુહાર...સા. (૧૦)

વરરાજા આવીને ઉતર્યો, એહનાં ઘરને રે બાર
સામૈયો શીયાલ કરે, સાથે ઢોલીયા સાર...સા. (૧૧)

બે ઉતારા ચુંપ રે કર્યા, કીધા વનડા રે અંબ,
જાનૈયા દાતણ દાઢમે, વરને કણેયર કંબ...સા. (૧૨)
કાગડો તોરણ આવીયો, કોયલ ગાએ ગીત
વરરાજા કુકુ કરે, એહનાં કુલની રીત...સા. (૧૩)
કુકડા નેવુઢા તેડવા, તુમે છો ચતુર સુજાન
પરણવા આવોને માંડવે, બોલે મધુરી વાણ...સા. (૧૪)
કુકડાને કેડે કટારડો, વરને માથે છે મોડ
વરકન્યા ચોરીમાં પરણશે, જાઝી લાગે છે જોડ...સા. (૧૫)
પારેવું બેઠો પડપડે, હોલો કરે છે જોર
સમલી બેઠી ખાજા કરે, કેનો કટકો ને કોર...સા. (૧૬)
ટીંટોડી બેઠી ટગમગે, મુને થોડેરૂં ઘી વાલ રે
વીવા તારો માંડવો, નરણાં આથમ્યો દેહ રે...સા. (૧૭)
મીનીબાઈ ચાલ્યા મનામણે, માથે ખાજાનો પોટ
સામા મલ્યાં છે કૂતરા, મરડી ભાંગી છે કોટ...સા. (૧૮)
પોપટ બેઠાં છે પાંજરે, આજ રાખોને જાન
હરખે જમણ દેશું અમે, કહો તે રંધાવું ધાન...સા. (૧૯)
કાગડો મનમાં કરગરે, પાછી વાલશું જાન
વેવાઈને ઘેર નહીં જમુ, અમને ન દીધાં માન...સા. (૨૦)
ઉહેરૂં માંહે સારથીયા, સહુને ઝાઝેરા માન
અણવર જાવા ઉતાવળા, ચાવે બીડાંને પાન...સા. (૨૧)
સૂડલો કે જમ્યા સારી પેઠે,જમ્યા ત્રણ જ દીહ
સેવ સુંહાલા લાડુઆ, ઉપર અતિ ઘણાં ઘીય...સા. (૨૨)
બગલુ આવ્યું ઉતાવલું, માપીઇં બાંધી છે વાટ
સબલ બોલાવું સાથે લેજો, લેજ્યો વળી ચારણ ભાટ...સા.(૨૩)
ઢેલને કાને વેઢલા, બગલીને કોટે છે હાર,
કાગડાને કેડે કેડે કટારડો, ઉંદર બાંધે તલવાર... સા. (૨૪)

સીંચાણો લીધો વોલાવડે, વુઢી આવે છે જાન
અધવચ જડ્યા નોલીયા, ઝાલી ગયાં છે વાન...સા. (૨૫)

સીંચાણો ધરણું કર્યું, થઈ ઠેલાઠેલ
ત્રાંગા તો કીધા ત્રણશે, અમારી વાત જ મેલ...સા. (૨૬)

નોલીયાનું નરસું પડ્યું, વાન લેઈ ને રે જાય
પંખીનો ભલો રે વિવાહલો, રૂડાં જિમણ જમાય...સા. (૨૭)

કાચબો મનમાં કરગરે, હવે કરો રે ઉપાય
સબકુ વોલાવું સાથે લેઈ, રૂડો કરીને રે જાય...સા. (૨૮)

ગરૂડ પંખીનું ગાડુ કીયો, સાથે વોલાવું કોલ
અધરાતે વનવાસે પોતા, પોલીયા ઉઘાડે પોલ...સા. (૨૯)

ઘુવડ બેઠો ઘુઘુ કરે, સુગરી રાંધે છે ખીર
કાગડી રાંધે છે લાપશી, જમો નણંદીના વીર...સા. (૩૦)

**ઈતિ શ્રી પંખીનો વિવાહલો સંપૂર્ણ.**

**લખિતં શિષ્ય રવજી ॥ શ્રી રસ્તુ કલ્યાણમસ્તુ ।**

સં. ૧૮૫૬નાં આસુ સુદ-૨, વાર ભોમે પરત-૧ જ્ઞાતાની પત્ર ૩૧૩ । પંન્યાસ પં. સુરવજે ગણિ તથા માણેકસાગર ગણિને આપી છે. હસ્તે રાજવિજેજી, શ્રી ધોરાજી મધ્યે પાછી અમને પોંચી છે. સંવત ૧૮૫૬નાં વૈશાખ વદ-૬, વાર શુક્રે ॥

- કઠિન શબ્દાર્થ :
  1. હાડીયો - કાગડો
  2. હટારણે - ખરીદ કરવા દુકાને
  3. બાર બદામ - તે વખતે બદામનું નાણું ચાલતું
  4. કણેયર કંબ - વરને કણેરની સોટી આપે છે.
  5. મીનીબાઈ - બિલાડી
  6. સબલ વોલાવુ - પરાક્રમી ભોમીયો
  7. કોલ - ઉંદર.

બાળજીવોને બોધ થાય તેવી પંચતંત્રમાં વાર્તા આવતી અહીં પણ પંખીના વિવાહ દ્વારા જુદા જુદા પંખીઓના ગુણનો બોધ કરાવ્યો છે. કાગડો ચતુર પંખી ગણાય છે અને બધાને ભેગા કરીને પછી ખાય છે. તે તેનો ગુણ છે. વળી બોલવામાં અવાજ કટુ હોવાથી (શ્લોક નં.૮) તેની મા શિખામણ દે છે કે રસ્તામાં વાદ ન કરીશ, કાગડો પરણવા જાય છે... રવજી મુનિએ આ વિવાહલો રચ્યો છે. છેલ્લે લખે છે કે જ્ઞાતાધર્મકથામાંથી આ વિવાહલો બનાવ્યો છે. અત્યારે તો થોડી કથાઓ તે આગમમાંથી મળે છે. બાકી ઉઠક્રોડ-સાડાત્રણ કરોડ કથા જ્ઞાતાધર્મકથાંગમાં હતી...

## ૩૬. રૂકમણી વિવાહલો

**લિપિકાર : પ.પૂ. આચાર્ય જગતચંદ્રસૂરિ**

*રૂકમણીનો વિવાહ તેના ભાઈ રૂક્મે શિશુપાલ સાથે કર્યો હતો. પણ રૂકમણીને શ્રીકૃષ્ણ ગમતા હતા એટલે મિત્ર વિપ્ર રૂકમણીને વિનંતી કરે છે કે ગમે તે ગતે ઉપાય કરીને લેખ શ્રીકૃષ્ણને પહોંચાડો. શ્રીમાન કૃષ્ણ ! તમારા વિના મારા પ્રાણ જાય છે.તમારા સિવાય બીજા કોઈને વરવાનું (લગ્ન કરવાનું) થશે તો હું આપઘાત કરીશ. આ વાત કૃષ્ણે બળદેવને કરી. રથ તૈયાર કરીને બ્રાહ્મણ સહિત ત્રણે જણા રૂકમણી પાસે આવ્યા. રૂકમણીએ પ્રસન્નતા અનુભવી. શિશુપાલનું અપમાન થવાથી યુદ્ધ થયું. રૂકમણી કહે છે કે, હે પ્રભુ વિચારીને કંઈક ઉપાય કરો. ત્યાં તો કૃષ્ણે રૂકમણીનું અપહરણ કર્યું. રૂક્મ પણ યુદ્ધમાં જોડાયો, છેવટે રૂક્મની મૂછ-દાઢી અને મસ્તકના વાળા કાપી છૂટો કર્યો. આ રીતે કૃષ્ણ સાથે રૂકમણીનો વિવાહ થયો.*

*કવિએ વિવાહના પ્રસંગનો વિસ્તાર કર્યો નથી, પણ રૂકમણી સાથે વિવાહ કેવી રીતે થયો તે પ્રસંગનું વિવાહલોના અર્થમાં નિરૂપણ થયું છે.*

*રૂકમણીના વિવાહમાં યાચકને દાન આપવામાં આવે છે. લગ્નની વેદીની રચના કરવામાં આવી. સખીઓ મંગલ ગાતી હતી. રૂકમણીના યશનાં ગીતો ગવાયાં.*

નૃપ ભિખમ કંદનપુરી રાણી રુકમણી રાજકુમારીજી
સસિ વદનિ મૃગલોચની બિધના રચીએ સવારજી
સવારક એક રચિ વિધના, નેહ હરસુ લાઈયા
રૂકમ ભાઈ મૂઢ કહીય અસ્ત્ર વ્યાહન આઈયા
નેમવ્રત મેરે ગયયુહી સીસપાલ આયાહબરી
દાસ શિખા ચંદ્રા બ(વ)દની રુકમણી કુંદનપુરી ॥૧॥

અસ્ત્ર દલન દેખ ઝરે ॥ છિપર રાજકુમારજી
જનમતી કયું મુઈનાહી ॥ કયું સીરજી કરતારજી
કરતાર મ્હારઈ કાંઈ સીરજી ॥ આસ દેખન અસરકી
લીગજાને વ્યાહ રુકમણ હમ જવી તે જુગ ધરી
નિકટના પ્રદેશ વાલમ । કાસુ કહી યહ સખી
દાસ શિખા દેવ મૂરત અસ્ત્રદલ દેખે છીપી ॥૨॥

રુદનકર રાણી રુકમણી જવ વૃજલીયહે વુલાયજી
સજલ નયણ વિનતી કરું, મુંડ તુંડ લગુ પાયજી
પાય તુમારે પરુ સામી જાહ દ્વિજ દ્વારામતી
જહાં કૃષ્ણ દેવ શિરોમણી વિપત મેરી કહો હરસુ
શ્યામ તુમસે ક્યા કહે મત કરો મિત્ર વિશ્વાસ મેરા.
જાહ અવ દ્વારામતી દાસચીખા સજલ નયના વિપ્રકે પાઈન પરી ॥૩॥

વિપ્ર ચલે મન સોચકે કલહા જાઈય કરતારજી
વિખમનગર દ્વારામતી હરજીકો સાંધ દુવારજી
સિંધ દુવારા બના હરકા કોડ રથજા હજુરે
જહા સીધ સાધક મુનીજન ગાવ, દેવ કરજો રેખરે
હરકૈ તો દ્વારઈ ભીર કહાય દાસ ચિખા પહુંચ નાઈ
કસકે હુવા સુણઈએ ॥૪॥

તબ દિજ મન ધીરજ ધરો, પુરીય દ્વારકા આઈયા
ધન ધન હો પ્રભુ સાવરે જિન કંચન નગર વસાઈયા
કંચન નગર વસાય સામિ સિંઘપઉભવ નાઈયા
કુંદનપુરી તે સામીજીએ દિજ લિખ લે આઈયા
વોલાયકર કુસલા તવુજી લે નીકટ વગઈયા
દાસ ચિખા કહુ માધો રૂકમણી દુઃખ પાઈયા ॥૫॥

જવ દિજ લે પતરા દઈ વાચત વસુદેવ નંદકુમારજી
સુસુત શ્રીમત, જાદુનંદન નરધારુ આધારજી નિરધારુ
આધાર પ્રભુ મેરા સુણ અસરદલ ગંજના
અભયભંજન વાર તેરો ભયવિપત્ત દુઃખભંજના
અખ દેખે મેરી દેહ કંપઈ પાન તન તજ જાએગે
દાખ ચિખા લીકૂખો રુકમણ સામ સુન પીછ તાઉગે
તુમ વિન ઓરનકુ સુકઈએ કહ શરણાગત જાઉજી
થારી પ્રિત મોરે મન બસૈ લેલે સમરું નામજી
નામ તુમરો કીયો સમરણ ઓર વર કસે વરું
ઓર વર જો વરે મોકું જીવ ખંડણ કર મરું
જ્હાં જ્હાં પીર પરી ભગતનકું તાહારી છાતમ કરી
દાસ ચિખા લીખોહ રુકમણ અખત રાખો હરી ॥૭॥

અધીન વયણ રાણી રુકમણજી લિખે હર નયણ સજલ ભર આઈયા
રામ રૂપ સીતા વરી તઉ ન એતો દુઃખ પાઈયા.
તઉ નયતો દુઃખ પાઈ સુંદર કમલ લોચન યો કહૈ
તુહ ઘઉગો ભાગ સુભાગઈ બકૈ અસ્ન દેખત હી રહૈ
કરુ સબતૈ બડી રાણી બહુ રડુખના દિ ખાઈશું
દાસ ચીખા સામીયો કહે રુકમણી પરણાયસ ॥૮॥

તબ હર હલઘરસુ કહ્યો દલબલ સાજો ધાઈજી
છપ્પન ક્રોડ જદુ ચડે ગગન ચઢી રીવ છાયજી

એક ચઢી ગગન રવિ કીરણ છાયો લે દિજ રથ વઈ ઠાઈયો
ગરડગામી ભય આતુર નગર કુંદનપુર આઈયા
દિજ જાઈ કૈ કુસલાત દિની રૂકમણી સચ પાઈયા
દાસ ચીખા પ્રાણ પતત તેરો ગ્રીવ પ્રવર આઈયો ॥૯॥

નરપતિ ભીખમ તવ જાનઈ હર મીલકુ ઉઠ ઘાઈયા
ધન ધન હો પ્રભુ સાવરતુ ભાગ હમારે આઈયો
ભાગ હમારે આયો પ્રભુ મેરે, કોઉ ઉ સેવામે કરું
સંસાર માયા સકલ તેરી કરજોડ રુકમણી લે મિલુ
મિલત રીહિકર કંઠ લાયો પ્રીત રાજાસુ કરી
ધન ધન રાજા વંશ તેરી તહા ઉપજા રૂકમણી ॥૧૦॥

કર વીદા સંતોખ કીન્હા ગ્રહ અપને આઈયા
દાસ ચિખા પ્રાણ પતત હરંમિલનકુ ઉઠ ધાઈયા
શંખ સવદત્ત બાજહી અસ્રદલ ઉકલાઈયા
જુરીસંઘ સિસપાલ મિલકર, તવ રુકમ બુલાઈયા
બુલાય રુકમ મન્ન વિચારો ગુવારાયા કયં આઈયા
જાયઉ જકુટવ અપના કન્હયા ભેદ વતાઈયા
તવ રુકમ રીક્ષાય વોલો વાર જન નહી અવતો
દાસ ચીખા મૂઢ્યો કહ વાતવઈ બોલાવતો ॥૧૦॥

ગોર પૂજન રાણી રુકમણ ચલી અસ્ર ચલે દલ જોડજી
ગહમે અંત ન પાવઈ જોધી ચઢે એક કોડજી
કોડ એક ચડા જોધા એકાએક વલતો લઈ
વીચ દીયા જાય રુકમણ રામ રામ ન બોલઈ
ગોર કે દરબાર કાઢી સિંઘકો પરિસાઈયા
જાતો માગ્યો થો વૃજના થડુલો ગોર કોઉ ન બોલાઈયા
ગોર કહ સંતોષ કરરી તેરા મન ચિંતાવર પાઈયા
દાસ ચીખા પ્રાણ પતત તેરા ગ્રિવ પ્રવર આઈયા ॥૧૧॥

થંભ ગહે રાણી રુકમણ ખડી, સ્વામી તુમારી વેરજી
તીન લોક ત્રિભુવનધણી, આય સમય વીચારજી
આય સમય વિચાર પ્રભુ મોરે સુનતહી હર ધાઈયા
દઉડ જંબુ પડે જહા તહા, સિંઘ ગરજત આઈયા.
દાખ ચીખા કર ગ્રહો જબ, તેઅ રથ વઠાઈયા
હરી હરી ફુલહણ હરી, રુકમઈય મિલી પુકારજી ॥૧૨॥

જરાસિંઘ સમજાવઈ નિજ વાઘો હથીયારજી
હથીયાર તો તુમ કાંઈ બાંધો બહુત છલિવલ જાનઈ
મેં અપની દેખી કહું કહો હમારો માનીયો
ગઈલ તૈ જવ જાય ઉઠ્યા જાય કિત મથુરા ઘણી
દ્વારકા તેરી દુર કહાય ગયા થાવરીયા ધણી
કૃષ્ણ રથ વાઢે ભય વાઘ રથ મૈ ડારીયા
દાસ ચીખા ડુલહની તબ વીર વીર પુકારીયા ॥૧૪॥

રુકમણીકો પ્રાણ જાણો કૃપાવંત કૃપાઈયા
મુછ દાઢી મુંડ મસ્તક જબ રુકમ છુટાઈયા
રુકમ છુટાયા કાયા પાયા, દ્વારકા દુર આઈયા
વાસુદેવ કાલરન દાન જાચક પાઈયા,
આદ બ્રૃમ્હા રચી બેદી સખી મંગલ ગાઈયા,
દાસ ચીખા સહર સમાઈલા રુક્મણી જસ ગાઈયા ॥૧૫॥

ઈતિ રુક્મણીકા વિવાહલા સંપૂરણ

● કઠિન શબ્દાર્થ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ભિખમ | - ભીમરાજા | ૭. | પતરા | - પત્ર |
| ૨. | બિધના | - વિધિએ, ભાગ્ય | ૮. | તજ જાએગે | - ત્યાગ કરશે |
| ૩. | વ્યાહ | - વિવાહ | ૯. | પીછ તાઉગા | - પસ્તાવું, પશ્ચાત્તાપ |
| ૪. | વૃજલીયા | - કૃષ્ણ | ૧૦. | છાતમ | - છત્ર |
| ૫. | દિજ | - દ્વિજ, બ્રાહ્મણ | ૧૧. | પીર | - પીડા, દુઃખ |
| ૬. | વોલાયકર | - બોલાવીને | ૧૨. | રકમના | - રક્ષણ કરવું |

| | | | |
|---|---|---|---|
| ૧૩. હલધર | - બળદેવ | ૧૮. જંબુ | - શિયાળ |
| ૧૪. ગરૂડગામી | - કૃષ્ણ | ૧૯. સિંઘ | - સિંહ |
| ૧૫. શબદતા | - શબ્દ | ૨૦. ગઈલ | - ગાડી |
| ૧૬. કરકંઠ | - ભેટી જવું, ભેટવું | ૨૧. કુલહની | - દુલ્હન રચી |
| ૧૭. દઉડ | - દોડીને | ૨૨. બેદિ | - વેદિકા, લગનની વેદી |

## ૩૭. પૂજા સાહિત્ય

*અર્વાચીન જૈન સાહિત્યમાં ભક્તિમાર્ગની લોકપ્રિય કાવ્ય રચના તરીકે પૂજા સાહિત્ય મહત્વનું ગણાય છે. પૂ.આ. ધર્મધુરંધરસૂરિએ શ્રી આદિજિન પંચ કલ્યાણક પૂજાની રચના વીર સંવત ૨૦૭૧માં કરી હતી. તેમાં દીક્ષા કલ્યાણકની પૂજામાં દીક્ષાના પ્રસંગનું વર્ણન છે.*

*પ.પૂ. આચાર્ય યશોભદ્રસૂરિએ મહાવીરસ્વામી પંચ કલ્યાણક પૂજાની રચના કરી છે તેમાં પણ દીક્ષા પ્રસંગનું વર્ણન છે.*

*કાવ્ય રચના હોવાને કારણે વિસ્તાર નથી પણ પ્રસંગોચિત માહિતી સભર છે. નમૂના રૂપે પંક્તિઓ નીચે પ્રમાણે નોંધવામાં આવી છે.*

*કવિ પંડિત વીરવિજયજીએ પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજાની રચના કરી છે. તેમાં દીક્ષા પ્રસંગનું વર્ણન નોંધપાત્ર છે. આ અંગેની મૂળ પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે. (સંદર્ભ : વિવિધ પૂજા સંગ્રહ ભાગ-૧)*

### આદિનાથ દીક્ષા મહોત્સવ

**સંયમ લે સુખકાર ઋષભજી**
**દીક્ષા મહોત્સવનો વરઘોડો સુંદર ને શ્રીકાર ।।ઋષભ।।**
**સ્વામી સુદર્શન શિબિકા શોભે દેવદેવી નરનાર ।।ઋષભ।। ૧**
**સિદ્ધારથ ઉદ્યાને પહોંચ્યા વૃક્ષ અશોક રસાળ ।।ઋષભ।।**
**અલંકાર ઉતારી સર્વે, લોચ કરે મુઠી ચાર ।।ઋષભ।। ૨**

કનક કલશ પર નીલ કમલશી શોભી રહી કેશવાળી ।।ઋષભ।।
સુરપતિની વિનતીથી રાખી ભક્તવત્સલ અણગાર ।।ઋષભ।। ૩
નિર્જલ છટ્ઠ તપે ચૈત્ર વદિની અષ્ટમીતિથિ મનોહાર ।।ઋષભ।।
"કરેમિ સામાઈયં" જબ ઉચ્ચરે ચોથું જ્ઞાન વિશાલ ।।ઋષભ।। ૪
સાથે કચ્છ મહાકચ્છાદિક, રાજવી ચાર હજાર ।।ઋષભ।।
ધર્મ ધુરંધર એ મુનિવરથી હોશે મંગલ માળ ।।ઋષભ।। ૫
(સંદર્ભ : આદિ જિન પંચકલ્યાણક પૂજા, પા.૪૬૫)

## પાર્શ્વનાથ ભગવાન દીક્ષા-મહોત્સવ

ત્રીસ વરસ ઘરમાં વસ્યા રે, સુખભર વામાનંદ
સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઈન્દ્ર નમો નિત્ય નાથજી રે,
નિરખત નયના નંદ ।।નમો ।।૧।। એ આંકણી ।।
તીર્થોદક વર ઔષધિ રે, મેળવતાં બહુ ઠાઠ
આઠ જાતિ કળશા ભરી રે, એક સહસ ને આઠ ।।નમો ।।૨।।
અશ્વસેન રાજા ધુરે રે, પાછળ સુર અભિષેક ।।
સુર-તરુ પેરે અલંકર્યા, દેવ ન ભૂલે વિવેક નમો ।।૩।।
વિશાલા નૃપ શિબિકા રે, બેઠા સિંહાસન નાથ ।।
બેઠી વેડી દક્ષિણે રે પટશાટક લેઈ હાથ ।।નમો. ।।૪।।
વામદિશે અંબ ધાતરી રે, પાછળ ધરી શણગાર ।।
છત્ર ધરે એક યૌવના રે ઈશાન ફળ કરનાર ।।નમો. ।।૫।।
અગ્નિ કોણે એક યૌવના રે, રયણમય પંખો હાથ ।।
ચલત શિબિકા ગાવતી રે, સર્વ સાહેલી સાથ ।।નમો. ।।૬।।
શક્ર ઈશાન ચામર ધરે રે, વાજિંત્રનો નહીં પાર ।।
આઠ મંગલ આગળ ચલે રે, ઈન્દ્ર ધ્વજા ઝલકાર ।।નમો. ।।૭।।
દેવી દેવી નર નારીયો રે, જોઈ કરે પ્રણામ ।।
કુળમાં વડેરા સજ્જના રે, બોલે પ્રભુને તામ ।।નમો. ।।૮।।

જિતનિશાન ચડાવજો રે, મોહની કરી ચકચૂર ॥
જેમ સંવત્સર દાનથી રે, દલદર કાઢ્યું દૂર ॥નમો. ॥૯॥

વરઘોડેથી ઉતર્યા રે, કાશી નયરની બહાર ॥
આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ ॥નમો. ॥૧૦॥

અટ્ઠમ તપ ભૂષણ તજી રે, ઉચ્ચરે મહાવ્રત ચાર ॥
પોષ બહુલ એકાદશી રે, ત્રણ્યા સયાં પરિવાર ॥નમો. ॥૧૧॥

મનઃપર્યવ તવ ઉપનું રે, ખંધ ધરે જગદીશ ॥
દેવ દુષ્ય ઈન્દ્રે દિયું રે, રહેશે વરસ ચંતતીસ[1] ॥નમો. ॥૧૨॥

કાઉસગ્ગ મુદ્રાએ રહ્યા રે, સુર નંદીશ્વર જાત ॥
માત પિતા વંદી વળ્યાં રે. શ્રી શુભવીર પ્રભાત ॥નમો. ॥૧૩॥

## મહાવીર સ્વામી - દીક્ષા મહોત્સવ

સંયમ રસિયા રહી શુભધ્યાને દોય વરસ વીતાવે રે ॥
અવધ થયે લોકાંતિક દેવો વિનવે પ્રભુને ભાવે રે ॥ સંયમ ॥૧॥

જય જય નંદા જય જય ભદ્દા ધર્મ તીરથ તુમે થાપો રે ॥સંયમ॥
બૂઝો બૂઝો હે ત્રિભવન નાયક જગ જનનાં દુઃખ કાપો રે ॥૨॥

સંયમ અવસર જાણિ જિનજી દેતા વરસીદાન રે ॥
એક ક્રોડ અડલખ સોનૈયા, પ્રતિદિન દે વર્ધમાન રે ॥૩॥

એમ સંવત્સર દાન દીપે પ્રભુ હરિ સહુધન ઉપજાવે રે ॥
જિનવર હાથે દાન ગ્રહે જે પીડા રહિત તે થાવે રે ॥૪॥

સંમતિ આપી દીક્ષા કાજે વીરજી તત્પર થાયે રે ॥
ચોસઠ ઇંદ્ર દેવ દેવી સહુ ક્ષત્રિયકુંડે જાયે રે ॥૫॥

કનક મણિના કલશ અનુપમ તીરથ જળ ભરી લાવે રે ॥
પ્રેમ કરી પ્રભુને નવરાવી શણગાર સજાવે રે ॥૬॥

ચંદ્રપ્રભા શિબિકા અતિ સુંદર સિંહાસન પધરાવ્યા રે ॥
સુર ઉપાડે મંગલ ગાવે કુસુમે નાથ વધાવે રે ॥૭॥

---

૧. ચતતીસ = સિત્તેર વર્ષ (૪૦ + ૩૦)

દુંદુભી વાજે જય જય ગાજે આવ્યા જ્ઞાન ઉદ્યાને રે ॥
પ્રભુ મુખ પદ્મ નિહાળી જન સહુ ધન ધન જીવ માને રે ॥૮॥
શુભ મુહુર્તે અશોક નીચે આભૂષણ સવિ ત્યાગે રે ॥
લોચ કરે નમી સિદ્ધ ધરે વ્રત મનઃપર્યય જ્ઞાન જાગે રે ॥૯॥
ઈંદ્ર પ્રભુને ડાબે ખંધે દેવદૂષ્ય પધરાવે રે ॥
વંદન કરી નંદીશ્વર જઈ સુર નિજ નિજ સ્થાનક જાવે રે ॥૧૦॥
છોડી સહુ સંસાર સંબંધી વીર બન્યા અણગારી રે ॥
વીતરાગી વીર ચરણે વંદન યશોભદ્ર સુખકારી રે ॥૧૧॥

(સંદર્ભ : મહાવીર પ્રભુ પંચકલ્યાણક પૂજા પા. ૪૯૨)

## ૩૮. અઢાર નાતાં (નાતરાં) સજ્ઝાય (વિવાહલો)

*અઢાર નાતાં (નાતરાં) સંબંધની સજ્ઝાય એ વિવાહલોના પર્યાયવાચી શબ્દ સાથે સંબંધ ધરાવે છે. અહીં ત્રણ વ્યક્તિના ૬ પ્રકારના સંબંધથી ૧૮ સંબંધો થાય છે તેની વિગત પ્રાપ્ત થાય છે. આ વિવાહ ભૌતિક રીતે અનૈતિક સંબંધોવાળો છે, પણ વિવાહ તો ખરો. અવધિજ્ઞાનની વિગતથી આ સંબંધો જાણવા મળે છે.*

*આ કૃતિને સજ્ઝાય - વિવાહલોની સંજ્ઞા આપવામાં આવી છે. કર્મજન્ય સંબંધ કેવા છે ? તે જાણવા મળે છે. કુબેરદત્તાની દીક્ષા એ મહત્વનું કાર્ય છે. વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય અને આત્મા સ્વસ્વરૂપમાં લીન થવા માટે પ્રેરાય તેવી આ રચના છે.*

*પૂ. નયવિમલની અઢાર નાતરાંની સજ્ઝાય પ્રસિદ્ધ થયેલ છે. અત્રે હસ્તપ્રતને આધારે હીરાણંદસૂરિની સજ્ઝાય - વિવાહલો પ્રગટ કરવામાં આવ્યો છે. હીરાણંદસૂરીની આ કૃતિ નવમી સદીની છે.*

## અઢાર નાતાં સંબંધ-વિવાહલો

મથુરા નગરીમાં કુબેરસેના નામે વેશ્યા રહેતી હતી. તેણીએ એક યુગલને જન્મ આપ્યો પુત્રનું નામ કુબેરદત્ત અને પુત્રીનું નામ કુબેરદત્તા રાખ્યું હતું. બન્નેને પેટીમાં મૂક્યા અને સાથે વીંટી મૂકી. પેટી યમુના નદીમાં તરતી મૂકી. આ પેટી શૌરીપુરમાં આવી. બે વેપારીએ તેમાંથી પુત્ર-પુત્ર લઈ લીધાં અને વેપારીએ પોતાને ત્યાં બાળક-બાળકીને ઉછેરીને મોટા કર્યાં. એવો સંયોગ થયો કે આ બેના લગ્ન થયાં... સોગઠા રમતી વખતે બે જણે વીંટી એક સરખી જોઈ પિયરમાં જઈને પૂછ્યું. પિતાએ પૂર્વની હકીકત કહી.

ભાઈ સાથે બહેનનાં લગ્ન થયાં જાણીને કુબેરદત્તાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી તેણીએ દીક્ષા લીધી.

કુબેરદત્ત લોકાપવાદના ભયથી નીકળીને મથુરા નગરીમાં ગયો અને માતા કુબેરસેના રહેતી હતી ત્યાં પહોંચ્યો. તેને ખ્યાલ ન હોવાથી કુબેરદત્ત સાથે ભોગ ભોગવતાં એક પુત્રનો જન્મ થયો. સાધ્વી કુબેરદત્તાને અવધિજ્ઞાન થયું. માતાનું આ કાર્ય જોઈ દયા આવી ગુરુણીને પૂછી વેશ્યાને ત્યાં પ્રતિબોધ કરવા ગઈ. તે વખતે પારણામાં પોઢેલા બાળકને ઉદ્દેશીને તેની સાથેના સગપણ સંબંધી ભાવવાહી હાલરડું ગાવામાં આવ્યું. બાળક, બાળકના પિતા અને માતા સાથે કુબેરદત્તાનો સંબંધ ૬ + ૬ + ૬ એમ ૧૮ રીતે થાય છે.

આ સંબંધની માહિતી નીચે પ્રમાણે છે :

**અઢાર નાતરાની વિગત :**

બાળક તથા કુબેરદત્તાનો સંબંધ :

**બાળકને ઉદ્દેશીને કુબેરદત્તા કહે છે :**

૧. કુબેરસેના જે મારી માતા અને તેનો જે પતિ તે મારો પિતા, અને તેનો તું ભાઈ = **કાકા** થાય.

૨. કુબેરદત્ત તે મારો ભાઈ, તેનો તું પુત્ર = મારો તું **ભત્રીજો** થાય.

૩. કુબેરસેના મારાં પતિની પત્ની હોવાથી શોક્ય થાય. તે શોક્યના દીકરાનો દીકરો તે મારો પણ પોત્રો કહેવાય તેથી = **પોત્રો** થાય.

૪. શોક્યનો દીકરો તે મારો પણ દીકરો થાય = **દીકરો** થાય.

૫. મારા પતિ કુબેરદત્તનાં ભાઈની અપેક્ષાએ = **દિયર** થાય.

૬. મારી માતા કુબેરસેનાનો તું દીકરો = **ભાઈ** થાય.

(**નોંધ :-** કોઈ જગ્યાએ જેઠ લખે છે પણ ભાઈ સંબંધ વધારે યોગ્ય છે, જેઠ ખોટું છે)

**બાળકના પિતા કુબેરદત્ત સાથે કુબેરદત્તાનો સંબંધ :**

૧. તારો પિતા તે મારો ભાઈ (છે) તેથી = **ભાઈ** થાય.

૨. મારી માતાનાં પતિ તરીકે તે = **પિતા** થાય.

૩. મારી માતાનાં પતિ હોવાથી કુબેરદત્ત મારો પિતા થયા અને તેની માતા કુબેરસેના એટલે મારા પિતાની માતા અને તેનો પતિ = **દાદા** થાય.

૪. કુબેરસેનાનાં પુત્ર કુબેરદત્તની હું પુત્રવધૂ, માટે કુબેરસેના મારી સાસુ અને તેનાં પતિ તે મારાં = **સસરા** થાય.

૫. કુબેરસેના મારાં પતિની પત્ની હોવાથી તે શોક્ય, તેનો દીકરો તે મારો પણ દીકરો = **દીકરો** થાય.

૬. કુબેરદત્ત સાથે મારો વિવાહ થયો હોવાથી તે = **પતિ** થાય.

**બાળકની માતા કુબેરસેના સાથે કુબેરદત્તાનો સંબંધ :**

૧. કુબેરસેના તે મારી માતા છે = **માતા** થાય.

૨. મારા પતિની માતા હોવાથી મારી = **સાસુ** થાય.

૩. મારા પતિ સાથે તેનો સંબંધ હોવાથી = **શોક્ય** થાય.

૪. મારા ભાઈ કુબેરદત્તની પત્ની હોવાથી = **ભોજાઈ** થાય.

૫. મારી માતાનો પતિ તે મારો પિતા અને તે પિતાની કુબેરસેના એ માતા છે માટે તે મારી = **દાદી** થાય.

૬. મારી શોક્યનો દીકરો કુબેરદત્ત અને તેની પત્ની તે શોક્યની પુત્રવધૂ થાય તેથી તે મારી પણ = **પુત્રવધુ** થાય.

**અઢાર નાતરાની સજ્ઝાયના સંબંધોની વિગત :**

(રાગ - માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે)

**પુત્ર સાધ્વી ઝુલાવે તારું પારણું રે**
**ગાવે હાલો હાલો હાલરવાના ગીત**
**દીકરા કહું છું તું છાનો રહેને લાડકારે**
**લાડકવાયા મારા દેવરીયાની પ્રીત... પુત્ર. (૧)**

**ભત્રીજો કહીને હુલરાવું હું ભાવથી રે,**
**મારા શોક્ય પુત્ર સાંભળ મારું ગીત,**
**હાલરડું ગાતા સુણીને અચરજ ઉપન્યો રે,**
**કુબેરસેના વેશ્યા આવી ત્યાં હજૂર... પુત્ર. (૨)**

**કુબેરસેનાને સાધ્વી કહે સાચું સાંભળો રે,**
**મારી માતા મુજને રાખો રૂડી રીત**
**શોક્ય મારી તું તો જાણું જાણું છું આ ભવ તણી રે,**
**ભાભી મારી તું તો દીસે અવિનીત... પુત્ર. (૩)**

**વહુ આવી ક્યાંથી વઢકણી મને મળી રે,**
**મારા ડાહ્યા દાદીએ દર્શન દીધા આજ,**
**એવામાં તો કુબેરદત્ત તિંહા આવીયો રે,**
**કુબેરસેના તવ કાઢી ઉભી લાજ... પુત્ર. (૪)**

**કુબેરદત્તને કહે પધારો સ્વામી માહરા રે,**
**પુત્ર મારા પ્રતિજ્ઞા ન પાળો કાંઈ**

પિતા થઈને મને લાડ ન લડાવીયા રે,
ભાઈ થઈને વાત ન કરો આવી અહીં... પુત્ર. (૫)

સસરાજી થઈને સાંસો નથી લાગીયો રે,
મારા વહુના પુત્ર તને શું કહું ખાસ,
આવું હાલરડું સાધ્વી મુખેથી ગાઈયું રે,
કુબેરદત્તને વેશ્યા સુણી બોલ્યા હાશ... પુત્ર. (૬)

અરે સાધ્વી આવું શું બોલો છો તમે રે,
સંશય ટાળીને સમજાવો અમને એહ
તિંહા સાધ્વીએ અઢાર સગપણ વર્ણવ્યા રે,
સુણી બુઝ્યા કુબેરદત્તને વેશ્યા એહ ... પુત્ર. (૭)

સંસાર છોડી સુધો સંયમ આદર્યો રે,
કેવળ પામી કુબેરદત્ત શિવપુર જાય,
કુબેરદત્તની કુબેરસેના સ્વર્ગે ગયા રે
રૂપવિજય કહે મહાવિદેહથી મોક્ષે જાય... પુત્ર. (૮)

## અઢાર નાતરાની સજ્ઝાય (વિવાહલો)

**લિપિકાર : પૂ.સા.શ્રી શાશ્વતયશાશ્રી મ.**

પણમીઅ જિણવર તિહૂયણ સાર સમરીઅ સરસતિ સામિણીએ
અઢાર નાતરાતણું ભણીઅ વિચાર કરમ વિશેષઈ જે હૂયાએ ॥૧॥

જંબુદીવહ મથુરા મઝારી કુબેરસેના ગણિકા તિંહા વસઈએ
જનમીયા તેણિ જુગલિ નરનારી દિવસ અગીયાર પ્રતિપાલીયાએ ॥૨॥

ઘાતીઅ મુદ્રડી મનહિ ઉચ્છાંહિ નામ સહિત બિહુ જણ તણાએ,
કુબેરદત્ત કુબેરદત્તા મંજૂસહ માંહિ જમના નદિ પ્રવાહીએ ॥૩॥

રયણીઅયંતર પુહરચીયારિ નદીઅ જલપૂરીઅ તાણીયાએ
સૌરીપુરી તિણિઉતું દુઆરિ દિનકર ઉગમીયાવીઆએ ॥૪॥

આવતા દેખીઅ બેહુઅ શેઠો બોલેઈ વિહવીઅ લેસ્યાએ
કાઢીઅ શેઠેઅ દીધી દેઠી નરનારી વહેચીઅ લેઈયાએ ॥૫॥

દિન દિન વાધઈએ રૂપિ સોભાગ સયલ કલા બિહું શીખવીયાએ
નાતરા મિલીયા છે કરમ સંયોગિ ભાઈ બિહનીઅ અણજાણતાએ ॥૬॥

ઢાલ :

બિહુ જણ હૂઉ વિવાહૌ મંગલ ધવલ ઉચ્છાહો
હાથ મેલાવઉ દક્ષિણ બિહું કરી દીધું ॥૭॥

પરણીઅ પુહતા આવાસો મુદ્રડી દીઠી ઉલ્લાસો
દેખી સરીખઉ નામ બિહૂ જણ હૂઉ વૈરાગૌ ॥૮॥

સ્યું અમ્હિ બિહિ નરભાઈ હૂઈઅ કહ સગાઈ
પૂછઈ આપણી તાત જાણી અપૂરવ વાત ॥૯॥

રે ધિગ્ ધિગ્ કરમ વિચાર ભાઈ બિન્હી હી ભરથાર
રે કરમ કિસ્યું એ ન થાઈ વિણ ભોગવીયા ન જાઈ ॥૧૦॥

કરમ સરીસુઉ થાણકોઈમકસુજાણ કરમઈ તીર્થંકર જાતા
વીરહ પ્રમુખ વદીતા ॥૧૧॥

કરમઈ નરવર નડીઆ સુનર પગઘડીઆ કરમઈ કિંસુ અનહરો
ભણઈ હિરાણંદસૂરિ ॥૧૨॥

ઢાલ :

ઈમ વિરાગઈ પૂરબોલિઅ ઘરિ સંસારુએ
જીવી જોવનકારિ મે લેસ્યું સંજમ ભારો ॥૧૩॥

વહૂઈ વર મોકલાવીઉ જણણી સરીસુતા તો સંજમ
લીધું પદમીની મેહલીય મોહીની વાતો ॥૧૪॥

સાધી લીધી મુદ્રડી વ્રય પ્રતિબુઝવારેસિ,
સંજમ પાલી મહાસતી વિહરી દેશિ વિદેશી ॥૧૫॥

તાતઈ નંદન બુઝવ્યું દીધું ઘર તણું ભારો અનાદિ વસ
મથુરા ગયું, માંડી બહુલ વ્યાપારો ॥૧૬॥
કરમ વિશેષઈ તિંહા હુઉ પૂરવ જણિણી સંભોગ
કુબેરસેના સુત જાઈઉ વિષમુ કરમ સંયોગ ॥૧૭॥
કુબેરદત્તા બંધવ વરી જોણીય વિહડનાણ મથુરા
ગઈઅ મહાસતી ગુરુ ઉપદેસઈ પ્રમાણ ॥૧૮॥
કુબેરસેના પાસઈ રહી માંગી વસતિ વિશાલ
તિંહા પહોંતી તે રોહવિ રુદન કરતઉ બાલ ॥૧૯॥

ઢાલ

બાલઉ મુઝપ્રી બંધવએ દેઉર નાતરઈ તેણિ તુ હાલર હૂલિરાએ
નાતરા સુણીઅ અઢારઉ લંછણા નિઉકરએ ॥૨૦॥
જણણીઅ એક જ આપણીએ સહોદર બંધવ તેણિ તુ ॥૨૧॥
હાલાહૂલારે માહરી સુકઈ તુજ નમીઉ એ તેણિ નાતરઈ મુઝ પુત્ર તુ ॥૨૨॥
તુજ પિતા મુઝસુકિ નંદનુએ તાતઉ મુઝ વચ્છ હોઈઉ ॥૨૩॥
હો જણણીઅ તાહરી માહરીએ ઉદર ધરીઆ નવ માસ તુ ॥૨૪॥
તું મુજ બંધવ નંદનૂએ ભત્રીજઉ કારણિ તણિ તુ ॥૨૫॥
હો મુજ જણણીઅ વર માડલીએ વડી આઈ મુઝ તુઝ તાતઉ ॥૨૬॥
માહરી સુકઈ તુજ ન તાહરી માત મુઝ વહુઅ ॥૨૭॥
માહરા વરતણી માડલીએ માડલી સાસુઅ હુ તું ॥૨૮॥
હો ધરણી મુઝ સહોદર તેહનાએ તો જાઈઅ તેણિ તું હોઈ ॥૨૯॥
હો સુકિ મુઝ જણણીઅ તાહરીએ માહરા વરતણી ધરણિઉ ॥૩૦॥
હો મુજ જણણી તુજ વહૂએ તાહરું માહરું તાત તું ॥૩૧॥
હો માહરુ પિત્રીઉ તુઝ પિતાએ તિણી પિતામહ હોઈઉ ॥૩૨॥
હો માહરુ એહ સહોદરુ એ એક જ ઉદરિ ઉપનઉ ॥૩૩॥
માહરુ વરજણણી વરુએ સસરુઈ તેણિ તું હોઈઉ ॥૩૪॥

તાહરુ પિતા મુઝ કરિ ગ્રહીઉએ મુઝ પિતા તુઝ ભરતારઉ ॥૩૫॥
હો માહરી સુકિનું નંદનૂએ નંદન મુઝ તુજતઉ ॥૩૬॥

ઢાલ

અઢાર નાતરા તણું વિપરીત કુબેરદત્ત મનિસુકીઉએ
કુબેરસેના પ્રીયઈ એકણિવીતી પૂછિ આદિમસતી એ ॥૩૭॥
તિણી સંભારીઅ પૂરવ વાત મુદ્રા રયણ દીખાડીઉએ
કુબેરદત્ત મુઝ કરમ સંયોગિ આઠ કરમ છેદાવીયાએ ॥૩૮॥
આપણી ચારિત્ર લીજઈ ચિત્તી નિશ્ચલ સંજમ આદરુએ
સંજમ પાલી પૂરવ રીતી કુબેરસુર બહુ વરુએ ॥૩૯॥
કુબેરસેના લીઈ સમકિત શીલ પાલઈ નિશ્ચલ મની કરીએ
કુબેરદત્તા સુર રમણીઅ લીલ ભોગવી ભવભઈ નિરજણીએ ॥૪૦॥
ઈણિ પરિ નાત્રા સુણીઅ અઢાર કે કરમ વિષમ ગતિ ઉલખુએ
છાંડીઆ કારિમુ એહ વ્યાપાર શીયલ સંજમ નિરંજનીયા ॥૪૧॥
પીપલગચ્છ હીરાણંદસૂરિ રે ભવિયણ આગલ ઈમ કહીએ
અવસરિ મોહજ મેહલિ દૂરિ ધર્મ સંમોહ નિશ્ચલ કરુએ ॥૪૨॥

॥ ઈતિ અઢાર નાતરા સજઝાઈ ॥

## ૩૯. જૈન વિવાહ વિધિ

*૧૨મી સદીના પ.પૂ. આ. વર્ધમાનસૂરિએ આચાર દિનકર ગ્રંથની સંસ્કૃત ભાષામાં રચના કરી છે. તેને આધારે જૈન વિવાહવિધિ પુસ્તકનું પ્રકાશન થયું છે. તપાગચ્છ આ ગ્રંથને માન્ય કરતા નથી.*

*જૈન વિવાહવિધિ પ્રમાણે લગ્ન થતાં નથી કદાચ અલ્પ સંખ્યામાં થતાં હશે. મુખ્યત્વે તો હિન્દુવિધિ મુજબ લગ્ન થાય છે. જૈન વિવાહવિધિનો પરિચય આ સાથે આપવામાં આવ્યો છે.*

*પૂ. કલ્યાણવિજયજીએ પણ જૈન લગ્નવિધિનું પુસ્તક પ્રગટ કર્યું છે.*

*પ્રાચીનકાળમાં સમાજના ચાર વર્ગ હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. બ્રાહ્મણ વર્ગના લોકો ધાર્મિક ક્રિયાકાંડ અને ધર્મના કાર્યો કરતા હતા. તેમાં લગ્નવિધિ માટે પણ બ્રાહ્મણો જ સેવા આપતા હતા.*

*સમાજના ચારેય વર્ગમાં લગ્ન માટે બ્રાહ્મણ એટલે ગોર મહારાજના નામથી ઓળખાતા હતા તે લગ્નવિધિ કરાવતા હતા. હિન્દુ લગ્નવિધિ નામ સુપરિચિત છે. જૈન લગ્નવિધિનો કોઈ પ્રાચીન સંદર્ભ પ્રાપ્ત થતો નથી. જૈનોમાં પણ ગોરમહારાજ હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરાવતા હતા.*

*જૈન લગ્ન વિધિની એક પુસ્તિકા મળી છે તેમાં લગ્ન વિધિનો ઉલ્લેખ મળે છે.*

*વિધિનો આરંભ મંગલાચરણથી થાય છે. મુખ્યત્વે આત્મરક્ષા નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવે છે. ધાર્મિકપૂજનનો પ્રારંભ આત્મરક્ષા નવકાર મંત્રથી થાય છે તેનું અનુસરણ થયું છે એમ જાણવા મળે છે. માંગલિક તરીકે ચતારિમંગલમ્, અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, સાહૂ મંગલમ્, કેવલીપન્નતો ધમ્મો મંગલમ્નું સ્મરણ કરવામાં આવે છે.*

*આ મંગલ પછી અર્હદ્ પૂજન કરવામાં આવે છે.*

**શાસ્ત્ર પૂજા :**

શાંતિ મંત્ર બોલવામાં આવે છે. ૐ અસિઆઉસ... (આમાં પંચ પરમેષ્ઠીનો સમાવેશ થયો છે.) વરકન્યાનો છેડા-બંધન થાય છે. પછી વર-કન્યાનો હસ્તમેળાપ કરવામાં આવે છે.

મંગલાષ્ટકનું પઠન કરવામાં આવે છે. પછી નવકાર મંત્રનું સ્મરણ કરીને મંગલ ફેરા ફરવામાં આવે છે.

**સપ્તપદીનું પઠન થાય છે તે નીચે પ્રમાણે છે :**

૧. વર-કન્યાએ એક બીજાની લાગણીને માન આપવું.

૨. એક-બીજાને પૂરક બનવું અને સહાયની ભાવના રાખવી.

૩. એકબીજા સાથે ઉચિત વ્યવહાર રાખવો.

૪. મન-વચન અને કાયાથી એક બીજાને વફાદાર રહેવું.

૫. સૌની સાથે સમાનતા રાખવી.

૬. પરિવાર સાથે એકરૂપ થવું.

૭. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચાર પુરૂષાર્થની સાધના કરવી.

આશીર્વચનમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિની ભાવના વ્યક્ત થઈ છે. પછી ખમાસમણ દ્વારા વંદના કરવામાં આવે છે.

. નમસ્કાર મંત્રનું સ્મરણ કરીને સર્વમંગલ માંગલ્ય... નું સ્મરણ બોલીને વિધિ પૂર્ણ થાય છે.

ઘણી થોડી સંખ્યામાં આ પ્રકારની વિધિથી લગ્ન થાય છે.

**૨. સરળ જૈન વિવાહ વિધિ (હિન્દી) સંક્ષિપ્ત પરિચય :**

જૈન રત્ન ધર્મભૂષણ પ્રતિષ્ઠાચાર્ય પંડિત રામચંદ્ર જૈન. વિવાહના સંપાદક અને પ્રકાશક છે. ગામ નરસિંહપુર, રાજસ્થાન. વીર સંવત ૨૪૬૧માં પુસ્તિકાનું પ્રકાશન થયેલ છે.

૧. વિવાહ વેદી સ્થાપના, ૨. પ્રદક્ષિણા વિધિ, ૩. મંગલાષ્ટક, ૪. મંગલ કળશ સ્થાપના, ૫. યંત્ર સ્થાપના (સિદ્ધચક્ર યંત્ર)

**યંત્ર પૂજા પ્રારંભ :**

૧. નવકાર મંત્ર - ચાર મંગલનું ઉચ્ચારણ ચતારિ..., ૨. પુંષ્પાંજલિ, ૩. દેવ-ગુરુ અને શાસ્ત્રની પૂજા, ૪. અષ્ટમંગલ, ૫. તિલક મંત્ર, ૬. વિનાયકની સ્થાપના, ૭. મંડપ સ્થાપના વિધિ, ૮. વિવાહ સંકલ્પ, ૯. વિદ્યમાન તીર્થંકરોને અર્ધ્ય, ૧૦. શાશ્વતા -

અશાશ્વતા જિનોને અર્ઘ્ય, ૧૧. નવદેવની પૂજા, ૧૨. વિનાયક યંત્ર પૂજા, ૧૩. જયમાળા ઉચ્ચારણ, ૧૪. વેદી પૂજા, ૧૫. યજ્ઞોપવિત ધારણ, હવનમંત્ર, અગ્નિ મંત્ર, ૧૬. શાંતિધારા, ૧૭. પઠિકા મંત્ર, ૧૮. સપ્તપદી પૂજા, ૧૯. પાણિગ્રહણ વિધિ, ૨૦. છેડા બંધન. (વર-કન્યા), ૨૧. વર કન્યા માળારોપણ, ૨૨. સપ્તવચન, ૨૩. ગૃહસ્થાચાર્ય વચન, ૨૪. પતિ-પત્ની સંબંધ થયો, ૨૫. કરમોચન વિધિ.

આ રીતે વિવાહ વિધિ છે. આ વિધિ દિગંબર જૈન મતવાળા તરફથી પ્રકાશિત થઈ છે. તેમાં જૈનધર્મના વિચારોનો સમાવેશ થયો છે. દેવ-ગુરુ અને ધર્મની આહુતી તથા અગ્નિ સમક્ષ આ વિધિ કરીને વિવાહ સંબંધથી પતિ-પત્ની ગૃહસ્થાશ્રમમાં જીવન જીવે છે.

**वेदी का आकार**

**नोट :** यदि कारणवश वेदी न बन सके तो चौका पटिया पीपा आदि से निम्नप्रकार रचना कर कार्य चला लेना चाहिये ।



# सिद्ध चक्र यन्त्र ( माया-यन्त्र )

हवन कुण्ड का आकार




### ૩. શ્રી જૈન વિવાહ વિધિ :

જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરથી સંવત-૧૯૯૦માં પ્રગટ થઈ છે. વિવાહવિધિની રચના સંકલન શ્રી વર્ધમાનસૂરિના આચાર દિનકર ગ્રંથને આધારે કરવામાં આવી છે. પુસ્તિકામાં સંકલન કર્તા કે સંપાદકના નામનો કોઈ ઉલ્લેખ થયો નથી.

**વિધિની માહિતી નીચે પ્રમાણે છે :**

૧. વાગ્દાન મંત્ર (વર-કન્યાનો સંબંધ), ૨. લગ્ન નિરધાર, ૩. માતૃકા સ્થાપન - પ્રકાર અને મંત્રો, ૪. પૂજાની સામગ્રી, ૫. માતૃકા પૂજનમાં આઠ માતાઓનું વિધિપૂર્વક વર-કન્યા પૂજન કરે છે.

૧. બ્રહ્મા, ૨. માતૃકા, ૩. માહીશ્વરી, ૪. કૌમારી, ૪, વૈષ્ણવી, ૫. વારાહી, ૬. ઈન્દ્રાણી, ૭. ચામુંડા, ૮. ત્રિપુરા.

**સાત કુળકરની સ્થાપના :**

૧. વિમળવાહન, ૨. ચક્ષુમાન, ૩. યશસ્વી, ૪. અભિચંદ્ર ૫. પ્રસેનજિત, ૬. મરૂદેવ, ૭. નાભિ.

૧. મંડપ સ્થાપના ૨. લગ્નનો વરઘોડો ૩. માયરાનો પ્રકાર ૪. મંગલાષ્ટક ૫. હસ્તબંધન ૬. વેદિકા પ્રતિષ્ઠા ૭. તોરણ પ્રતિષ્ઠા ૮. અગ્નિ સ્થાપના ૯. હોમ વિધિના મંત્રો ૧૦. અભિષેક મંત્ર ૧૧. વર-કન્યાના અને મોસાળનું ગોત્ર મંત્રોચ્ચારથી ઘોષણા ૧૨. અગ્નિની પ્રદક્ષિણા અથવા ચાર ફેરા ૧૩. કન્યા ગ્રહણ સંકલ્પ ૧૪. કરમોચન મંત્ર ૧૫. આશીર્વાદ ૧૬. પુનરાગમનાય સ્વાહા વિધિ પૂર્ણ થાય છે. વરકન્યા વાજતે ગાજતે સ્વગૃહે જાય અને ચૈત્યનાં દર્શન કરે.

**કુળકર વિસર્જન**

અંતમાં કવિ રંગવિજયના પાર્શ્વનાથનો વિવાહલોમાંથી શિખામણનાં વચનો અને તેનો પ્રત્યુત્તર પ્રગટ કર્યો છે.

મંત્રો સંસ્કૃત ભાષામાં છે.

વિધિમાં ઉપયોગી સામગ્રીની સૂચિ આપવામાં આવી છે.

**૪. જૈન લગ્નવિધિ તથા વિવાહના ગીતો**

આ પુસ્તિકાનું પ્રકાશન એમ.એ. બ્રધર્સ મુંબઈથી થયું છે.

સંવત ૧૯૬૮માં સંપાદન થયેલ પુસ્તિકામાં જૈન લગ્નવિધિની માહિતીનો સમાવેશ થયો છે.

**વિધિની માહિતી નીચે પ્રમાણે છે :**

વર-કન્યા પક્ષના વડિલ લગ્ન સંબંધ (સગાઈ)નો લેખ લખીને આપે છે. ત્યાર પછી લગ્નનો દિવસ નક્કી કરવામાં આવે છે.

૧. માતૃકા સ્થાપના ૨. મંડપની રચના ૩. વેદીકા પ્રતિષ્ઠા - મંત્ર સહિત ૪. તોરણ પ્રતિષ્ઠા ૫. વરઘોડાનો શાંતિ મંત્ર ૬. મંગલાષ્ટક ૭. હસ્તમેળાપ ૮. અગ્નિ સ્થાપના ૯. અભિષેક ૧૦. મંગળફેરા ૧૧. વાસક્ષેપ મંત્ર ૧૨. વર-કન્યા આશીષવચન

પુસ્તિકામાં ઉપરોક્ત વિધિ માટે દરેકના મંત્રો છે. સંસ્કૃત ભાષામાં આ મંત્રોચ્ચાર દ્વારા વિધિ થાય છે. ગોર મહારાજ વિધિ કરાવે એવો ઉલ્લેખ પુસ્તિકાના પાન-૫૬ ઉપર થયો છે.

મંગળફેરા ફરવાની વિધિમાં આ માહિતી છે. ગોર વર-કન્યાના હસ્ત એક બીજા સાથે જોડે અને પછી પ્રથમ અગ્નિનો ફેરો ફરે. આ વિધિની રચના આચાર દિનકર ગ્રંથના આધારે કરવામાં આવી છે. (સંદર્ભ - પા-૨૦)

લગ્નની વિધિમાં મહત્વની ક્રિયાઓ મંત્રોચ્ચારથી થાય છે. તે વખતે પ્રસંગોચિત ગીતો ગવાય છે. લગ્નવિધિમાં ગવાતાં ૧૫ ગીતોનો સમાવેશ થયો છે. ગીતો મૂળ પુસ્તિકામાંથી ઝેરોક્ષ નકલને આધારે પ્રગટ કરવામાં આવ્યા છે.

જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રગટ થયેલ શ્રી જૈન વિવાહ વિધિ (સં.૧૯૯૦)નું રચના પ્રકાશન આચાર દિનકર ગ્રંથના આધારે થયેલ છે.

## જૈન વિવાહના ગીતો

### ૧. વરઘોડાનું ગીત

(અંબા જોયાની આશ રે, નિરખું મારી મ્રાડી - એ રાગ)

પે'લા તીર્થંકર મહારાજ રે, સુખશાંતિ આપો. ૧
છે પ્રથમ જગતના રાજ રે, સુખ૦ ૨
છે સર્વ શિરોમણી જેહ રે, સુખ૦ ૩
જે ભર્ત્તા પ્રથમ છે તેહ રે, સુખ૦ ૪
જે પે'લા સદ્‌ગુરુ નાજ રે, સુખ૦ ૫
જે ન્યાય તણા શિર તાજ રે, સુખ૦ ૬
જે ધર્મશાળી જગમાંહ્ય રે, સુખ૦ ૭
જે શીલ્પી મહાન મનાય રે, સુખ૦ ૮

જે વિદ્વાન વક્તા વદાય રે, સુખ૦ ૯
જે શાસનકાર સદાય રે, સુખ૦ ૧૦
જે પ્રથમ થકી જ પૂજાય રે, સુખ૦ ૧૧
જે પ્રથમ થકી વંદાય રે, સુખ૦ ૧૨
જેનું શરણ સદા સુખદાય રે, સુખ૦ ૧૩
જે પ્રથમથી સ્તુત્ય કે'વાય રે, સુખ૦ ૧૪
જે પ્રથમથી એક ભણાય રે, સુખ૦ ૧૫
જેના ગુણ અનેક ગણાય રે, સુખ૦ ૧૬
જે પે'લા છે કર્મકાર રે, સુખ૦ ૧૭
જે છે કર્મ રહિત નિર્ધાર રે, સુખ૦ ૧૮
જે ધર્મ પ્રથમ જાણનાર રે, સુખ૦ ૧૯
જે પે'લા સ્વયંભૂ શ્રીકાર રે, સુખ૦ ૨૦
પે'લા લગ્ન તણા કરનાર રે, સુખ૦ ૨૧
પે'લા કુશળ તણા સરદાર રે, સુખ૦ ૨૨
પે'લા જ્ઞાનમાં જે છે અપાર રે, સુખ૦ ૨૩
ધ્યાન ધરવામાં આદ્ય થનાર રે, સુખ૦ ૨૪
જેને સુર નર પડતા પાય રે, સુખ૦ ૨૫
જેનો કિન્નર મહિમા ગાય રે, સુખ૦ ૨૬
જે પરની અપેક્ષાથી દૂર રે, સુખ૦ ૨૭
જેનું નિર્મળ નિશદિન ઉર રે, સુખ૦ ૨૮
જે જાતે દયાના નિધાન રે, સુખ૦ ૨૯
જે પરમાત્મા છે મહાન રે, સુખ૦ ૩૦
જેનું પરમજ્યોતિ છે નામ રે, સુખ૦ ૩૧
જે પરમેશ્વર પૂર્ણકામ રે, સુખ૦ ૩૨
જે પરબ્રહ્મ રૂપ હંમેશ રે, સુખ૦ ૩૩

જે સર્વોત્તમ છે સુરેશ રે, સુખ૦ ૩૪
જે સર્વજ્ઞ ને જયવંત રે, સુખ૦ ૩૫
જેને સર્વ વખાણે અનંત રે, સુખ૦ ૩૬
જે સંશયના હરનાર રે, સુખ૦ ૩૭
જેને છે ન ફરી સંસાર રે, સુખ૦ ૩૮
જે વિશ્વમાં છે સારરૂપ રે, સુખ૦ ૩૯
જે અવિનાશીનું સ્વરૂપ રે, સુખ૦ ૪૦
જેને કાંઈએ છે ન કલંક રે, સુખ૦ ૪૧
જે સર્વદા છે નિ:શંક રે, સુખ૦ ૪૨
નથી પુણ્ય પાપ કે દેહ રે, સુખ૦ ૪૩
નવતત્ત્વ પ્રકાશક જેહ રે, સુખ૦ ૪૪

## ૨. પોંકણાનું ગીત

(લખે લંકા થકી સીતા સુંદરી - એ રાગ)

આદિનાથને અર્ઘ્ય દ્યો પ્રીતથી. જરા ઉડાડો શુભ +નવનીત.
ઉમંગથી અંગના. ૧

ફેંકો થાળમાંથી દહિં લેઈને, લાવો ચંદન રસ રૂડી રીત
ઉમંગથી૦ ૨

તાજા દુર્વાંકુર લાવો સુંદરી, એનો અતિશય છે ઉપયોગ
ઉમંગથી૦ ૩

મોતી રત્ન માણેકનાં તોરણો, બાંધો, સાથે સુપુષ્પ અશોક
ઉમંગથી૦ ૪

પુષ્પ માળા બાંધો સઉ સ્થાનમાં; જેથી રીઝે સૌ જાનના લોક.
ઉમંગથી૦ ૫

અતિ આદરે તોરણ દ્વારમાં; આવી ઉભા શ્રી આદિરાજ.
ઉમંગથી૦ ૬

કાળ ગાળસો વ્યર્થ ન કામિની; લીલાં સાહિત્ય સર્વ સુકાય.
ઉમંગથી૦ ૭

વર ચરણકમળ પણ થાકશે; લાવો લગ્ન સ્થળે વરરાજ,
ઉમંગથી૦ ૮

ગાઓ ધવલ મંગલ દિવ્ય લગ્નના; જય શાન્તિ કરે આદિનાથ.
ઉમંગથી૦ ૯

### ૩. લગ્નની તૈયારીનું ગીત

(માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો - એ રાગ)

દિવસ દીપે આજ મંગલકારી, કરો લગ્નની, સખિ ! તઈયારી. દિવસ૦

રચો રમણીય કુસુમની માળા, લાવો અર્ધ્યને દહિં ઘી બાળા;
ગાઓ મંગળ ધવલ રસાળાં. દિવસ૦ ૧

કરો સિદ્ધ સુગંધિક પીઠી, કાઢો રંઘોળી નજરે ન દીઠી;
આપો માન વાણી વદી મીઠી. દિવસ૦ ૨

ધરો ચાક ને ચંદ્રમા માથે, પે'રો કંકણ રત્નનાં હાથે;
નવાં અંબર અંગમાં સાથે. દિવસ૦ ૩

જાનીવાશો દો જાનને સારો, કરવા સ્વાગતનો આ છે વારો;
જય મેળવો જુવતી ન હારો. દિવસ૦ ૪

માતૃભવન ભલું શણગારો, રાખી ચિત્ત વિવેક જ સારો,
પૂર્ણ પાત્ર ભરો દિવ્ય નારો. દિવસ૦ ૫

દિવ્ય કળશ શોભાવોને કમળે, વરમાંચી ઉચિત ધારો, વિમળે !
વધૂવર પાદુકા મૂકો પ્રેમે. દિવસ૦ ૬

લીંપો ગોમયે વેદિકા વ્હેલી, તજો રમત બનો ના છકેલી;
ગોથાં ખાઓ બની નવ ઘેલી. દિવસ૦ ૭

આવ્યો લગ્ન સમય બહુ પાસે, નિજ કાર્ય કરો રે ઉલ્હાસે;
આદિનાથ પ્રસન્ન જેથી થાશે. દિવસ૦ ૮

### ૪. હસ્ત મેલાપનું ગીત

(રાગ - ધોળ)

થયો [૧]પાણિ ગ્રહણ હવે પ્રીતેરે, સુણે [૨]દંપતિ શિક્ષા આ રીતે રે
તું છે આત્મા ને જીવ ખચીત રે [૩]સમ કાલ અને સમ ચિત્તરે. ૧

સમ કર્મ, સમાશ્રમ તેમ રે, સમ ઈચ્છા અને સમ ક્ષેમ રે,
ક્રિયા સમ ને બેના સમ દેહ રે, સમ ચેષ્ટા એ સમ સ્નેહ રે. ૨

દુઃખ હર્ષ સ્થિતિ તે સમાન રે, સમ ભુખ તૃષા તણું ભાન રે,
સમ નિયમ નિમિત્ત લ્યો જાણી રે, સમ વિષય વિહાર ને વાણી રે, ૩

સમ શબ્દ ને રસ, રૂપ, ગંધ રે, શમ સ્પર્શ, ઈન્દ્રિય સંબંધ રે,
દેવ, ગુરુ ને ધર્મ સમાન રે, સરખું મોક્ષ તણું છે નિદાન[૪] રે, ૪

સમ આશ્રવ[૫] બંધ[૬] વિચારો રે, તુલ્ય સંવર[૭] નિર્જરા[૮] ધારો રે,
પામો એકતા બેય એ રીતે રે, પ્રતિદિન ભજો પ્રભુ પ્રીતે રે. ૫

### ૫. ચોરીનું ગીત[૯]

(કંકું છાંટી કંકોતરી મોકલી - એ રાગ)

પૂરા પ્રેમથી સર્વ પ્રણમીએ, ક્ષેત્ર દેવતાને વારંવાર, પધારો પ્રસંગમાં, ૧
આ વિવાહના પરમ ઉત્સાહથી, રચ્યો મંડપશ્રેષ્ઠ અપાર. પધારો૦ ૨
બલિભોગ સ્વીકારો આ સ્નેહથી, આપો યશ, સુખ, ભોગ, કૃપાળ પધારો૦ ૩
મયા સંપત્તિ સંતતિની કરો, મનવાંછિત દ્યો તત્કાળ પધારો૦ ૪

---

૧. હસ્તમેળાપ ૨. વરકન્યા, ૩. સરખો, ૪. કારણ, ૫. કર્મ બંધાવાના માર્ગ, ૬. જીવની સાથે કર્મનું જોડાવું તે. ૭. કર્મનું રોકાવવું તે. ૮. કર્મનો નાશ થવો તે. ૯. આ અને તોરણનું ગીત માંડવા મુહૂર્ત વખતે પણ ગાઈ શકાય. શાંતિ સ્નાત્ર અથવા અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવા માટે માંડવા મુહૂર્ત કરવું હોય ત્યારે પણ 'વિવાહનો' એ શબ્દને બદલે 'સ્નાત્રનો' ગાવા હરકત નથી.

## ૬. તોરણનું ગીત

(નીચે નમીને પાય લાગજે, રાજા રાયમલજી રે - એ રાગ.)

[1]દ્વારશ્રીને નમીએ અમે, આણી આનંદ આજે;
સર્વ વિષે જે પ્રધાન છે, જેને સૌ માન છાજે. ૧

પગરણે પૂજેલાં પ્રેમથી, વળી સૌનાં માનીતાં,
તોરણીએ આવો ટાંકણે, દ્યો અભિષ્ટ જાણીતાં. ૨

## ૭. અગ્નિનું ગીત

(રાગ - સીતાસ્વયંવરનો)

આવ્યો પ્રસંગ આ ઉત્તમ જાણી,
સખીઓની સંગે ઉમંગે રે, અમે અગ્નિને નમીએ. ૧

જેનામાં તેજ અનંત જણાયે,
ગુણ ગણ્યા ન ગણાયે રે, અમે૦ ૨

બૃહદ્‌ભાનુમાં છે વીર્ય ઘણેરૂં,
વાહન છે છાગ[2] કેરૂં રે, અમે૦ ૩

જેમનું હવ્ય[3] તે અશન[4] ગણાયે,
હિરણ્ય તેજ ભણાયે રે, અમે૦ ૪

આવો આ કુંડમાં પ્રેમે પધારો,
આનંદ સૌનો વધારો રે. અમે૦ ૫

## ૮. હોમનું ગીત

(આવ્યો આવ્યો ચૌટડાનો ચોર રે, લાખેણી લાડી લઈ ગયો રે - એ રાગ)

પ્રેમે પાવક[5] ! પ્રસન્ન સત્વર થાવો રે, અવસર આ આવ્યો આપનો રે
વરૂણ, વાયુ, [6]વાસવને બોલાવો રે, અવસર૦ ૧
કુબેર, નૈઋત, યમ ને નાગ ઈશાન રે, અવસર૦
બ્રહ્મ એ સૌ લોકપાલ ગુણવાન રે, અવસર૦ ૨

---

૧. તોરણ દેવી ૨. બકરો, ૩. હોમેલી વસ્તુ, ૪. ખોરાક. ૫. અગ્નિ, ૬. ઈંદ્ર

રવિ, શશિ[૧] કુજ[૨] બુધ, ગુરૂ, શુક્રને મંદ[૩] રે, અવસર૦
રાહુ, કેતુ, એ નવગ્રહ, જ્યોતિષીનું, વૃંદ[૪] રે, અવસર૦ ૩

અસુર, ઉધદિ, વિદ્યુત, વાયુ નાગ રે, અવસર૦
સ્તનિતાદિક ભુવનેશ[૫] સહિત, મહાભાગરે !, અવસર૦ ૪

કિંપુરંષ, કિન્નર, રાક્ષસ ને યક્ષ રે, અવસર૦
પિશાચ આદિ વ્યંતર ગણ સહ, દક્ષ રે, અવસર૦ ૫

સૌધર્માદિક, લાંતક, ને માહેંદ્ર રે, અવસર૦
સહસાર ને ગ્રૈવેયક સુર[૬] સેંન્દ્ર[૭] રે, અવસર૦ ૬

દિક્ કુમારિકા સખિ અનુચરી[૮] ને સંગ રે, અવસર૦
વસ્ત્રાભૂષણ સાથે ધરી ઉમંગ રે, અવસર૦ ૭

સ્નેહ સહિત એ સૌને લેઈને સાથ રે, અવસર૦
વાહન, આયુધ, સ્ત્રી સહ, સ્વાહા[૯]નાથ રે, અવસર૦ ૮

અર્ધ્ય[૧૦], [૧૧]પાદ્યનો સ્નેહે કરી સ્વીકાર રે, અવસર૦
[૧૨]આચમનીય, બલિ, [૧૩]ચરૂ, [૧૪]હુત લ્યો ધરી પ્યાર રે, અવસર૦ ૯

ગ્રહણ કરાવો, કરો ગ્રહણ, મહારાજ રે ! અવસર૦
ઉત્તમ આવ્યો પ્રસંગ જાણી આજ રે, અવસર૦ ૧૦

## ૯. પહેલા ફેરાનું ગીત

(રાગ - મેઘાડંબરનો)

જીવ ને જગત અનાદિ છે, કાળ કર્મ અનાદિ,
કર્મની સાથે પ્રાણીનો છે સંબંધ અનાદિ. ૧

અનુબંધ, પ્રતિબંધ ને વળી સંયોગ જે છે,
એ રીતે ત્રણ પ્રકારનો સૌ સંબંધ કે' છે. ૨

---

૧. ચંદ્ર, ૨. મંગળ, ૩. શની, ૪. મંડળ, ૫. ભુવનપતિ, ૬. દેવ, ૭. ઈંદ્રસહિત, ૮. દાસી, ૯. અગ્નિ, ૧૦. સામાન, ૧૧. પગ ધોવાનું પાણી, ૧૨. આચમન, ૧૩. ડાંગેરની ધાણી, ૧૪. હોમેલું.

ચાર પ્રકારના ક્રોધને લોભ, માન ને માયા,
એથી એ સંબંધ થાય છે, તેમાં હેતુ આ લાયા. ૩

પ્રિય અપ્રિય શબ્દ, રૂપ ને, રસ, ગંધને સ્પર્શે,
હેતુ સંબંધના એ સૌ ગાયા ગુણીજને હર્ષે. ૪

સુગમ સુકૃત, સુસ્થિત ને વળી સુપ્રાપ્ત થાય,
દ્રવ્ય ને ભાવ વિશેષથી એ સંબંધ બંધાય. ૫

સિદ્ધ ને કેવળજ્ઞાનીની, ચાર જાતિના સુરની,
ચોરીના અગ્નિ, સ્ત્રી પુરૂષની, વળી ભૂપ [૧]ભૂસુરની. ૬

માતપિતા અને સ્વજનની, બંધુ વર્ગે ને સાથી,
એ સઘળા તણી સાક્ષીએ અને ઈષ્ટ કૃપાથી. ૭

સંબંધ બંધાયો સ્નેહથી તે સુસંબંધ થાઓ,
આનંદ આણી અર્હંતના ગુણ દંપતી ગાઓ. ૮

### ૧૦. બીજા ફેરાનું ગીત

(રાતો ઘોડો રણ પાખરીયો, શેષ ભર્યો શણગાર જો ને - એ રાગ)

[૨]નિકાચિત છે [૩]મોહ કર્મ તે, દુરૂચ્છેદ્ય[૪] કહેવાય, જોને.
સ્થિતિ ઉત્કૃષ્ટી તેની છે તે; લાંબી બહુ લ્હેવાય, જોને. ૧

અઠ્ઠાવીસ તેની પ્રકૃતિયો, આ તેનાં અભિધાન[૫], જોને.
[૬]સંજ્વલન, [૭]પ્રત્યાખ્યાની ને, ત્રીજું [૮]અપ્રત્યાખ્યાન, જોને. ૨

અનંતાનુબંધી[૯] એ ચારે પ્રકારના ક્રોધ, માન, જોને.
લોભ અને માયા, એ સોળે સ્વરૂપ તેનાં જાણ, જોને. ૩

હાસ્ય, [૧૦]રતિને ભય ને [૧૧]અરિતિ, વળી [૧૨]જુગુપ્સા, શોક, જોને.
પુંવેદ, [૧૩]સ્ત્રીવેદ, [૧૪]નપુંસક વેદ, [૧૫]વદે સૌ લોક, જોને. ૪

---

૧. ગોર ૨. દ્દઢ, ૩. મોહનીય. (અવળે રસ્તે ચડાવનાર), ૪. દુ:ખે છેદાય તેવું, ૫. નામ, ૬. પંદર દિવસ સુધી રહે તે, ૭. ચાર મહિના સુધી રહે તે, ૮. એક વર્ષ સુધી રહે તે, ૯. જીવતા સુધી રહે તે. ૧૦. ખુશી, ૧૧. નાખુશી, ૧૨. સૂગ, ૧૩. સ્ત્રી ભોગવવાની ઈચ્છા, ૧૪. પુરુષ ભોગવવાની ઈચ્છા, ૧૫. સ્ત્રી-પુરુષ બન્ને ભોગવવાની ઈચ્છા,

[1]અર્ધદગ્ધતા, [2]વિપરીત શ્રદ્ધા, [3]શ્રદ્ધાદૂષણ જેહ , જોને.
એ અઠ્ઠાવીસ પ્રકૃતિરૂપી મોહ થયો છે તેહ, જોને. ૫
નિકાચિત એ મોહજન્ય જે થયો તમારો પ્રેમ, જોને.
આ ભવ સુધી અખંડ રહો તે, ઈષ્ટ જપો, હો ક્ષેમ, જોને. ૬

## ૧૧. ત્રીજા ફેરાનું ગીત

(હંસા તારી કોટે બાંધું ચીટ્ઠી રે, મારા મૈયરની વાત મીઠી રે - એ રાગ)

જેથી જીવને સુખ દુઃખ થાયે રે, વેદનીય તે કર્મ કેવાયે રે, ૧
તેના બે ભેદ સાતા-અસાતા રે, સુખ થાયે તેને કહે સાતા રે, ૨
દુઃખ ભોગવે તે છે અસાતા રે, એમ ગુણિજન ગ્રંથમાં ગાતા રે, ૩
સારા શબ્દો સાંભળવા કરણે રે, સારાં પુદ્ગલોને જોવાં નયણે રે, ૪
સ્વાદ લેવો છ રસનો જિવ્હાયે રે, સારો સુંઘવો ગંધ સદાયે રે, ૫
સારાં પુદ્ગલોને જઈ સ્પર્શે રે, સાતાવેદની તે કહે હર્ષે રે, ૬
માઠી વર્ગણાઓને સાંભળવી રે, માઠાં પુદ્ગલો પરદગ્ પડવી રે, ૭
ચાખે અશુભ છ રસને કષ્ટે રે, માઠા ગંધને સુંઘે અદ્રષ્ટે રે, ૮
માઠાં પુદ્ગલો અડકે અધર્મે રે, અસાતા વેદનીય કુકર્મે રે, ૯
પ્રભુની પરિપૂર્ણ કૃપાયે રે, સાતા વેદની, થાઓ સદાયે રે, ૧૦
અસાતા વેદની, મા-થાઓ રે, જિનના નિશિદિન ગુણ ગાઓ રે, ૧૧

## ૧૨. ચોથા ફેરાનું ગીત

(સ્થિર ઠરીને કોઈ આ ઠામ, રે નથી દહેવાનું - એ રાગ)

છે જીવ સહજ[4] ને તેમ, નિર્મળસ્વરૂપ નકી.
વળી અનાદિથી પ્રતિબદ્ધ કર્મ સંબંધ થકી.
સાંસારિક સંબંધ થવામાં, હેતુ કર્મ ગણાય રે,
તેહ કર્મ જેથી આવે છે, આશ્રવ તે કે'વાય ... નિર્મળ૦ ૧

---

૧. મિશ્ર મોહનિય. ૨. મિથ્યાત્વ મોહનીય, ૩. સમકિત મોહનીય. ૪. કર્તા વિનાનો

આશ્રવ થાય ક્રિયાથી તેમજ, ક્રિયા દેહથી થાય રે,
માટે દેહ લગી સાંસારિક સંબંધ સૌ બંધાય ... નિર્મળ૦ ૨

મળજો તમને પ્રભુકૃપાથી શાન્તિ તુષ્ટિ, સુત વૃદ્ધિ રે,
પુષ્ટી અને નવપદ[૧]માં પ્રીતિ, સદા અપાર સમૃદ્ધિ ... નિર્મળ૦ ૩

## ૧૩. [૨]કરમોચનનું ગીત

(આવો શ્રીનંદજીના લાલ, રમવા આવોને રે - એ રાગ)

કરમોચન હવે થાય, શીક્ષા શ્રવણ કરો ને;
જીવ તું કર્મથી બદ્ધ સદા છે, કર્મ જે આઠ કે'વાય. શિક્ષા૦ ૧
જ્ઞાનાવર્ણીય[૩] દર્શનાવરણીય[૪] ત્રીજું વેદ[૫] ગણાય. શિક્ષા૦ ૨
મોહનીય[૬], નામ[૭], ગોત્ર[૮] ને આયુ[૯], આઠમું વળી અંતરાય[૧૦]. શિક્ષા૦ ૩
તેની પ્રકૃતિ, સ્થિતિ, રસને પ્રદેશે, બંધાયેલો તું ભણાય. શિક્ષા૦ ૪
ગુણશ્રેણિ[૧૧]માં ચડીને ઉત્તરોત્તર, મોક્ષનું સુખ હો સદાય. શિક્ષા૦ ૫
હાથ છુટા થયા હવે તમારા, સ્નેહ ન છુટો કદાય. શિક્ષા૦ ૬
અર્હંત પ્રભુના પ્રસાદથી પામો, જે મન કામના થાય. શિક્ષા૦ ૭

## ૧૪. વરને ઉપદેશ

(શીખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢંગ - એ રાગ)

આદિનાથને કે'છે રે, શચીપતિ[૧] સ્નેહ ધરી;
કે'વા સ્વરૂપ તમારું રે, સમર્થ ન કોઈ જરી,

---

૧. સિદ્ધચક્રજી (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ) ૨. હસ્તમેળાપ છુટો કરાવતી વખતે ગાવાનું, ૩. જ્ઞાનને ઢાંકી રાખનાર, ૪. દર્શનને રોકનાર, ૫. વેદનીય (જુઓ ત્રીજા ફેરાનું ગીત), ૬, જુઓ બીજા ફેરાનું ગીત, ૭. સારી-માઠી ગતિ વિગેરે પમાડનાર, ૮. ઉંચી નીચી જાતિમાં ઉત્પન્ન કરનાર, ૯. દરેક ભવમાં જીવવાની મર્યાદા કરનાર, ૧૦. દાન, લાભ, વીર્ય, ભોગ ને ઉપભોગમાં વિઘ્ન કરનાર. ૧૧. ગુણનીહાર (જીવને મોક્ષરૂપી મહેલમાં ચડવાની ગુણરૂપી નિસરણીનાં ચોદ પગથીયા કલ્પેલાં છે તે).

બોધ આપને કરવો રે, દિનેશને દીપ સમો,
છતાં ભક્તિથી હે પ્રભો રે, ઉચરિએ કંઈક અમો. આદિ૦ ૧

આપ સરળ સ્વભાવની રે, કુલીન ને વિનય ભરી,
પ્રેમદાઓને પરણ્યા રે, વિધિ યથાયોગ્ય કરી. આદિ૦ ૨

હવે રાખજો તે પર રે, અચળ પ્રેમ અંતરનો,
પડે પાળવો પ્રીતે રે, હોય જો ચર[2] ઘરનો. આદિ૦ ૩

તો જે માતપિતાને રે, છોડી વરી હેતે વશી,
તેની વાત શી વદવી રે, કૃપાકર પાસે કશી ? આદિ૦ ૪

તરૂ શાખાથી શોભે રે, શાખા શોભે વૃક્ષ થકી,
તેમ પુરૂષથી પ્રેમદા રે, પ્રેમદાથી પુરૂષ નકી. આદિ૦ ૫

પ્રભો ! આ બેઉ બાળા રે, રત્નોવાળાં આભૂષણથી,
નથી માનતી નક્કી રે, ખરૂં સુખ અંતરથી. આદિ૦ ૬

પણ રમણ હૃદયનો રે, ખરેખરો પ્રેમ ચહે,
એથી અનુદિન ઉરમાં રે, અપાર પ્રસન્ન રહે. આદિ૦ ૭

હે કૃપાળુ ! આ કન્યાઓ રે, ગુણી ઘણી દીસે ખરે
તોય મુગ્ધપણાથી રે, કદી અપરાધ કરે. આદિ૦ ૮

માફી દેજો ન તજશો રે, ન્યાયી જનો દોષિતને,
નિરદોષી ગણે છે રે, દેખે શુદ્ધ જો ચિત્તને. આદિ૦ ૯

પ્રેમ અવિચલ રહેજો રે, હમેશાં પરસ્પરનો,
જેને જોઈને થાયે રે, અવર એવાં વધૂવરનો. આદિ૦ ૧૦

### ૧૫. કન્યાને શિખામણ

(કુંવારી રે'શે ક્યાં લગી ? - એ રાગ.)

શાણી રાણી સુનંદા ને સુમંગલા, કરે ઇંદ્રાણી તેને ઉપદેશ સુણો તે સૌ. સ્નેહથી.
બેન ભાગ્ય તમારું અવર્ણ્ય છે, જેનું દાસત્વ દુર્લભ અપાર, સુણો૦
તેવા આદિ પ્રભુને પરણ્યાં તમે, અને ઉરમાંહે કરિયું આગાર, સુણો૦ ૧

૧. ઇંદ્ર, ૨. ચાકર.

બોધ તમને શું દેવો બેન માહરે, તો એ ધૃષ્ટ[1] થઈ કહું છું લગાર, સુણો૦
સત્ય વદવું મંડન તે છે મુખનું, સ્વામીસેવા તે હૈયાનો છે હાર, સુણો૦ ૨
કાને વાણી જે સુણવી ગુરૂતણી, તે છે કરણનો રૂડો અલંકાર, સુણો૦
ગણજો ભૂષણ ભુજનું તે ભામિની, દાન દીનને દેવું વારંવાર, સુણો૦ ૩
કષ્ટમૂલ ચંચળતાને કાઢજો, કરવા વર વશ ભજશો ના જંત્ર, સુણો૦
વેળા વરતીને ભક્તિ કરવી ભાવથી, વશીકરણનો એ મૂલ મંત્ર, સુણો૦ ૪
સૂવું સ્વામીના શયન પછી સદા, વ્હેલું ઉઠવું સ્વામી પહેલું નિત્ય, સુણો૦
જમ્યા જીવન[2] જોઈ જમવું જઈ, કરવી સૂર્ય સરોજિકાજિશી[3] પ્રીત્ય, સુણો૦ ૫
નેત્ર મીચવાં અન્ય પુરૂષને, જેમ ચંદ્રથી કમળ મિચાય, સુણો૦
પ્રાણ પળતાં ના પ્રતિવ્રત લોપવું, ઈષ્ટસિદ્ધિ એનાથી ઝટ થાય, સુણો૦ ૬
શીળ વિના સુવર્ણમય ભૂષણો, ગણો દેહ ઉપર જેવો ભાર, સુણો૦
તેનું કારણ કહું તે ધરો મને, રત્ન કનક તે પૃથ્વીનો વિકાર, સુણો૦ ૭
શીળરૂપી ભુષણ મળે સે'જમાં, તે ના ભાગે, ના ચોરથી ચોરાય, સુણો૦
શુદ્ધ શીળવાળીને જાણો સર્વદા, ગંગાસ્નાને ના સુશીલા કે'વાય, સુણો૦ ૮
પાપ અપયશ, થાયે શીલ ભંગથી તેથી શીળ ના તજવું કદાય, સુણો૦
સ્વામીસેવામાં સ્વાધીન રે નારી તે રૂડી કાંતા ને કુલીન ગણાય, સુણો૦ ૯
પીડે સ્વામીને ક્રોધે કરી પાપિણી, જળો જેવી તે જુવતી જણાય, સુણો૦
મારે, રોષ કરે, કે તજે જો પતિ, તોએ સ્વામી શાણીએ ના તજાય, સુણો૦ ૧૦
મેઘધારા પડે છે તોએ માલતી, જેમ મેઘ ઉપર રે, પ્રસન્ન, સુણો૦
તેમ કુલીન સ્ત્રીઓએ નિજ કાંતમાં, જોડી દેવું એવું પોતાનું મન, સુણો૦ ૧૧
સ્ત્રીને ભૂષણ જેવા ગુણ જેટલા, કરો તેટલા તમોમાં નિવાસ, સુણો૦
શીખે ગુણગણ સ્ત્રીઓ સા આપથી, એવાં આપ હો ઇચ્છીએ એ ખાસ,
સુણો૦ ૧૨.

---

૧. સાહસિક, ૨. પતિના, ૩. કમલીના જેવી

**શ્રી જૈન વિવાહ વિધિ એવં શ્રી શારદાપૂજન વિધિ**

જૈન વિવાહ વિધિ પુસ્તકની રચના (ઇ.સ. ૧૯૮૮) કરનાર પ્રાચીન ઇતિહાસ તજજ્ઞ પ.પૂ. કલ્યાણવિજયજીના શિષ્ય લઘુ ભ્રાતા પ.પૂ. સૌભાગ્યવિજયજી છે.

પુસ્તકના આરંભમાં લેખકે જણાવ્યું છે કે, આચાર ધર્માનુસાર ગૃહસ્થ જીવનમાં વિવાહ વિધિ આવશ્યક અંગ છે. શ્રી વર્ધમાનસૂરિએ આચાર દિનકર ગ્રંથની રચના કરી છે તેને આધારે જૈન વિવાહ વિધિ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ પુસ્તિકાનો હિન્દીમાં અનુવાદ કરીને પ્રગટ કરવામાં આવી છે.

વિવાહ વિધિનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે :

વિવાહ સંબંધ (સગાઈ), લગ્ન નિશ્ચય, માતૃકા સ્થાપન, મંડપ, તોરણ, હોમ, ગ્રહશાંતિ, વરઘોડાનો મંત્ર, અગ્નિ સ્થાપના, અભિષેક, હસ્તમેળાપ, હસ્ત છુટા કરવા, આશીર્વાદ વગેરેનો વિધિમાં સમાવેશ થયો છે.

વિધિમાં મંત્રોની માહિતી આપવામાં આવી છે જે આચાર દિનકર ગ્રંથના વિવાહ વિભાગમાંથી ગ્રહણ કરેલ છે. વિવાહ વિધિ અંગે પ્રગટ થયેલી પુસ્તિકાઓ સાથે આ પુસ્તિકા સામ્ય ધરાવે છે. વરઘોડાનો મંત્ર વિશેષતા છે.

## ૪૦. ગુજરાતી ભાષામાં વિવાહ કાવ્યો

*ગુજરાતી સાહિત્યમાં વિવાહ સંજ્ઞાવાળી કૃતિઓ રચાઈ છે, તેમાં મુખ્યત્વે ભૌતિક વિવાહ કેન્દ્ર સ્થાને છે.*

*દીવાળીબાઈ કૃત રામ વિવાહ, કવિ ભાલણનો સીતા વિવાહ, કવિ ગિરધરનો તુલસી વિવાહ, કવિ દયારામનો અષ્ટ પટ્ટરાણી*

વિવાહ, કવિ નરસિંહ મહેતાના પુત્ર શામળશાહનો વિવાહ, પ્રેમાનંદે શિષ્યના વિવાહની રચના કરી છે. ઉપરોક્ત કૃતિઓ વિવાહ કાવ્ય પ્રકારની ઐતિહાસિક માહિતી આપે છે. 'જનાવરની જાન' કૃતિ વિવાહ સાથે સામ્ય ધરાવે છે. નવલરામની આ કૃતિ રૂપકાત્મક અને જીવનના સંદર્ભને સ્પર્શે છે. કવિ ધીરાની કૃતિ તેમજ અન્ય કૃતિઓ વિવાહ સંબંધની છે.

સુરતીબાઈનો વિવાહ - કવિ ઘેલાભાઈ, સુરતીબાઈનો વિવાહ - કવિ ધીરા ભગત, સુરતીબાઈનો વિવાહ - નિર્ભયરામ, સીતા વિવાહ - કવિ ભાલણ, સત્યભામા વિવાહ - કવિ દયારામ, શિવ વિવાહ - કવિ નાકર, શિવ વિવાહ - કવિ છોટમ્, શિવ વિવાહ - રણછોડ, શિવ વિવાહ - જગજીવનરામ, શિવ વિવાહ - કવિ નયારામ.

હિન્દી ભાષાના સાહિત્યમાં અને રાજસ્થાની ભાષામાં પણ વિવાહ સ્વરૂપની કૃતિઓ રચાઈ છે. સંસારી જીવનમાં ગૃહસ્થાશ્રમ પ્રવેશનો મહોત્સવ એટલે વિવાહ. વિવાહના મહોત્સવની ઉજવણી એ જીવનમાં અપૂર્વ આનંદ-મંગળનો અવસર ગણાય છે. શિવ-ભગવાન, સત્યભામા પટરાણી, સતી સીતા વગેરે વિવાહ સ્વરૂપની કૃતિઓ ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિએ મંગલ-કલ્યાણ સૂચક છે.

રૂપકાત્મક ગીતોમાં ચેતનની ચુંદડી, બુદ્ધિ વહુને શિખામણ, જ્ઞાન-ઘરેણું, ત્રણ ગીતો પ્રગટ કરવામાં આવ્યા છે. કવિના આંતરમનમાં જ્ઞાન અને ભક્તિ રહેલી છે તેનો પરિચય આ ગીતોથી થાય છે. વિવાહના ગીતોમાં આ પ્રકારની અભિવ્યક્તિ કવિ પ્રતિભાનું વિશિષ્ટ લક્ષણ છે.

જૈનેતર કવિ ધીરા ભગતની સુરતીબાઈનો વિવાહ માહિતી નમૂનારૂપે પ્રગટ કરવામાં આવી છે. લગ્ન પ્રસંગે મંગલગીતો ગાવાની રૂઢિ છે. કવિએ પ્રસંગોચિત ધવત (ધવલ) ગીતોની રચના કરી છે.

*કવિની કૃતિમાં વ્યવહાર જીવનની સાથે રૂપકાત્મક અભિવ્યક્તિ રૂપે જ્ઞાનમાર્ગનો આશ્રય લઈને કૃતિને ભક્તિ પ્રધાન બનાવી છે. આ વિવાહની કેટલીક પંક્તિઓ આસ્વાદ માટે નોંધવામાં આવી છે.*

*કોઈ પણ વરની 'ચુંદડી' ઓઢવી એટલે તેની સાથે લગ્ન કરવું એવો અર્થ થાય છે. તે ઉપરથી નીચેના પદમાં ખૂબ સુંદર રૂપક સમજાવ્યું છે કબીરજીનું 'ચાદર ઝીની'નું પદ અહીં યાદ કરવા જેવું છે :*

**ચેતનવરની ચુંદડી**

'ચેતનવરની ચુંદડી, માંય છે આતમરામનો અંશ ! - એ ટેક
તપ તીરથ મેં તો બહુ કર્યાં રે, કીધાં શુભ વ્રત આજ,
ભવ ને ભવાની મેં ભજ્યાં રે, સુંદર વર વરવાને કાજ... ચેતન.

બ્રહ્માજીએ વણ વાવિયાં, ને વીણી લાવ્યા વેદ :
સનકાદિકે સૂત્ર કાંતિયાં રે, એનો કોઈક જાણે ભેદ... ચેતન.

ત્રણ ગુણ તાણો વણ્યો રે, એના તાણાના રંગ પાંચ :
સૂરત નૂરતની નળી ભરી રે, એમાં વિવેક વિચારનું રાચ... ચેતન

ચાર વેદના બુટ્ટા રાચ્યા રે, માંહી પ્રેમ રસનું પાણ :
છવીશું શાળે ચડ્યું રે, એના વણતર સંત સુજાણ... ચેતન

વિદુર વ્યાસે વણી ચુંદડી, ને શુકદેવે પાડી ભાત :
બહુનામીએ બુટ્ટા ભર્યા રે, એની જુજવી જુજવી જાત... ચેતન

હરિ હરડાં ને તન ફટકડી રે, માંહિ કરિયા કઠણ મજીઠ :
પ્રેમ કઢાઈઉં ચડાવિયું રે, હેઠે પ્રજળે છે બ્રહ્મ અગનીષ્ટ... ચેતન

ગુરુએ ઓઢાડી મુંને ચુંદડી રે, સુંદર શ્રીફળ ચાર :
શ્રીરંગ - શું સગપણ કર્યું રે, મારાં પુણ્યતણો નહીં પાર... ચેતન

વિવિધરૂપે વેપાર ચાલ્યો, માંહી વૈરાગનાં રે લગન !
પ્રેમે પુરુષોત્તમ પધારિયા રે, મારું હરખે ભરાણું છે મન... ચેતન

ત્રિકમ તોરણે પધારિયા રે, ને પ્રેમે પુરુષોત્તમરાય :
ચોખા લલાટે ચોડિયા રે, હઈડે હરખ ન માય... ચેતન
મન કર્મ વચનનું માંહેરું રે, મેં મૂકી છે લોકની લાજ :
હથેવાળો હરિશુ મેળવ્યો રે, મંડપ મધ્યે મહારાજ... ચેતન
ચાર જુગની ચૉરી રચી રે, માંહે મન છે ખેતરપાળ :
દાદેજીએ દાન બહુ દીધાં રે, માંહી વાણી તણી વરમાળ... ચેતન
વિધવિધની વેદિ રચી રે, બેઠાં છે નર ને નાર :
કાષ્ટ-કરમનો હોમ કર્યો રે, હમે કૃષ્ણ શું જમિયાં કંસાર... ચેતન
રાતે તે રંગ મજીઠનો, જેને પૂરણ બેઠો પાસ :
ભવોભવ કદી ના ઊપટે રે, એમ માહારાજ કહે મૂળદાસ"... ચેતન

ગોપાળદાસે સંસારી પદાર્થોમાં લોભાઈ રહેલી બુદ્ધિરૂપી વહુને સદ્‌ગુણનાં વસ્ત્ર અને અલંકાર પહેરાવવા શિખામણ આપી છે : 'વીવાહલા'માં આવતા લગ્નના રૂપક કરતાં આ રૂપક કોઈ પણ રીતે ઓછું રસિક નથી :

### બુદ્ધિ વહુને શીખામણ

(ઢાળ : 'આછો ઘુંઘટ વહુને વ્હાલો રે લાગે' એ ધોળનો)

"સાચી સમજણ બુદ્ધિને ખોટી રે લાગે;
સંત મનાવે તો મનાવું : હો લોલણી !... સાચી૦
શીલ સંતોષ કહો તો કલ્લાં ઘડાવું :
કરુણાની કાંબીઓ પહેરાવું : હો લોલણી !... સાચી૦
વિવેક-વિચાર કહો તો વિંછુવા ઘડાવું :
હર્ષના ઘૂઘરા બંધાવું : હો લોલણી !... સાચી૦
સાધન-સંપત્તિ કહો તો ચૂડલો પ્હેરાવું :
ક્ષમાની ચીપો મઢાવું : હો લોલણી !... સાચી૦

જ્ઞાન-વૈરાગ બાજુબંધ સોવરાવું :
શાન્તિનું રતન જડાવું : હો લોલણી !... સાચી૦
પ્રેમના પુષ્પો કહો તો ગળામાં નંખાવું :
લક્ષનો દોરડો પ્રોવરાવું : હો લોલણી !... સાચી૦
ટેકરૂપી કહો તો તૂશીઓ મઢાવું :
દયાની દામણી બંધાવું : હો લોલણી !... સાચી૦
સત-સંગરૂપી ઘુલર ઘડાવું :
લગ્નનું લોળિયું પે'રાવું : હો લોલણી !... સાચી૦
ભક્તિ-રૂપી કહો તો વાળી ઘડાવું :
મુક્તિની ચૂનીઓ મેલાવું : હો લોલણી !... સાચી૦
નેહનું નયણે કહો તો કાજળ સરાવું :
હેતની આડો કરાવું : હો લોલણી !... સાચી૦
સીધી સમજણ કહો તો સેંથો પુરાવું :
જોગનો ચાંલ્લો ચો'ડાવું : હો લોલણી !... સાચી૦
ધીરજ-રૂપી કહો તો વેણો ગૂંથાવું :
ગુરુ-ગમ ગોફણો લટકાવું : હો લોલણી !... સાચી૦
ચોખી ચોલની તમને ચોલી સીવડાવું;
ચૈતનની ચુંદડી પહેરાવું : હો લોલણી !... સાચી૦
સાચી કરણીનો કહો તો કંચવો સીવડાવું :
ભાવનું ભરત ભરાવું : હો લોલણી !... સાચી૦
દાસ ગોપાળ કહે એ સમજણ સાચી :
દક્ષનો લક્ષ બતાવું, હો લોલણી !... સાચી૦

લગ્નના રૂપકને અનુરૂપ આવે તેમ, સૌભાગ્યવતીના શણગારરૂપે સોના-રૂપાના અને હીરા-મોતીનાં આભૂષણ નહીં, પણ સદ્‌ગુણ અને પ્રભુનામના આભૂષણ સંતકવિઓએ વખાણ્યાં છે. મીરાંબાઈ અને

ધીરાભગતે તેના સુંદર પદ રચ્યાં છે. મીરાંબાઈએ પરમ સંતોષપૂર્વક પોતાની મિલકત ગણાવી છે :

પદ

'મુજ અબલાને મોટી મિરાત, બાઈ ! શામળો ઘરેણું મારું સાચું રે
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે;
ચિત્તમાળા ચતુર્ભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે ?... મુજ.
ઝાંઝરિયા જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે :
વિંછુવા ઘુઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે... મુજ.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, તેને ત્રીકામ નામનું તાળું રે :
કુંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે... મુજ.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે :
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, હરિને ચરણે જાચું રે... મુજ.

ધીરાભક્તે અધ્યાત્મિક દૃષ્ટિએ 'સુરતી' બુદ્ધિને સમજાવી છે :

જ્ઞાન-ઘરેણું

"પહેરો જ્ઞાન-ઘરેણું રે, લગન નગરીમાં લળકે;
દયા દામણી ત્રોટી રે, ખેમ રે ચૂડલો ખળકે-
પેર્યાં પટોળાં રે, ચતુરાઈનો ચણિયો :
હેમ ખેમ હારડો રે, બુદ્ધિ કંચવો બણીયો-
આનંદનું ચંદન રે, વિવેકનાં નાકે મોતી :
અનુભવનું અંજન રે, આંખ આંજી અણિયાળી-
ગુરુ શબ્દનો દીપક રે, લીધો રે કરમમાં ઝાલી :
સુરતી શોધવા હીંડી રે, શેરડી શેરડી હીંડી-
ખંતે ખોળતી ખોળતી રે, પોતે રે ખોવાઈ ગઈ :
દાસ ધરાનો સ્વામી રે, તેને રે તેની ભાળ જડી."

'વિવાહ'ને જ્ઞાન-પ્રચારનું વાહન બનાવ્યાનાં દૃષ્ટાંતો 'વીવાહલુ'માં જોયાં, એ જ વિવાહના રૂપકને સામાન્ય જ્ઞાન તથા સદ્‌બોધના સાધન તરીકે વપરાયાનાં દૃષ્ટાંતો પણ મળી આવ્યા છે.

## ૪૧ - જૈન વિવાહ સંસ્કાર વિધિ

પૂ. ભદ્રબાહુવિજયજીએ ઈ.સ. ૨૦૦૬ના માર્ચમાં આ પુસ્તિકા પ્રકાશિત કરી છે.

૧૫મી સદીના આચાર્ય વર્ધમાનસૂરિએ આચાર દિનકર ગ્રંથની રચના કરી હતી તેને આધારે ઉપરોક્ત પુસ્તિકાનું સંપાદન થયું છે. ચિ. તન્મયના લગ્ન પ્રસંગે આ વિધિનો ઉપયોગ થયો હતો.

પૂ.શ્રીએ આરંભમાં વિધિનો ક્રમ દર્શાવ્યો છે ત્યાર પછી આચાર દિનકર ગ્રંથને આધારે મંત્રોનો ઉલ્લખ કર્યો છે.

હિન્દુધર્મમાં ષોડશસંસ્કારનો ઉલ્લેખ થયો છે તેમાં લગ્નપ્રસંગનો સમાવેશ થાય છે. એટલે પૂ.શ્રીએ પુસ્તકના શીર્ષકમાં 'વિવાહ સંસ્કાર' શબ્દ પ્રયોગ કર્યો છે. જૈન વિધિ પ્રમાણે અલ્પ સંખ્યામાં લગ્ન થાય છે.

સ્નાન મંત્ર, આત્મરક્ષા મંત્ર, ક્ષેત્રપાલ પૂજન, પ્રાચીન પરંપરાનુસાર માતા સમાન રક્ષક, સંવર્ધક અને પાલન કર્તા તરીકે અષ્ટપ્રાભૃત (શક્તિપૂજા)ના નામ નિર્દેશ સાથે પૂજન વગેરેની સાથે ૨૪ તીર્થંકરોના યક્ષ-યક્ષિણી, ૧૬ વિદ્યા દેવીઓ, ૧૦ દિક્‌પાલ, બાર રાશિ અને ૨૭ નક્ષત્ર તેમજ નવગ્રહનું પૂજન કરવામાં આવે છે.

ગોત્રાચ્ચાર મંત્ર, કન્યાદાનનો મંત્ર, ક્ષમાયાચના અને વિસર્જન વગેરે મંત્રોનો વિધિમાં સમાવેશ થયો છે. તે સિવાય લગ્ન વિધિના અન્ય મંત્રો પુસ્તિકાઓમાં છે. તે પ્રમાણે પ્રગટ થયા છે.

પુસ્તિકાનું પ્રકાશન : શારદાબહેન ચીમનલાલ એજ્યુકેશન રીસર્ચ સેન્ટર

'દર્શન' રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ અમદાવાદ-૩૮૦૦૦૪

જૈન વિવાહવિધિના સંપાદકોએ આચાર દિનકરના મંત્રોનો ઓછાવત્તા પ્રમાણમાં ઉપયોગ કરીને પુસ્તિકા પ્રગટ કરી છે. વિશેષ માહિતી માટે 'આચાર દિનકર ગ્રંથ'નું અધ્યયન કરવા ભલામણ છે.

## ૪૨. મહાવીર વિવાહલુ

*તીર્થંકર વિષયક વિવાહલોમાં મહાવીર વિવાહલુની રચના અંચલગચ્છના પૂ.શ્રી વિવેકરત્નસૂરી ગુરુના શ્રાવક કવિ શ્રી દત્તે કરી છે. કૃતિમાં રચના સમયનો કોઈ ઉલ્લેખ થયો નથી પણ મધ્યકાલીન કોષને આધારે ૧૬મી સદીના ત્રીજા તબક્કામાં કૃતિની રચના થઈ છે એમ અનુમાન કરવામાં આવે છે.*

*કવિએ ૧૦૮ કડીમાં રચના કરીને મહાવીર સ્વામીના ચ્યવન, જન્મ, લગ્ન અને લગ્નના પ્રસંગનું ચરિત્રાત્મક નિરૂપણ કર્યું છે. આ વિવાહલોમાં દીક્ષાના વિવાહનું વર્ણન નથી.*

*મહાવીર વીવાહલુનો પરિચય હસ્તપ્રતને આધારે આપવામાં આવ્યો છે. નમૂનારૂપે પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે. તે ઉપરથી કવિ પ્રતિભાનો પણ પરિચય થાય છે.*

***પરિચય :***

*આરંભમાં ૨૪ તીર્થંકરોને પ્રણામ કરીને વિવાહલુની રચના કરી છે. તેનો ઉલ્લેક થયો છે. કવિએ સરસ્વતી વંદના પણ કરી છે.*

મગધ દેશના ક્ષત્રિયકુંડમાં સિદ્ધાર્થ રાજાના રાજકુમારનો વિવાહલો ગાવામાં આવે છે. "ગઈસિ મહાવીર વિવાહલઉએ" (ગાથા-૩) કાવ્યના વિષયનો ઉલ્લેખ કર્યા પછી મહાવીર સ્વામીના જીવનનો ક્રમિક પરિચય આપવામાં આવ્યો છે.

ભગવાનના ચ્યવન અને જન્મ કલ્યાણકની માહિતી આપવામાં આવે છે. કવિએ પ્રાસબદ્ધ રચના કરીને કાવ્યની રચનામાં લય સિદ્ધ કર્યા છે.

પૂરવ પૂણિ પ્રમાણિ પુષ્પોતરા પ્રવર પુંડરીક વિમાનથી એ
તતખિણ પેંખઈએ સુપન ચઉદ મહિમા એહ છોરુ તણઉએ ॥૬॥

ભગવાન ત્રિશલામાતાના ઉદરમાં આવ્યા પછી માતા ચૌદ સ્વપ્ન નીરખે છે તેની માહિતી આપવામાં આવે છે.

ચૌદ સ્વપ્નની માહિતી ક્રમ પ્રમાણે આપવામાં આવી છે. ૧૪માં સ્વપ્નની વિગત નીચે પ્રમાણે છે.

ચઉદમઈ સપનિ પ્રચંડ પાવક દસઈ દિશી અજુઆલઈએ
નિર્ધૂમ ત્રિશલા દેવી દેખી જાગી મંગલ ગાવઈએ ॥૨૦॥

ઉત્તમ સ્વપ્નો જોઈને ત્રિશલારાણી રાજાને જણાવે છે અને ધર્મ જાગરિકા કરે છે. જય મંગલ ગાય છે.

અરથ સૂણી રાણી જિનધ્યાન કિસેહીઅસુ ધરમ જાગરિ કરઈએ
મૂરખભલા સપન લહી-સૂઈએ તિહાં તેહના ફલ કિમ લહિઈએ ॥૨૬॥

જોશીએ સ્વપ્ન ફળ વિશે જણાવ્યું કે,

જોશીઅ સયલ વિચારીઆ વાલઈએ તોલઈ મહાસપનનઈ કોઈ નહીએ
ધનકણ કંચન રાજ રિદ્ધિ સવિ સુખ ભંડારી દિનિ દિની વાધિસ્યુ એ ॥૨૮॥

ભગવાનના જન્મથી નારકીના જીવો પણ ક્ષણિક હર્ષ સુખની અનુભૂતિ કરે છે.

પ્રભુના જન્મથી ઈન્દ્રનું આસન કંપાયમાન થાય છે અને પ્રભુના જન્માભિષેકની તૈયારી કરવામાં આવે છે. મેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવાય છે ભગવાનના જન્મ પછી નામકરણની વિગત આવતાં કવિ જણાવે છે કે,

સહુ વિમાસી ગુણી ઉપનઉ નામ નિરતનું થાપીઈ
શુભ લગનિ વર્ધમાન કુંઅર નામ દેઈ અવથાપીઈ ॥૪૨॥

કવિએ ભગવાનની બાલ્યાવસ્થાની ક્રીડાના પ્રસંગની માહિતી દર્શાવી છે.

મિથ્યાતિ અમર બોલઈ હેવય નવિ વારિઈ એ
બાલક બિહાવી ઠામી આવી પછઈ ઈંદ્ર પતારીઈ ॥૪૬॥

દેવતા બિંઈ નિજહસિકતિઈ વર્ધમાન તિંહા આવઈએ
આમલી વૃક્ષ સાપ રુપિઈ કુંવર સયલ બીહાવઈએ ॥૪૭॥

સાહસિક સામા થઈ ફેરવી વેગલઉ લઈ મૂંકઈએ
કુંઅર રૂપિઈ માંહિ રમતા હારિ ખંધિ ચડાવઈએ ॥૪૮॥

રૂપ વધારઈ કુણિ ન ચાલઈ સહુઅ સામું જોઈએ
ધ્યાન દ્રષ્ટિઈ અસુખ ભણી મૂકી મૂઠી છઈ સારઈએ ॥૪૯॥

પ્રભુને આઠમા વર્ષે નિશાળમાં અભ્યાસ કરવા માટે વિધિપૂર્વક મોકલ્યા હતા.

પ્રભુના જન્મ અને અભ્યાસ પછી લગ્ન અંગેની માહિતી ગાથા-૫૩થી શરૂ થાય છે.

વિવિધ જોસી વેગિ તેડઉ લગન મૂરત લીજઈ
મંડપ ઘલાવઉ સહૂ તેડાવું અહિ વિમાગલ દીજઈ ॥૫૩॥

લગ્નના વાતાવરણની માહિતી આપતાં કવિ જણાવે છે કે,

અપચ્છરા નાચઇ મૃદંગ વાજઇ તોઈ ગંભીર ન જંપઈએ
એણિ અવસરિ ઈંદ્ર કેરું અચલ આસન કંપઈએ ॥૫૬॥

પ્રભુના જીવનના પ્રસંગોનું ક્રમિક વર્ણન કરવામાં આવ્યું છે. લગ્નનો વરઘોડો અને જાન વિશે માહિતી આપતા કવિના શબ્દો છે,

આવીયા વરગડ માગઈએ માના જોડિ વરવેગિ ચલાવઈએ
હરખીઉ શ્રીસિદ્ધારથરાય જાન સજાઈ અતિ કરઈ ॥૬૯॥

આનકિરાય મહોજન વિવહારીઆ સહુ અધિકારીયા નુતરઈએ ॥૭૦॥

સાંચરઈ જાન અતિમનોહર ગજરથ પાર ન પામીઈ
ઘોડા સુખાસન કરહવ પોલી પાર ન પામીઈ ॥૭૧॥

જાનનું સ્વાગત - આભૂષણ આપવાં, લૂણ ઉતારવી, દેવ-દેવીઓ મનુષ્યો વગેરે લગ્નમાં આવીયા. વરરાજા તોરણે આવ્યા. સાસુએ પુષ્પમાળા પહેરાવી અને પછી લગ્નમંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા. કવિના શબ્દોમાં આ માહિતી જોઈએ તો,

સાસુઅએ મનિ હરખ અપાર પુહુકતા વાર લાગીનઈએ
વર પધરાવીઉ માંહિરા માંહિ ધવિજુઅલઉ ઘાલી કરીએ ॥૮૩॥

મામા પધરાવઈ કન્યા તામા સમય સમય વરતાવીઈ અંતર
પટા જોસી સાવધાન વરમાલ કોટ કાંકણ કરીએ ॥૮૪॥

લગ્નવિધિમાં કંસાર ખવડાવવાનો પ્રસંગ પણ આનંદદાયક છે.

કવિએ વિવાહ સંદર્ભમાં રૂષભદેવના વિવાહનો મિતાક્ષરી ઉલ્લેખ કર્યો છે.

વિવાહ પ્રસંગે પહેરામણીનો રિવાજ છે, તેની પણ માહિતી આપવામાં આવી છે. લગ્ન પ્રસંગે વરના માતા-પિતા, ભાઈ-બહેન અને સ્વજનો-જાનૈયા અત્યંત હર્ષ ઘેલા બન્યા છે. અને આનંદમંગલનું વાતાવરણ સર્જાયું છે.

વર્ધમાન કુમાર લગ્ન કરીને ક્ષત્રિયકુંડમાં પધારે છે તેની માહિતી આપતાં કવિ જણાવે છે કે,

કાસમીરનિવાસી કામિણી સામિણી હંસ ભાવ વાહિની એ
તસ તણઉ હે સખી લહીઅ પસાએ પાય નમીઅ શ્રી ગુરુતણાએ ॥૨॥

રાજ કરઈ સિદ્ધારથ રાય રાય સકલ ત(ત)પસાયે નમઈએ
તસ પટરાણીએ ત્રિસલાનારિ નારિ સિરોમણી ગુણભરીએ ॥૪॥

કવિએ ગાથા-૧ થી ૧૦૦માં પ્રભુના ચ્યવન જન્મ, નામકરણ, નિશાળમાં અભ્યાસ, બાળક્રીડા વગેરેનો પરિચય આપ્યો છે. ત્યારપછી ગાથા-૪૩થી લગ્ન વિવાહનો પ્રસંગ વર્ણવ્યો છે.

ઢાળબદ્ધ રચનામાં અંતે ૯મી ગાથામાં જાનનું આગમન (ક્ષત્રિયકુંડમાં) અને ગુરુ પરંપરા ફળશ્રુતિ અને કવિ નામનો ઉલ્લેખ થયો છે. કવિએ વસ્તુને અનુરૂપ પ્રસંગોનું વર્ણન કરીને પ્રાસાદિક શૈલીમાં વિવાહલુની રચના કરી છે. આ રચનામાં કવિ શ્રી દત્તાની કવિ પ્રતિભાનો પરિચય થાય છે. કાવ્ય રચના કઠિન છે. પણ કવિનો આ ચરિત્રાત્મક કૃતિને ભાવવાહી ઢબે ભક્તિમાર્ગની નમૂનાદાર રચના કરી છે. વસ્તુ પરિચિત છે પણ કાવ્ય તરીકેની રચના પ્રશસ્ય છે.

## મહાવીર વિવાહલુ

**લિપિકાર : પૂ. શાશ્વતયશાશ્રીજી મ.સા.**

ૐ નમ સિદ્ધં

**આદી જિણેસર પાય નમીએ, અનુક્રમિઈ પણમુઅ**
**જિનહ ચઉવીશ ચઉવીશઈ તીરથકરુએ ॥૧॥**
**કાસમીરનિવાસિની, કામિણી સામિણી હંસલાવાહિનીએ**
**તસ તણઉ હે સખી લહીઅ પસાએ પાય નમીઅ શ્રી ગુરુ તણાએ ॥૨॥**

અભિનવઉએ મનધરીઅ ઉચ્છાહે ગાઈસિ મહાવીર વિવાહલઉએ
ક્ષત્રિયકુંડ હે સખી નયર વિખ્યાત ખિત્રીયવંસિ તિલક ધણીએ ॥૩॥
રાજ કરઈ સિદ્ધારથરાય રાય સકલત સપાયે નમઈએ
તસ પટરાણીઅ ત્રિસલાનારિ નારિ સિરોમણી ગુણભરીએ ॥૪॥
પ્રિય ન મોહઈએ પગતિગ રોહઈએ જોઈ વિચાર જિનધર્મ તણાંએ
અવનીઅ ગુણ તરશીલીએ, સુંદર સુંદર સેજિંઈ પુઢતાએ ॥૫॥
પૂરવ પુનિ પ્રમાણિ પુષ્પોત્તરા પ્રવર પુંડરીક વિમાનથીએ
જ્ઞાનત્રિણી ધર મધ્યરાતિંઈ સુર આવીઅ ત્રિસલાઉરિ વસ્યાઉએ
તતખિણ પેખઈએ સિપન ચઉદ મહિમાએહ છોરુ તણઉએ ॥૬॥

ઢાળ : ઉલાલઉ

ગજ શ્વેત સબલઉ ભદ્રજાતી સાતપાટે મદ ઝિરઈ
મુખમાંહિ પઈઠઉ સિપન પહિલઈ દેખઈ દેવિ મનો હરઈ ॥૭॥
ગાઈ નંદન વૃષભ ઉજલા સમઈ શ્રૃંગિ સોહમણઉ,
મુખમાંહિ પઈઠઉ સિપન બીજઈ દેવી દેખાઈ રલીયામણઉ ॥૮॥
સિપન ત્રિજઈ દેવી દેખઈ સીંહ મુખમાંહિ પઈસતઉએ
સહિજિ સુંદર અતિહિ દુર્ધર માઈ ભવ નિવારતઉએ ॥૯॥
ચઉથઈ સિપનિ મુખમાંહિ પઈઠી દેવી દેખઈ કામિનીએ
કમલવાસા જગત્રજીવન લાછિ સદા સોહામણીએ ॥૧૦॥
સર્વ જાતિના પંચવર્ણ સુંદર પુષ્પમાલા મગમગઈ પાંચમઈ
સિપની મુખમાંહિ પઈઠી દેવી ત્રિશલા મનિ ગમઈ ॥૧૧॥
ઔષધીનાયક અમી ઝિરતઉ રોહિણી મનિ વલ્લહઉ
છઠઈ સપનિ મુખમાંહિ પઈઠઉ દીઠઉ ત્રિશલા ઉજલઉ ॥૧૨॥
ગગન મંડણ તમ નિવારણ ભાન મહિઅલિ સોહઈએ
સાતમઈ સિપનિ મુખમાંહિ પઈઠઉ દેખી ત્રિશલા મોહઈએ ॥૧૩॥

પંચવર્ણ પટકૂલ કરી ધજાપતાકા લહીલહીઈ
આઠમઈ સિપનિ મુખમાંહિ પઈઠી પેખી ત્રિશલા ગહગહિઈ ॥૧૪॥
કનક કલશ અમી ભરિઉ કંઠિ માલા ઉપઈએ
તુમઈ સિપનિ મુખમાંહિ પઈઠઉ દેવિ ત્રિશલા દેખઈએ ॥૧૫॥
માનસ સરોવર અતિ મનોહર સુપન દસમઈ દીઠઉએ
દેવિ ત્રિસલાઈ પીધું જલહ મીઠઉ અવરક કહું કુણ તોલઉએ ॥૧૬॥
સપન અગ્યારમઈ સાગર રત્નાગર ધરિ આયુએ
રાણીઅ ત્રિશલાદેવી ત્રસ ભરિ સયલ સયરિ સમાયુએ ॥૧૭॥
બારમઈ સપનિ વિમાન સુંદરા દેવી ત્રિસલા દેખઈએ
મુખ કમલિ પઈસઈ પ્રવર ઉજ્જ્વલ અચલ કહુ કુણ તોલઈએ ॥૧૮॥
તેરમઈ સપનિ મુખમાંહિ પઈઠુ દીઠુ ત્રિશલા રાણીઈ
પંચવર્ણ ચિંતામણીહં કેરું રતન રાશિ વખાણીઈ ॥૧૯॥
ચઉદમઈ સપનિ પ્રચંડ પાવક દસઈ દિશી અજુઆલઈએ
નિર્ધૂમ ત્રિશલા દેવી દેખી જાગી મંગલ ગાવઈએ ॥૨૦॥

: ઢાલ :

જાગીયા દેવી મનિ ચિંતવઈએ લહીયાએ સુપન કલ્યાણકર
સુંદર નાહ પુરંદર વિનવું એ પુઢ્યાહે જિંહા સિદ્ધારથ રાય ॥૨૧॥
જઈ મંગલસાદિ જગાવતીએ નિશી ભરિ લહિયા સિપન
ચઉદ તે અનુક્રમિઈ નાહ જણાવતીએ ॥૨૨॥
પ્રીઅ અવધારઉ અરથ જે સારુઉ લાભ કિસ્યા મઝ હોઈ સિઈએ ॥૨૩॥
સુણીઅ સપન રાજા મનિ રંજિઅ સયરિ રોમંચીઅ ઈમ ભણઈએ
સકલ લક્ષણ વ્યંજન ગુણ આગર પુત્ર પૂરે દિને પ્રસવસ્યઉએ ॥૨૪॥
અમ્હ કુલિ ત્રિભુવની તિલક દયાપર પુત્ર પંચાઈણ અવતરયુએ ॥૨૫॥
અરથ સુણી રાણી જિનથાનકિ સહી અસુ ધરમ જાગરિ કરઈએ
મૂરખભલા સપન લહી સૂઈએ તિંહા તેહના ફલ કિમ લહિઈએ ॥૨૬॥

સૂર ઉગંતઈએ સભા સમક્ષક સુપન પાઠકો તેડાવઈએ
વસ્ત્ર, આભરણ અત્યંત ધન આપીઅ સિપન વિચાર કરાવીઈએ ॥૨૭॥
જોષીઅ સયલ વિચારીઅ બોલઈએ તોલઈ મહા સપનનઈ કોઈ નહીએ
ધનકણ કંચન રાજરિદ્ધિ સવિસુખ ભંડારી દિનિ દિની વાધિસ્યુએ ॥૨૮॥
પુત્રલાભ ઘરિ તેહ પ્રમાણિએ અરિ તણાં દેશ સહુ સાધિસ્યઉએ
નરમલાં સપન દીઠા પરિમાણીકો તીર્થંકર ધર્મ ચક્રવર્તિ હૂસિઈએ ॥૨૯॥
વિપ્ર વિસર્જીય સભા સહૂ રંજીઆ ઘરિ ઘરિ મંગલ સહૂ કરઈ
ગર્ભ પ્રમાણિ જે દોહલા ઉપજઈ પૂરઈ સિદ્ધારથ વિવિહ પરે ॥૩૦॥
ચૈત્ર સુદિ તેરશી સર્વગ્રહ ઉચ્ચિ ઉદયિ મધિરાતિ જિનજાઈઉએ
અમીઅનજ્જારીઅ પાલખી, પુઢાડીઅ મોતીઅ કુંવર વધાવીઉએ ॥૩૧॥
રક્ષા બાંધીઅ છપ્પનદિક્કુમરી આદીઈ આશીષ આણંદ ભરીએ
તુમ્હ જનમિ નારીક અતિ દુઃખધારીઆ અંતર મૂહરત સુખ લહીઈએ ॥૩૨॥
જન્મ વેલા ઈંદ્ર આસન કંપઈ એ, અવધિનાણી જન્મ જાણીઉએ
સયરી રમંચઈ કરઈ પ્રણામ વયણિ શક્રસ્તવ આણીએ ॥૩૩॥
પાંચ રુપિઈ ઈંદ્ર સયલ પરિવારસ્યુ મેરૂસુ નાથ ઉચ્છવ કરઈએ
અમૃત અંગૂઠઈએ ઈંદ્ર સંચારઈ એ મૂકઈએ પંચવરણ દડઉએ ॥૩૪॥
માય સમોપીઅ રાતિમાં સહૂ કરી સુરપતિ નિજ થાનકિ ગયઉએ
નંદિશ્વરે અષ્ટાહનીકા ઉચ્છવ કરી સુરપતિ અતિહિ આણંદીઉએ ॥૩૫॥

ઢાળ : ઉલાલઉ

સુપ્રભાતે મંગલ સાદિઈ રાઈ લહીય વધામણી
તૂઠઉ સિદ્ધારથ વંછિત પૂરઈ દારિદ્ર ચૂરઈ સઈઘણી ॥૩૬॥
હાથાદીઉ ગૂડી ઉછાલઉ નયરીથી સહુલાડએ
તલીઆ તોરણ ચઉક પૂરુ ધઉલ ઘરિ ઘરિ ગાઉએ ॥૩૭॥
સયલ બંદીરાય મૂકઈ તોલમાન વધારઈએ
નયરી સિંગારુ મંગલ કરું કંકુછડા દેવારઈ એ ॥૩૮॥

પુત્ર જન્મિઇ દાન દેતા સુરતર(રુ) સિદ્ધારથ થયઉ
ભાટ બાંભણ સયલ માગતા આશાપૂર ગહ ગહયઉ ॥૩૯॥
કિરતિ નિરમલ દેસ દેસિઇ સુજસ દહદિશિ ગહિગહિઉ
દસમઈઅ દિનિહઉહ દસુઠણિ નામ ઉચ્છવ માંડિઉ ॥૪૦॥
ન્યાતિ છત્રીશવિ જિમાડી હાથા જોડી વિનવઇ
અવતરિઇ અમ્હ ઘરિ રિદ્ધિ વાધી પાર તે કો નવિ લહઇ ॥૪૧॥
સહુ વિમાસી ગુણી ઉપનઉ, નામ નિરતઉ થાપીઈ
શુભ લગનિ વર્ધમાન કુંઅર નામ દેઈ અવધાવીઈ ॥૪૨॥
બાલક્રીડા કરઈ બાલક માઈનઉ મન રંજઈએ
રંગિઇ અરીંખઈ ચડઈ ખોલઈ, અમૃત વયણા બોલઈએ ॥૪૩॥
રાજકુંઅર સાથિ રમતા પેખિ જનમન મોહઈએ
એણી અવસરિ ઇંદ્ર બઈછઉ ભરત ખેત્રે તે જાઇએ ॥૪૪॥
સાહસિક સબલ વર્ધમાન કુંવર, અવર કહું કોણ બોલઈએ
આપણી સભા સાંભલતા ઇંદ્ર એણિ પરે બોલઈએ ॥૪૫॥
છિઈમિથ્યાતિ અમર બોલઈ હવઇ ન વિચારિઇએ
બાલક બિહાવી ઠામી આવી પછઈ ઇંદ્ર પતારીઇ ॥૪૬॥
દેવતા છિઇ નિજહ સિકતિઇ વર્ધમાન તિંહા આવઇએ
આમલી વૃક્ષ સાપ રુપિઇ કુંવર સયલ બીહાવઈએ ॥૪૭॥
બીહતા કુંવર કરઈ વકખા સહુ દહદિશિ નાસઇ
સાહાસિકમાં થઈ ફેરવીનઇ વેગલઉ લેઈ મૂંકઈએ ॥૪૮॥
કુંઅર રૂપિઇ માંહિ રમતા હારી ખંધિ ચડાવઈએ
રૂપ વધારઇ કુણિ ન ચાલઇ સહુઅ સામું જોઈએ ॥૪૯॥
જ્ઞાનદષ્ટિઇ અસુર વખાણી મૂકી મૂઠી છઈ સારઈએ
આક્રંદ કરતઉ ભુઈ પડીઉ કુંવર બલ સંભારઈએ ॥૫૦॥

દેવતારૂપિ દેવ બોલઈ ઈંદ્રિ કહીઉ તેસહી
મહાવીર નામ દઈ ખમાવી રલીયાઈતિ કીધી મહી ॥૫૧॥

વરસ જબ આઠમું લાગું માઇ બાપ મનિ ગહિ ગહઈઉ
નિશાલઘરણા તણઉ ઉચ્છવ માંડેવા અવસર લહઈ ॥૫૨॥

વિવિધ જોસી વેગિ તેડઉ લગન મૂરત લીજઈએ
મંડપ ઘલાવઉ સહૂ તેડાવું અહિવિ માંગલ દીજઈએ ॥૫૩॥

જિમણવારિઈ જિંમઈ સાજન વસુ પાન દેવારીઈ
વર્ધમાન કુંઅર ને(ની)શાલ મૂકું અધ્યારૂઅ જણાવીઈ ॥૫૪॥

વર શ્રૃંગારી ગજિ ચડાવી મેઘાડંબર સિરિ ધરઈ
વિમલ ચામર દોઈ પાસે જોવા સિવિ સુરનર મિલઈ ॥૫૫॥

અપચ્છરા નાચઈ મૃદંગ વાજઈ તોઈ ગંભીર ન જંપઈએ
એણિ અવસરિ ઈંદ્ર કેરું અચલ આસન કંપઈએ ॥૫૬॥

અવધિજ્ઞાનીઈ ઈંદ્ર બોલઈ ભર નીસાણ તે ગડગડઈ
ધાકણે રહીત ઉઠીડ ઉચ્છવ પુહુતઉ અધ્યારૂ કન્હઈ ॥૫૭॥

ભણિઉ ગણિઉ જ્ઞાની સહુઅ જાણઈ મહીઅલી કઉતિગ હોઈએ
સરસતિનઉ નેશાલધરણઉ કરઈ મૂરખ કોઈએ ॥૫૮॥

ઈંદ્ર બ્રાહ્મણ રુપિ આવી અધ્યારૂ ઉઠાડઈએ
પાય નમીએ અધ્યારુઅ ઠામિંઈ, વર્ધમાન બઈસારઈએ ॥૫૯॥

આપણા સોહઈ ઈંદ્ર પૂછઈ સ્વામીશ્રીમુખિ બોલઈ
જૈનેન્દ્ર વ્યાકરણ તિંહા પ્રકાસ્યું અવર કહું કુણ તોલઈ ॥૬૦॥

રૂપ ઈંદ્રિય પ્રગટ કીધું સજ્જન મનિ હરખ્યુ સહુ
નેસાલીઆ સુખડી ખડીઆ જોષી દાન દીધું બહુ ॥૬૧॥

હરખિઉ સિદ્ધારથ ઘરિ આવઈ ચઉરંગ સેનિઈ પરિવરીયું
અનુક્રમિ વર્ધમાન કુંઅર યોવનવેસિ અલંકરિઉ ॥૬૨॥

ઢાલ :

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરી તણઉ,

એક જીભ કિમ કરુ વખાણ જિનમંદિરી જગ મોહીઈએ ॥૬૩॥

રાજ કરઈ પ્રજાપાલ નરિંદ પટરાણી પતિ વલ્લભાએ

તેણઈ જનમી યશોદા કુંઅરી રૂપિઈએ રંભ હરાવતીએ ॥૬૪॥

ચઉસઠિ કલા લક્ષણ ગુણ અવનીઅ નિજ કુલિ સોહા ચડાવતીએ ॥૬૫॥

કુંઅરી રમંતીઅ દીઠીઅ રાઈ કેહિ પ્રધાન સહૂ સાંભલઉએ

કુંઅરી ગુણ યોગી સુંદર વર જોઉઉ આદર કરી તાહમ અતિ ઘણઉએ ॥૬૬॥

પ્રજાપાલ રાઈ તણાં પ્રધાન જઈ રાય સિદ્ધારથ વિનવઈએ

કુંઅર વર યોગિ પ્રજાપાલરાય કન્યા આ જોઉ યશોદાજઉ ગમઈએ ॥૬૭॥

શુભ મૂરતિ મિલીઉરે વિવાહો હથેલણે જિમાડીઈએ

લગન લેઈ પોતામડિ આપીઅ વેગિ પ્રધાન ચલાવીએ ॥૬૮॥

આવીયા વરગડમાગઈએ માન જાન વરવેગિ ચલાવઈએ

હરખીઉ શ્રી સિદ્ધારથરાય જાન સજાઈ અતિકરઈ ॥૬૯॥

અનેકિ રાય મહાજન વિવહારીઆ સહુ અધિકારીયા નુહુંતરઈએ ॥૭૦॥

ઢાળ : ઉલાલઉ

સાંચરઈ જાન અતિમનોહર ગજરથ પાર ન પામીઈ

ઘોડા સુખાસન કરહ વાજિંત્ર પાલા પાર ન પામીઈ ॥૭૧॥

આવરજીઈ સહુ માન દીજઈ ખેહિ દિનકર ઝામતઈ

વાજતા ગાતા જાન પુહતી નયરિ રાય પ્રજા પાલનઈ ॥૭૨॥

સામઉ કન્યા બાપ આવઈ પાય કમલ જોહારઈએ

મંડાણ મોટે જાન વરસ્યું ઉતારઈએ ॥૭૩॥

સામાહા મુહુસાલા કરીઅ વરણા થિરવર પસ ભરાવઈ

મંડાણ મોટવડ ઉચ્છવઉ વરવેગિ ચડાવીઈ ॥૭૪॥

વરવેગિ વાનઉ કરી ઉઠનઉ ઈહિવિ તેલ સંચારઈએ
પીઠીઅ કરી વરન્હવારી, વેગિ ખૂંપ ભરાવઈએ ॥૭૫॥

કાને તૂંગલ અસાબુ અમૂલિક બહિરાષ જગ મોહઈએ
વરષૂંપ ફલકઈ હાર લહિકઈ મુદ્રિકા કેરી સોહઈએ ॥૭૬॥

વરરૂપ સિરિ શ્રૃંગાર શોભા એક જીભ ન કહીઈએ
ચંપક ટોડર કુંકુમ ટીલઉ સેસિ ભરી વરમાઈએ ॥૭૭॥

સિરિ છત્ર ચામર દોઈ પાસે સાતસીકિરિ સિરિ ધરઈ
બહિનર પૂઠિઇં લૂણ ઉતારઈ દુષ્ટ દોષ સયલ હરઈ ॥૭૮॥

સુરનર કિન્નર મિલીઉ ત્રિભુવનજન સહુ ન પાર ન પામીઈ
પંચ શબ્દ બહુ નિશાન નાદિઈ વિશ્વજન આણંદીઈ ॥૭૯॥

મૃદંગભેરી અનઈ નાફેરી અનેકિ વાજિંત્ર રણઝિણઈ
થાકણ રહિતઉ અશ્વ ચડીઉ તોરણિ આવાઉ લાડી તણઈ ॥૮૦॥

ઢાલ :

તોરણિ આવીઉ જગત્ર ગુરો ભણ્યા સિલોકા
અતિ સુવિશાલ સાલા સયલ હરાવીઈએ ॥૮૧॥

નમણઉઅ તોરણિ સઈ વર આચાર પુષ્પમાલા ઘાલી વરસ્યુએ ॥૮૨॥

સાસુઅએ મનિ હરખ અપાર પુહુકતા વાર લાગીનઈએ
વર પધરાવીઉ માંહિરામાંહિ ઘાટ જુઅલઉ ઘાલી કરીએ ॥૮૩॥

મામા પધરાવઈ કન્યા તામ સમય સમય વરતાવીઈ
અંતરપટા જોસી સાવધાન વરમાલ કોટ કંકણ કરીએ ॥૮૪॥

જોસીઅ સાધીઉ લગન જે સાર હાથિએ હાથા મલી કરીએ
મુહુ જોઈ લાડિની અમાઈ માણીકુ આપી કરીએ ॥૮૫॥

સાહામૂઆ જાતાઅ માહોમાંહિ માંહિરામાંહિ સોહામણું એ ॥૮૬॥

ઢાલ : ઉલાલઉ

ખેત્ર સાત ઉચરીઅ બાંધઉ નાગપાસિ નિરતી કરી
વેદિકા થાપુ કલશ માંડઉ સયલ જંતુ યતન કરી ॥૮૭॥
કંસાર સાર મંત્રિઇ નીપાઉ આહિત ધીઅદેવારીઈ
જોસીહ પુન્યાહં ભણંતા વરવધૂ પધરાવઈ ॥૮૮॥

ઢાલ : માંગલની

ધવલ દીઈ સવિ ધુલહીએ - નીમાલઈ
એહઈ અડલઈ હરખ ઉચ્છાંહિ-માંગલ પહિલુંઉ વરતીઇએ-નીમાલઈ
નાનડીઆ બિઇ ચઉરડી માંહિ બેફૂલની માલઇએ નાનડીયા ॥૮૯॥
માંગલ બીજુંઅ વરતીઇએ નીમા૦ રાય દીઇ અરથ અપાર
બહુ ગજ રથ પાર ન પામીઈએ નીમા૦ આપઈએ ચિંતત સાર બેફૂલ૦ ॥૯૦॥
અગણીઅ માંગલ વરતીઈએ નીમા૦ હજીઅ છઈ માઇ નીધેઅ
માંગલ ચઉથૂઅ વરતીઇએ નીમા૦ હુઈઅ પીઆરી આવેઅ બે ફૂલ૦
પ્રતિષ્ઠિયા હરખીયાએ નીમા૦ માડી વરમાલા બે ફૂ૦ નીમાલઇએ
લ્યઉ સાસુ વરમાલા ॥૯૨॥
ચઉકી વટરતને જડ્યઉએ નીમા૦ માંડઉ સોવન મઈ થાલ બે ફૂલ૦
હાથા મેલામણ હાથીઆએ નીમા૦ આપી પ્રીસઉરે કંસાર બે ફૂલ ૦ ॥૯૩॥

કંસારની ઢાલ :

સાસુઅ કંસાર પ્રીસઉરે તેહ પરિમલ દહદિસિ વિસ્તરયુ એ
સુરનર ઇંદ્રિ વખાણીઉએ કપૂરિવાસુગુણિ આગલું એ ॥૯૪॥
લાડી જિમાડઇએ વાર ચ્યારિ પછઈ વર જિમાડઇએ વાર ચ્યારિ
અણુઅર ડાઢડી આંગલઈએ સવિ જોસીઅ લાલડી આપડઇએ ॥૯૫॥
સુનંદા સુમંગલા આદીનાથ સિઉએ તામ્હ જિમુ યશોદા કંતાસિઉએ
જિમીઅ પ્રભાવતી પરસિઉએ, તિમ્હે જિમુ યશોદા મહાવીર સિઉએ ॥૯૬॥

ચલુઅ દેઈ આપીસિ લીએ સોવન મઈખરે હીરે જડીએ
વરતંબોલ આરોગતઉએ પ્રહિ દેઈઅ લાડી લેઈ આવી એ ॥૯૭॥

ઢાળ

ગુરુવરુ વીહઉઆ ભલાએ જમ્યા વેવાહી
વેવાહિણી માંહિ રંગ માંહો માંહી ઘણઉએ ॥૯૮॥
ઊઠત્ર કીજઈ તેહ દીજઈ વેવાહી જે માંગઈએ ધન
ત્રાંબર ચ્છ પકવાન મોતી માઈ વેશ વિશાલએ ॥૯૯॥
વરમાઈ બાપ બહિનભાઈ કુટુંબ ગોત્ર સગું બહુ
પ્રજાપાલ રાઈ જાન પહિરાવ્યું સહુ ॥૧૦૦॥
જીપી સિદ્ધારથરાય હરખિઈ જાન સહુ જોતરાવઈએ
નીમટ કરી પ્રજાપાલ રાજા જાન કુંઅરી વઉલાવઈ ॥૧૦૧॥
જાન ક્ષત્રિયકુંડિ આવી વિશ્વજન આણંદએ
તરિયા તોરણ નયર પોલી હાટિ ગુડિ બંદઈએ ॥૧૦૨॥
વર પ્રવેશ તનઉ મહોચ્છવ એક જીભ ન કહાઈએ
વરવહુઅ જોતા વિશ્વ મોહયું હઈઅઈ હરખ ન માઈ ॥૧૦૩॥
ધિન ધિન્ન સિદ્ધારથ નરેસર વર વહુ વધાવણા
દેસદેસતણાં રાજ મોકલઈ બહુ ભેટણા ॥૧૦૪॥
પતિ આસ પુહુતી સયલ ચિંત્યા મન તણાં
દંપતિસ્યં ઘરિ રિધિ આવી મનોરથ મનના ફલ્યાએ ॥૧૦૫॥
પનરત્રિ સઠિ (૧૫૬૩) આસોઈ પૂનિમ બૃહસ્પતિ વારિઈ કસ્યુ
ચતુર્વિધ સંઘ મંગલ દાયક ખંભનયરિ થઉ વિસ્તરયું ॥૧૦૬॥
પેથડ હરપોરુઅડે શ્રાવકશ્રીઅ આગમ ગચ્છ તણઉ
શ્રી વિવેકરત્ન સહિ ગુરુ પસાઈ શ્રીદત્ત કથઈ વીવાહલુ ॥૧૦૭॥

ભાવિ ભણસિઈ અનઈ સુણસિઈ તત્વ જાણી તેહના
જે શીલ સમકિત હૃદય ધરસિ કાજ સરસિઈ તેહ ॥૧૦૮॥

॥ ઈતિ શ્રી મહાવીર વિવાહલુ સમાપ્ત ॥

- કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧. | કાશ્મીર નિવાસિની | - | સરસ્વતીદેવી |
| ૨. | અભિનવ | - | નવું |
| ૩. | ભદ્રજાતિ | - | હાથીનો એક પ્રકાર |
| ૪. | સિપન | - | સ્વપ્ન |
| ૫. | લાછિ | - | લક્ષ્મી |
| ૬. | ઔષધિનાયક | - | ચંદ્ર |
| ૭. | ભાન | - | સૂર્ય |
| ૮. | ત્રસ | - | તરસ |
| ૯. | વ્યંજન | - | શરીર ઉપર તલ, મસા વગેરે નિશાની |
| ૧૦. | દયાપર | - | દયામાં તત્પર |
| ૧૧. | પરિમાણી | - | પ્રમાણ |
| ૧૨. | શક્રસ્તવ | - | નમુત્થુણં |
| ૧૩. | સમોપી | - | સોંપી |
| ૧૪. | દસુઠણિ | - | દશદિવસનું સૂતક કાઢવું |
| ૧૫. | રીંખઈ | - | ઘૂંટણીએ ચાલવું |
| ૧૬. | અધ્યારૂ | - | પંડિત, અભ્યાસ કરાવનાર |
| ૧૭. | કન્હઈ | - | પાસે |
| ૧૮. | અનેકિ | - | ઘણાં |
| ૧૯. | તહુંતરઈ | - | તુરત |
| ૨૦. | ન્હાવારી | - | સ્નાન કરાવી |
| ૨૧. | બહિનર | - | બહેન |
| ૨૨. | નફેરી | - | વાજિંત્રનું નામ |
| ૨૩. | ડાઢડી | - | દાઢ |
| ૨૪. | આપિસી | - | અરસપરસ |
| ૨૫. | સરસિઈ | - | સિદ્ધ થશે |
| ૨૬. | નીમટ કરી | - | સારી રીતે સરભરા કરી |

# ૪૩. મુનિસુવ્રતસ્વામી વિવાહલો

અજ્ઞાત કવિ કૃત મુનિસુવ્રતસ્વામી વિવાહલોમાં ૪૩ કડી છે. તેમાં મુખ્યત્વે મુનિસુવ્રતસ્વામીના વિવાહ-(લગ્ન)નું વર્ણન છે. કાવ્યનો આરંભ વરઘોડાથી થયો છે.

મુનિસુવ્રતસ્વામી ભગવાન પ્રભાવતી રાજકુમારી સાથે લગ્ન કરે છે તે પ્રસંગનું વર્ણન કેન્દ્રસ્થાને છે.

હસ્તપ્રતને અંતે નીચેના શબ્દો છે, તે ઉપરથી આ વિવાહલોની રચના ૧૯મી સદીના ત્રીજા તબક્કામાં થઈ છે. ઈતિશ્રી વિવાહલો સંપૂર્ણ, સં.૧૮૬૨ જેઠ સુદી-૧૧, બુધવાર. લીંમડી મધ્યે.

વિવાહના વર્ણનની સંક્ષિપ્ત માહિતી નીચે પ્રમાણે છે :

સામાન્ય રીતે એક કડીમાં ચાર પંક્તિ હોય પણ કવિએ ગરબાની રાહમાં રચના કરી હોય તેમ અનુમાન કરવામાં આવે છે. બે પંક્તિમાં જ એક કડી ગણીને નંબર આપવામાં આવ્યા છે.

કાવ્યના આરંભમાં જ મગધદેશની રાજગૃહી નગરીમાં જઈને મુનિસુવ્રતસ્વામી ભગવાનના લગ્ન-વિવાહ ગાઈએ એવો વિચાર વ્યક્ત થયો છે. મુનિસુવ્રતસ્વામીનો પ્રભાવતી રાજકુમારી સાથે વિવાહ મહોત્સવ ઉજવાય છે.

સુમિત્ર રાજા વર-વહુને પોંખતા જોઈને હર્ષ અનુભવે છે.

પ્રભાવતી રાણીનું અલંકારયુક્ત નિરૂપણ કરવામાં આવ્યું છે. નાગકન્યા-અપ્સરા સમાન, ગજગામિની અને હંસ સમાન ચાલ, મૃગ લોચની, આ પ્રકારની અભિવ્યક્તિ પાત્ર પરિચયમાં સર્વ સામાન્ય પણે જોવા મળે છે. મુનિસુવ્રતસ્વામીના ગુણ ગાતાં પાર ન પામી શકાય. પૂર્વના પુણ્યોદયે પ્રભાવતીને મુનિસુવ્રતસ્વામી મળ્યા છે.

*વિવાહ અવસર આવ્યો છે એટલે મંડપની રચના, તોરણ બાંધવા... મંડપની રચનામાં કિમતી રત્નો ગોઠવ્યા છે અને પ્રકાશથી ઝળહળતો મંડપ બન્યો છે.*

*કવિએ 'વર' એટલે સર્વશ્રેષ્ઠ શબ્દના પ્રયોગથી હાંસલ વરચ રાતાં - ધવલ કપુર - કસ્તુરી - બાવળના ચંદનનાં અમી છાંટણા, વાજિંત્રોના મધુર ધ્વનિ અંબર સુધી ગાજે છે. અંગ ઉપર તિલક શોભે છે.*

*કવિ - હર્ષપૂર્વક વિવાહના પ્રસંગની રચના કરવા સમર્થ થયા છે.*

*પ્રભુના લગ્ન પછી પ્રભુ પૂજા-ભક્તિ કરીને મહોત્સવ કરવામાં આવ્યો હતો. પ્રભુને પૂજતાં આશાપૂર્ણ થાય.*

*કવિએ વરવધૂનો મિતાક્ષરી પરિચય આપીને રચના કરી છે. વિધિનો વિસ્તાર કર્યો નથી પણ લગ્ન થયાં છે એમ આનંદ-મંગળ વર્તે છે. આ રચના વિવાહ સમાન સ્તવન પ્રકારની પણ કહી શકાય. કારણ કે તેમાં પ્રભુનાં ગુણગાન ગવાતી અને તેમાંથી પ્રાપ્ત થતાં ફળની માહિતી દર્શાવી છે એટલે વિવાહ કરતાં આ પ્રસંગ પ્રભુ ભક્તિનો છે એમ ફલિત થાય છે.*

## મુનીસુવ્રતસ્વામી વિવાહલો

**લિપિકાર : પૂ.આ. જગત્ચન્દ્રસૂરિજી**

**મગધદેશમાંહિ જાઈઈએ તિંહા સામી સુવ્રતવરો ગાઈઈએ ॥૧॥**
**પરણે એ કુમરી પ્રભાવઈએ ઘર બેઠા સયંવર આવઈએ ॥૨॥**
**સુમિત્ર નરેસર હરખીયો યે વરવહુય સમાગમ પેખીયો એ ॥૩॥**
**દેવી પભાવઈ ઈમ ભણઈએ સખી ફલ્યા મનોરથ અમ્હ તણઈએ ॥૪॥**
**લક્ષણવંતી લહુ અડીએ વિહી સરજીય રૂપે રૂઅડીએ ॥૫॥**
**હુઈય ન હોસ્યે ભૂયે તલીયે જિસી કેણયરકાંબ[1] તણી પૂતલીએ ॥૬॥**
**નાગકન્યા કિરી અવતરીએ કિરી અમર વિમાનહ ઉતરીએ ॥૭॥**
**ચંદ્ર મંડલ કિરી નિકલીએ કિં મોહન વલીય માંહિ મિલીઓ ॥૮॥**

૧. કણયર કાંબ = કણેરની સોટી

મધુરવાણી મુખી બોલતીએ, ગય હંસ તણી પરે ચાલતીએ ॥૯॥
લોચન હિરણહસવતીએ ગુણ ગિરુઓ વંસ મલ્હાવતીએ ॥૧૦॥
અતિહિ અનોપમ વર વરેએ સખી આપણ ઈમ નિકલિખ કરઈએ ॥૧૧॥
સામલવન સોહામણુંએ વર રૂપેહિં અતિ રલીયામણુંએ ॥૧૨॥
ત્રિભુવનમાંહિ ન અવર નરો જઉ જામલિ આયઈએઉવરો ॥૧૩॥
લોચન લાખિણી હાલીઈએ વર જોતા હા દષ્ટિ ન ચાલીઈ ॥૧૪॥
જીભ સહસસુ ગાઈઈએ તો ગુણ ભણે પાર ન જાઈઈએ ॥૧૫॥
કિં નર મુખિમઈ કામિઓ એ વર પુન્ય પસાઈ પામીઓએ ॥૧૬॥
પૂરવ ભવ તરિ તપ તપઓએ મેં મહામંત્ર મન સધિ જપિઓએ
જગપતિ જિંણ આરાધીયો એ મઈ ત્રિહિકાઅલકરી સાધીઓએ ॥૧૭॥
નિણિ ફલી અન્હ પ્રાપ્તિ ફલીએ મન ચિંતઈએ કુમરી વલવલીએ ॥૧૮॥
.............................................. ॥૧૯॥
મહિયલ મંડપ તાડીયા એ ચિહું પખે ચિરી ઉચ્છાડીયા એ ॥૨૦॥
મંડપ મણિમય જડાયાએ તલ રતન કરી સિરસાહ ભલીઅ ॥૨૧॥
મોતીઅ સિર તિંહા કૂબતીએ સો વ્રનમે એ કેતકી બહિંકતી એ ॥૨૨॥
ઠામે ઠામ દીવા ધરીએ વર ગાઈસર તણી સુંદરીએ ॥૨૩॥
થાલી થાલી વર પૂતલીએ મન મૂકઈ જોતા હા વલવલીએ ॥૨૪॥
થાલી થાલી વર હાથીયાએ તલે દીસે મોતીય સાથીયાએ ॥૨૫॥
થાલી થાલી વરઘોડલાએ તિંહા પવન ફરુકે વરઘોડલાએ ॥૨૬॥
થાલી થાલી વરકમલલાએ એક રાતા બીજા ધવલલાએ ॥૨૭॥
કમલ કમલ વર હાંસડાએ તિંહા રંભ દીઈ વર રાસડાએ ॥૨૮॥
થાલી થાલી વરવેલડીએ કરી રંગ રસાયણ સેલડીએ ॥૨૯॥
કપૂર કસ્તુરીય વાટણાએ તિંહા બાવના ચંદનના છાંટણાએ ॥૩૦॥
સાત છત્ર અંબર ધરઈએ જસ પરિમલ પુહવીઇ વિસ્તરીએ ॥૩૧॥

મોર ટહુકડા તિમ કરે એ મેહુ વરસીયા જિમ સરોવર ભરેએ ॥૩૨॥
વાજીંત્ર અંબર બહિરીઈએ ક્ષીરોદક કાપડ પહિરીઈએ ॥૩૩॥
તરીયા તોરણ લહલહેએ તિમ અપછર ગેલે ગહગહેએ ॥૩૪॥
ઠામ ઠામ હુઈ પેખણાંએ વર કીજે અવસર પુંખણાએ ॥૩૫॥
ગોરવ કીજે ભલભલાએ અંગ ઉલટ ત્રિભુવન તે ભલાએ ॥૩૬॥
મુજ મન હૈયુ ઉમાહલુ એ મનરંગે રચીયો વિવાહલોએ ॥૩૭॥
જંબુનયરી જુહારીઈએ મન હરખિઇ દીઈ સંભારીઈએ ॥૩૮॥
મોરુ મન તમ્હ પયતલ વસેએ તુમ દીઠે અતિઘણ ઉલસેએ ॥૩૯॥
માંગુ એક પસાઉલોએ અમ્હ આપિન સે વહિ વાહલો એ ॥૪૦॥
ભગતિ કરું જિમ તુમ્હ તણીએ વલી વાસના ઉપજે અતિઘણીએ ॥૪૧॥
મંત્રી પેથો ઈમ વિનવેએ પ્રભુ પૂજીઉ ઓચ્છવ નિતનવઈએ ॥૪૨॥
જિન તિમ પૂજી આસુએ અંગિ ઉપજે બુદ્ધિ પ્રકાસુએ ॥૪૩॥

॥ ઈતિશ્રી વિવાહલો સંપૂર્ણ ॥

સં. ૧૮૬૨ જેઠ સુદી-૧૧ બુધ્યેમ્મી લીંબડી મધ્યે.

## ૪૪. આદિનાથ વિવાહલો

*મધ્યકાલીન જૈન સાહિત્યમાં કવિઓએ કૃતિના અંતે ગુરુ પરંપરા, રચના સમય, માસ-તિથિ સ્થળ વગેરેની માહિતી આપવાની પ્રણાલિકા હતી તેનું અનુસરણ કરીને ૧૮મી કડીમાં રચના સમયનો ઉલ્લેખ થયો છે.*

*"અવિહડ પ્રીત સંબંધ ચઉદસો ત્રિપનઈ, ભાદ્રવઈ દસમિ રવિ રચીઉ"*

*પ્રબંધો (સં.૧૪૫૩ ભા.વદ-૧૦ રવિવાર) આ વિવાહલો ૧૫મી સદીના ત્રીજા તબક્કામાં રચાયો છે.*

*અંતે 'જયતિલકસૂરિ શિષ્ય ભણઈ તે પામિ સિઈ પુણ્ય ઉત્સાહો' ઉપરોક્ત પંક્તિમાં કવિના ગુરુના નામનો ઉલ્લેખ થયો છે. કવિનું*

નામ સ્પષ્ટ નથી થતું. પણ 'જયતિલકસૂરિ શિષ્ય'એ વિવાહલોની રચના કરી છે એમ સમજાય છે. આ રીતે અન્ય કૃતિઓમાં પણ ગુરુનામની સાથે શિષ્ય શબ્દ પ્રયોગ થયો છે.

કવિએ વસ્તુ વિભાજન માટે ત્રુટક અને 'લઢણ' શબ્દ પ્રયોગ કર્યા છે. આવી શબ્દ પ્રયોગવાળી રચના મધ્યકાલીન કાવ્ય અંગે નવી માહિતી પૂરી પાડે છે.

'વિવાહલો' કાવ્યમાં મુખ્યત્વે સંસારી જીવન માટે વિવાહ (લગ્ન) અને શિવસુંદરી પ્રાપ્ત કરવા માટે દીક્ષા એમ બે વિવાહનું વર્ણન હોય છે. આદિનાથ વિવાહલોમાં માત્ર ભૌતિક વિવાહનું જ વર્ણન મુખ્ય છે.

આ વિવાહલો પ્રાચીન છે. તેનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

કાવ્યનો આરંભ શત્રુંજય તીર્થાધિરાજ આદિનાથના સ્મરણ-વંદનથી થયો છે. આદિનાથ ભગવાનની સાચા હૃદયથી ભક્તિભાવપૂર્વક પૂજા ભક્તિ કરવાનો ઉલ્લેખ થયો છે.

કૃતિ રચનાનો સંદર્ભ નીચે પ્રમાણે છે.

"ભાવી ભગતિહિ રચઈ ધઉલ સંયદરા"

અહીં ધઉલ શબ્દ દ્વારા 'ધવલ' કાવ્ય સંજ્ઞાનો નિર્દેશ થયો છે. ધવલ લઘુ કાવ્ય પ્રકાર છે. શુભ-કલ્યાણકારી કે મંગલ સાથે આ પ્રકાર સંબંધ ધરાવે છે. એટલે આ શબ્દ પ્રયોગ ઉચિત લાગે છે. પ્રભુનું જીવન મંગલ-કલ્યાણકારી હોવાથી વિવાહનો અર્થ પણ ગ્રહણ કરવામાં આવ્યો છે.

કવિએ વસ્તુવિભાજન માટે 'લઢણ' અને 'ત્રૂટક' શબ્દ પ્રયોગ કર્યા છે. જે દુહા અને ઢાળ સમાન ગણાય છે. પ્રથમ લઢણ નાભિ રાજા ઋષભકુમારના વિવાહની તૈયારી કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી છે.

કડી-૨/૩માં મરૂદેવા માતાનો ચિત્રાત્મક શૈલીમાં પરિચય આપવામાં આવ્યો છે. કવિએ વિવિધ ઉપમાઓ દ્વારા મરૂદેવા માતાનું શબ્દ ચિત્ર આલેખ્યું છે.

કડી-૪માં શુભ લગ્નનો પ્રારંભ અને વરઘોડાના ઉલ્લેખથી વિવાહનો પ્રસંગ છે એમ સ્પષ્ટ થાય છે.

કડી-૫માં ઋષભકુમારના લગ્નમાં ઈંદ્રો આવ્યા છે. અલંકારોથી ઋષભકુમારનું સૌન્દર્ય અલૌકિક લાગે છે. લૂણ ઉતારવામાં આવે છે.

ચારે દિશામાં અપુર્વ પ્રકાશ વિસ્તર્યો છે મંગલ ધ્વનિ સંભળાય છે.

કડી-૬માં કવિની કલ્પનાનો પરિચય થાય છે. વિવાહ પ્રસંગે સૂર્ય પણ ઝાંખો પડી ગયો એવું વાતાવરણ છે. અસંખ્ય હાથીઓ, ઘોડેસ્વારો, અનેક રથ, અનેક દેવ-દેવીઓ વગેરે લગ્નમાં ઉપસ્થિત છે.

કડી-૭માં વરઘોડાના વર્ણનની વધુ વિગતો પ્રાપ્ત થાય છે. વિવિધ વાજિંત્રોનો શુભ ધ્વનિ સંભળાય છે. ઋષભકુમારને પુષ્પથી વધાવવામાં આવે છે અને પગલે પગલે લૂણ ઉતારવામાં આવે છે. સુગંધી દ્રવ્યોથી વિલેપન કરવામાં આવે છે. પૂર્વના પુણ્યથી આ જન્મમાં ઋષભકુમાર જેવા રાજા સુનંદા-સુમંગલાને મળ્યા છે.

કડી-૯માં પૂર્વના પુણ્યના પ્રભાવથી આ જન્મમાં ઋષભકુમાર સ્વામી તરીકે પ્રાપ્ત થયા છે તેની માહિતી આપવામાં આવી છે. પાપની પ્રવૃત્તિનો ત્યાગ, તપની આરાધના, શીલ ધર્મનું પાલન જિનેશ્વર ભગવંતની સેવા-ભક્તિ ભાવભક્તિથી મુનિરાજને વહોરાવવાનું કાર્ય આ પુણ્ય કાર્યથી ઋષભકુમાર સ્વામી પ્રાપ્ત થયા છે. તેમજ લગ્નમાં મંગલ વર્તે છે તેની માહિતી દર્શાવી છે. યુગલીયા પણ પ્રભુના લગ્નથી આનંદ માણે છે.

કડી-૧૦માં ઋષભકુમાર પરણ્યા અને ઘેર પધારે છે તે માટે સ્ત્રીઓ સ્વાગત માટે તૈયાર થાય છે.

કડી-૧૧માં સ્રીઓના શણગારની માહિતી આપવામાં આવી છે. સુગંધી દ્રવ્યો રત્નોના આભૂષણ, હાથમાં કંકણ ખડખડતી ચૂડી, (સૌભાગ્યનું પ્રતીક ચૂડો) પગમાં ઝાંઝર અને નૃત્ય કરતી સ્રીઓ વગેરે પ્રભુને જોવા આવે છે.

કડી-૧૧/૧૨/૧૩/૧૪ માં જોબનવંતી સ્રીઓ પોતાનું માન મૂકીને ઋષભકુમારને જોવા આવે છે. ઈન્દ્ર-ઈંદ્રાણી પણ આ પ્રસંગે પધારે છે. આભૂષણોનું પ્રાસયુક્ત નિરૂપણ કવિપ્રતિભાનું ઉદાહરણ છે. ઋષભકુમાર લગ્ન કરી આવે છે તે માટે આ તૈયારી થાય છે. ગંધર્વો ગીત ગાય છે, તોરણ બાંધવામાં આવે છે. મંદિર-(ઘર) સુશોભિત કરવામાં આવ્યું છે. ઋષભકુમાર પરણીને સ્વગૃહે પધાર્યા ત્યારે મરૂદેવા માતા વધાવીને સ્વાગત કરે છે. સુનંદા-સુમંગલા સાથે ઋષભકુમાર ગૃહપ્રવેશ કરે છે.

કડી-૧૫માં સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી આ વર-વધૂ અમર રહે. મરૂદેવા માતા અપાર હર્ષ અનુભવે છે. ઋષભદેવ યુગલા ધર્મનું નિવારણ કરે છે. સર્વ સ્થાને મનોરથ પૂર્ણ થયા. ત્રિભુવનમાં સર્વત્ર ઉત્સાહનું વાતાવરણ ફેલાયું હતું. અંતે કવિ નામના ઉલ્લેખ સાથે ફળશ્રુતિ રૂપે કહ્યું છે કે આ વિવાહલો ભણવાથી-ગાવાથી પુણ્યબંધ થશે.

હસ્તપ્રતને અંતે ત્રુટક અને લઢણી ॥૧૦॥ની સંખ્યામાં જણાવી છે. જ્યારે હસ્તપ્રતની કડીઓ જોતાં લઢણની કડીઓ-૮ છે. અને ત્રૂટકની કડીઓ-૭ છે. એટલે સંખ્યા ૧૫ની થાય. મધ્યકાલીન કોશમાં ૧૮ કડીનો ઉલ્લેખ છે. એટલે આરંભની કડીઓ-૩ ગણતાં કુલ-૧૮ કડીની રચના થાય છે.

વિવાહલોની અન્ય કૃતિઓમાં વિવાહ વિધિનો વિસ્તાર થયો છે. જ્યારે આ વિવાહલોમાં વિધિનો મિતાક્ષરી પરિચય થાય છે. વર્ણનને બદલે ઓછા શબ્દોમાં ભાવવાહી અભિવ્યક્તિ થઈ છે જે કાવ્યની શોભામાં વૃદ્ધિ કરે છે.

લલિત મંજુલ પદાવલીઓ, વિવિધ ઉપમાનો પ્રયોગ, શબ્દચિત્ર-ચિત્રાત્મક નિરૂપણ અને અન્ત્યાનુપ્રાસથી વિવાહલો કાવ્ય આસ્વાદક બન્યું છે: કવિની અભિવ્યક્તિત્વની વિશેષતા એ છે કે ઉચિત શબ્દોના પ્રયોગથી વિવાહના વિષયનો દૃષ્ટિ, શ્રવણ અને હૃદયને સ્પર્શ થતાં નિર્દોષ આનંદ અને ભક્તિ ભાવનાનો અનુભવ થાય છે.

આદિનાથ વિવાહલોમાં વસ્તુ વિભાજન માટે ત્રુટક અને લઢણ શબ્દ પ્રયોગ થયો છે. 'ત્રુટક' શબ્દ ઉપરથી ત્રોટક શબ્દ રચાયો છે. ગુણવૃદ્ધિ થતાં ત્રુ-ઉનો ઓ થયો અને ત્રોટક શબ્દ બન્યા છે ત્રોટક એક પ્રકારનો છંદ છે.

કવિ દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજામાં ત્રુટકનો પ્રયોગ થયો છે.

"થર હરે આસન ઈંદ્ર ચિંતે કોણ અવસર એ બન્યો."

કવિ પંડિત વીરવિજયજી કૃત સ્નાત્રપૂજામાં ત્રોટક છંદનો પ્રયોગ થયો છે.

"મળ્યા ચોસઠ સુરપતિ તિહા કરે કળશ અડજાતિના"

આદિનાથ વિવાહલોમાં વસ્તુવિભાજન માટે ત્રુટક છંદનો પ્રયોગ થયો છે. 'લઢણ' ઢાળના પર્યાય સમાન છે. ઢાળમાં લયબદ્ધ ગાવાની પદ્ધતિ છે તેવી રીતે લઢણની કાવ્ય પંક્તિઓ લયબદ્ધ ગાવાની છે એમ અર્થઘટન થાય છે.

દેશી અને છંદ રચનાનો પ્રયોગ નવો નથી. કાવ્યમાં સર્વસામાન્ય રીતે તેનો પ્રયોગ થયો છે. તેમાં દેશીઓનો પ્રયોગ વિશેષ પ્રમાણમાં છે.

## આદીનાથ વિવાહલો

**લિપિકાર : સાધ્વી વિરાગરસાશ્રીજી**

**શેત્રુંજ ગિરિવર તીરથરાય, તાય આદીસર સેવીયઈએ**
**જસસિરિ કોડા કોડિ જોડી, કરીયલ કવીયણ ભણઈએ... (૧)**

ભણઈ કવિયણ તથા સિદ્ધિ ગયા મુનિવર સત્થ
અસંખ જિણવરનાણ, અનંતમુનિ નિરવાણ...(૨)

જાસ સમરણિ પાવ દુર્ગતિ નાસએ તીણ પરવતિ હરખી ચડતાં ભવિયણ પણ ઉલ્હાસએ, લઘુ દેઉલીય બહુય પ્રાસાદ પાર ન જાણીઈ, એક જીભ કહી ન સહીએ, બિબ સંખ કિમ આણીઈ-૧

આણીય હીયડલઈ નિરમલ, ભાઉ ઠાઉ ધરીય જિણવર તણઉએ
પહિરીય અનોપમ આછઉં ચીરૂ નીર આણીય નિરમલ ઘણઉએ-૨

ઘણ અગર સૂકડિ સાર, કાશમીર કુંકુમ ફાર, મૃગનાભિ માંહી અપાર
કપૂર કણ ઉદગારા ભરીયડંબર ભાવિ ભંભર ભોલીયા
આદિ અંગિહિં લેઉ લહિ કંઈ, તિણ રાગિ વિરોલીયા
પંચવર્ણ આલીય ફૂલ, કરીય પૂજ્ય મનોહરા
વંદેવિ જિણવર ભાવિ ભગતિહિં, રચઈ ધઉલ સંયદરા...

લઢણ

સંદરસ લલિત જિણવર અંગ, રૂપશુ રંજીય સરૂવર સંઘા
નાભિ નરેસર ધરિઉ સોહા, આદિ જિણેસર તણઉ વીવાહો,

તતખિણિ દેવહ આસણ ચલીયા, સુરાસુર વિંતર જોસીય મિલીયા
સવિ અપછર આપલિઇં રંગિં, માંડવિ માલ્હઈઅ નવનવ ભંગિહિં

નંદ સુમંગલા તેલુઅંસુ ન્હવારીયે ચારઇં । અભિનવ નાદિહિં ધવલ ઉચારઇં, કીધઉ વર્ણક વિધિ સંચારી ।

મણિમય આસણિ બેઉ છઇ સારી, ખીરોદહિ જલિ વિમલ ન્હવારીય નવરંગિ કુંકુમિ ઉગટ્ટિ સારી ॥

ત્રૂટક

સારીરિ ઉગરી ચંગ, કાંચૂયા છઇં નવરંગ
*પહિરણિ ફાલિય ગંગ, ઓઢીય ચીર બહુ ભંગ...*

સીમંતિ સિંદૂર ખૂંપ સિરોવરિ સોહએ
બેહુ બાલા લોયંણ લહિકઈ સગ્ગિ સુરવર મોહએ...

લઢણ

મોહએ મણિમય રાખડી, આંખડી કાજલ રેખૂએ
તિલઉ નિલઉ હીરે જડીઉ, ઘડીયકિ કુંડલિ સેખૂએ...
મુખિ તંબોલહ રંગ બલિ, હોઠડે બઈઠઈ પ્રવાલૂએ
ગલ સિરિ કાંઠલઉ કંઠિ ભલઉ નાગોદ રસધર સફાલૂએ...
ઉરવરિ હાર સોહામણા, વામણ મેહલ ભારીએ
કરીયલિ કાંકણ ઝલકંત, ખલકંતા ચૂડી મંજરીએ...
નાભિ ગંભીરીય કિશોયરી, ધોયરી નિયંબ નિવેસીએ
નેઉર ઝૂણિ સોહામણા, ભામણઈં હંસ નિનાદૂએ...
પાયનિહિ અલતઉ કિસિમસઈ ગતિ હસઈ ગયવર રાઉએ
અનુપમરૂપ સલાખણી, પરણિસિ મરૂદેવિ જાઉએ...

ત્રૂટક

જાઉ વરગડે અવાસિ, વીનવઉ સુરવર પાસિ
શુભ લગન અતિ આસન્ન, વરવેગિ આણઉ જિન
મન લાવઉ મિલીય સુરવહુ સવિઉ રંગિઇં
આદિજિણવર ગાઉઉ

લઢણ

ગાઈઇં વરરાજ ઉલચ રંગે, તીરથનીર પરવાલઇ અંગે,
ધૂપણે ધૂપીયા કેસ કલાપો, ચંદન ઉગટિ વારીય તાપો,
સપત સિખિરિ સિરિ બહુ કંઈ ખૂંપો, ચઉસઠિઇંદ્ર નિહાલાઇં રૂપો,
કુંડલ અંગદ કાંકણ ઝકઈ, નવસરમોતીય ઉરિહાર લહકઈ,
વીરવિલઈ ઝમણઈ ઝમાલા, પાંગુરણિ દેવદૂસ વસ્ત્ર વિશાલા,
પુરવર કુસમિહિં કીધીય માલ, સેસિ ભરઈ જિણ અપચ્છર બાલ,
વરબહિનડી તિંહા લૂણું ઉતારઇ, છદમ છલ દુષ્ટ દષ્ટિ નિવારઈ,
ઘોડલઈ ચડીયઉ જિણવર રાઉ, વલીઉ નીસાણેહે તતખિણ ધાઉ,

સીકિરિ છત્રિહિં છાહી આકાશો, ચમરિહિં ચિહુંદિસિ ગંગ પ્રકાશો,
ધવલહ ધ્વનિ ગયણંગણિ વ્યાપી, ખરરવિ ખેહડી દિનકરૂ ઝાંપી...

ત્રૂટક

ઝાંપીઉ દિનકરૂ ખેહ મયગલ હનલા ભગઈ છેહું ।
અસંખ રથ અસવાર । અનંત છઇં પાલીયાર ।
ચકડોલ ડાંડી દેવદેવી અતિઘણા, ત્રિણિ ત્રુભુવન સરિસુ
વલ્લઇં કહતીઉ તીહં, કિસિઇં મણા...

લઢણ

મણા અભિરામિહિં વાજિંત્ર । સાંભલીયઇં સુર સવે પાવિત્ર ।
ધીકણે નયર મઝારે । રંગિ નાચઇં અપચ્છરા નારિ ।
પગિ પગિ લૂણ ઉતારેઇ । પહુતલા મંડપ બારે વાઇં ।
વિલેપન ઉગાએઇં । તાપિં સવિ કુસમ કરમાઇં ।
રંભ તમ્હિ મનિ કિસઉં દોષઉ । વેગિ આદિ જિણવર પુંખઉં ।
ઘટ જૂંયલ ઈસિઉં રંભી આવઈ । હરખવિધિ ઋષભ વધાવઈ ।
જિણવર જાકીય જિમણએ હાથે । દલીય સાંપડ દૂજણ સાથે ।
માત્રભવનં ત્રન્હઈ બઈસારી । મદન ફલિ દાહણિ કરિ ભોરી ।
દુદુંહિં નાદિં મેલિયા । હાથો મનિ આણંદિઉ સુરવર સાથો એ ।
કિભણઈ હૂંતઈ પૂછઉં આદિ । કોઈ તુમ્હિ પૂજિઉ પુરૂષ અનાદિં ।
પુવ્વભવિ સંજમ પાલી । મહીયલિ જીવ વહોયલી ।
દાન હરિ ભૂતલિ માંડી । લાધ્ધી સુનંદ સુમંગલ લાડી ।
જાનિણી પભણઈ એ લાડી । હવે સાચઉં કહઉં ઝામર છાંડી ।

ત્રુટક

છાંડીય પાપહ વાત । તપતપીઉ ભવવઇં સાત ।
કઈ સીયલ પાલીય ચંગ । કયજિન પડિમ પૂજીય અંગ ।
ભાવિ ભગતિં મુનિવર વિહરાવીયા,
આદિજિણ વર લહૂય લાડણ તીણ પુણિ પહિં પામીયા ।

પામીય જોવણ નવલઉ એ । વરનાભિ નરેસર કુલિ તિલઉ એ ।
આંચલ બેંઉ બંધાવીયા એ । તાયતીંશક દેવા આવીયા એ ।
નીલવંસ હીર દોરડા એ । મણિરયણમઈ કલશ તે કોરડા એ ।
ચઉરીય ચાચર ગોત્રીયા એ । તિહાં તિલ જવ ઘી વ્રીહી હોમીયા એ ।
ઉત્સંગિ વરવહૂ આવીયા એ । તે મણિમઈ આસણિ ઠાવીયા એ ।
મંગલિક પહિલઈ એ જિન ફિરિઈ એ । હવે ચતુર્ગતિમાંહિ ન સંચરઈ એ ।
બીજએ મંગલિકિ ગતિ કરઈ એ । સો સયલહં જીવહં દુઃખહર એ ।
અંગણીઅં મંગલિકિજી ન ગમઈ એ । સીસોતરઈ જો જિન પાય નમઉ એ ।
મંગલિક ચઉત્થઈ પ્રદક્ષણા એ । તીહં ઇંદ્ર દિઈ દેવહ સદક્ષણા એ ।
કંસાર સંસાર સિઉં જિમઇ એ । તે મુગતિ સુગતિ લીલા ગમઇં એ ।
જિનવર પરણીય ઉતર એ । આ આચાર મહીયલિ વિસ્તરઈ એ ।
ગયવર હયવર રહિવરૂ એ । મણિ મોતીય ઘણ કણ એ ।
આભરણ સંખપ્રવાલ વસ્તુ રૂપડાં એ । નવનિહિ તિંહા આણીય ઢૂંકડા એ ।
આંચલ છોડણિ આપીયા એ । ઐરાવણ ખંધિ આરોપીયા એ ।
ચઉસટ્ટિઇંદ્ર સોહામણા એ । તે વલી વલી જિન કરઇં ભામણાં એ ।
સુરવહુ યારીય સવિ મિલી એ । વરરૂપિહિં દીઠઈ ખલભલી એ ।
સોભાગસુંદર લહુયડઉ એ । વર સવિગુણ સંપન્ન રૂયડઉ એ ।
જુગલીયાં મનિ આણંદ ધરઇં એ । તિહાં દેવદેવીય ઉત્સવ કરઇં એ ।

ત્રૂટક

કરઈ તિહાં રંભ શિણગાર । કડિકડિ બિચરણઉ ફારૂ ।
ઝલકંતિ આભરણહ ભારૂ । પય નેઉર રણઝણકાર... ।
સાર સીમંત સિંદૂરિ સિરિવરિ ભર્યા ।
હૂ હૂ તુંબરૂ વહીય આલતિ રાગ તતખિણી ચિતિ ધર્યા...

લઢણ

ભરીય સિરિવરિ ખૂંપ રૂપહિં એ ત્રિભુવનનું ચિત્ત હરઇં એ ।
મણિમય રયણ શિણગાર સારિહિં એ, સુગંધિ ઉગટિ કરઇં એ ।
લહિકઇં કુંડલ કાનિ ગાનિહિં એ । ગંધર્વ ગર્વ હરઇં એ ।
કાંકણ કરિ ચૂડિ ખલકાર હોરડા એ । હીયડલઈ એ ટહુકરઇં એ ।
મુખિ જીય રાગુ મયંક આંખિહિં એ । સરજત ખોહતી એ ।
નેઉર ઝણિ નિરૂપમ નાદિ વાદિહિં એ । પાગતિનિ રચતી એ ।
ચચપટ ચાચપટ તાલ સાલગિં એ । રાગિહિં મોહતી એ ।
સાચઇં નાચઇં નવનવ ભંગિ ભંગી ગિહિં એ । જિનવર જોયતી એ...

ત્રૂટક

જોયતીય તાલહ માન લઈ, કાજિ કીય સંધાન ।
પાગત્તિ હસ્તકિ ધ્યાન, નીયહીયઇ ઉઉલીય ગાતુ ।
દંમિકિદુમિ દમિ, દૂંકિ દોંઉં દોં સજ્જએ ।
ભરહ ભાવિ ઇંદ્રહિં ઇંદ્રનારીય આઠ ત્તક્ષિણી નચ્ચએ ।

લઢણ

નાચઇં અપચ્છરા સવિ મિલીએ । શ્રી આદિજિણેસર ગુણકલીએ ।
તિવિલડી ધમધમ ધમઇએ । તીહં તાલ કંસાલા હારિ મઝિમઇંએ ।
ઢક્ક નીસાહણ ગડયડઈએ । તિહં ભૂંગલ ભેરીય તડઅડઈ એ,
ધપમપ માદલ વાજીયાએ । રિમિઝિમિકિ ત્રંબક સાજીયાએ ।
તાલમૃદંગ સંખ પડહલાએ । તે ઝાલરી ઘાટડી સુર ભલાએ ।
આઉજ પખાઉજ ધમધમએ । તિણ નાદિહિં ત્રિભુવન કમકમએ ।
જંત્ર સરમંડલ વેણી વંસધર તિંહા એ । ગંધર્વગુણ આલતિ કરઇં એ ।
તલીયા તોરણ ઊભીયાં એ । હટ્ટમંદિર ધયવડિં શોભીયાં એ ।
મંચાનમુંચ શોભ પંચાલીયાએ । તીહં ઘરિઘરિ વંદરવાલીયાએ ।
મોતીય ચઉક પૂરાવીયાએ । ફલફૂલડે પગર ભરાવીયાએ ।
ઇણિપરિ લાડણ આવીયાએ । શ્રીય મરૂદેવિમાઇ વધાવીઉએ ।

ત્રૂટક

વધાવીય વાજઇં ગયણિ । નરનારી જોયઇં નયણિ ।
ગજમેલ્હિ સોહમ પાસિ । વર સંપત્ત નીય અવાસિ...।
ક્ષિરિ અમર તરૂયર જંગમ દોઇ ડાલડી ।
સુનંદ સુમંગલા સહિત લાડણ પાસિ પહુત ઉપાડલી...।

લઢણ

માડલી આણંદ ઉલટિ, દીધઉ અર્થ ઉદારો;
મુંદ નંદ સુમંગલાસુ જિણિ, જિણિણીય કીધું જુહારો;
સીત સીતોદા સંગમિ સાયર, જિમ જિણ જાવ દેખીય;
વરરાજ આવતઉ ઉચરઇ આસીસ તાવી સાગર
મહીયલ, મેખલ રવિ શસિ નભિ નિસિદીશ...
તાં લગઈ તિહુયણ તારણ અખઈય હો જેહેઈસ,
મરૂદેવી કરઇં ઉયારણા, હરખીય નાભિ નરિંદો
યુગલાધર મુનિવારી રાજા પઢમ જિણંદો
ઈણપરિ આદિજિણેસરઇં, ઇંદ્રિહિં કીધું વીવાહો ।
સરવર ઠામિ સિધ્યા દીયા, ત્રિભુવનિ હૂયઉ ઉછાહો
સિત શાખા જિનવર પસરીય, પ્રગટીય પુણ્ય નઉ મણો
વન્યાન કલાગુણ શીખવી, ટાલીય પાપ નઉ લાગો ।
નવમેહલ નવયૌવન અવિહડ પ્રીતિ સંબંધ
ચઉદસત્રિપનઈ ભાદ્રવઈ દસમિ રવિ રચીઉ પ્રબંધો ।
જિનઘરિ નિજઘરિ પરિઘરિ જે ગાઈસિઇં આ વીવાહો ।
શ્રી જયતિલકસૂરિ શિષ્ય ભણઇ તે પામિસિઇં પુણ્ય ઉત્સાહો ॥

॥ઈતિ શ્રી આદિનાથ વિવાહઉ સમાપ્તઃ ॥ છઃ ॥

ત્રૂટક । લઢણ । ॥૧૦॥ છ ॥

- કઠિન શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| ૧. | પરવતિ | - | પર્વત ઉપર |
| ૨. | આછઉંચીરુ | - | આછાં વસ્ત્ર |
| ૩. | ફાર | - | વિશાળ |
| ૪. | મૃગનાભિ | - | કસ્તૂરી |
| ૫. | વિંતર | - | વ્યંતર |
| ૬. | જોસીય | - | જ્યોતિષી દેવો |
| ૭. | વર્ણક | - | પીઠી ચોળવી |
| ૮. | સીમંતિ | - | સેંથો |
| ૯. | સગ્ગિ | - | સ્વર્ગ |
| ૧૦. | કિશોયરી | - | સિંહણ |
| ૧૧. | ઝૂણિ | - | ધ્વનિ |
| ૧૨. | નિયંબ | - | નિતંબનો ભાગ |
| ૧૩. | વીરવિલઈ | - | વીરવલય |
| ૧૪. | પાંગુરણિ | - | ઉપરનું વસ્ત્ર |
| ૧૫. | સીકિરિ | - | બરફ જેવાં સફેદ |
| ૧૬. | ખેહડી | - | ધૂળ |
| ૧૭. | ઝાંપીઉ | - | ઝાંખું થવું |
| ૧૮. | માત્રભવન | - | માયરામાં |
| ૧૯. | ત્રન્હઈ | - | ત્રણેને |
| ૨૦. | મદનફલિ | - | મીંઢળ |
| ૨૧. | આંચલ | - | છેડા (છેડો) |
| ૨૨. | ચઉરીય | - | ચોરીમાં |
| ૨૩. | રહિવરૂ | - | રથવર (શ્રેષ્ઠરથ) |
| ૨૪. | મયંક | - | ચંદ્ર |
| ૨૫. | પંચાલીયા | - | પૂતળી |
| ૨૬. | વંદરવાલિયા | - | આસોપાલવનાં તોરણ |
| ૨૭. | શિતશાખા | - | સો શાખા |
| ૨૮. | વન્યાન | - | વિતાન |
| ૨૯. | સાયંદર | - | આદર સાથે, માન સહિત. |

● ● ●

## ડૉ. કવિન શાહ લેખિત-સંપાદિત પુસ્તકોની યાદી

૧) બિંબ-પ્રતિબંબ (કાવ્ય સંગ્રહ)
૨) લલ્લુની લીલા (હળવા નિબંધો)
૩) કવિરાજ દીપવિજય
૪) કવિ પંડિત વીરવિજયજી : એક અધ્યયન (મહાનિબંધનો સંક્ષેપ)
૫) શ્રાવક કવિ મનસુખલાલ (સંશોધન ગ્રંથ)
૬) જૈન સાહિત્યની ગઝલો
૭) ગઝલની સફર
૮) હરિયાળી સ્વરૂપ અને વિભાવના
૯) ફાગણ કે દિન ચાર (જૈન આધ્યાત્મિક હોળી ગીતો)
૧૦) નેમિવિવાહલો (હસ્તપ્રત સંશોધન)
૧૧) જૈન પત્ર સાહિત્ય ભાગ-૧ (મધ્યકાલીન)
૧૨) જૈન પત્ર સાહિત્ય ભાગ-૨ (અર્વાચીન)
૧૩) પૂછતા નર પંડિતા (પ્રશ્નોત્તર સંચય)
૧૪) બીજમાં વૃક્ષ તું (સંશોધન લેખ સંચય)
૧૫) લાવણી કાવ્ય સ્વરૂપ અને સમીક્ષા
૧૬) જૈન ગીતા કાવ્યોનો પરિચય
૧૭) કાવ્ય શાસ્ત્ર વિનોદેન (અધ્યાત્મિક લેખ સંચય)
૧૮) સમેતશિખર વંદુ જિન વીશ
૧૯) જૈન સાહીત્યના કાવ્ય પ્રકારો
૨૦) સાસરા સુખ વાસરા
૨૧) જૈન સાહિત્યનાં સ્વાધ્યાય
૨૨) અપ્રગટ પ્રાચીન ગૂર્જર સાહિત્ય સંચય
૨૩) રાત્રિ ભોજન મીમાંસા
૨૪) જ્ઞાનતીર્થની યાત્રા
૨૫) 'વેલી' કાવ્યસંગ્રહ
૨૬) લાવણી કાવ્ય સ્વરૂપ અને સમીક્ષા
૨૭) ચાલો, વિવાહલો કાવ્યને જાણીએ

• • •

# વિવાહલો

'વિવાહ' તો એકાંતે પાપની પ્રવૃત્તિ છે. તેને બિરદાવવાનો અહીં કોઈ પ્રયાસ થયો નથી પરંતુ ગુજરાતી સાહિત્યમાં કાવ્યનો જે પ્રકાર ખાસ્સી પ્રસિદ્ધિ પામ્યો છે છતાં આજે અજાણ્યો બની ગયો છે તેવા 'વિવાહલો' કાવ્યોની પ્રાચીન અનેક કૃતિઓની અહીં સમીક્ષા-પરિચય કરાવવામાં આવ્યાં છે.

આવો, જૈન કાવ્યના આ એક અલ્પપરિચિત પ્રકારને ઓળખી લઈએ...